વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૬મું
જુલાઈ - ૨૦૨૧
અંક - ૫૧૮

મંગલ મંદિર ● જુલાઈ-૨૦૨૧ ● ૧
(કુલ પાના : ૧૦૪)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

માસ્ક પહેરો, હાથને સાફ કરો વારંવાર
બે મીટરની દૂરી બનાવી રાખો

કચ્છી નવું વર્ષ | અષાઢી બીજ | કચ્છ વિશેષાંક






મૂંજો કચ્છડો કામણગારો...
મિંણી ભાવરેં કે અષાઢી બીજજી વધાઈ...

તંત્રી મંડળ :
પ્રતાપ નારણજી દંડ - મુખ્ય તંત્રી
દિનેશ આર. મહેતા - સહતંત્રી

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6001, 4890 6004, 4890 6006
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org


# કચ્છ

















છેલ્લા ૪૫ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**

**મો. ૯૯૨૪૩ ૪૨૯૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.

એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.

ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

## સંપુટ-૧

### તંત્રી લેખ :

● આય વલો અસાંજો વતન... મુંજી માતૃભૂમિ કે નમન ........ **દિનેશ આર. મહેતા** ....... ૬

### દીપશીખા

● કાર્યનિષ્ઠા ● સબળ નિર્ણય ........ **ડૉ. પૂજા કોટક** ....... ૮
● સાહિત્ય જગતના રત્નો તથા પ્રતિષ્ઠિત લેખકશ્રીઓ - કવિશ્રીઓની નજરે "મંગલ મંદિર" ........ ૯

### કચ્છી ઝલક

● કચ્છની મીઠાશ ● કચ્છ અઢી અખરો ● કચ્છ ........ ૧૩
● કચ્છજી હવા : **નિર્મલ રોય 'નિર્મલ'** ● કચ્છી માડુ : **કમલા અશ્વિન ચંદન** ........ ૧૪
● મુંજે કચ્છડે તે આય મુંકે પ્યાર : **દિનેશ ગરવા 'દિપ'** ● રણોત્સવ : **પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ'** .. ૧૪
● આસાઢી બીજ આવઈ રે! : **રવિ પેથાણી 'તિમિર'** ● માદરે વતનની મમતા ........ ૧૫
● ભુજ (કચ્છી કાવ્ય) : **ચંદ્રવદન એચ. ધોળકિયા** ........ ૧૫
● કચ્છનું પાણી : **અમૃત ઘાયલ** ● કચ્છી બોલી ........ ૧૬
● માંડવી : **ભરત ચુડાસમા** ● મિઠાંસ (કચ્છી હાઈકુ) : **અરુણા અરુણ ઠક્કર** ........ ૧૬

## લેખ

### કચ્છ

● કચ્છ – ઉડતી નજરે ........ **દિનેશ આર. મહેતા** ..... ૧૭
● કચ્છી નયે વરેંજી લખ લખ વધાઈયું ........ **ડૉ પૂર્વી ગોસ્વામી** ..... ૨૦
● કચ્છનો ટૂંક ઈતિહાસ ........ **પ્રમોદ જેઠી** ..... ૨૧
● કચ્છના લોકો અને તેમની રહેણી કરણી ........ **પ્રમોદ જેઠી** ..... ૨૬
● મુંજો કચ્છડો કામણગારો ........ **મધુસુદન પ્રા. ભટ્ટ** ..... ૨૮
● પ્રાચીન સંસ્કૃતિનો ભંડાર : કચ્છ ........ **મધુસુદન છાયા** ..... ૩૦
● કચ્છના કેટલાક વ્યક્તિ વિશેષો ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૩૧
● કચ્છના વિકાસના કસબી : પ્રેમજીભાઈ ઠક્કર ........ **મધુભાઈ પ્રા. ભટ્ટ** ..... ૩૫
● સંસ્કૃતિનો વારસો : ધોળાવીરા (કચ્છ) ........ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૩૬
● કચ્છ પ્રદેશની પહેચાન – પ્રશંસનીય પ્રવાસન ક્ષેત્ર ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૩૮
● કચ્છે કબીરવડનો છાયો ખોયો ........ **હરેશ ધોળકિયા** ..... ૪૦
● કચ્છનું હજારો વર્ષ પુરાણું વૃક્ષ ........ **જસ્મીન દેસાઇ 'દર્પણ'** ..... ૪૨
● આફ્રિકામાં કચ્છનું વ્યાપારી સામ્રાજ્ય સ્થાપનાર સાહસિક વેપારીઓ ........ **ડૉ. મકરંદ મહેતા** ..... ૪૩
● વીડી (અંજાર) પાસે આવેલું ખોડિયાર મંદિર ઝરણામાં ઓગળતી સાંજને સથવારે ........ **રાકેશ પટેલ** ..... ૪૫
● દાદા અજેપાળ ચૌહાણ - અંજાર : પાળિયો બોલે છે ........ **પ્રેષક : દિનેશ જે. શાહ** ..... ૪૭
● કચ્છનું લોક સાહિત્ય ........ **જયેશ ઠક્કર** ..... ૪૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

**ગુલશન (ચાલુ શ્રેણી) (મણકો-૮)**

● "દિલની જબાન" :
કચ્છી સર્જક કવિ : શ્રી જયંતી જોષી 'શબાબ' ............. **ચંદ્રકાંત પટેલ 'સરલ', સાહિત્યકાર**..... ૫૦

**નારી ગૌરવગાથા-૪**

● કચ્છને રાષ્ટ્રીય તખ્તે ગૌરવ અપાવનાર :
ડૉ. ઝોહરાબેન ઢોલિયા ........................................ **ડૉ. પૂર્વી ગોસ્વામી**..... ૫૪

**કચ્છ દર્શન**

● કચ્છ - સમાચાર (સંક્ષિપ્તમાં) ................................... **સંકલન : દિનેશ આર. મહેતા**..... ૫૭

**સંપુટ-૨**

**મનોરમ્ય : કાવ્ય સૃષ્ટિ (ખાસ થીમ : વરસાદ)**

● વરસાદમાં : **કવિ શ્રી રમેશ પટેલ** ● વરસાદમાં : **કવિશ્રી બેન્યાઝ ધ્રોલવી** . ..................... ૫૮
● ચોમાસું : **કવિશ્રી ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'** ● વરસાદ : **કવિશ્રી રાકેશ હાંસલિયા** . ................ ૫૮
● વરસાદ આવ્યો : **ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા** ● જળની ધારા વરસે : **કવિશ્રી હરીશ પંડ્યા**........ ૫૯
● ઝંખના : **કવિશ્રી આબિદ ભટ્ટ** ● ઝરમર વર્ષા : **કવિશ્રી જયેશ ઠક્કર**..................... ૫૯

**સાંપ્રત**

● વોટ્સએપ પોલિસી અને ભારત સરકાર .... **મિતેષ એમ. સોલંકી,** M.Sc., M.Phil., MBA ........ ૬૦

**વિચાર મંચ**

● આપણે નાગરિક ધર્મ અપનાવવાની જરૂર છે .............................. **ડૉ. યાસીન દલાલ**..... ૬૩
● સ્ત્રીઓને સંસદમાં સ્થાન મળે તે કરતાં
સમાજમાં સલામતી મળે તે જરૂરી છે! .......................... **દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ**..... ૬૫

**દેશદાઝ**

● મારી માતૃભૂમિને પત્ર .................................................... **યોગેશ નટવરલાલ ભટ્ટ**..... ૬૭

**ભાવના**

● સંયુક્ત કુટુંબ (પરિવાર) ........................................... **બી.જી. કાનાણી, પ્રિન્સિપાલ**..... ૬૮
● સંસ્કારી વહુ ........................................................................ **એમ.ડી. સોલંકી**..... ૬૯

**ઉર્જા**

● ઉત્સાહ, એ જીવનનું ચાલક બળ છે ........................................ **નવીન વી. વાછાણી**..... ૭૨

**નવલિકા**

● સાજનની સહેલી ........................................................ **રમેશ પટેલ, લેખક-કવિશ્રી**..... ૭૩
● 'દિવ્ય પ્રેમ' ............................................................................ **કુસુમ કુંડારિયા**..... ૭૬

**જીવન સાફલ્ય**

● સરળતા ....................................................................................... **હરીશ પંડ્યા**..... ૭૮

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

**પ્રસંગ કથા**

● વિશ્વ માળો ..... **નટવર આહલપરા** ..... ૭૯

**આરસી**

● ઘમંડની ઓળખ ..... **ડૉ. શીલા વ્યાસ, એસોસિએટેડ પ્રોફેસર** ..... ૮૧

**નોલેજ બેંક**

● ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૨)
(વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી) ..... **રમેશ પટેલ** ..... ૮૨

**લઘુ કથા**

● અધવચ્ચેજ...! ● એંધાણ વરસાદના (લાઘવિકા) ..... **રક્ષા ચોટલિયા - કાચા 'ઘટા'** ..... ૮૫

**સાધના**

● વિપશ્યના : મારો અનુભવ ..... **યોગેશ ન. જોશી** ..... ૮૬

**વસુધૈવ કુટુંબકમ**

● "સુબહા જરૂર આયેગી, સુબહા કા ઈંતઝાર કર" ..... **દિનેશ વૈશ્નવ** ..... ૮૮

**સુમિરે... બલબીરા, સ્મૃતિપટ પર સંભારણાં** (સંકલન : બલવીરસિંહ જાડેજા)

● ક્યાં ગુમ થઈ ગયો બાળપણનો મિત્ર...! ..... **સુભાષ ગુલાબભાઈ બારોટ** ..... ૮૯
● રાજવી પરિવારના સભ્યો સાથે રસપ્રદ ચર્ચા થઈ... ..... **જિતેન્દ્ર વી. શાહ** ..... ૯૦

**કારકિર્દી**

● 'સિવિલ સર્વિસ ડે' પર ભારતીય સનદી સેવાઓની એક ઝલક ..... **હીરેન દવે** ..... ૯૧

**YOUTH CLUB**

● **Some Golden Thoughts** ..... Presentation : Dinesh R. Mehta ..... ૯૨

**માહિતી**

● ફોનના નંબર ૧૦ આંકડાના કેમ? ● કોમ્પ્યુટર નેટવર્ક ..... ૯૩
● MRI મશીનનો શોધક - રેમન્ડ વહાન ડેમેડિયન ● વિશ્વની ૨૭૦૦થી વધુ ભાષાઓ ..... ૯૩

**વૈવિધ્ય**

● અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૯૪

**ગેમ્સ ગેલેરી**


● હિંદી ફિલ્મના ગીત બતાવશો ..... **ભાવના એ. ઝવેરી** ..... ૯૫

**નિયમિત વિભાગો**

● *Nano Nine* શબ્દ રમત-૧૭૨ ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૯૬
● પુસ્તક "તારા ગયા પછી...!" – પરિચય ..... **આસ્વાદક : તુષાર દેસાઇ** ..... ૯૭
● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૩૦) ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૯૮

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

● સમાજ દર્પણ ..... ૯૯
● સંસ્થા સમાચાર ..... ૧૦૦



તંત્રી લેખ

# આય વલો અસાંજો વતન... મુંજી માતૃભૂમિ કે નમન



દિનેશ આર. મહેતા

## ‘જત હિકડો કચ્છી વસે, ઉત ડિયાણી કચ્છ’

કચ્છવાસીઓ માટે અષાઢી બીજનું ઘણી રીતે મહત્ત્વ છે. અષાઢી બીજના દિવસે સૌ કચ્છીઓની મીટ આકાશ તરફ મંડાતી હોય છે. ‘અષાઢી બીજ, કાં વાદળ કા વીજ...’ મુજબ તે દિવસે કચ્છી માડુ મેઘરાજાનો વર્તારો નક્કી કરતા હોય છે. **વરસાદનાં એંધાણ પારખવાની કોશિશ કરતા હોય છે.** વર્ષ દરમ્યાન સમગ્ર કચ્છ પ્રદેશમાં સારો વરસાદ થશે તેવો હર્ષોલ્લાસ અગાઉથી જ એટલે કે આ અષાઢી બીજના દિવસે વ્યક્ત કરી લેતા હોય છે. બીજા અર્થમાં, શ્રદ્ધા અને ઉમંગનો દિવસ એટલે અષાઢી બીજનો દિવસ. આ દિવસે ભુજ ખાતે હંસાપીરદાદા જેવા સ્થળોએ ઉમંગભેર આખી રાત્રિ ઉર્સ-મેળાનું આયોજન થતું હોય છે.

ભૂતકાળના રેકર્ડ જોતાં સૂકા મુલક માટે મેઘરાજાની અનરાધાર મહેરબાનીનો સમય મહદ્અંશે ૧૫થી ૨૫ જુલાઈ વચ્ચેનો હોય છે. કચ્છી માડુ સદીઓથી પાણી માટે એવો તો મથ્યો છે કે મેઘરાજાના આગમનની એના જેવી મજા બીજો કોઈ ભાગ્યે જ માણી શકે છે. વળી, આજકાલ તો વરસાદ વધુ પડે કે ઓછો પણ ‘ગ્લોબલ વોર્મિંગ’નો મુદ્દો તેની સાથે જોડી દેવાય છે. ખેર, આપણે તો આશા રાખીએ કે આ વર્ષે પણ મેઘરાજા સમગ્ર વિસ્તારમાં વરસીને કચ્છને ન્યાલ કરી દેશે. અષાઢી બીજ સંદર્ભમાં કેટલાક અવસરોની નોંધ લઈએ. ૨૦૦૬માં માંડવીના કિનારે મુખ્ય પ્રધાનની હાજરીમાં હજ્જારો લોકો ઊમટી પડ્યા હતા. ૨૦૦૭માં ભુજમાં કાર્નિવલનું આયોજન થયું. ત્યારબાદ ભુજમાં હમીરસરના કાંઠે કચ્છી લોકસંગીતનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. એનો ઉદ્દેશ કચ્છી નવા વર્ષની ઉજવણીની પરંપરાને આગળ વધારવાનો હતો. અહીં નવા વર્ષ સંદર્ભે એની પણ નોંધ લઈએ કે બૃહદ્ કચ્છમાં રહેતા કચ્છવાસી અને તેમાંયે ખાસ કરીને અમદાવાદ, મુંબઈ, હૈદ્રાબાદ, મદ્રાસ, મદુરાઈ કે કોલકાતામાં આ દિવસે અચૂક ઉજવણી કરે છે. વતનથી સેંકડો માઈલ દૂર કચ્છીયતને ઉજાગર કરીને નવા વર્ષને એકબીજાના મિલન અને શુભેચ્છાની આપ-લેનું નિમિત્ત બનાવે છે. માંડવીમાં અષાઢી બીજે દરિયાલાલનો મેળો ભરાય છે અને તેની ઉજવણી થાય છે.

રાજાશાહીના સમયમાં કચ્છના રાજ દરબારમાં અષાઢી બીજની ઉજવણી ખૂબ જ ઠાઠમાઠથી થતી હતી. તે દિવસે રાજાના મહેલમાં દરબાર ભરવાનું આયોજન કરીને રાજા અને પ્રજાનું સ્નેહમિલન પણ થતું હતું. શુકનરૂપે અષાઢી બીજના દિવસે સ્થાનિક ચલણ કોરીના સિક્કા પણ બહાર પાડવામાં આવતા હતા. રાજાશાહી જવાથી આ બધી પરંપરા લુપ્ત થતી ગઈ છે. તેમ છતાં નાળિયેર અને સાકર હાથમાં રાખીને ચંદ્રદર્શન કર્યા બાદ, વડીલોને પગે લાગવાની પ્રથા થોડે ઘણે અંશે આજે પણ જળવાઈ રહી છે.

કચ્છી નવા વર્ષનો સીધો સંબંધ કચ્છના દરિયાઈ, ખાસ કરીને વિદેશ વેપાર સાથે રહેલો છે. **વેપાર અર્થે કચ્છના માંડવી બંદરનો વિશ્વના ઘણા દેશો સાથે સદીઓ સુધી અગત્યનો હિસ્સો હતો.** તે સિવાય, કચ્છનાં અન્ય નાનાં બંદરો પણ વેપાર ક્ષેત્રે સક્રિય હતા. ખાસ કરીને કચ્છનો દરિયાઇ વિદેશ વેપાર રાતા સમુદ્રના દેશો સાથે વિશેષ પ્રમાણમાં રહેતો હતો. વેપારના હેતુસર દિવસ-રાત દરિયો ખૂંદતા લોકો દરિયાની ખાસ પૂજા અર્ચના અષાઢી બીજના દિવસે ભાવપૂર્વક કરતા હતા. ખારવા લોકો પોતાનાં વહાણોને શણગારીને ઉત્સવ માણતા હતા કે જે પ્રથા પાછળથી પણ ચાલુ રહી હતી. અન્ય એક ઉલ્લેખ મુજબ, જે-તે સમયના રાજાઓ એક અથવા બીજી રીતે અષાઢી બીજના દિવસે સફળતા હાંસલ કરી હોવાથી તે દિવસને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આમ છતાં, કચ્છમાં અષાઢી બીજથી શરૂ થતા નવા વર્ષની શરૂઆત ક્યારથી અને કેવી રીતે થઈ હશે તે બાબતે જુદા જુદા અભિપ્રાયો અને માન્યતા પ્રવર્તે છે. આ સંબંધમાં અનેક દંતકથાઓ પણ પ્રચલિત છે.

કચ્છ એટલે કચ્છી માડુઓની ભાતીગળ ભૂમિ. અષાઢી બીજ કચ્છી માડુઓના નૂતન વર્ષનો એક અનોખો દિવસ. અષાઢી બીજે સમગ્ર કચ્છીજનોનું હૈયું હેલે ચડે. વિશિષ્ટ વિરોધાભાસી વૈભવ વચ્ચે વસતા કચ્છના લોકોને જીવનની યાતનાઓ પણ અનેક છે. પરંતુ તેને નિયમના સ્વરૂપે ક્યારેય જોતા નથી. આ સ્થિતિમાં અષાઢનું મહત્ત્વ સમજીને તેને જીવનનો ઉત્સવ બનાવ્યો છે. તેને નૂતન વર્ષ તરીકે જાણીને હંમેશાં ભાવપૂર્વક સત્કાર કરે છે અને ભાવનાત્મક રીતે લોકજીવન સાથે સાંકળી લીધેલ છે. **કચ્છમાં રણ અને દરિયાના પરિણામે ચંદ્રનો ખાસ મહિમા રહ્યો છે. તેના કારણે કચ્છના લોકોએ અષાઢી બીજને નવા વર્ષના રૂપે સ્વીકારેલ છે.** લોકો દરિયાલાલની પૂજા - અર્ચના કરવા જાય અને પરસ્પર મીઠાઈઓની વહેંચણી કરે, સવારના જલેબીની મીઠાશ અનુભવે તેવી પરંપરા હતી. સમયના પરિવર્તનમાં રીતરિવાજો અને ઉત્સવોની ઉજવણીમાં પણ ફેરફાર થઈ રહ્યા છે અથવા તો લુપ્ત થઈ રહ્યા છે. માત્ર કચ્છ એક એવો મુલક છે કે જે પોતાના નવા વર્ષની શરૂઆત કે ઉજવણી અષાઢી બીજથી એટલે કે વર્ષાઋતુના આરંભથી કરે છે. આ કારણે આજે પણ અષાઢી બીજનાં દિવસે મંદિરોમાં દર્શન કરવા જવાનું તેમજ વડીલ વર્ગ અને સ્નેહીઓને મળીને શુભેચ્છા પાઠવવાનો રીવાજ લોકોના અમુક વર્ગમાં ચાલુ છે. તે દિવસે પરિવારજનો મીઠાઈ ખાઈને અષાઢી બીજની ઉજવણી માનભેર રીતે શરણાઇ અને નોબતના સૂરે કરતા હોય છે. હોથલ પદમણીએ સદીઓ અગાઉ ''કચ્છ નહીં તો કુછ નહીં''ના ભાવાર્થ સાથે કહ્યું હતું...

*''આવર, બાવર, બેરડી ફૂલ, કંઢાને કખ,*
*હલો હોથલ કચ્છડે, જિત માડું સવા લખ.''*

ભૌગોલિક રીતે કચ્છ પ્રદેશ એક સીમાડે હોતાં તેનાં અમુક પહેરવેશ, સંસ્કૃતિ વગેરેની આગવી છાપ ઉપસતી જોવા મળે છે. ઘણાં વર્ષો અગાઉ કચ્છ વિસ્તારની મુલાકાત લઈ ચૂકેલા સાધુ-સંતોએ જણાવ્યું હતું કે, **કચ્છ પ્રદેશના લોકો અને અશ્વો ઉત્તમ કક્ષાના છે અને ત્યાંનાં હવાપાણી દરેકને સ્વસ્થ રાખે તેવા છે. ત્યાંના લોકો મીઠી વાણી અને લાગણીમય સ્વભાવના છે. આવી ભૂમિ માત્ર કચ્છ જ છે.** તેવી ભૂમિ બીજે ક્યાંય જોવા મળશે નહીં. આ રીતે, કચ્છની ધીંગી ધરાનાં દર્શન કરવા તે પણ એક અનેરો લહાવો છે તેમ અન્યત્ર કહેવાઈ રહ્યું છે.

મિંણી ભાવરેં કે અષાઢી બીજ જી વધાઇયું.
આય વલો અસાંજો વતન, મુંજી માતૃભૂમિ કે નમન....

## કચ્છી નવું વર્ષ – નૂતન વર્ષાભિનંદન

***અજ આવઇ 'અષાઢી બીજ'***

***અજ કચ્છીયેં જે નયેં વરેજી, બીજ અષાઢી આવઇ***
***ભાવર મિડે ભેરા થૈ ને, હિકડે બ્યેંકે ડિયેં વધાઇ.***

***અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષે કચ્છી પરિવારજનોને***
***'નૂતન વર્ષાભિનંદન.'***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**'મંગલ મંદિર' પરિવાર**

## કાર્યનિષ્ઠા

'ટોડરમલ' નામથી આપણે મોટાભાગે પરીચિત છીએ. તેઓ રાજસ્થાનના એક સુપ્રસિદ્ધ જૈન સાહિત્યકાર હતા. તેઓનું સાહિત્ય ઉત્કૃષ્ટ છે. કેમકે આ સાહિત્યકારને પોતાના લેખન કાર્ય પરત્વે અદ્ભુત લગાવ હતો. તેઓ જે વિષયક લેખન શરૂ કરતાં, તેમના વિશે પૂરતી તૈયારી અને નિષ્ઠાથી લેખન કરતાં અને પૂર્ણ કર્યા બાદ જ રાહતનો દર ખેંચતા હતા. 'મોક્ષમાર્ગ' ટોડરમલનો જાણીતો ગ્રંથ છે અને હાલમાં ઘણા લોકો તેના વાંચન દ્વારા માર્ગદર્શન મેળવે છે. ટોડરમલના મનમાં 'મોક્ષમાર્ગ'નો વિચાર આવ્યો કે તુરત જ તેમણે અનેક સ્ત્રોતોમાંથી સામગ્રી ભેગી કરવાની શરૂઆત કરી. તેઓ પોતાના આ લેખનકાર્યમાં એવા તે ખોવાઈ જતાં કે તેઓને બાહ્ય જગતનું કોઈ ભાન ન રહેતું. તેઓ ખાવા પીવાનું કે રાતદિવસનું કોઈ ધ્યાન ન રાખતા. તેઓ ગ્રંથ લખતા રહેતા હતા. જો કે ઘરના લોકો તેનું ધ્યાન રાખતા હતા. એક વખત ભોજન કરતી વખતે ટોડરમલે તેમના માતાને કહ્યું કે આજે ભોજનમાં મીઠું ઓછું છે. આ વાત સાંભળી તેઓના માતાએ હસતા હસતા કહ્યું કે, 'લાગે છે કે તારો ગ્રંથ લખાઇ ગયો છે!' માતાની આ વાત સાંભળી ટોડરમલને નવાઈ લાગી અને પૂછ્યું કે, 'તમને આ વાતની કેમ ખબર પડી?' તેમના માતાએ જવાબ આપ્યો કે, હું છેલ્લા છ માસથી તારા ભોજનમાં મીઠું નહોતી નાખતી પણ તને આજે તેનો અનુભવ થયો, તેના ઉપરથી મેં આ અંદાજ લગાવ્યો છે!' **નિષ્ઠાવાન કાર્ય સમર્પણનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે.**

આ દૃષ્ટાંતનું તાત્પર્ય એ છે કે હાથમાં લીધેલા કાર્યને પૂર્ણ નિષ્ઠાથી કરો. જો કાર્ય પ્રત્યે નિષ્ઠા હોય તો કાર્ય સમયસર અને ઉત્કૃષ્ટતાથી પૂર્ણ થાય છે. **જીવનમાં આવતી દરેક પરીક્ષા હોય કે આપણું કોઈપણ કાર્ય હોય... 'કાર્યનિષ્ઠા' એ સફળતાનું એક અનોખું જ પગથિયું છે.**

## સબળ નિર્ણય

પળે-પળે નિર્ણય બદલતો માનવી અને ઉત્સાહ વગરનો માનવી ક્યારેય સફળ ના બની શકે. ધ ગ્રેટ સોલોમને તેના જીવનમાં એક સરસ વાક્ય કહ્યું છે : **"ઉત્સાહ વગરનો માનવી માત્ર પ્રતિમા છે." સૌપ્રથમ તમે તમારા પોતાનામાં આત્મવિશ્વાસ જગાવો કે હું કાર્ય કરવા સમર્થ છું.** મારો જન્મ જ આ કાર્ય માટે થયો છે. કોઈપણ ભોગે તેનું પરિણામ લાવીશ તેવો અતૂટ આત્મવિશ્વાસ કેળવો. ક્યારેય કોઈ કાર્યનો બીજા પર આધાર રાખવો નહીં, પોતાની જાતે પ્રયત્ન કરો. પોતાનું મૂલ્ય સમજો અને વિશ્વાસ કરો કે તમે સંસારની સૌથી મહત્ત્વપૂર્ણ વ્યક્તિ છો. જો આટલો આત્મવિશ્વાસ પ્રાપ્ત કરી લીધો, તો સમજો કે દુનિયામાં એવી કોઈ તાકાત નથી કે તમને તમારા લક્ષિત કાર્ય કરતાં અટકાવી શકે. **પ્રાપ્ત કરેલા આત્મવિશ્વાસને પુરૂષાર્થમાં હોમી દો,** તમે તમારો સર્વોત્તમ પ્રયાસ કરવાનું છોડશો નહીં. સફળતા પ્રાપ્ત કરવા બીજાની સહાય કે બાહ્ય સાધન કરતાં તમારો આત્મવિશ્વાસ અધિક મદદરૂપ થાય છે. તમને તમારા કાર્યનું ૧૦૦% પરિણામ મળશે.

*– ડૉ. પૂજા કોટક*

## સમયબદ્ધતા એ પ્રતિબદ્ધતા માટેની પારાશીશી છે

આજનો વિદ્યાર્થી પોતાને મળેલો સમય વેડફે છે. એ રમતિયાળ છે. એનામાં પરિપક્વતા નથી – આવી ફરિયાદો થતી રહે છે. નાટક, સિનેમાનો યુગ હતો ત્યારે પણ બાળકોને એનાથી બચવા વડીલો સલાહ આપતા – આજે ટી.વી. સોશિયલ મીડિયા, ફેસબુક કે વૉટ્સએપના જમાનામાં પણ વિદ્યાર્થીઓ માટે શિકાયતો એની એ જ છે. આજનો વિદ્યાર્થી સમય બાબતે કેટલો ગંભીર છે એમાં સત્ય શોધવા કરતાં પણ આત્મમંથનને વધારે અવકાશ છે.

વાસ્તવમાં આપણે જ્યારે કોઈક ચોક્કસ લક્ષ્ય કે ધ્યેય સાથે આગળ વધીએ છીએ ત્યારે સૌપ્રથમ એ કામની રૂપરેખા નક્કી કરવી આવશ્યક બની જાય છે. આપણી પાસે ભૌતિક સાધનો, ટૅકનોલોજી કે કોઈ પણ સગવડો હોઈ શકે – જેના સુંદર વિનિયોગ થકી ધાર્યું પરિણામ મેળવી શકાય – પરંતુ એ માટે એને ઉપલબ્ધ સમય સાથે તાલમેલથી અમલી કરવાનું કામ અગત્યનું છે. સમયનું સમયપત્રક આપણી તમામ સમસ્યાનું સૉલ્યુશન હોય છે.

ગામડામાં કહેવત છે કે 'પ્રસંગે ઢોલ વાગવો જોઈએ.' આપણે પણ કોઈ કામ સમયસર ન આટોપીએ તો કસમયે વાગતા ઢોલ જેવો બેસૂરો સૂર એમાંથી નીકળતો હોય છે. બપોરની આરતી ના હોઈ શકે – એ સંધ્યાના સૌંદર્યમાં જ શોભતી હોય છે.

સમયની એ વિશેષતા છે કે દરેકને સરખા ભાગે મળે છે. ઈશ્વર તરફથી માણસજાતને મળેલી એ મૂલ્યવાન ભેટ છે – પ્રત્યેક વ્યક્તિ એનો ઉપયોગ જુદી જુદી રીતે કરે છે. એમાં કુનેહ અને સૂચકતા જરૂરી છે. સમયબદ્ધ રૂપરેખા એ સફળતા માટે પાયાની શરત છે. આપણને મળેલી પળો હંમેશાં ઉત્તમ હોય છે. આપણા લક્ષ્યબિંદુના ધ્યેયમાં સમયની ફ્રેમ હંમેશાં નક્કર પરિણામ આપે છે. જેના થકી સહજભાવે સિદ્ધિ મેળવી શકાય છે.

સહુ કોઈને સરખે હિસ્સે મળતો સમય - વ્યક્તિની વિવેકબુદ્ધી થકી વિશિષ્ટ રીતે ઉપયોગમાં લઈ શકાય છે. આ કામ આત્મસૂઝ માગી લે છે. જેમાં પારંગત થવું એ પણ કેળવણીનો એક હિસ્સો હોય છે.

*– રમેશ ઠક્કર*

# સાહિત્ય જગતના રત્નો તથા પ્રતિષ્ઠિત લેખકશ્રીઓ - કવિશ્રીઓની નજરે 'મંગલ મંદિર'

## 'સત્યમ, શિવમ્, સુંદરમ્' પ્રણાલિકાને અનુસરતું સામયિક 'મંગલ મંદિર'

'મંગલ મંદિર'ના અંકો મળ્યા. એ બદલ આભાર.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર એટલે સુંદર મુખપૃષ્ઠ, વિવિધ વિભાગો અને જ્ઞાન પ્રદાન કરતાં વિભાગોથી ભરપૂર સામયિક. **જે માત્ર જ્ઞાતિ પૂરતું જ મર્યાદિત નથી પણ તંત્રીશ્રી તથા સહતંત્રીશ્રીની સાહિત્ય પ્રીતિને કારણે સર્વ આબાલવૃધ્ધોને એકી બેઠકે વાંચવા માટે પ્રેરે છે.**

વિભાગોની ગોઠવણી ધ્યાનાકર્ષક છે. સાથે ફિલર (પૂરક)માં રજૂ થતી સામગ્રી પણ ઘણી ઉપયોગી છે. જ્ઞાતિ - સમાચારો તથા ભૂલકાંઓને પણ ભૂલ્યા નથી જ. તો સાથે સર્જક પરિચય, કૃતિ વિષયક આસ્વાદોને પણ સ્થાન અપાય છે. પ્રાસંગિક લેખો - પરિચયો પણ પ્રેરણાદાયી છે જ. નવલિકા, લઘુકથા ધ્યાનાકર્ષક છે. **'મંગલ મંદિર' મુખ્ય સામયિકોની હરોળમાં આવ્યું છે. નજીકના ભવિષ્યમાં અગ્રસ્થાન પામશે એવી શ્રદ્ધા** સાથે ફરી તંત્રીશ્રી, સહતંત્રીશ્રીને મારા હાર્દિક અભિનંદન.

ભાઈશ્રી ભૂપેન્દ્ર શેઠ તથા ચંદ્રકાંતભાઈ 'સરલ' દ્વારા આ સામયિકનો પરિચય થયો, એ માટે એમને પણ મારા ધન્યવાદ પાઠવું છું.

સાહિત્ય સર્જક છું એટલે રચનાઓ દ્વારા સંપર્ક સેતુ બની રહેશે, એ વાતે આનંદ છે.

***હરીશ પંડ્યા, સાહિત્ય સર્જક - ભાવનગર***
***મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭***

*(નોંધ : પ્રતિભાવ મોકલાવનાર, ગુજરાતના જાણીતા લેખક-કવિશ્રી છે.)*

★

## 'મંગલ મંદિર' : પ્રશંસનીય

**'મંગલ મંદિર' માસિક પોતાના વિવિધ વિષયો ઉપરના લેખોની પસંદગી અને સંકલન માટે ખરેખર પ્રશંસનીય છે.** વ્યાકરણની શુદ્ધતા અને લેખોની દર્શનીય ગોઠવણ પણ સરસ છે. શ્રી ચંદ્રકાંતભાઈ પટેલની, કવિઓનો પરિચય કરાવતી કોલમ 'દિલની જબાન' નવા કવિઓ માટે માર્ગદર્શક બની રહે છે. ખાસ કરીને **'નારી ગૌરવ'**માં નારીના વિશિષ્ટ સામાજિક યોગદાન માટે જે રીતે તેનો પરિચય કરાવવામાં આવે છે, તે યોગ્ય જ છે. આ સિવાય પ્રતિષ્ઠિત લેખકોના જે લેખો આવે છે તે પણ માહિતીપ્રદ અને વાંચવાલાયક હોય છે.

'મંગલ મંદિર' ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભ કામના.

***દિનેશ એન. વૈશ્નવ - જૂનાગઢ***
***મો. ૯૮૭૯૫ ૪૧૨૭૫***

★

## 'મંગલ મંદિર' ગુણવત્તાસભર સામયિક

'મંગલ મંદિર'નો પહેલ વહેલો જૂન-૨૦૨૧નો અંક હાથમાં આવ્યો. જોતાની સાથે આ માસમાં પર્યાવરણ દિવસ પડે છે તેની યાદ આવી ગઈ. દળદાર અંકથી કોઈ પણ વાચકને મહિના પૂરતો ગુજારો અવશ્ય કરાવી આપે. મેગેઝિનના પોતને અક્ષુણ રાખે એવી સામગ્રી પીરસવા આપની પાસે ડૉ. મણિભાઈ, શ્રી જોરાવરસિંહ, શ્રી ચંદ્રકાંતભાઈ, શ્રી આહલપરા વગેરે જેવા નામી અને નીવડેલા લેખકોની શ્રેણી ઉપલબ્ધ છે, **જે મેગેઝિનને ઉચ્ચ ગુણવત્તાસભર બનાવે છે.** આ ક્રમમાં કવચિત મારું જોડાવું સદ્ભાગ્ય સમું! **અહીં મળતા વિભાગો વાચકને પોતાની પસંદગીના લેખ તરફ આકર્ષવા સક્ષમ.** મેગેઝિનને વક્ર દૃષ્ટિથી જોવા પ્રયાસ કર્યો પણ નિષ્ફળતા સાંપડી. આ જ તેની ગુણવત્તાની સાક્ષી પૂરે છે.

***ડૉ. એમ.પી. કાકડિયા (નિવૃત્ત પ્રિન્સિપાલ) - જામનગર***
***મો. ૯૮૨૪૦ ૩૦૨૦૩***

★

## 'મંગલ મંદિર' : ખૂબ આકર્ષક અંક – ખૂબ સુંદર સામયિક

'મંગલ મંદિર' માસ જૂન-૨૦૨૧નો અંક મળ્યો. મુખપૃષ્ઠ જોઈને જ મન આનંદવિભોર થઈ ગયું. અનુક્રમણિકા પર નજર પડતાં નીવડેલા કલમકારોના નામ અને કૃતિ જોઈને આનંદ થયો. **તંત્રીલેખથી માંડીને મનોરમ્ય કાવ્ય સૃષ્ટિ તથા અન્ય તમામ લેખો કાબિલે દાદ માંગી લે તેવા!** તો ''દિલની જબાન'' પણ ખૂબ ગમ્યું. શ્રી ચંદ્રકાંત પટેલ 'સરલ' દ્વારા ગઝલકારનો

ખૂબ સુંદર પરિચય આપવામાં આવ્યો છે. નવલિકા, નાટક, પ્રસંગ કથા અને નારી ગૌરવ ગાથા, સ્વાસ્થ્ય વગેરે રસપ્રદ વિભાગો તેમજ સુંદર પ્રિન્ટિંગ. એકદંરે ખૂબ આકર્ષક અંક. ખૂબ સુંદર સામયિક. 'મંગલ મંદિર' સામયિકના તંત્રી, સહતંત્રી અને પૂરી ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

*કુસુમ કુંડારિયા - જૂનાગઢ*
*મો. ૯૪૦૯૧ ૫૧૨૧૨*

★

## 'મંગલ મંદિર' વાંચીને આનંદ થયો

*સસ્નેહ સદ્‌ગુરુ, સ્મરણ.*

★ મનોરમ મુખપૃષ્ઠ, મનનીય અને માર્મિક સાહિત્યિક રચનાઓ તથા મહત્ત્વપૂર્ણ માહિતી સાથે 'મંગલ મંદિર'નો માસ જૂન-૨૦૨૧ના અંકની નકલ મળી. વાંચીને અનહદ આનંદ થયો. આભાર માનું છું.

★ માતૃભાષા ગુજરાતી અને રાષ્ટ્રભાષા હિંદી વચ્ચે સુદ્રઢ સેતુ રચવામાં હું લગભગ અડધી સદીથી સક્રિય છું. સુવિખ્યાત ગુજરાતી સાહિત્યકાર શ્રી રાધેશ્યામ શર્માએ 'સાક્ષર જન તો...'માં મારો વિસ્તૃત પરિચય તથા ગુજરાતી સાહિત્ય કોશમાં પણ વિસ્તૃત પરિચય પ્રગટ થયો છે.

★ છેલ્લા ૨૦ વર્ષોથી સપ્તકાર સેવા સાધનાનું સંચાલન કરું છું અને ગુજરાતી - હિંદીમાં પુસ્તકો પ્રસિદ્ધ કરાવું છું. સંક્ષિપ્ત સૂચિ સંલગ્ન છે.

★ 'મંગલ મંદિર' માટે મારા લેખો મોકલતો રહીશ. મહાન લેખકોના પ્રકાશિત પત્રો પર મેં Ph.D. કર્યું છે.

★ **તંત્રીલેખ પર્યાવરણના યક્ષ પ્રશ્નો પર પ્રકાશ પાથરે છે. ખૂબ સરસ છે.**

*ડૉ. કમલ પુંજાણી (એમ.એ., પીએચ.ડી.) - જામનગર*
*મો. ૯૪૨૮૯ ૮૬૩૩૮*

★

## 'મંગલ મંદિર' : સરસ, પથ્ય, રસપ્રદ, મૂલ્યવર્ધક અને રોચક

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર' માસ જૂન-૨૦૨૧નો અંક મળ્યો. આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

'મંગલ મંદિર' ખરેખર વિવિધ સાહિત્યનો રસથાળ છે. તે વાંચતા જ અનુભવાયું. **વિધવિધ સાહિત્યના સ્વરૂપો 'મંગલ મંદિર'ના પાને પાને પીરસાયા છે. તે સરસ, પથ્ય, રસપ્રદ, મૂલ્યવર્ધક અને રોચક છે.** સકળ સાહિત્યના વ્યંજનો પાચક પણ છે. ખરેખર, ઉત્તમ સંપાદન કરવામાં આવેલ છે. **સંપાદકશ્રીઓના સંપાદન કૌશલ્યના દર્શન અને અનુભૂતિ થાય છે. તંત્રીલેખ સહિત અઠ્યાવીસ વિભાગમાં 'મંગલ મંદિર' પ્રગટ્યું છે.** દરેક વિભાગ વાંચવા, માણવા અને મમળાવવા ગમે એવા છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની માનવ સેવાની પ્રવૃત્તિ પ્રશંસનીય અને આવકારદાયક છે. સેવાભાવી સમાજને વધાવું છું, વંદુ છું.

'મંગલ મંદિર' જૂન-૨૦૨૧ના અંકના સકળ સર્જકશ્રીઓને અભિનંદન.

'મંગલ મંદિર' ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહે અને સાથે સાથે જયાં જયાં ગુજરાતી ત્યાં ત્યાં 'મંગલ મંદિર' પહોંચે એવી અભ્યર્થના.

*ઉમેશ જોષી - અમરેલી*
*(મેનેજિંગ ટ્રસ્ટી, અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર)*
*મો. ૯૮૭૯૫ ૬૬૫૯૦*

★

## 'મંગલ મંદિર' વિશે.... 'ગાગરમાં સાગર'

સુંદર, આકર્ષક અને રંગીન મુખપૃષ્ઠ ધરાવતો માર્ચ-૨૦૨૧નો 'મંગલ મંદિર'નો અંક પ્રથમ નજરે જ પ્રેમમાં પડાય એવો છે. આખાય અંકનું રસપાન કરતાં જણાય છે કે **આપે ગાગરમાં સાગર ભરી દેવાનું કામ કર્યું છે.** વિવિધ રસ ધરાવતા વાંચકોને મનગમતું ભાથું મળી રહે તેવો સંન્નિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો છે, **જે ભાવકોને છેલ્લા પાના સુધી વાંચવા મજબૂર કરે છે. એક જાગૃત સમાજ સ્વબળે સમાજની પ્રવૃત્તિ અને ઉન્નતિ માટે કેવી રીતે સેવા પ્રવૃત્ત રહી શકે, તે અંક વાંચતા સહેજે જણાઈ આવે છે.** આપ સર્વે આપના પ્રયત્નોમાં સફળ થતા જણાવ છો, એમાં બે મત નથી. હજુ સફળતાના વધુ ઊંચા શિખરો સર કરો એવી દિલી શુભેચ્છા પાઠવું છું. આ કર્મયોગમાં સહયોગી થનાર સર્વેને મારા હાર્દિક અભિનંદન.

*આબિદ ભટ્ટ - હિંમતનગર*
*મો. ૯૪૦૯૦ ૨૨૧૩૦*

★

## 'મંગલ મંદિર'ની નવી કોલમ કાયમ આપતા રહેશો

આપના સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'માં "દિલની

જબાન'' કોલમ નિયમિત વાંચીને હર્ષ થાય છે. **ચંદ્રકાંત પટેલ સાહેબ** મોટા ગજાના સાહિત્યકાર છે. અમે ઘણા મેગેઝિનોમાં તેમના રસપ્રદ લેખો વાંચીએ છીએ. 'મંગલ મંદિર'ની આ કોલમ અમારા જેવા નવા અને ઉગતા સાહિત્યકારોને ખૂબ જ માર્ગદર્શક બની રહી છે.

મેગેઝિનમાં આવતી કવિતાઓમાં જે ગા-ગા-લ જેવા છંદ બંધારણના ચિહ્નો છે તે અમને સમજાતા નથી. આપ સમજાવશો તો વધારે જાણકારી મળશે.

માસ ફેબ્રુઆરી-૨૦૨૧ના અંકમાં **રમેશ પટેલ**નો પરિચય લેખ અતિ આસ્વાદ્ય લાગ્યો છે. આ કોલમ ચાલુ થયા પછી અમને 'મંગલ મંદિર' વાંચવાની વધારે ઇચ્છાઓ જાગી છે. આ કોલમ કાયમ ચાલુ રાખવા નમ્ર અરજ... વિનંતી...

*હર્ષા દેસાઇ અને માધુરી શાહ - જૂનાગઢ*

★

## 'મંગલ મંદિર' : સૌ કોઇનું મંગલ થાય તેવી લેખન સામગ્રીઓવાળું સામયિક

જેવું નામ છે તેવું જ 'મંગલ મંદિર' છે. નાના બાળકોથી લઇને વૃદ્ધો સુધીના સૌ કોઈનું મંગલ થાય તેવી સામગ્રી સામયિકમાં પીરસાય છે અને મંદિરમાં થાય તેવો આનંદ પમાય છે. **પ્રભુને ધરવામાં આવતા અન્નકુટની જેમ વિવિધ વિષયોની વિવિધ વાનગીઓનો થાળ લઇને 'મંગલ મંદિર' આવે છે** અને વાચકને પ્રસાદ મળ્યાની પ્રસન્નતા અનુભવાય છે. કોઈ એક નહીં પણ તમામ વિભાગમાં તે વિભાગની યથાર્થતા પુરવાર કરતું સાહિત્ય વાંચવા મળે છે. **કોઈ એક સમાજનું મુખપત્ર તેની સંકુચિતતા છોડી, વિશાળ ક્ષેત્રે વિસ્તરે તે ધન્યવાદને પાત્ર ઘટના છે.** ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન તમામને.

*નટુભાઈ પી. પંડ્યા, લેખક-કવિશ્રી – ભાવનગર*
*(આયુર્વેદ વિશારદ)*
*મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩*

★

## 'મંગલ મંદિર' : સમગ્ર સામયિકના જુદા જુદા સ્તંભ સુંદર વિચારોનું પ્રતિપાદન છે

મુખપત્ર 'મંગલ મંદિર'નો અંક-૫૧૩ મળ્યો, જે અત્યંત રમણીય, રૂપકડો અને વાંચનક્ષમ બન્યો છે. **આપ સહુની સાહિત્યપ્રીતિની જહેમત અને સમાજસેવાની સુગંધ માણી.** તે પહેલાં સામયિકના સહતંત્રી શ્રી સાથે ફોન પર રૂબરૂ વાત કરવાનું શક્ય બન્યું. આ બધું આ પળે વાગોળું છું. **ખુદ પ્રભુમય રહી સમાજ માટે કશું કરી છુટવાની આપની તપોભાવના ખરેખર દાદ દેવાને લાયક છે.** આપ સૌ સુધી પહોંચાડવા બદલ સન્મિત્રો શ્રી ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' અને શ્રી ચંદ્રકાંત પટેલ 'સરલ'નો પણ આભારી છું.

**અનેક સક્ષમ લેખક મિત્રોના લેખ અને સુંદર સંપાદનના સાક્ષી બનવા મળ્યું, તે અનોખો લહાવો છે. સમગ્ર સામયિકના જુદા જુદા સ્તંભ સુંદર વિચારોનું પ્રતિપાદન છે અને તે માટેની કલ્પના તથા આયોજનને બિરદાવું છું.**

આપ સહુની આ યજ્ઞ સમાન પ્રવૃત્તિ સમાજના એક સદા પ્રજ્વલિત દીવાદાંડી બની રહેશે તેમાં શંકા નથી. પ્રભુ આપની સાથે છે.

*કીર્તિકાંત પુરોહિત, લેખક-કવિશ્રી – વડોદરા*
*મો. ૯૮૭૯૧ ૧૪૨૯૮*

★

## 'મંગલ મંદિર' નવી કોલમ ઉમેરીને ઊર્ધ્વ દિશા તરફ ગમન કર્યું છે

સૌપ્રથમ તો 'મંગલ મંદિર' સામયિકમાં **'દિલની જબાન'** નામે જે કોલમ શરૂ કરી છે તે માટે ધન્યવાદ. આ કોલમના આગમન પછી આ માસિકે ઊર્ધ્વ દિશા તરફ ગમન કર્યું છે. કોલમમાં વ્યક્ત થતા કવિઓના જીવન વિશેની માહિતી અને તેમના પરિપક્વ શેરોનું આસ્વાદન હૃદયંગમ રહ્યું છે. આ કોલમથી નવોદિત કવિઓને ગઝલના શેરો વિશેનું માર્ગદર્શન જરૂર મળશે. આ કોલમના કોલમિસ્ટ ખૂબ ગહરાઈ અને અનુભવથી અભિવ્યક્તિ કરી રહ્યા છે, તે સરાહનીય છે.

**કવિ ભૂપેન્દ્ર શેઠ, કવિ રમેશ પટેલ** એમ બંનેના પરિચયાત્મક લખાણો ગમ્યા છે. છેલ્લા ત્રણ ચાર અંકોથી રજૂ થતી ગઝલોના મથાળે જે છંદ બંધારણ મૂકો છો તે પ્રશંસનીય કાર્ય છે. આ રીતે અન્ય ગઝલકારોને કયા છંદની ગઝલ છે તેની જાણકારી ઉપલબ્ધ થશે. છંદ બંધારણ વગરની ગઝલ જેવી છેતરામણી રચનાથી તંત્રીમંડળ મુક્ત રહેશે તો આ મેગેઝિન ૧૦૦ ટકા સાહિત્યિક મેગેઝિનની વ્યાખ્યામાં આવી જશે.

*પ્રવીણભાઈ ગોરધનભાઈ મેંદપરા - માણાવદર*
*મો. ૯૯૨૫૯ ૩૨૧૬૬*

★

## 'મંગલ મંદિર'ના અંકોની ખૂબ જાણવા અને માણવા યોગ્ય લેખન સામગ્રી

'મંગલ મંદિર' દિવાળી અંક ખૂબ જ સરસ મુખપૃષ્ઠ અને

સુંદર આવરણ સાથે સચોટ તંત્રી લેખ. **ચંદ્રકાંત પટેલ 'સરલ'ની બેમિસાલ કોલમ** સહિત કેટલીક સુંદર માહિતી આપી ગયો છે. **તે રીતે મંગલ મંદિરનો કોરોના વિશેષાંક ખૂબ જ સુંદર માહિતી સાથે ઉપયોગી વિગત આપી ગયો છે.** જેમાં સંક્રમણમાં વિવિધ માર્ગદર્શન અને માહિતી રસપ્રદ અને જ્ઞાનવર્ધક છે. સરકારશ્રીની સૂચના અને સુવિધા વગેરે માટે સૌએ સહભાગી થવાની જરૂરત છે તેવી વાત ધ્યાનાકર્ષક રહી છે. તેના સહકાર યોગી બનીએ.

**ફેબ્રુઆરી-૨૦૨૧નો અંક કોવિડ-૧૯ ટાઇટલમાં પ્રસિધ્ધ તંત્રીલેખ મહત્ત્વની મોટી સિધ્ધિ હેઠળની વિગતને આવકારી છે.** સુંદર વર્ણન સાથે ઉપયોગી અને રસપ્રદ માહિતી આપી ગયો. દીપશીખા, કોરોના વાયરસ, ગુલશન, દિલની જબાન, કવિ રમેશ પટેલની રચના ખૂબ પસંદ આવી. આ કોલમ હેઠળ ખૂબ જ સુંદર કવિઓની કલમને માણવાનો અવસર મળે છે. **જે અમૂલ્ય લાભથી ઘણું જ જાણવા માણવા મળે છે. અભિનંદન.** તે ઉપરાંત અન્ય વાંચન સામગ્રી માહિતી સાથે અંકો સુદર બનેલ છે. તેને આવકારીએ છીએ.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

★

## 'મંગલ મંદિર' પ્રેરણાદાયી અને ઉત્સાહ પ્રેરક

મુખપત્ર 'મંગલ મંદિર'ના માસ ફેબ્રુઆરી-૨૦૨૧ના અંકમાં **'ગુલશન' શીર્ષક નીચે 'દિલકી જબાન'**માં સંવેદનશીલ કવિ શ્રી રમેશ પટેલ (મણકો-૩) વાંચ્યું. આ કોલમ માટે લેખક **શ્રી ચંદ્રકાંત પટેલ 'સરલ'ને અમારા તરફથી ખૂબ જ અભિનંદન સહ શુભેચ્છાઓ. આ કોલમનું લખાણ ખૂબ જ પ્રેરણાદાયી અને ઉત્સાહપ્રેરક છે. આજના સમયમાં આ પ્રકારનું વાંચન મનુષ્ય જીવન માટે જરૂરી પણ છે.** આ જ રીતે નવી સંસ્થાઓ / વ્યક્તિઓ વિશે જાણકારી તથા માહિતી આપતા રહેશો. આપના આ સુંદર સામયિક માટે સમગ્ર તંત્રી મંડળને અભિનંદન સહ શુભેચ્છાઓ છે. આ સામયિક હજુ વિશેષ પ્રગતિ કરે અને તે જલ્દી પાક્ષિક કે અઠવાડિક બની જાય તેવી અમારી શુભેચ્છાઓ જરૂર સ્વીકારશો. આભાર.

*બી. એસ. અંજારિયા - રાજકોટ*
*મો. ૯૪૨૬૪ ૧૭૮૫૪*

★

## ચાતક પક્ષીની જેમ પ્રતીક્ષા કરાવતું 'મંગલ મંદિર'

ચાતક પક્ષીની જેમ પ્રતીક્ષા કરાવતું 'મંગલ મંદિર' નિયમિત મળે છે અને **મળતાની સાથે જ હૈયે ઉત્કંઠા જાગે કે ક્યારે જલ્દી વાંચું?** તેમાં ઉમેરાતા નવા નવા આકર્ષણો ખરેખર મનમોહક છે.

ફેબ્રુઆરીના અંકમાં યાદગાર પ્રસંગો મોકલવા માટેનું નૂતન આકર્ષણ મને ગમ્યું અને મારી કલમ કાંઈક સ્મૃતિદાયક પ્રસંગ લખવા થનગની ઉઠી. મારી કલમ આપના મેગેઝિનમાં સફર કરે તો કેટલું સારું? એટલે એક પ્રયાસ કર્યો છે. 'મંગલ મંદિર'ના માસ ફેબ્રુઆરીના અંકમાં **સુનીતાબેન શાહ** લેખિત 'શારદા નિવાસ' વાર્તા ખૂબ ગમી તથા 'જીવનમાં ભક્તિનું મહાત્મ્ય' **પ્રવીણભાઈ**નો લેખ પણ આનંદની અનુભૂતિ કરાવી ગયો. **દિનેશભાઈ પાંચાલ**ના સામાજિક લેખો પ્રેરણાદાયક હોય જ છે. મેગેઝિનમાં બીજી ઘણી બધી રસપ્રદ લેખન સામગ્રી છે જ. આ રીતે નવી કોલમો ઉમેરાતી જાય અને લેખકોને પ્રોત્સાહિત કરે તેવું ઇચ્છું છું.

**તંત્રીલેખ તો આજના પ્રશ્નોનું નિરાકરણ કરે છે. ખૂબ જ સુંદર વિષયો હોય છે.** આપશ્રી અને સંપાદકશ્રીની ભારે જહેમત જણાઈ આવે છે. આપને ખૂબ અભિનંદન.

*ઇલાબેન કે. શાહ - ખંભાત*
*મો. ૯૯૭૯૩ ૫૬૩૬૦*

★

## 'મંગલ મંદિર' : માસ ફેબ્રુઆરી-૨૦૨૧નો અંક અંકનું મુખપૃષ્ઠ, લે-આઉટ, ડીઝાઈન તથા મુદ્રણ ખૂબ જ સુંદર

'મંગલ મંદિર'નો માસ ફેબ્રુઆરી-૨૦૨૧નો અંક મળેલ છે. આભાર. અંકનું મુખપૃષ્ઠ, લે-આઉટ, ડીઝાઈન તથા મુદ્રણ ખૂબ જ સુંદર છે. મંગલ મંદિરના દરેક વિભાગો બહુ જ પસંદ પડ્યા. દરેક અંક, આબાલવૃધ્ધને સૌને પસંદ પડે તેવા હોય છે. **તંત્રીલેખ માટે ખાસ ધન્યવાદ - અભિનંદન.**

'માતૃભાષા', 'સંસ્કૃતિ', લઘુકથાઓ, રીતરિવાજ, પર્યાવરણ વગેરે વિભાગો પસંદ પડ્યા. અંકના અંતમાં ફિલ્મ / ટી.વી.ની માહિતી આપવા પણ સૂચન છે. સામાન્ય જ્ઞાન, ગેમ્સ ગેલેરી, વૈવિધ્ય વગેરે પણ અભિનંદનીય છે.

**રાજકોટની મુખ્ય પાંચથી છ લાઇબ્રેરીઓમાં આ સામયિક મળતું થાય તે જોશો તો આનંદ થશે.** પાના-૪૯ પર Some Golden Thoughts વાંચ્યા. આ જ રીતે આપણી રાષ્ટ્રભાષાના કોઈ સુંદર લખાણ કે કૃતિ માટે પણ એકાદ પાનું ફાળવાય તો ગમશે.

સુડોકુ, શબ્દ રમત તથા પઝલ ઇત્યાદિથી મગજને કસરત મળે છે. તેથી તે વિભાગો પણ ફાયદારૂપ છે. લઘુ કાવ્યો, હાઈકુ તથા અન્ય કાવ્યો વાંચી આનંદ થયો. સમગ્ર રીતે અંકના સંપાદન બદલ હાર્દિક અભિનંદન. સંસ્થાને તથા મુખપત્રની પ્રગતિ બદલ હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ.

*ભરતભાઈ અંજારિયા - રાજકોટ*

# કચ્છની મીઠાશ

★ અહીં અમદાવાદ - ગાંધીનગર વિસ્તારમાં વસતા દરેક કચ્છીના દિલમાં કચ્છીયત છે, એક મીઠો આવકાર છે, જમણ ઉપર છાશ છે, કચ્છી બોલીની મીઠાશ છે, પાસેથી પસાર થતા GJ 12 નંબર જોઇને થતી હાશ છે, પોતાપણાનો અહેસાસ છે, આ જ તો કચ્છીયતની ખાસિયત છે.

★ કવિ ગૌતમ જોશીની અષાઢી બીજના આનંદ - ઉલ્લાસને વર્ણવતી કચ્છીમાં ચાર લાઇનો...

*મન તું મોભતજો મેડો ભનાય,*
*મન તું સોભતજો મેડો ભનાય,*
*મોભતજી સોભતમેં માડુ વીંટાણું ને,*
*હૈયેમેં અષાઢી મંગ રચાણું,*
*ધબકંધે ધિલકે તું ધિલથી મિલાય...*
*મન તું મોભત જો મેડો ભનાય.*

*ગુજરાતી ભાવાનુવાદ :*

*મન તું મોહબ્બતનો મેળો મનાવ*
*મન તું સોબતનો મેળો મનાવ*
*મોહબ્બતની સોબતમાં માણસ વીંટાણા ને*
*હૈયામાં અષાઢી ઉમંગ રચાયું*
*ધબકતા દિલને તું દિલથી મળાવ*
*મન તું મોહબ્બતનો મેળો મનાવ.*

★ *કચ્છ મિઠો કચ્છી મિઠો, મિઠો કચ્છજો નાં,*
*પિંઢ વડો નેં નાં નિંઢો, અઢઈ અખરજો નાં.*

– પ્રભુલાલ સિધ્ધપુરા

★ *વંકી ધરણી કચ્છજી, રણવંકી તલવાર*
*વાણી કચ્છી વંકડી, વંકા રણ-તોખાર,*
*વંકા રણડંકા અને રણવંકા સરદાર,*
*વંકા જેંજા રાજવી, વંકા રાજકુમાર,*
*વંકેજા શણગાર, ધીંગા નરવંકા જિતે.*

★ *વંકા કુંવર વિકટ ભટ, વંકા વાડીઅ વચ્છ,*
*વંકા કુંવર તડેં થિયેં, જ પિયેં પાણી કચ્છ.*

★ *હે આઈ આશાપુરા! કર તું કચ્છજો નીયા,*
*માડુ ધ્રાઈયેં માનીએં, થીએ સુથ સવા.*

★ *તળ ઊંડા જળ છીછરાં, કામન લંબે કેશ,*
*નર પટાધર નીપજે, ડોલરિયો કચ્છ દેશ.*
*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,*
*ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારેમાસ.*

★ હોથલ પદમણીએ સદીઓ પહેલાં “કચ્છ નહીં તો કુછ નહીં”ના ભાવાર્થ સાથે કહ્યું હતું કે...

*“આવાર, બાવર બેરડી; ફૂલ, કંઢા ને કખ.*
*હલો હોથલ કચ્છડે, જિત માડુ સવા લખ!!”*

## કચ્છ અઢી અખરો

કચ્છ મેં ને કચ્છ બા’ર રોંધલ મુંજા કચ્છી ‘ભાવર’ તું
ગાલ ત ચોઈ આય અજ મુંકે હકડી કનમેં!!
લખી ‘કચ્છ’ને દુનિયાજનો નકશો ખણો હથમેં
દેશ રાજ શહેર ગામ, ગંજાને ગરાસ ડસો.
મણી શહેરે જા ઐં સ્ટેશન સ્ટ્રીટ ને ‘પરા’ ડસો,
કાનેમાતર વારા ‘અઢી અખરા’ આંકે ઘણેં મલધા
પણ કાને માતર વગર જો હકડો મુંજો કચ્છ!!

## કચ્છ

*કચ્છ હી કીં ભૂમિ જો ટુકડો નાંય,*
*હી ત હીકડો સંસ્કૃતિજો વિરાટ પુરુષ આય...*
*કારો ડુંગર હીનજો મથો આય*
*ધીણોધર ને ભુજિયો હીનજા કંધા આય,*
*ખાવડાને ખડીર - તેંજા હથ આય*
*ભુજ હીનજી નાભિ આય*
*કંથને કોટ કોટેશ્વર હીનજા પગ આય*
*કચ્છજો અખાત અને અરબી સાગર કચ્છજા રક્ષક આય*
*કચ્છજો કંકર કંકર, પાંલાય શંકર આય*
*હેડો કચ્છ પાંજો સંસ્કૃતિ પુરુષ આય...*
*જિંધાસી ત કચ્છ લાય અને મરધાંસી પણ કચ્છ લાય.*

***દેશાવરમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરી પ્રગતિનાં ઊંચા શિખર સર કર્યા છતાં ‘કચ્છી માડુ’ ક્યારેય માતૃભૂમિને ભૂલ્યો નથી અને આજેય તેનાં સંસ્કાર સાચવીને બેઠો છે.***

## કચ્છજી હવા

કડે ભૂલસે ઐંય કચ્છમેં અચીજા જરા,
થધી હલેતી હવા માડુ મેં આય વફા...
મોભત વસેતી હિત ખુશબુ મિટીમેં અચે,
ધરીયાજે મોંજે મેં સરગમ સુણેજી મજા અચે...
જડે થિયેતી રાત નિંધર અચેતી લાટ,
સોંણા અચેતા ખાસા સિરગ જેડી મજા...
મંધિર ને મસ્જીદમેં મિણીલા માડુ મંગેતા,
"નિર્મલ" ધુવા કડે અચીજા જરા...

*નિર્મલ રોય "નિર્મલ"*

## કચ્છી માડુ

'કચ્છી માડુ' અસીં 'કચ્છી માડુ'
સાધો અસાંજો પે'રવેશ ને સાધાઇ મેં' રોં
અગવડતા વેઠેને આનંધ મેં રોં
અંધારા ઓણજે ને 'ઉજાસ' કરીયોં
સાધો અસાંજો મુલક ને સાધો આય ખાણું
'કચ્છી માડુ' અસીં 'કચ્છી માડુ'

સધીયે પેલા અસીં પરદેશ ખેડ્યો
'હિમ્મત' ને 'સાહસ'જો નમુનો ડનું
'વેપાર' 'વાણિજ્ય' કે અસીં વધાર્યો
જગતમેં પેલવેલા અસીં 'દરિયા ખેડુ'
'કચ્છી માડુ' અસીં 'કચ્છી માડુ'

મે'માનગતી અસાંજી 'માણે સે જાણે'
કમ આયાસુ કેંકે કે 'ટાણે કુટાણે'
અધ મંજા અધ ડૈ, સંભારે ગનો ટાણું
'કચ્છી માડુ' અસીં 'કચ્છી માડુ'

'હાતમેં તેડી વાતમેં' ભનાવટ ન બુજોં
મનમેં હકડી, બાર બૈ, ગાલ એળી ન કુછોં
ગાલને આબરૂ મણિજી પેટમેં રખો એળા અસીં ગુણજા
'પારકા ઇ પંઢજા' ઇ અસાંજો ગાણું
'કચ્છી માડુ' અસીં 'કચ્છી માડુ'

'કલા કસભ' અસાંજી રગરગમેં
'ભોમકાજા ભોમીયા' પથપથ મેં
વતન લાય ઓળઘોળ થીંયો 'તનમનધનસે'
મથો વઢજે ને 'ધડ' પેયો લડે!!!
ધીંગી ધરાજા એળા ધીંગા માડું
'કચ્છી માડુ' અસીં 'કચ્છી માડુ'!!!

*કમલા અશ્વિન ચંદન 'કપીલા' - મુંબઈ*
*મો. ૯૯૨૦૮ ૦૭૪૮૦*

## મુંજે કચ્છડે તે આય મુંકે પ્યાર

મુંજે કચ્છી ભાવરે વેટે; આંઉ કરીયાતો પ્યાર,
કચ્છ જા વતની થઈને, ઐઈ કચ્છ જી કેંજા ન્યાર,
મુંજે કચ્છડે તે આય મુકે પ્યાર...

ભૂકંપ ને વાવાઝોડા ગચ વધીવ્યા;
હણે ધરા નતી જલે ભાર,
વિનંતી કરીયાંતો હર કચ્છી કે,
ઐઈ ન કર્યો અત્યાચાર.
મુંજે કચ્છડે તે આય મુકે પ્યાર...

અનીતિ છડે નીતિ રખો, કર્યો ધર્મ જો પ્રચાર,
સચે માર્ગે પાં હલધાસી, ત કલજુગ થીંધો લાચાર,
મુંજે કચ્છડે તે આય મુકે પ્યાર...

કરીયાંતો પ્રભુ સે પ્રાર્થના, કચ્છ જો બેડો કેંજા પાર,
"દિપ" જા અખર જે સમજી સગો ત,
આંજો વડો આભાર.
મુંજે કચ્છડે તે આય મુકે પ્યાર...

*દિનેશ ગરવા "દિપ"*

## રણોત્સવ

કચ્છ ન ડિઠો ત કીં ન ડિઠો એડી સુણાજે ગાલ
કચ્છજી રણ કાંધી મથે રણોત્સવ હરસાલ
ધોરે રણ મેં ધોરડે લખું અચેંતા લાલ
ઉઠ ગાડ્યું ને ઉઠ મથે કરીયેં મોજ કમાલ.

ઘોડેંજી ડિસો રેવાલ
રણોત્સવ એડો કચ્છજો...

રણ ઉત્સવ હી કચ્છમેં વડા તંભૂ થીયેં વલા
ચારેકોર ચાંધની પથરે વિઠી જીં પલ્લા
કચ્છીયત જી કામગીરી બાંધણી રોગાણજી કલા
મોરલી પાવા જોડીયા મોરચંગ વજાઇયેં ગલા

કર્યો સાંભઈજી સલા
હલો બેલીડા કચ્છમેં...

હલો બેલીડા કચ્છમેં મેડો ભને મસ્તાન
રંગ જમીરે રણમથે રણ ઓચ્છવજી સાન
હેત થીયે હમીરસર તેં મિઠે મેરામણ માન
ગર્વ આય ગુજરાતજો ને કચ્છડેજી ઓડખાણ

રણ આય કચ્છજો પ્રાણ
"પ્રભુ" રણોત્સવ આય કચ્છજો....

*પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ'*

## આસાઢી બીજ આવઈ રે!

આવઈ, આવઈ રે! આવઈ રે!
આસાઢી બીજ આવઈ રે!

ડેસ-પરડેસનું પાંજા પુજી આયા,
વલે વતનજી ઈનકેય માયા
કાલ મુરકઇ તે માનઇ રે!
આસાઢી બીજ આવઈ રે!

કાર્યૂં કાર્યૂં વડર્યૂં અભમેં ઘુમેત્યું,
ખેડૂએંજે ધિલડેમેં ઉમેધૂ ઉગેંત્યું
રાત ખિવઈતે રઈ રઈ રે!
આસાઢી બીજ આવઈ રે!

ચૉક વિચ માડૂ મિડે ચંધરકે ન્યારીએં,
ઓતરેનૂં કોર ઉચઇ, વરે ખાસો ભાઈએં.
પાંય ડરસણ કર્યું લટઇ રે!
આસાઢી બીજ આવઈ રે!

ડેવસ્થાનેં જોઆર કરી સુખસાંતી ગુરબો,
ફરીયેમેં નિંઢેવડે મિણીકે પાં મિલબો,
ઝટ ચુલતેં ચડાઈયૂં લપઇ રે!
આસાઢી બીજ આવઈ રે!

– *રવિ પેથાણી 'તિમિર'*

## માદરે વતનની મમતા

હરેક મૂળભૂત કચ્છીને કચ્છની કસક છે. હરેક કચ્છીના કાળજામાં કચ્છ કોતરાયેલું છે. તેથી તો વિશ્વવિહાર બનવા છતાં કચ્છ પ્રત્યે તેનો લગાવ છે, માદરે વતન પ્રત્યેની મમતા છે. કચ્છના રાષ્ટ્રકવિ મહાત્મા નિરંજન (મુરારજી લાલજી વ્યાસ) કચ્છના લોકપ્રિય રાષ્ટ્રગીત 'વતન જી હુબ'માં વતનપ્રેમ વર્ણવે છે.

***મુંજી માતૃભૂમિ કે નમન, અય વલો અસાંજો વતન***
***કચ્છી અસાંજા કોડ મિંજા કુલભાન કરીં તન મન.***

વલા વતન કચ્છ માટે કચ્છીઓ શું કરે? એનો જવાબ રામસિંહજી રાઠોડ આ રીતે આપે છે. કચ્છનો ખડતલ ને ખુમારીવાળો માણસ કામ કરી કચ્છમાં જ્યારે આફત ઉતરે ત્યારે પોતાનાંને અને વતનને તેમાંથી પાર કરે. દુકાળ આવે, ધરતીકંપ થાય કે સરહદ ઉપર ધાડાં ઉતરે એને કચ્છનો માનવી ખમતી નજરેથી ખમી લે.

**કચ્છ એ બેમિસાલ બળૂકા બચ્ચાંઓનો બાગ છે.** અહીંના બળકટ-બહાદુર બાલુડાંની બહાર વિશે કવિ નિરંજન ઉચ્ચારે છે –

*ઈસર જેડા દાસ ઈશ્વર જા, મેંકણ જેડા મહંત*
*જગડુસા, ખેંગાર, પીતાંબર માડી જા યાજના,*
*અસીં બાલુડા બુલબુલ ઈન જા, માડી અસાંજો ચમન.*

## "ભુજ" (કચ્છી કાવ્ય)

ઐરાવત જે પગ જેડો, શક્તિ સર્જનહાર!
ઝુંડ જીં ઝકર જો ડીસે, શોભા જેંજી અપાર,
કિલ્લો આય હી કચ્છજો, નોંધારજો આધાર,
ગૌરવી મથ્થો ઉંચો કરી, ઉભો ડિયે પડકાર! –
– એડે ભુજિયજી તરેટી મેં, ભુજ નામજો ગામ,
પુત્તર પેજી સોડ મેં, વિઠ્ઠો ડિસે બેફ઼ામ!
બેફ઼ામ ડિસે તો કીં ભલા? અભેમાન કીં તો કરે?
રોડાઇવ્યા, રાવણ જેડા, મગતરો વટતો કરે?!
'પાટનગર' હી કચ્છજો, તેલા કરે તો ઠિગ,
ખાસા પિંઢ, જોટો નપાંજો, ડિસે માડુ એડા ઢિગ!
હિડાં સમંધર નાંય ભા, કીં દેશ ડીસે તો રંક?
ધલમેં ધરિયા માડુજા, ઘૂઘવે હિડાં અનંત!
'રૂધરમા' આશિષતીં ડે, રક્ષા 'સુરલ-શિવ' હથ્થ!
મુવારો, વાંકો ન થિયે, જીં પીડા પરભુ મથ્થ!!
ટીપોય ઝેર ન માડુ મેં, પાં કેંકે કુછધા રંગ?
પી હલાહલ, સજ્જો છડે, ભડવીર હી ભુજંગ!!
યાદ હમીરજી જીં રખી, હમીરસર કીં તો કુછે?
પીડા જ પારકેંજી કરે, નિર્જીવ નાં હિનજો કુછે!!
કિત વ્યા, હુ સિંહ-રાજવી? નતા ડિસે રણધીર!
પિંઢજા ઇ પડઘા સુણી, 'મોલાત' રુએ ગંભીર!
કારમેં સુમિર્યા મિડે, ઇં ઘસાઇ વ્યા ગજ કીં,
ઉભો 'ભુજ' કમર કસી, રણમેં હી 'વીરડો' ભની!!

– ***ચંદ્રવદન એચ. ધોળકિયા***

## મિઠાંસ (કચ્છી હાઈકુ)

કચ્છ જા કારા
ડુંગરા ત ધરતી
જી સોભા આય.

રણ ત રૂડો
કચ્છ જો, નેરે જેડા
ઈનજા રૂપ.

કચ્છી માડુ ત
મિડે પચાઇ વને,
ડુખ ધરધ.

હજાર હથ
વારી મા, રખવારી
કરે કચ્છજી.

માતા જે મડ
મેં, મા આશાપુરા જા
બેસણા અંઇ

કચ્છજો રૂડો
મુલક આય, હિડાં
રણ, તોરણ!

***અરુણા અરુણ ઠક્કર 'માધવી'***

## કચ્છનું પાણી!

*ભાંભરું તોયે ભીંજવે ભાવે,*
*વણબોલાવ્યું દોડતું આવે;*
*હોય ભલે ના આંખની ઓળખ,*
*તાણ કરીને જાય એ તાણી;*
*વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!*

*જાય હિલોળા હરખે લેતું,*
*હેતની તાળી હેતથી દેતું;*
*હેત હરખની અસલી વાતું,*
*અસલી વાતું જાય જ નાણી.*
*વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!*

*આગવી બોલી બોલતું જાયે,*
*પંખી જેમ કલ્લોલતું જાયે;*
*ગુંજતું જાયે ફૂલનું ગાણું,*
*વેરતું જાય રંગની વાણી,*
*વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!*

*સ્નેહનું પાણી શૂરનું પાણી,*
*પોતાના પ્રચંડ પૂરનું પાણી;*
*હસતું રમતું રણમાં દીઠું,*
*સત અને સિન્દૂરનું પાણી,*
*વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!*

**– અમૃત ઘાયલ**

## કચ્છી બોલી

**કચ્છી બોલીમાં જે જોમ છે, જે રણકાર છે અને જે મીઠાશ છે તેવા એક અક્ષરવાળા અને બે અક્ષરવાળા શબ્દો**

**એક અક્ષર**

| | | |
|---|---|---|
| પે | = | પિતા |
| મા | = | માતા |
| ભા | = | ભાઈ |
| ધી | = | પુત્રી |
| નોં | = | પુત્રવધૂ |
| ભોં | = | હા |
| સી | = | ઠંડી |
| મીં | = | વરસાદ |
| ડીં | = | દિવસ |
| ડૉ | = | દશ |
| ધા | = | ફરિયાદ |
| ના | = | નામ |
| બાં | = | બાંય (હાથ) |
| વા | = | પવન (હવા) |
| મોં | = | મોઢું |
| ચો | = | કહેવું |
| સા | = | શ્વાસ |
| પ્યો | = | નીચે પડવું |

**બે અક્ષરવાળા શબ્દો**

| | | |
|---|---|---|
| અચ | = | આવો |
| અખ | = | આંખ |
| અઠ | = | આઠ |
| અધ | = | અડધું |
| કન | = | કાન |
| ગચ | = | ઘણું |
| મટ | = | માટલું |
| ચપ | = | હૉઠ |
| ચમ | = | ચામડું |
| છટ | = | વાસ |
| લજ | = | લાજ |
| ધજ | = | સારું |
| નક | = | નાક |
| પખ | = | પાંખ |
| પટ | = | જમીન |

*(આ બે અક્ષરોમાં ક્યાંય પણ કાનો માતર નથી તે તેમની ખૂબી છે.)*

## માંડવી

**(જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી)**

તું મારી નસ નસમાં વસે છે માંડવી,
ટોપણસર તળાવની પાળે હસે છે માંડવી.

દરિયા કિનારે ઘુઘવે છે માંડવી,
રૂકમાવતીના વહેણમાં વહે છે માંડવી.

દાબેલીના સ્વાદમાં ચખાય છે માંડવી,
એટલે તો દિલમાં રહી જાય છે માંડવી.

દેશી વહાણોમાં બંધાય છે માંડવી,
'બાંધણી'માં પણ વખણાય છે માંડવી.

રવાડીના મેળામાં નાચે છે માંડવી,
ને આખી રાત જાગે છે માંડવી.

નારાયણ સ્વામીના ભજનમાં ગવાય છે માંડવી,
શ્યામજીના 'ઇન્ડિયા હાઉસ'માં છપાય છે માંડવી.

જયંત ખત્રીની વાર્તાઓમાં વંચાય છે માંડવી,
સાહિત્યકારોમાં પોંખાય છે માંડવી.

તારું છે આ માંડવી મારું છે આ માંડવી,
'ભરત' સૌનું પ્યારું છે આ માંડવી.

**ભરત ચુડાસમા - માંડવી, કચ્છ**
**(પ્રેષક : ડૉ. રવિન્દ્ર શાહ - અમદાવાદ)**

## મિઠાંસ (કચ્છી હાઈકુ)

ડુંગરી, છાય
ને માની બાજરજી
કેડી મિઠાંસ.

પારિયા, પાંજે
ઈતિહાસજી ગાલ્યૂં
સુણઇ યેંતા.

ખિચડી ખાય,
ને પીયે છાય, કચ્છી
માડૂ ઈ ધ્રાયા.

કચ્છ ને રણ
જી સોભા ત અખીયેં
કે ઠારે સગે.

વરસાદ ત
કચ્છ મેં બૉરો માન
મોંઘા આય ન?

પાંજે કચ્છજા
મેમાણ, સુરખાબ,
રણજી સોભા.

કચ્છ જી બાઈ
–યું, ટેરવે મેં કેડો
કસબ રખેં!

વરસાદ જા
વાવડ, ગિની અચે
અસાઢી બીજ.

**અરુણા અરુણ ઠક્કર 'માધવી'**

કચ્છ

# કચ્છ – ઉડતી નજરે....



દિનેશ આર. મહેતા




*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત;*
*ચોમાસે વાગડ ભલો, મુંજો કચ્છડો બારેમાસ.*

**'જેણે કચ્છ નથી જોયું તેણે કંઈ પણ નથી જોયું....'**

- **જિલ્લો** : કચ્છ
- **જિલ્લા મથક** : ભુજ
- **તાલુકા** : ભુજ, લખપત, અબડાસા (નલિયા), નખત્રાણા, માંડવી, મુંદ્રા, અંજાર, ભચાઉ, રાપર, ગાંધીધામ.
- **ક્ષેત્રફળ** : ૪૫,૬૫૨ ચો.કિ.મી.
- **કુલ વસ્તી** : ૨૦,૯૦,૨૭૬ (પુરુષો : ૧૦,૯૬,૩૪૩ ● મહિલાઓ : ૦૯,૯૩,૯૭૦)
- **જાતિ પ્રમાણ** : ૧૦૦૦ પુરુષ દીઠ મહિલા ૯૦૭.
- **વસતી ગીચતા** : ૧ ચો.કિ.મી. દીઠ વ્યક્તિ ૦૪૬
- **૧ લાખથી વધુ વસ્તીવાળા શહેરો** : ગાંધીધામ : ૨,૪૮,૭૦૫ ★ ભુજ : ૧,૮૭,૨૭૯
- **મહાબંદર** : કંડલા (મુક્ત વ્યાપાર ક્ષેત્ર)
- **અન્ય બંદર** : માંડવી, નવલખી, મુંદ્રા
- **હવાઈ મથકો** : ભુજ, કંડલા, મુંદ્રા, નલિયા.
- **સીમા** : ઉત્તર સરહદે કચ્છનું મોટું રણ અને પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ. મધ્ય ભાગમાં નાનું રણ છે. જેનું ક્ષેત્રફળ ૨૭,૨૦૦ ચો.કિ.મી. છે. કચ્છના મોટા રણમાં પચ્છમ, ખડીર, બેલા અને ખાવડાના ઊંચા ભૂમિભાગો આવેલા છે.


- **ડુંગરાળ પ્રદેશ** : કચ્છમાં ઉત્તર ધાર, મધ્ય ધાર અને દક્ષિણ ધાર એમ ત્રણ હારમાળાઓ આવેલી છે. ઉત્તર ધારમાં કાળો (૪૩૭.૦૮ મીટર), ગારો, ખડિયો વગેરે ડુંગરો છે. મધ્ય ધાર લખપતથી વાગડ વચ્ચે છે. આ હારમાળામાં ધીણોધર (૩૮૮ મીટર), ભુજિયો, લીલિયો વગેરે ડુંગરો છે. દક્ષિણની ધાર પાનન્ધ્રો તેમજ માતાના મઢથી શરૂ થઈ પૂર્વમાં અંજાર સુધી ફેલાયેલી છે. એમાં ઉમિયા (૨૭૪ મીટર) અને ઝુરા (૩૧૬ મીટર) ડુંગરો આવેલા છે. ભુજની વાયવ્યે વરાર (૩૪૯ મીટર) ડુંગર છે. વાગડના મેદાનમાં કંથકોટના ડુંગરો આવેલા છે. કચ્છમાં સમુદ્ર કિનારાની નજીકના મેદાનો 'કંઠીના મેદાન' તરીકે ઓળખાય છે.
- **પર્વત શિખર** : ધીણોધર ખડિર, ખાવડા, લખપત, કાળો, ભુજિયો, નખત્રાણા.
- **નદીઓ** : બનાસ, સરસ્વતી, રૂપેણ, મચ્છુ (અન્ય સ્થળેથી નીકળી કચ્છના રણમાં સમાઇ જાય છે.) તે સિવાય મિતિ, નૈયરા, ખારી, ભૂખી, કનકાવતી, રૂકમાવતી મુખ્ય નદીઓ છે. આ નદીઓ દક્ષિણ તરફ વહી કચ્છના અખાતને મળે છે. ચોમાસા સિવાય આ નદીઓ લગભગ સૂકી રહે છે.
- **સરોવર** : નળ સરોવર : નળ સરોવર કચ્છના નાના રણ અને ખંભાતના અખાતને જોડતી નીચી ભૂમિના પ્રદેશમાં આવેલું છે. આ સરોવરમાં નાના ટાપુઓ આવેલા છે. અહીં શિયાળામાં દુનિયાના દૂર દૂરના પ્રદેશોમાંથી જાતજાતના અનેક પક્ષીઓ આવે છે. નળ સરોવરના વિસ્તારને અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો છે.
- **નદી કિનારે વસેલા શહેર** : કનકાવતી, રૂકમાવતી (નદી) : માંડવી (કચ્છ).
- **જમીન** : કિનારાની અને મુખત્રિકોણ પ્રદેશની કાંપની જમીન : કચ્છના કિનારા વિસ્તારમાં રચાયેલી આ જમીન પર અર્ધસૂકી આબોહવાની અસર જોવા મળે છે.
- **અભયારણ્ય** : ઘુડખર અભયારણ્ય (કચ્છનું નાનું રણ) : સ્થાપના : એપ્રિલ ૧૯૭૩, વિસ્તાર : ૪૯૫૩.૭૨ ચો.કિ.મી.
  નારાયણ સરોવર (પ્રાકૃતિક અભયારણ્ય) : સ્થાપના : એપ્રિલ ૧૯૮૧, વિસ્તાર : ૪૪૪.૨૩ ચો.કિ.મી.
  કચ્છ રણ (પ્રાકૃતિક અભયારણ્ય) : સ્થાપના : ફેબ્રુઆરી ૧૯૮૬, વિસ્તાર : ૭૫૦૫.૨૨ ચો.કિ.મી.
  કચ્છ ઘોરાડ (પક્ષી અભયારણ્ય) (નલિયા, કચ્છ) : સ્થાપના : જુલાઈ ૧૯૯૨, વિસ્તાર : ૨.૦૩ ચો.કિ.મી.
- **પશુ સંપત્તિ** : કાંકરેજી ગાય
- **પશુ સંવર્ધન કેન્દ્રો** : ભુજ, માંડવી
- **ઊનની પેદાશ** : ઘેટાંની વસ્તી કચ્છમાં સારા પ્રમાણમાં છે.
- **સંવર્ધન કેન્દ્ર** : ઘેટાંના સંકર સંવર્ધનનું કેન્દ્ર નલિયામાં છે.
- **મત્સ્ય કેન્દ્ર** : કંડલા, જખૌ વગેરે.
- **ખનીજ સંપત્તિ** : ચિનાઈ માટી, ફાયર ક્લે, કુંદી કરવાની માટી, જિપ્સમ (ચિરોડી), અકીક, ચૂનાનો પથ્થર, બેન્ટોનાઇટ, લિગ્નાઇટ
- **થર્મલ વિદ્યુત મથક** : કંડલા.
- **ઉદ્યોગો** : રાસાયણિક ખાતરના ઉદ્યોગો : કંડલા, વહાણ બાંધકામ : માંડવી, મીઠું.
- **ગૃહ ઉદ્યોગો** : ભરતકામ, મોચી ભરત, મહાજન ભરત, રંગાટી કામ, ધાતુ કામ, માટી કામ.
- **પસાર થતાં ધોરીમાર્ગ** : જૂનો નંબર - ૮એ, નવો નંબર - ૪૧.
- **આકાશવાણી કેન્દ્ર** : ભુજ
- **ધાર્મિક સ્થળો** : *નારાયણ સરોવર* : ભારતના પાંચ પવિત્ર સરોવરોમાંનું એક.
  *કોટેશ્વર* : કચ્છના દરિયા કિનારે આવેલું શિવાલય.
  *ભદ્રેશ્વર* : ભગવાન મહાવીરના મંદિર ઉપરાંત ૫૨ દેરીઓ.
  *કંથકોટ* : અહીં ત્રણ મંદિરોના અવશેષો છે.

- **ઉજાણી સ્થળ** : માંડવી, મુંદ્રા વગેરે.
- **સંતો** : ★ દાદા મેકરણ - કચ્છના રણમાં ભૂલા પડેલા અનેક મુસાફરોનો જીવ બચાવનાર દાદા મેકરણ કચ્છના ખાંભડા ગામમાં થઈ ગયા. ★ ખીમ સાહેબ : રાપરમાં થઈ ગયા. ★ જેસલ-તોરલ : તેમની સમાધિ અંજારમાં છે.
- **મ્યુઝિયમ** : કચ્છ મ્યુઝિયમ - ભુજ, મદનસિંહજી મ્યુઝિયમ (આયના મહેલ), પ્રાગમહેલ, શરદબાગ, ભારતીય સંસ્કૃતિ દર્શન - ભુજ.
- **ઉચ્ચ શિક્ષણના મહા વિદ્યાલયો** : ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી - ભુજ (૨૦૦૪)
- **યાત્રાધામો** : નારાયણ સરોવર, કોટેશ્વર, માતાનો મઢ, જેસલ-તોરલ, જોગની નાર, રવેચી, મોંમાય મોરા, નેત્રાવાળા માતાજી, અંબા મંદિર - ગઢશીશા, અંબેધામ - ગોધરા, પિંગલેશ્વર.

  ***જૈન સ્થળો :*** ભદ્રેશ્વર, વાંકી, પત્રી, બોંત્તેર જિનાલય, સાંધાણ, નલિયા, જખૌ, સુથરી, કોઠારા, તેરા.
- **કચ્છના લોકમેળાઓ** : ભુજિયાનો મેળો, મોટી રૂદ્રાણી, સાતમ-આઠમ, નાના યક્ષ, મોટા યક્ષ બોંતેરા, રવેચી, રામદેવ પીર, વોંધ, હાજીપીર, રૂકનશા પીર - તલવાણા, મેકરણ દાદા - ધ્રંગ, માઈબીબી, અબડાપીર - રામપર, મતીયા પીર - ગુડથર, જેસલ-તોરલ, પીરાપીર - ભેદી, રાવળપીરનો મેળો, ગુરુદત્ત, પુંઅરેશ્વર, ધીણોધર, પિંગલેશ્વર, કુબર પીર, જોગણી નાર, આશાપુરા, કાશી વિશ્વનાથ વગેરે.
- **કચ્છની હસ્તકલા** : આરી ભરત (મોચી ભરત), મીનાકામ, ચાંદીકામ, કચ્છવર્ક, કમાંગર ચિત્ર શૈલી, કાષ્ટકલા, માટીકામ, ચર્મકામ, લાખકામ, ઘંટડી (ખરકી) કામ, નમદા કામ, રોગાન કામ, બાંધણી, અજરખ, બાટિક કામ, હાથવણાટ કામ, બન્ની ભરતકામ, આહીર ભરતકામ, રબારી ભરતકામ, સુફ ભરતકામ.
- **કચ્છના વન્ય પ્રાણીઓ**: સુરખાબ, ઘુડખર.
- **'તોરણ' હોટલ** : ગુજરાત પ્રવાસન નિગમ સંચાલિત તોરણ બીચ રિસોર્ટ, માંડવી, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **કચ્છમાં ફિલ્મી શૂટિંગ** : કુદરતી સંપદાથી સમૃદ્ધ કચ્છના રણ, પહાડો, સમુદ્ર વગેરેથી ભારતીય ફિલ્મ નિર્માતાઓના આકર્ષણનું કેન્દ્ર કચ્છ બની રહ્યું છે. કચ્છમાં શૂટિંગ થયેલ ફિલ્મો : હમ દિલ દે ચૂકે સનમ, રેફયુજી, લગાન, મિ. પ્રાઇમ મિનિસ્ટર, બોર્ડર, કાબુલ એક્સપ્રેસ વગેરે.
- **રાજકીય ક્ષેત્રે કચ્છી વ્યક્તિગત કીર્તિમાન** : મહમદ કરીમ (એમ.સી.) ચાગલા, સુરેશચંદ્ર રૂપશંકર મહેતા, પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કર, કુંદનલાલભાઈ જશવંતલાલ ધોળકિયા, ધીરજલાલ (ધીરુભાઈ) સ્વરૂપચંદ શાહ, પુષ્પદાનભાઈ ગઢવી, ચંદ્રિકા પ્રેમજી મુલજી કેનિયા (જૈન), બાબુભાઈ મેઘજી શાહ, ઉષાબેન રાઘવજી ઠક્કર, ત્રિલોચનાબેન ઉષાકાંત ધોળકિયા વગેરે.

## કચ્છમાં ભુજ શહેરથી અંતર....

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | : ૪૧૦ કિ.મી. | દીવ | : ૪૬૫ કિ.મી. | જૂનાગઢ | : ૩૨૨ કિ.મી. |
| અજમેર | : ૮૧૬ કિ.મી. | દ્વારકા | : ૩૮૩ કિ.મી. | લીમડી | : ૨૫૧ કિ.મી. |
| અંબાજી | : ૪૨૪ કિ.મી. | ગઢડા | : ૩૩૬ કિ.મી. | મહેસાણા | : ૩૪૪ કિ.મી. |
| બારમેડ | : ૬૨૭ કિ.મી. | ગાંધીનગર | : ૪૨૧ કિ.મી. | મોઢેરા | : ૩૩૦ કિ.મી. |
| ભાવનગર | : ૩૯૨ કિ.મી. | ગોંડલ | : ૨૫૮ કિ.મી. | મોરબી | : ૧૫૨ કિ.મી. |
| મુંબઈ | : ૮૬૫ કિ.મી. | હળવદ | : ૧૬૨ કિ.મી. | પાલનપુર | : ૩૬૪ કિ.મી. |
| ચાણસ્મા | : ૩૧૧ કિ.મી. | જેસલમેર | : ૮૧૩ કિ.મી. | પાલિતાણા | : ૩૪૬ કિ.મી. |
| ચોટીલા | : ૨૨૭ કિ.મી. | જામનગર | : ૨૫૨ કિ.મી. | પાનન્ધ્રો | : ૧૩૬ કિ.મી. |
| ધ્રાંગધ્રા | : ૧૮૯ કિ.મી. | જોધપુર | : ૮૦૯ કિ.મી. | પાવાગઢ | : ૫૧૫ કિ.મી. |



કચ્છ

# કચ્છી નયેં વરેંજી લખ લખ વધાઇયું



ડૉ. પૂર્વી ગોસ્વામી

અષાઢી બીજના સામાન્ય રીતે આખા ભારતમાં અનેક ધાર્મિક રીતરિવાજ સાથે તહેવાર ઉજવાય છે. આ દિવસે સમગ્ર ભારતનું ધ્યાન ખેંચતી જગન્નાથપુરીની રથયાત્રા તથા અમદાવાદની રથયાત્રા (અને દેશના અલગ અલગ શહેરોમાં થતી રથયાત્રા) તો ખરી જ. દેશના અલગ અલગ પ્રાંતમાં, ધર્મમાં તથા સમગ્ર વિશ્વમાં કોઇને કોઈ ઘટના, કોઈના આગમન કે ઈશ્વર તત્ત્વના જન્મની કે પછી પાકની વાવણી તથા લણણી – અલગ અલગ ઘટનાને ધ્યાનમાં રાખીને નવા વર્ષની ઉજવણી થાય છે. પરંતુ સાથે સાથે આ દિવસ કચ્છીઓનું નવું વર્ષ પણ છે. મંદિરોમાં મંગળા આરતી ગાજી ઉઠે, ઘંટારવનો નાદ તો દૂર સુધી સંભળાય. દરિયાકાંઠે વસનારા નાવિકો પોતાના વહાણોને શણગારે. અષાઢી બીજે દરિયાદેવનું અક્ષત, ચંદન, પુષ્પથી પૂજન કરી શ્રીફળ વધેરે. પ્રત્યેક સતી શૂરાના પાળિયાને સિંદુર લગાવી, ધૂપ-દીપ નૈવેદ્યથી પૂજન અર્ચન કરે. **આ શુભ દિને ભુજની ટંકશાળમાંથી સોના કે ચાંદીના પાંચિયા કે કોરીના સિક્કા બહાર પાડવામાં આવતા. 'કચ્છી અષાઢી પંચાંગ' પણ બહાર પાડવામાં આવતું.** ભુજમાં દરબારગઢમાં આતશબાજી થતી. કચ્છમાં વ્યાપારીઓ ચોપડા પૂજન કરતા.

આમ તો અષાઢ મહિનો એટલે વરસાદના આગમનનો મહિનો. કચ્છમાં કયા વર્ષે મેઘરાજા રાજીપો ઠાલવે અને કયા વર્ષે નહીં, તેનો કચ્છી માડુને ખ્યાલ હોય નહીં. છતાંય કચ્છી માડુ કુદરતના તમામ ઘા ને ઝીલતા, ખુમારીથી - ખુશીથી રહે. **કચ્છમાં એક ગામ એવું છે જ્યાં વરસાદ હોય કે ન હોય પણ અષાઢી બીજના દિવસે વરસાદની છોળો પૂરજોશમાં ઊડતી હોય છે. એ ગામ એટલે વિથોણ!** સંતશ્રી ખેતાબાપાએ વિથોણમાં સને ૧૬૬૬, વૈશાખ સુદ ત્રીજ ને સોમવારના પવિત્ર દિવસે હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરી હતી અને તેલ, સિંદુર ચડાવી વથાણ પરથી ગામનું નામ 'વિથોણ' પાડ્યું હતું. તેઓ ગૌભક્ત હતા અને હંમેશાં સમાજસેવાના સારા કાર્યો કરતા. આ સંતના દેવ થઇ ગયા પછી એ ગામની અનોખી પરંપરા ચાલુ થઈ, જે આજ દિવસ સુધી ચાલુ છે. આજે તેમના વંશજો સાથે આખું ગામ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરે છે. ગામના વડીલો પર જાહેરમાં મહિલાઓ બેડા ભરીને જલાભિષેક કરે. એક અનોખી પરંપરા, જે આશરે ચારસો વર્ષ જૂની છે, જેમાં ગામની મહિલાઓ શુદ્ધ પાણીથી સંતશ્રી ખેતાબાપાનાં ચરણ ધોયા પછી, હૈયાકેરી મીઠી લાગણીઓના સંગાથે સંત સરોવરમાં પાણી ભરેલી વટલોઇ (પાણીની હેલ) લઇને, વાજતે ગાજતે ઢોલ સાથે, ગામના આઝાદ ચોકમાં ભેગા થયેલા વડીલો પર જલાભિષેક કરે છે.

લોકવાયકા એવી પણ છે કે, વર્ષો પહેલા આ રિવાજમાં અષાઢી બીજે ગામની સાળીઓ ઘેર આવેલા જમાઇરાજને સરોવરના પાણીથી ભરેલી વટલોઇથી જલાભિષેક કરતી. જેમ પાણી શરીર પરથી વહીને મલિન દેહને શુદ્ધ કરે છે તેમ પાછલા વર્ષની કડવાશ વહાવી દઇને, એટલે કે મલિન મનને શુદ્ધ કરવાની ભાવના સાથે આ પરંપરા અનુસરવામાં આવે છે. દર વર્ષે ગામના ખેતાબાપા મંદિરમાં ધ્વજારોહણ, મહાઆરતી અને વ્યક્તિદીઠ નારિયેળ વધેરવાની પ્રથા અકબંધ છે. હાલના આધુનિક યુગમાં પણ દેશ વિદેશમાં વસતા કચ્છીઓ પોતાનો આ તહેવાર આવા જ ઉત્સાહથી ઉજવે છે. ભલે ઉજવણીની રીત કદાચ જુદી હશે, પરંતુ તેનો આનંદ તો એક જ હશે. કચ્છીઓ માટે મેઘવર્ષા થાય તે માટે એટલું જ કહીશ કે, **'અરે તારે વરસવાનું રહ્યું બેહિસાબ, કરવા સરભર આખા વરસના હિસાબ.'** આવી આતુરતાનો અંત જલ્દી આવે અને જીવમાત્રનું કલ્યાણ થાય તથા આપણા અષાઢી બીજનો શકુન સચવાઈ જાય. અને છેલ્લે, આપણા કચ્છી કવિ 'તેજ'ની પંક્તિ યાદ આવે છેઃ

*"અજ મણિકે ચંધર લગે મીઠો,*
*સની સની લી સે શોભે કેડો સૂકો;*
*ન ના ન્યારી ઈ અભાગિયા ઐં તેજ,*
*અજ અષાઢી બીજ જો ચંધર દીઠો."*

*ગિરીરાજ એન્ટરપ્રાઇઝ,*
*ન્યુ સ્ટેશન રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૭ ૯૨૦૪૮*

*આગ પાણી અને હવા સામે*
*માનવી એકલો બધા સામે.*
*બેસી રહેવાથી શું મળે 'આદિલ'*
*પગ ઉપાડો તો દ્વારિકા આવે.*

*– આદિલ મન્સુરી*

કચ્છ

# કચ્છનો ટૂંક ઇતિહાસ

પ્રમોદ જેઠી

કચ્છ! આ અઢી અક્ષરોવાળો પ્રદેશ પોતાના ગર્ભમાં સભ્યતા, સંસ્કારિતા અને અસ્મિતાને સમાવતો કેટલાય યુગોથી અસ્ખલિત, અવિરત, કાળની સાક્ષી આપતો રહ્યો છે.

કચ્છનો ઉલ્લેખ 'કચ્છપ' તરીકે પુરાણોમાં થયેલ છે. 'કચ્છપ' એટલે 'કાચબો.' આમ, કચ્છનો અર્થ કાચબો થાય છે. કચ્છના નકશાને ઊંધો રાખી, ઝીણવટથી જોતાં તેનો આકાર કાચબા જેવો લાગે છે અને આથી "કચ્છ" નામ પડ્યું હશે.

કચ્છ પ્રદેશનો ઉલ્લેખ મહાભારત તથા રામાયણમાં પણ જોવા મળે છે. ધોળાવીરા ખાતે થયેલ ઉત્ખનનમાં સિંધુ નદીના તટે વસેલ આજથી ૫૦૦૦ વર્ષ પહેલાંની હડપ્પીય સંસ્કૃતિના પ્રમાણ આપતાં અવશેષો બહાર આવેલ છે.

નારાયણ સરોવરના પ્રદેશમાં દશ પ્રચેતાઓની તપશ્ચર્યા, રાવણ દ્વારા કૈલાસ પર્વતમાં મહાદેવને પ્રસન્ન કરી શિવલીંગ લંકા લઇ જતાં કોટેશ્વર પાસે કોટિલીંગની સ્થાપના, રામવાડામાં રામ ભગવાનનો ઉલ્લેખ, ગેડીમાં પાંડવોનો અજ્ઞાતવાસ વગેરે પ્રસંગો કચ્છ સાથે જોડાયેલ છે, તો જ્યુરાસિક સમયગાળા દરમિયાન કચ્છ પ્રદેશમાં વસતાં મહાકાય જંગલી પ્રાણીઓ (ડાયનોસોર)નાં ફુટપ્રિન્ટ પણ અહીં જોવા મળેલ છે. એ સમયે કચ્છમાં વિપુલ જંગલો હતાં તેનો પુરાવો પાનધ્રોમાંથી મળતો લિગ્નાઇટનો જથ્થો છે. પ્રાચીન સમયમાં વસ્તીનું પ્રમાણ ઘણું જ ઓછું હતું. બન્ની વિસ્તારમાં ઉત્તમ પ્રકારનું ઘાસ ઉગતું હતું. આથી પશુપાલકો પોતાના પશુઓ માટે અહીં આવવા શરૂ થયા. હિંદુસ્તાનની મૂળભૂમિ સાથે કચ્છનો નિકટનો સંબંધ પ્રાચીનકાળથી લઇને ઈ.સ. ૧૦૦૦ સુધી હતો, જેનાં પ્રમાણો વિશેષ મળે છે.

ઈ.સ. પૂ. ૫૨૧-૪૮૫માં પારસના પરાક્રમી રાજા હિસ્ટાસ્પર્સનાં દીકરા દારાએ જ્યારે ઇરાની સામ્રાજ્યનો ૨૦મો પ્રાંત સિંધુ નદીની ખીણવાળો પ્રદેશ જીતી લઈ પોતાના રાજ્ય સાથે જોડી દીધો ત્યારે તે ભાગ ઉપર રાજ્ય ચલાવવા માટે કુદરતી બંદરોની સુંદર સગવડવાળા કચ્છ પ્રદેશની તેમને ખૂબ જ મહત્તા સમજાઈ હતી.

મહાન સિકંદર પંજાબને રસ્તે ઇ.સ. પૂ. ૩૨૫માં જ્યારે સિંધુ નદીના મુખ સુધી પહોંચી આવ્યો ત્યારે સિંધ, કાઠિયાવાડ અને ગુજરાતના દરિયાકાંઠા ઉપર સારી સંખ્યામાં નાનાં નાનાં સ્વતંત્ર રાજ્યો ઊભા થયા હતા. તેમાં કચ્છ, એ સમયે સ્વતંત્ર રાજ્ય હતું. કચ્છનો વેપાર હિંદુસ્તાનના બીજા ભાગો સાથે તેમજ પશ્ચિમના દેશો સાથે ચાલુ હતો.

ઇ.સ.પૂ. ૩૧૬માં મૌર્યવંશના રાજા ચંદ્રગુપ્તના સમયમાં ગુજરાતની જે સમૃદ્ધિ હતી, તેનો કચ્છને લાભ મળતો હતો. કચ્છનો પ્રદેશ અશોકના સમયમાં તેના વર્ચસ્વ નીચે હશે એવું મનાય છે. મૌર્ય સામ્રાજ્ય ભાંગતા બેક્ટેરિયાથી આવેલ ગ્રીકોએ ગુજરાત - કચ્છ અને સિંધ ઉપર હકૂમત જમાવી. ગ્રીક બાદશાહ મિનેન્દરના સામ્રાજ્યનો એક ભાગ કચ્છ બન્યો હતો. એ સમ્રાટે ઇ.સ.પૂ. ૧૭૫માં હિંદુસ્તાન પર ચડાઈ કરી સિંધુનો ત્રિકોણ પ્રદેશ, કાઠિયાવાડ અને બીજો કેટલોક ભાગ જીતી લીધો અને તેથી કેટલીક વસાહતો પણ ઊભી થઈ. જેમાંની ચોક્કસ વસાહતો વિશે કચ્છના ઈતિહાસમાં ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

ઇ.સ.પૂ. ૬૬-૨૪માં સ્ટ્રેબોએ અહીં બેક્ટેરિયન મંદિરોનાં ખંડેરો, મૂર્તિઓ, કિલ્લેબંધીવાળી છાવણીઓ અને પાકી બાંધણીવાળા મોટા મોટા કૂવાઓના અવશેષો જોયાં હોવાનું લખ્યું છે (સંભવ છે કે તેણે ધોળાવીરના વસાહત જોઈ હોય). તેણે કચ્છને તાજરાષ્ટ્ર જેની રાજધાની તેજ (તાહિજ) હતી એમ લખ્યું છે. જ્યારે ઇ.સ. ૧૫૮૨માં અબ્દુલ ફઝલે પણ કચ્છના પાટનગરને તેજ (ભુજ) નામથી સંબોધ્યું છે.

ઇ.સ. પહેલી સદીમાં શક લોકોએ હુમલા કરી ગુજરાત - કાઠિયાવાડ અને કચ્છ ઉપરની હકુમત બેક્ટેરિયનો પાસેથી ઝુંટવી લીધી અને રાજ્ય ચલાવવા સૂબાઓની વંશ પરંપરાની પદ્ધતિ દાખલ કરી. જે આશરે ૩૦૦ વરસ સુધી ચાલુ રહી હતી. **આ હુમલાખોરો સામે પ્રતાપી રાજા વિક્રમાદિત્યે સામનો કરેલ હતો અને જેની સ્મૃતિ ટકાવવા માટે ઇ.સ.પૂ. ૫૬ની સાલથી વિક્રમ સંવત શરૂ કરવામાં આવી છે.** આ શક સૂબાઓએ પોતાનું સામ્રાજ્ય વધારવાની કોશિશ કરેલ, જેમાં શક સૂબો નાહપણને (ઇ.સ. ૧૧૯-૧૨૫) આંધ્રનો પ્રખ્યાત રાજવંશી સતવાહનોનો વંશજ ગોમતીપુત્ર સતકરમીએ હરાવેલ પણ શક સૂબાની મદદે અન્ય સૂબાઓ આવી જતાં સતવાહનોને હાંકી કાઢવામાં સફળતા મેળવી શક્યા હતા.

શક રાજા રૂદ્રદામન મહાપ્રતાપી હતો. ઇ.સ. ૧૫૦માં

ગિરનાર પર્વત ઉપર તેણે સ્થાપિત કરેલાં શિલાલેખો ઉપરથી જણાય છે કે, કચ્છમાંથી થઇ સિંધુ સુધીના મૂલકો તેણે જીતી લીધા હતા. ઇ.સ.પૂ. ૨૦૦માં કચ્છ પર પર્શિયન સરકારોની હકુમત હતી. આજે પણ ઘણા ઇન્ડોપર્શિયન કાળના જૂના સિક્કાઓ મળે છે.

શક રાજા રૂદ્રદામન સંસ્કારી તેમજ શૂરવીર હતો. વેપાર, રોજગાર, વહાણવટું, શહેરી ઢબની વ્યવસ્થા વગેરે તેના શાસનકાળમાં બરાબર ચાલતી હતી. જે તેના સમયનાં મળતાં શિલાલેખો પરથી જાણી શકાય છે. આવા મહાશક્તિશાળી શકો સામે સતવાહનના વંશજો અવારનવાર હુમલા કરતા હતા. ધીમે ધીમે શક રાજાઓની સત્તા ઓસરતી ગઈ અને ઇ.સ. ૪થા સૈકામાં સમુદ્રગુપ્તને ખંડણી આપવાની ફરજ પડી હતી. **ધીમે ધીમે શક સામ્રાજ્યનો અંત આવ્યો અને કચ્છ ગુપ્તવંશના સામ્રાજ્યનો એક ભાગ બન્યું.**

ચીની ભિક્ષુએ (ઇ.સ. ૩૯૯થી ૪૧૪માં) જણાવેલ છે કે, કચ્છ એ કલ્યાણકારી રાજ્યતંત્ર નીચે આબાદી ભોગવતું હતું. આ સમયમાં ઉત્તમ પ્રકારની હસ્તકળાઓનો વિકાસ થયેલ હતો. ગુપ્ત સામ્રાજ્યની પડતી બાદ મૈત્રક નામના સરદારોએ કચ્છ ઉપર રાજ્ય ચલાવ્યું હતું.

**ચીનના વિશ્વપ્રવાસી હ્યુ.એન. સાંગે ઇ.સ. ૬૩૦-૬૪૪માં પોતાની હિંદુસ્તાનની મુસાફરી દરમિયાન કચ્છને સિંધના ભાગ તરીકે વર્ણવ્યું છે** અને નોંધ કરી છે કે, પૈસે ટકે સમૃદ્ધ તથા ગીચ વસ્તીવાળું, આબોહવા તથા રીતરિવાજોમાં માલવાને મળતું આવતું છે. તેણે કોટેશ્વર પાસે ૫૦૦૦ બૌદ્ધ ભિક્ષુઓને જોયેલ હતા તેવો પણ ઉલ્લેખ છે. આ પરથી જાણી શકાય છે કે, કચ્છમાં છઠ્ઠી સદીમાં પણ બૌદ્ધ ધર્મનો પ્રભાવ હતો. કચ્છનાં કોટેશ્વર બંદરે થતાં વેપારમાં આફ્રિકાથી હાથીદાંતની આયાત મોટા પ્રમાણમાં થતી હતી. આ સદીમાં આરબોનાં આક્રમણો વધતા જતા હતા. કાઠી લોકો સિંધ છોડી કચ્છ તરફ આવવા લાગ્યા અને તેઓએ મધ્ય કચ્છ તથા દક્ષિણ કચ્છ વિસ્તારમાં પોતાનો કબજો જમાવ્યો હતો. આરબોએ હુમલા કરી મકરાણ જીતી લીધું. સિંધ રાજ્ય સામે ઇરાકના ગવર્નર અલહજા, જેણે અતિ કાબેલ સરદાર કાસમની સરદારી તળે સિંધ કાંઠા પર હુમલો કરવા વિશાળ સૈન્ય મોકલ્યું (ઇ.સ. ૭૦૮). આ લડાઇમાં સિંધનો રાજા ડામર માર્યો ગયો. **સિંધમાં ઘણા સરદારોએ મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો. જેની અસર કચ્છ પર પણ પડી હતી.**

ગુજરાતમાં રાજ્ય કરતાં ગૂર્જર અને ચાણુક્ય વંશના રાજાઓનો સામનો કરવો મુશ્કેલ હતો. તેથી આરબોને સિંધ પાછા જવું પડ્યું હતું. આરબો દરિયાઇ યુદ્ધમાં કુશળ ન હતાં. આથી રાજપુત રાજાઓને હરાવવામાં ફાવી શક્યા નહીં. **આ સમયે ગુજરાતમાં પાટણ ચાવડા વંશની રાજધાની હતી.** આ ચાવડા વંશના રાજપુતોએ કચ્છના પૂર્વ ભાગમાં જમાવટ કરી હતી. કાઠી લોકોએ પણ મધ્ય ભાગમાંથી પૂર્વ ભાગમાં આવેલ કંથકોટ શહેરમાં પોતાની રાજધાની રાખેલ. જેની પાસેથી ચાવડાઓએ ઝુંટવી લીધી (૮મી સદી). ગુજરાતનાં અણહિલવાડ પાટણ ચાલુક્યવંશના સોલંકી સરદારોએ જીતી લીધું છતાં કચ્છના વાગડ પ્રદેશમાં ચાવડાઓની સત્તા કાયમ રહી હતી. **પણ સોલંકીઓએ કચ્છના વાગડ પ્રદેશને જીતવા લડાઇઓ ચાલુ રાખી. જેને લઇને ઘણા સોલંકી કુટુંબો કચ્છમાં આવીને વસ્યા. તેમની સાથે વાઘેલા પણ આવ્યા.** ધીમે ધીમે આ વાગડ પ્રદેશ પર વાઘેલા તથા સોલંકીઓના હુમલા થવાથી ચાવડાઓ પશ્ચિમ કચ્છ બાજુ નીકળી ગયા. આમ, ગુજરાતનાં રાજપુતો વચ્ચે કચ્છની સત્તા વહેંચાઈ ગઈ.

આ બાજુ સિંધ આરબની હકૂમત નીચે આવી જતાં ઘણા સમા રાજપુતોએ મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો અને જે સમાઓએ હિંદુ ધર્મ ન છોડ્યો તેમણે કચ્છ બાજુ પ્રયાણ કર્યું. આ રાજપુતોએ ચાવડા, સોલંકી, વાઘેલા રાજપુતો સાથે લગ્ન સંબંધ બાંધવાનું શરૂ કર્યું.

નવમી સદીમાં હિંદુ સમા રાજપુતમાં સૌથી બળવાન સરદાર લાખિયાર ભડનો પુત્ર લાખો ધુરારો હતો. તેણે કચ્છ પ્રદેશમાંથી બે લગ્ન કર્યા હતા. એક પાટગઢના ચાવડા વાઘમની કુંવરી બોધી અને બીજી પાલિતાણા ગોહિલ સરદારની કુંવરી ચંદ્રકુંવર બા (ગોડરાણી) હતી. આ બંને રાણીથી ચાર પુત્રો થયા. લાખા ધુરારાના મૃત્યુ બાદ ગોડરાણીનો પુત્ર ઉન્નડ ગાદીએ આવ્યો. પરંતુ તેના ભાઈઓ મોડ અને મનાઇએ કાવતરું કરીને તેનું કાસળ કાઢી નાખ્યું અને તે બંને ભાઈઓ કચ્છમાં તેમના મામા વાઘમ ચાવડા પાસે પાટગઢ ચાલ્યા આવ્યા. અહીં મામા પાસે થોડો સમય રહીને દગાથી મામાને મારી નાખી, તેનું રાજ્ય પચાવી પાટગઢમાં રહેવા લાગ્યા.

વાઘમ ચાવડો ગુંતલીના વાઘેલા સાત ભાઈઓ (સાત સાંધ)નો ખંડણી રાજા હતો. જેથી મોડ અને મનાઇ પાટગઢમાં બેઠા ત્યારે આ સાત સાંધે તેમને ધમકીઓ આપી. આથી મોડ મનાઇએ ખંડણીનાં સાત ગાડાંને બદલે ચૌદ ગાડાં આપવાનું કબૂલ કરી, સાત સાંધનો વિશ્વાસ સંપન્ન કર્યો અને પોતાની સારી ચાલ ચલગત દેખાડવા મનાઇને ગુંતલીમાં રહેવાની ફરજ પડી. અહીં મનાઇ સાત સાંધના શહેરમાં અંદરની વાતોથી વાકેફ થયો. મોકો મળતાં તેણે તેના ભાઈ મોડને સંદેશો મોકલી ખંડણી તરીકે મોકલવામાં આવતા ચૌદ ગાડાંમાં સિપાઈઓને છૂપાવવાનું કહેણ મોકલ્યું અને ઓચિંતો છાપો મારી સાત સાંધનો વધ કરાવી નાખ્યો અને તેઓ પશ્ચિમ કચ્છના સ્વતંત્ર ધણી થઈ ગયા.

બાદમાં મોડે પૂર્વ કચ્છ તરફ નજર દોડાવી. પૂર્વ કચ્છમાં

(વાગડ) ધરણ વાઘેલા રાજ કરતો હતો. તેની સાથે મિત્રતા બાંધી અને પોતાના પુત્ર સાડનાં લગ્ન ધરણ વાઘેલાની બહેન સાથે કર્યા. ધરણ વાઘેલાએ પોતાની બહેનને કાપડામાં કંથકોટનો ડુંગર આપ્યો. જેમાં મોડે કિલ્લો બંધાવવાનું શરૂ કર્યું પણ કંથડનાથની અવગણના કરતાં તે કિલ્લો બંધાવી શક્યો નહીં. મોડના મૃત્યુ બાદ તેનો પુત્ર સાડ કંથડનાથના ચેલા પાસેથી ગુરૂને ખુશ કરવાની રીત જાણી, કંથકોટને ફરતે કિલ્લો ચણાવ્યો. જેમાં કંથડનાથ દાદાની દહેરી, મોડકૂવો અને સાડ બારી ચણાવી.

સાડની કીર્તિ આ વિસ્તારમાં ફેલાતી ગઇ. જેથી ધરણ વાઘેલાને ડર અને ઈર્ષ્યા થતાં તેણે સાડનું ખૂન કરાવી નાખ્યું. તે વખતે સાડનો પુત્ર ફૂલ છ માસનો હતો. આ ફૂલને તેની દાસી ઝીંકડી કંથકોટથી છૂપા રસ્તે સિંધ બાજુ લઈ, નીકળી ગઈ. ધરણ વાઘેલાને ખબર પડતાં તેણે કુંવરને મારવા મારાઓ પાછળ મોકલ્યા પણ ચાલાક અને વિશ્વાસુ દાસીએ પોતાના પુત્રનાં કપડાં ફૂલને પહેરાવ્યાં અને ફૂલનાં કપડાં પોતાના પુત્રને પહેરાવતાં, મારાઓ રસ્તામાં મળ્યા ત્યારે ફૂલનાં કપડાં પહેરેલ ઝીંકડીના પુત્રને ફૂલ સમજી, તે જ ક્ષણે મારી નાખ્યો. આમ, રાજ ભક્તિવાળી દાસીએ પોતાના પ્રાણપ્રિય પુત્રનું બલિદાન આપી, ફૂલને સિંધના બાંભણસરના બાદશાહ દુલારા પાસે લઇ આવી. અહીં તેનો ઉછેર થવા લાગ્યો. ફૂલ તેના કાકા તથા દાદા (મોડ અને મનાઇ) જેવો જ શૂરવીર બન્યો. ઉંમરલાયક થતાં તે પિતાના ખૂનનો બદલો લેવા સિંધથી લશ્કરની મદદ મેળવી કંથકોટમાં રહેતાં ધરણ વાઘેલાને ખબરદાર કર્યો. ધરણ વાઘેલાએ સમય અને પરિસ્થિતિ સમજી ફૂલ સાથે સમજુતી કરી અને પોતાની પુત્રી ફૂલ સાથે પરણાવીને કંથકોટનો કિલ્લો પણ પાછો આપ્યો.

થોડો સમય પસાર કર્યો છતાં ફૂલના હૃદયમાં બાપના ખૂનનો બદલો લેવાની ભાવના ભૂલાતી ન હતી. એક સમયે ધરણ વાઘેલો કાકેશ્વર મહાદેવની પૂજા કરવા પોતાનો ઘોડો રત્નાકર લઇ જતો હતો ત્યારે ફૂલે રસ્તામાં ઉઠાણે આવેલ ઘોડીઓ ઊભી રાખતાં રત્નાકર ઘોડો ભડક્યો અને ધરણને જમીન પર પછાડ્યો. આ સમયે, લાગ જોઈ, ફૂલે ધરણનું માથું ધડથી અલગ કરી દીધું. એ માથાને લઈ પોતાના કિલ્લે કંથકોટ લઇ આવ્યો. આ કિલ્લામાં તે તેની પત્ની સાથે દરરોજ ચોપાટ ખેલતો હતો. તે જ જગ્યાએ ધરણનું માથું આસન નીચે સંતાડી દીધું અને જાણે કંઈ બન્યું ન હોય તેમ તેની પત્નીને બોલાવી ચોપાટ ખેલવા કહ્યું. પત્ની પોતાના પિતાના થયેલ ખૂન વિશે અજાણ હતી. તે રમવા બેઠી અને રોજની જેમ બોલી, ''પાસા ઢળ જેમ ધરણના ઢળ્યા.'' આ સાંભળીને ફૂલને ગુસ્સો આવ્યો. આસન હટાવી ધરણનું માથું બતાવ્યું. આ જોઈને તેની પત્ની કે જે સગર્ભા હતી, તે આઘાત પામી અને ખંજરથી પોતાના પેટમાં રહેલ ગર્ભને બહાર કાઢી મૃત્યુ પામી. ફૂલ તો દંગ થઇ ગયો અને અફસોસ પણ કરવા લાગ્યો. પણ ઘણું મોડું થઈ ગયું હતું. તેને કંથકોટમાં ચેન પડતું ન હતું. તેથી તે તેના પુત્ર ધાઓને લઈ કોટાય પાસે અણગોર ગઢ બનાવી રહેવા લાગ્યો.

એક સમયે અણગોર ગઢના બોલાડી કિલ્લા પર ફૂલ બેઠો હતો ત્યારે તેણે એક અદ્ભુત દૃશ્ય જોયું. ૧૪ વર્ષીય કન્યા માથા પર પાણીનું બેડું લઇ, બંને હાથથી બે વછેરાને દોરીને જતી હતી. ત્યાં સામેથી તોફાની ઘોડો આવતાં તેણીએ વછેરાની દોરી પોતાના પગ નીચે દબાવી, ઘોડાને એક ઝાપટ મારતાં ઘોડો સીધોદોર થઈ ગયો. આ દૃશ્ય જોઇને ફૂલ વિચારવા લાગ્યો કે, આ કન્યામાં કેટલી તાકાત! જો આ કન્યા સાથે લગ્ન કરું અને તેનાથી જે સંતાન થાય તે અતિ તાકાતવાન થશે. આથી ફૂલે કન્યા વિશે તપાસ કરાવી, તો જાણવા મળ્યું કે, આ કન્યાને રબારીએ પાળીપોષી મોટી કરેલ છે. તેણીનું નામ સોનલ છે. **ફૂલે આ કન્યા સાથે લગ્ન કર્યા અને તેણીથી તેને લાખા નામનો પુત્ર જન્મ્યો, જે લાખા ફુલાણી તરીકે કચ્છના ઇતિહાસમાં પ્રખ્યાત થયો છે.**

આ લાખાને બાપ સાથે અણબનાવ થતાં તે અણહિલવાડના રાજવી ચાવડાનાં દરબારમાં પોતાનું નસીબ અજમાવવા નીકળી પડ્યો. ત્યાં તેણે પોતાની શૂરવીરતા અને બહાદુરીથી ચાવડા રાજવીનું દિલ જીતી લીધું. આ સમયે ચાવડા તથા સોલંકીની દુશ્મનાવટ ચાલતી હતી. મૂળરાજ સોલંકી, સામંતસિંહ ચાવડાનો ભાણેજ થતો હતો. તેણે પોતાના મામા સામંતસિંહને મારી, ચાવડા વંશનો અંત આણ્યો અને અણહિલવાડ પાટણ જીતી ગુજરાતમાં સોલંકી (ચાલુક્ય) વંશની સ્થાપના કરી.

ગુજરાતમાં ચાવડા રાજવીઓની હકૂમત હતી તે હવે મૂળરાજ સોલંકીના હાથમાં આવતાં લાખો ફુલાણી મૂળરાજનો ખંડિયો રાજા બન્યો. મૂળરાજ સોલંકીના પિતા રાજે પોતાની પ્રથમ પત્ની લીલાવતીના મૃત્યુ બાદ લાખાની બહેન રાયાજી સાથે લગ્ન કર્યા હતા. આમ, રાયાજી મૂળરાજની સાવકી મા થાય. રાયાજીને રાખાઈત નામનો પુત્ર થયો, જે લાખાનો સગો ભાણેજ થાય. તે મોટો થતાં તેને રાજ્યમાં યોગ્ય સ્થાન ન મળતાં લાખાએ તેના બનેવી રાજને તથા તેનાં સોલંકી સામંતોને મારી નાખ્યા. આથી મૂળરાજ પોતાના પિતાના ખૂનનો બદલો લેવા થનગની રહ્યો હતો.

**લાખાએ કેરાને રાજધાની બનાવી તેનો વિકાસ કર્યો.** તેણે સુંદર શિવ મંદિરનું નિર્માણ કર્યું. લાખાની કીર્તિ વધવાથી મૂળરાજે બદલો લેવા પ્રયત્નો કર્યા. આમેય લાખો તેનો ખંડિયો રાજા હોવા છતાં તેને ગાંઠતો ન હતો. મૂળરાજને જૂનાગઢના ચુડાસમા વંશના ગ્રહરિપુ સાથે દુશ્મનાવટ હતી. આ ગ્રહરિપુ સોમનાથ મંદિર આવતાં યાત્રાળુઓ પાસેથી કર વસુલ કરતો હતો. ગ્રહરિપુ નાસ્તિક હતો. આથી મૂળરાજે ગ્રહરિપુને ઠીક

કરવા ચડાઈ કરી. આથી ગ્રહરિપુની મદદ માટે લાખો ફુલાણી મિત્ર ભાવે ગયો અને ભીષણ યુદ્ધમાં તે મરાયો. ઘણા ઈતિહાસકાર જણાવે છે કે, મારવાડના રાજવી સિયાજી દ્વારકા દર્શન કરવા ગયેલા, જે પાછા વળતાં આ ધિંગાણામાં મૂળરાજ પક્ષે રહ્યા અને તેના હાથે લાખાનું મૃત્યુ થયું. **રાજકોટની બાજુમાં આટકોટ ગામ પાસે લાખા ફુલાણીનો પાળિયો આવેલો છે.** જેના પર ઈ.સ. ૯૭૯ લખેલ છે. જનરલ ટોડનો ''રાજસ્થાનનો ઈતિહાસ''માં સિયોજીની સાલવારી આપેલ છે. તેની સાથે લાખાની સાલવારીમાં ૩૦૦ વર્ષનો ફરક જણાય છે. આમ, લાખાના મૃત્યુ અંગે ઈતિહાસમાં ભિન્ન ભિન્ન મતો જોવા મળે છે, પણ એ હકીકત છે કે લાખો મૂળરાજ સાથેના યુદ્ધમાં આટકોટ પાસે મરાયો છે.

કચ્છના ઈતિહાસમાં લાખાને શિવભક્ત દર્શાવેલ છે. પરંતુ તે બૌદ્ધિષ્ટ હતો. ગ્રહરિપુ પણ બૌદ્ધિષ્ટ હતો. જેથી આ નાતે તે તેની મદદ માટે ગયો હતો. કેરામાં આવેલ શિવમંદિર લાખાએ બંધાવ્યું હોય તેમ નથી જણાતું કારણકે શિવ મંદિરની બાજુમાં ખોદકામ થતાં મંદિરની નીચે અન્ય મોટા મંદિરના અવશેષો જોવા મળે છે. આથી સાબિત થાય છે કે, હાલે જે મંદિર દેખાય છે તેના પહેલાં પણ અહીં ભવ્ય મંદિર હશે.

લાખાના મૃત્યુ બાદ તેનો ભત્રીજો પુંઅરો (ધાઓનો પુત્ર) ગાદીએ આવ્યો. તેણે પોતાની રાજધાની કેરાથી ખસેડી પધ્ધરગઢ સ્થાપી. આ પુંઅરા વિશે ઈતિહાસમાં કહેવાયું છે કે તે ઘાતકી હતો. પધ્ધરગઢ બનાવનાર શિલ્પીઓના કાંડા કપાવી નાખ્યા હતા. પ્રજાને ત્રાસ આપતો હતો. આ સમયે આ પ્રદેશમાં ઋષિઓ તપ કરવા આવ્યા હતા. તેઓ જ્યોતિષનું જ્ઞાન ધરાવતા હતા. ગ્રામ્ય લોકો શ્રદ્ધાથી આ ઋષિઓની સેવા પૂજા કરતા હતા. આથી પુંઅરો આ ઋષિઓને કેદ કરી ત્રાસ આપવા લાગ્યો. જેમાંથી એક ઋષિએ છટકીને પોતાના ઈષ્ટદેવની પ્રાર્થના કરી. **ત્યારે ૭૨ જખો, જખૌ બંદરે ઉતરી ઋષિઓની મદદે આવ્યા. તેઓએ પુંઅરાનો વધ કરી ત્યાંની પ્રજાને ત્રાસમુક્ત કરી. આથી ૭૨ જખની યાદમાં પધ્ધરગઢની બાજુમાં સ્થાનક બનાવેલ છે. જેમાં ઘોડા પર અસવાર બેઠા છે.** પીઠ પર તીરનું ભાથું લટકે છે. હાથમાં પેટી (ચોપડી) જેવું પકડ્યું છે. પુંઅરાએ પોતાના રહેઠાણ માટે વડીમેડી તથા નંઢી મેડી ચણાવેલ, જેના અવશેષ આજે પણ જોવા મળે છે. પરંતુ આ પથ્થરોના અવશેષ જોતા જણાય છે કે, તે બૌદ્ધ લોકોના વિહાર હોય. સંભવ છે કે પધ્ધરગઢવાળો વિસ્તાર મોટી વિદ્યાપીઠ હોય, જેનો પુંઅરાએ પાછળથી નાશ કરી શિવમંદિર બંધાવ્યું હોય. આ બૌદ્ધ લોકો પાંચમી કે છઠ્ઠી સદીમાં કચ્છમાં હતા. જો કે પુરાતત્ત્વવિદોએ આ વિશે કોઈ ચોક્કસ પ્રમાણ આપેલ નથી. આ જગ્યાએ ઉત્ખનન થાય તો ખરી હકીકત બહાર આવે તેમ છે. કચ્છમાં ઘણી જગ્યાએ જખના થડા જોવા મળે છે. એટલે એ વાત નક્કી છે કે કચ્છના લોકો જખને દેવતા તરીકે માનતા હશે. આ જખ લોકો કોણ હતા, ક્યાંથી આવ્યા અને કચ્છમાં ક્યારે આવ્યા તેના કોઈ ચોક્કસ પ્રમાણ પ્રાપ્ત થતાં નથી, જે સંશોધનનો વિષય રહ્યો છે.

પુંઅરાને સંતાન ન હતું. તેથી પુંઅરાના મૃત્યુ પછી ચાવડા રાજપુતોએ આ જગ્યાનો કબજો મેળવેલ. પુંઅરાના મૃત્યુથી સમા વંશનો અંત આવ્યો. **લગભગ ૧૫૦ વર્ષ બાદ સિંધમાંથી ઉન્નડનાં વંશમાંથી ઉતરી આવેલ લાખો અને લાખિયાર કચ્છમાં આવ્યા.** જેમણે ચાવડાઓને હટાવી લાખિયાર વીરામાં પોતાની રાજધાની સ્થાપી. આ લાખા લાખિયારના વંશમાં રત્તો રાયધણ થયો. તેને જત લોકો ત્રાસ આપતા હતા. ધીણોધર ખાતે ગુરૂ ધોરમનાથના શિષ્ય ગરીબનાથ જ્યારે તપ કરતા હતા ત્યારે જતનાં છોકરાઓ હેરાન કરતા હતા. આથી ગરીબનાથે પોતાની શક્તિ રત્તા રાયધણને આપતાં જત લોકોને મારી હટાવવામાં રત્તો રાયધણ સફળ થયો અને તેણે ધીણોધર જાગીર કાનફટ્ટા પીરોને બક્ષીસમાં આપી. આ રત્તા રાયધણનું મૃત્યુ ઈ.સ. ૧૨૧૫ની આસપાસ થયું. તેના મૃત્યુ બાદ તેના ચાર કુંવરોને રાજ્યની વહેંચણી કરવામાં મામૈદેવે સહાય કરી. સૌથી મોટા કુંવર દેદાને કંથકોટ અને વાગડનો વિસ્તાર, બીજા નંબરના કુંવર ઓઢાને લાખિયાર વીરા, ત્રીજા કુંવર ગજણને તેરા નજીક બારા ગામ અને સૌથી નાના કુંવર હોથીને પુનડી નજીકના બાર ગામની જાગીર આપવામાં આવી. ઓઢાને પાટવી કુંવર બનાવતાં બીજા ભાઈઓ નારાજ થયા અને તેઓમાં અંદરોઅંદર વેરના બીજ રોપાવાના શરૂ થયા.

**૧૫મી સદીમાં (ઇ.સ. ૧૪૫૮-૧૫૧૧) બાદશાહ સુલતાન મહમદ બેગડો થયો.** તેણે ગુજરાતની સત્તાના વિકાસ માટે કચ્છ પ્રદેશમાં રહેતા જાડેજા રાજવીઓ તરફ સહિષ્ણુતાવાળો વર્તાવ રાખ્યો હતો.

**કચ્છમાં ઓઢાના વંશજો અને ગજણનાં વંશજો વચ્ચે હરીફાઈ ચાલતી હતી.** ગજણજીનાં વંશમાં આઠમો જાડેજા લાખો થયો, જે પ્રખ્યાત યોદ્ધો હતો. તેને મહમદ બેગડાએ કાઠિયાવાડની આમરણ અને ગોંડલની જાગીરો ભેટમાં આપી હતી. લાખાએ નવી જાગીરોનો કબજો લઇ પોતાના બારા જાગીરના આદિપુરુષ ગજણ પછીના **હાલાજી જાડેજાના નામથી આ પ્રદેશને ''હાલાર'' તરીકે જાહેર કરી કાઠિયાવાડમાં જાડેજા રાજ્ય સ્થાપ્યું.**

આ લાખાએ પોતાના વડીલોની જાગીર બારા પાછા આવવાનો વિચાર કર્યો. જ્યારે તેણે હબાય ડુંગર પાસે સંગારોની વાંઢમાં ઉતારો કર્યો ત્યારે કેટલાક ઝનુની માણસો કે જેઓ હાલારથી તેનો પીછો કરતા આવ્યા હતા, તેઓએ લાખાને મારી

નાખ્યો. આથી લાખાના પુત્ર રાવળે લાખિયાર વીરાના ઓઢા વંશના હમીરજીને જવાબદાર ગણ્યા.

આ જામ હમીરજી પોતાના પિતા ભીમજી પછી લાખિયાર વીરાની ગાદીએ આવ્યા હતા (ઇ.સ. ૧૪૭૨). તેઓ આશાપુરા માતાજીના પરમ ભક્ત હતા. પોતે માતાના મઢ ખાતે દેવીના દર્શન કરવા ગયેલા ત્યારે પૂજારીને પુષ્કળ જમીનો તથા ગામડાંઓ બક્ષીસમાં આપેલ અને ત્યાંના પૂજારીને "રાજા"નો ઈલકાબ આપેલ **તેમજ તેના વંશજો રાજગાદીએ બેસે ત્યારે માતાજીના દર્શન કરવા માતાના મઢ આવશે એવી ખાતરી પણ આપેલ. જે આજ પર્યંત પરંપરા જાળવવામાં આવે છે.**

જામ રાવળ જામ હમીરજીને મારવા માટે કંથકોટના દેદા ભાયાતો સાથે સંબંધ વધારી હમીરજી વિરૂધ્ધ ઉશ્કેરણી કરવા લાગ્યો. બાદમાં પોતે વેરઝેરનું સમાધાન કરવા ઇચ્છે છે તેવું જણાવી જામ હમીરજીને પોતાને ત્યાં જમવા બોલાવી દગાથી તેનું ખૂન કરી નાખ્યું. **આ જામ હમીરજીની કલાત્મક છતરડી આજે પણ તેરા અને બારા ગામ વચ્ચે ઇતિહાસની સાક્ષી આપતી ઊભી છે.**

જામ રાવળે જામ હમીરજીને મારી, તેના વંશનો પણ નાશ કરવાના ઇરાદાથી જામ હમીરજીના પુત્રો ખેંગારજી, સાહેબજી અને રાયબજીને મારવા પાછળ પડ્યો. પરંતુ જ્યારે જામ હમીરજીનું ખૂન થયું ત્યારે તેની સાથે તેનો સ્વામિભક્ત છછર બુટ્ટો પણ સાથે હતો. તે તરત જ વિંઝાણ આવ્યો કારણકે ખેંગારજી તથા સાહેબજી તેમના મોસાળમાં હતા. ત્યાંથી તેમને લઇ વાગડ બાજુ નીકળી ગયો. પણ જામ રાવળને ખબર મળતા તેણે તેમનો પીછો કર્યો. છછર બુટ્ટોએ પહેલા કંથકોટના દેદાના વંશજો પાસે આશરો માંગ્યો પણ તેઓ જામ રાવળ સાથે ભળેલા હતા. તેથી જાકારો આપ્યો. આથી રેલડી ગામે મનાઇના વંશજ ભીંયા કક્કલ પાસે આવ્યો. અહીં ઘાસની ગંજીમાં આ બે રાજકુમારોને સંતાડી દીધા. આ બાજુ જામ રાવળ પીછો કરતો કરતો પહોંચી આવ્યો. તેણે ભીંયા કક્કલને પૂછતાછ કરી અને ધાકધમકી તેમજ લાલચ પણ આપી. છતાં ભીંયા કક્કલે પોતે કંઈ જાણતો નથી એમ જ કહ્યું. આથી જામ રાવળે તેના છ પુત્રોને તેની સામે જ કાપી નાખ્યા. આમ છતાં ભીંયા કક્કલ તથા તેની ઘરવાળી મલણી પોતાની વાતમાં મક્કમ રહ્યા. આખરે જામ રાવળ કંટાળી, ત્યાંથી ચાલ્યો ગયો.


જામ રાવળના ચાલ્યા ગયા બાદ ઘાસની ગંજીમાંથી કુંવરો કાઢી છછર બુટ્ટો નાનું રણ ઓળંગી ધ્રાંગધ્રાના ચરાવડા ગામે આવ્યો. અહીં ઝાડ નીચે આરામ કરતા હતા, **ત્યાં એક જૈન સાધુ ત્યાંથી પસાર થયા. તેમણે આ તેજસ્વી કુમારોને જોતાં જ કહ્યું કે આ બાળક ચક્રવર્તી રાજ્ય ભોગવશે અને તેઓને પોતાની પોશાળમાં તેડી ગયા. આ જૈન સાધુનું નામ માણેકમેરજી હતું. આ સાધુએ પોતાની પાસેની માતાજીની ચમત્કારિક સાંગ કુમાર ખેંગારજીને આપી અને કહ્યું કે તમો અમદાવાદ જાઓ. રસ્તામાં કાળો ઘોડો તથા સફેદ ખોરાકનાં દર્શન થશે એવા આશીર્વાદ પણ આપ્યા.**

છછર બુટ્ટો કુંવરોને લઇ મોરબીના દહીંસરા ગામે આવ્યો. બજારમાં એક સુતારણ બાઈ, કે જે કચ્છની હતી તે મળી અને તેણીએ આ કુંવરોને ઓળખી લીધા અને પોતાના ઘરે તેડી ગઈ. જમવામાં સફેદ રાબ અને બાદમાં પોતાનો કાળો ઘોડો આપ્યો. જે મળતા જૈન મુનિના આશીર્વાદ યાદ આવ્યા. ત્યાંથી તેઓ અમદાવાદ પહોંચ્યા. અમદાવાદમાં તેમના ભાઈ અલીયાજી મહંમદ બેગડાના રાજમાં નોકરી કરતા હતા, ત્યાં તેમની પાસે પહોંચ્યા. અહીં રહીને બંને ભાઈઓએ પટ્ટાબાજી તથા નિશાનબાજીની તાલીમ લીધી અને એક સમયે જ્યારે મહંમદ બેગડો શિકાર માટે જંગલમાં ગયેલ ત્યારે સિંહે અચાનક હુમલો કરતા, તે વખતે શિકારમાં સાથે ગયેલા ખેંગારજીએ ચપળતાથી પોતાને માણેક મેરજીએ આપેલ સાંગથી સિંહનો શિકાર કરી મહંમદ બેગડાની જાન બચાવી. **આથી મહંમદ બેગડો ખુશ થયો અને તેણે "રાઓ"નો ઇલ્કાબ આપ્યો અને ખેંગારજીને ખોયેલું રાજ્ય પાછું મેળવવા માટે લશ્કરની સહાય આપી.** જ્યારે કુમાર ખેંગારજી મોરબી આવ્યા અને ત્યાંથી લશ્કર લઇને આવે છે એવા સમાચાર જામ રાવળને મળતાં, તે પોતાના સાતસો સૈનિકો સાથે લઇ, કચ્છને છેલ્લા સલામ કરી કાઠિયાવાડ બાજુ નીકળી ગયો.

**રાઓશ્રી ખેંગારજી પહેલાં રાપરમાં ટીલે બેઠા. ત્યારબાદ બીજીવાર સંવત ૧૬૦૨માં અંજાર શહેર અને પછી માગશર વદ-૫, સંવત ૧૬૦૫માં ભુજ શહેરને તોરણ બાંધ્યું.** રાઓશ્રી ખેંગારજીએ કાબુલના મિર્ઝા હુસેનની ફોજને ઝારા ડુંગર પાસે શિકસ્ત આપી હતી. તેઓ પરાક્રમી અને બહાદુર રાજવી હતા. તેઓએ ૭૬ વર્ષ કચ્છની રાજગાદી ભોગવી (ઇ.સ. ૧૫૧૦-૧૫૮૬). તેમના મૃત્યુ બાદ તેમના પુત્ર રાઓશ્રી ભારમલજી ગાદીએ બેઠા ત્યારે કચ્છી કહેવત પ્રચલિત થઇ "ખટે ખેંગાર ને ભોગવે ભારો." એટલે કે ખેંગારજીએ સારી જિંદગી એકઠું કર્યું અને ભારમલજીએ ભોગવ્યું. ■

## પ્રાગમહેલ - ભુજ (કચ્છ)

ભુજના દરબારગઢમાં ઇટાલિયન ગોથિક શૈલીનો બનેલ નવો મહેલ મહારાવ શ્રી પ્રાગમલજીએ (ઇ.સ. ૧૮૬૫) બંધાવેલ છે. આ ભવ્ય વિશાળ મહેલમાં ૪૫ મીટર ઊંચો બુલંદ ટાવર છે. મહેલના બીજા માળે વિશાળ સભામંડપ છે. જેમાં કચ્છ રાજયમાં પધારેલ ખાસ મહેમાનો વખતે તેમજ નવા વર્ષના દિવસે ખાસ દરબાર ભરાતો હતો. મહેલના સ્થંભો પર યુરોપિયન શિલ્પ સ્થાપત્યની મહદ્ અંશે છાંટ દેખાય છે.



કચ્છ

# કચ્છના લોકો અને તેમની રહેણીકરણી

પ્રમોદ જેઠી

ભારત દેશની પશ્ચિમ દિશાએ આવેલ કચ્છ પ્રદેશ અનોખો છે. આ પ્રદેશની બોલી, રહનસહન, પહેરવેશ, રીતભાત વગેરે અલગ છે. આમ જોઈએ તો ભારતભરમાં પોતાની વિશિષ્ટ છાપ ઊભી કરાવતાં કચ્છ પ્રદેશના લોકો અને તેમની રહેણીકરણી વિશે થોડી જાણકારી મેળવીએ.

કચ્છની ધીંગી ધરા અને તાકાતવર પાણી પીનાર કચ્છીએ ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પોતાની શાખ કાઢેલી છે. કચ્છી ભાષામાં તાકાત છે. ટૂંકી છતાં સચોટ વાત કહેતી આ ભાષા ભારતનાં અન્ય રાજ્યોની ભાષાથી અલગ તરી આવે છે.

**કચ્છ, એ અર્વાચીન કાળમાં ટાપુ હતો.** આ પ્રદેશમાં રહેનાર લોકો ભારતના અન્ય ભાગ સાથે બહુ જ ઓછા સંપર્કમાં હતા. આમ છતાં કચ્છ દક્ષિણે આવેલા દરિયાના હિસાબે વિદેશનાં જંગબાર - આફ્રિકા, મલેશિયા, એડન, ચીન સાથે વહાણો દ્વારા વેપાર અર્થે જોડાયેલ હતો. આથી કચ્છી વિદેશના ખૂણે ખૂણાનો જાણકાર અને સાહસિકવૃત્તિ વાળો થયો. **કચ્છની ઉત્તર બાજુએ રણ આવેલ છે.** આથી રણમાં વસતાં લોકોની રીતભાત અલગ રહી છે. મોટેભાગે મુસ્લિમ પ્રજા, જેમાં નોડે, રાયસીપોત્રા, મુતવા, બંભા, હાલેપોત્રા, રાયમા, જત વગેરે તથા હરિજન આ પ્રદેસમાં વસે છે. આ બધા પોતપોતાની આગવી શૈલીમાં જીવન વિતાવે છે. **આ રણ કાંઠાની વસ્તીના બે ભાગ છે : બન્ની અને પચ્છમ.** સ્ત્રીઓ પહેરવેશમાં ઈજાર, કંજરી અને માથે ઓઢણી પહેરે છે. જ્યારે પુરુષ પોત તથા ખમીસ પહેરે છે. આ રણમાં ગરમી અતિશય રહેતી હોઈ કપડાં ખૂલતાં અને માથાને ગરમીથી રક્ષણ માટે ફાળિયું કે ફેંટો બાંધે છે. પાણીની તંગી હોવાથી કપડાંના રંગ મેલખાઉ હોય છે. રણની ગરમી અને કાંટાળ વિસ્તારમાં ચાલવાનું હોતાં પુરુષોના જોડા મજબૂત અને ચાંચવાળા જ્યારે સ્ત્રીઓ મજબૂત સપાટ (ચંપલ) પહેરે છે. રણમાં બીજા રંગ ઓછા જોવા મળે છે. જેથી તેઓ પોતાના પહેરવેશમાં ભડકીલા રંગ (લાલ-લીલો-પીળો) તથા કાચનાં આભલાંનો ઉપયોગ વિશેષ કરે છે.

અહીંનું ભરતકામ વખણાય છે. લગ્ન પ્રસંગે દહેજ માટે આ ભરતકામની આપ-લે થાય છે. સ્ત્રીઓ શણગારમાં ચાંદી તથા સોનાનાં દાગીનાં પહેરે છે. હાથમાં બલૈયા તથા પગમાં કાંબીઓ, જ્યારે બંગડીઓ ચાંદીની પહેરે છે. અહીંનાં લોકોની જાતિ તેના પહેરવેશ પરથી ઓળખાય છે. હરિજના આ લોકોની સાથે રહેતાં હોઈ તેમનું રહનસહન મુસ્લિમ લોકો જેવું જ લાગે છે. પરંતુ સ્ત્રીઓનાં દાગીના જેવા કે નાકમાં પહેરવાનો વીંઢો અને કાનના લટકણિયા પરથી જાતિ તફાવત જણાઈ આવે છે. મુસ્લિમ લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલન રહ્યો છે. જ્યારે સ્ત્રીઓ ઘરકામ ઉપરાંત ઉચ્ચ પ્રકારનું ભરતકામ પેચવર્ક જાણે છે. હરિજન પુરુષો લાકડા પર સારું એવું કોતરકામ તથા ચામડાંની ચંપલો, બુટ, મોજડીઓ જેવી વસ્તુઓ બનાવે છે. પશુપાલકો ગાયભેંસના દૂધ તથા ઘી નો વેપાર કરે છે. અહીં વસતાં લોકોમાં શિક્ષણનું પ્રમાણ નહિંવત છે પરંતુ દિલના દિલાવર છે. તેઓના રહેવાના મકાન (ભુંગા) રણમાં ઉડતી રેતી તેમજ પવનથી બચવા નાના બનાવે છે. આ ભુંગા રણમાં જ ઊગતું એક પ્રકારનું ઘાસ (લાણીયારી)માંથી બનાવે છે. જે ટાઢ, તડકો ને વરસાદથી બચાવે છે. ભુંગાની અંદરની બાજુએ અરીસાના ટુકડાથી સુશોભિત લીંપણકામ, અનાજ રાખવાના કોઠલા, કપડાં તથા ગોદડાં રાખવા માટેના મંજૂસ પણ માટીકામથી શણગારે છે. શરીરે છુંદણા છુંદાવી આહીર સ્ત્રીઓ સૌંદર્યમાં વધારો કરે છે. રોજબરોજ વપરાશમાં આવતી શીશી, ડબ્બાઓ, સીગરેટની પાકિટો, ફેંકી ન દેતાં ઘરના સુશોભનમાં ઉપયોગ કરે છે. આંગણા ચોખ્ખા અને લીંપણકામવાળા હોય છે. ખોરાક સાદો ઘઉં તથા બાજરાના રોટલા - રોટલી, શાકભાજીમાં બટાકા, કાંદા, લીલાં મરચાં, મીઠું વગેરેનો ઉપયોગ કરે છે. અહીં શાકાહારી તથા માંસાહારી બંને જાતનો ખોરાક લેવાય છે. દૂધનો વધુ ઉપયોગ થાય છે.

પાવર પટ્ટીમાં વસતી આહીર કોમની સ્ત્રીઓનો પોષાક રંગ રંગીલો છે. ઘાઘરો, ચોલી અને ઓઢણીમાં લાલ રંગનો વધુ ઉપયોગ કરે છે. પુરુષો સફેદ ઈજાર (ચોયણો) તથા સફેદ કેડિયું કે ખમીસ, માથામાં મરૂન કે સફેદ રંગનો માફો (કપડાનો ટુકડો) બાંધે છે. આ લોકોનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. ખેતરમાં પીયત તથા વરસાદી પાક લે છે. તેઓ ગાય ભેંસ પાળે છે. ઘી-દૂધનો વિશેષ ઉપયોગ કરે છે. અહીંના લોકો આળસુ તથા પ્રમાદી છે. સ્ત્રી/પુરુષ બંને ખડતલ હોય છે. સ્ત્રીઓ સારું ભરતકામ કરે છે. થેલો, ઘાઘરા, તોરણિયા, પોપટ,

બારસાંગિયા, તકિયાના કવર વગેરે બનાવે છે. નાની ઉંમરમાં લગ્ન થઈ જાય છે. જો કે છોકરી મોટી થાય પછી જ સાસરે વળાવે છે. ખોરાકમાં ઘઉં, બાજરીના રોટલા/રોટલી, શાકભાજી અને ખીચડી મુખ્ય હોય છે. પાકા મકાનમાં રહે છે. સાહસિક અને અશિક્ષિત છે. હાલમાં ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં વધુ ને વધુ લોકો જોડાતા જાય છે.


કચ્છના પૂર્વ વિભાગમાં વસતા લોકોમાં આહીર, રબારી, પટેલ, કોલી, પરાધિ, ગરાસિયા, દરબાર (વાઘેલા) છે. અહીંના પુરુષોના પહેરવેશમાં ઇજાર, પાટલુન, ખમીસ જ્યારે સ્ત્રીઓ ઘાઘરો, ચોલી અને સાડી પહેરે છે. હાથ પગમાં કડલા, કાંબી તથા દાગીના અને હાથપગમાં છૂંદણાં છુંદાવે છે. ખોરાકમાં બાજરાનો વિશેષ ઉપયોગ કરે છે. ઘી, છાશ, માખણ, દૂધનો વધુ ઉપયોગ કરે છે. ખેતીવાડી તથા ઘેટાં બકરાંનો ઉછેર કરે છે. કોલી, પરાધિઓ જંગલમાંથી મધ તથા ગુંદ એકઠું કરી, વેચાણ કરી, પોતાનું ગુજરાન ચલાવે છે.


કચ્છના દક્ષિણ વિભાગમાં વસતા લોકોમાં જૈન, રબારી, ખત્રી, ખારવા, ભાટિયા, ગઢવી વગેરે છે. જૈન લોકોને પહેરવેશ આધુનિક હોય છે કારણકે તેઓ મોટેભાગે ધંધા અર્થે શહેરોમાં રહેતા હોય છે. જ્યારે રબારી લોકો પોતાના પારંપરિક પહેરવેશ પહેરે છે. તેઓ કાચા મકાનમાં રહે છે. ઊંટ, ઘેટાં, બકરાંનો ઉછેર તથા ઊનનો વેપાર કરે છે. સ્ત્રીઓ સારું ભરતકામ કરે છે. ખત્રી લોકો રંગાટનું કામ, બાંધણી, લુંગી, અજરખ વગેરે છપાઇનું કામ કરે છે. જ્યારે ખારવા વહાણો પર ખલાસીનો ધંધો કરે છે. તેઓ પરદેશમાં વેપાર ઘણા વર્ષોથી કરે છે. આફ્રિકા તથા આરબ દેશોમાં વેપાર તથા ધંધા અર્થે ઘણા જણા છે. આ વિસ્તારમાં પાણી છે. તેથી વાડીઓમાં ચીકું, આંબા, સંતરા, કપાસ, સૂરજમુખી વગેરે પાક થાય છે. **જૈન લોકોનું મોટામાં મોટું તીર્થધામ કોડાયમાં બૌંતેર જિનાલય તથા ભદ્રેશ્વર આ વિસ્તારમાં આવેલ છે.** આ વિસ્તાર કંઠીપટ તરીકે જાણીતો છે.

કચ્છના પશ્ચિમ વિભાગમાં ભણસારી, જૈન, જાડેજા, રાજપુત, પાટીદાર તથા જત લોકો વસવાટ કરે છે. ભણસારી (ભાનુસાળી)નો મુખ્ય વ્યવસાય વેપાર તથા ખેતીવાડી છે. પાટીદાર પટેલ ભારતના ખૂણે ખૂણે બેન્સાના વેપાર અર્થે ફેલાયેલા છે. જાડેજાઓ ખેતીવાડી કરે છે. પુરુષોના પોશાકમાં સુરવાલ, ખમીસ સાથે પાઘડી જ્યારે સ્ત્રીઓ ઓજલમાં રહે છે. જત મુસ્લિમ ધર્મ પાળે છે. નાકમાં સોનાનો વીંઢો પહેરે છે. આ લોકો ઊંટ ચારવાનો ધંધો કરે છે. ખેતરમાં મુલી કે રસ્તા પર મજૂર તરીકે પણ કામ કરતાં હોય છે. આ વિસ્તારમાં નારાયણ સરોવર, કોટેશ્વર, માતાનો મઢ, રામવાડા, ઉમિયા માતાજી, જૈન મંદિરો, અંબાજી માતાના મંદિર જેવા યાત્રાધામો આવેલ છે. હિંદુ તથા મુસ્લિમની એકતાના પ્રતીક સમા હાજીપીર વલ્લીની દરગાહ પણ અહીં આવેલ છે. આ વિસ્તારમાં ખોરાક તરીકે બાજરો, દાળભાત, શાકભાજી હોય છે.

- **ઉપસંહાર :**

આમ, કચ્છી લોકો કચ્છમાં અલગ અલગ વિસ્તારમાં રહેતા હોવાથી તેમના પહેરવેશ પણ અલગ હોય છે. **આમ છતાં વાગડ સિવાય તેમની બોલી કચ્છી રહી છે. વાગડમાં તથા આહીર રબારી લોકો ગુજરાતી બોલે છે. અહીં વસેલ તમામ કોમ બહારથી આવીને વસી છે.** જેમ કે રાજપુતો, લોહાણા, ભાટિયા, સિંધથી આવેલ છે તો રબારી બલુચિસ્તાનથી, આહીર મથુરાથી, હરિજન મારવાડથી અને બ્રાહ્મણો ગુજરાતથી આવેલા છે. દરેક કોમમાં કંઈને કંઈ વિવિધતા છે. **કચ્છનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. આ ખેતી વરસાદ આધારિત છે.** ભૂગર્ભનાં પાણીનાં તળ રોજ નીચા જતાં રહે છે. કચ્છમાં કુલ વસ્તી લગભગ ૨૧ લાખની છે. જ્યારે બૃહદ્ કચ્છ અને વિદેશમાં વસતા કચ્છીઓની સંખ્યા ૪૦ લાખ જેટલી છે. આમ કહી શકાય કે કચ્છીઓ કચ્છ કરતાં બહાર વિશેષ વસે છે. અહીં દરેક વાર તહેવારો નાતજાતના ભેદભાવ વિના ઉમંગથી ઉજવાય છે અને એ જ કચ્છની અસ્મિતા છે. ■





કચ્છ

# મુંજો કચ્છડો કામણગારો

મધુસુદન પ્રા. ભટ્ટ

સતત દુષ્કાળગ્રસ્ત કચ્છના કચ્છીઓ જ્યાં વસતા હશે, ત્યાં ‘અષાઢી ચંદ્ર’નું તેમનું નવું વર્ષ આનંદ અને ઉલ્લાસથી ઉજવે છે... કચ્છીઓ સમગ્ર વિશ્વમાં પથરાયેલા છે. વિશ્વનું કોઈ પણ શહેર કે ભારતનું કોઈ એવું શહેર નહીં હોય કે જ્યાં એક કચ્છી કુટુંબ ન હોય! આ બધા કચ્છીઓ મા-ભોમને અલવિદા કરી, કચ્છથી સ્થળાંતર કરી, સમગ્ર વિશ્વમાં સ્થાયી થયા છે! કેટલાક પરિવારો તો ત્રણ-ચાર પેઢીથી કચ્છ બહાર વસવાટ કરે છે... આવા કચ્છીઓ પોતાની આજીવિકા માટે ભલે ગમે ત્યાં રહેતા હોય, પણ તેમને સૌને પોતાની માતૃભૂમિ - જન્મ ભોમકા માટે દિલી લગાવ છે... વતનથી દૂર સુદૂર રહેતો પ્રત્યેક કચ્છી, પોતાના ગામના પાદરને, શહેરની ગલીને પુલકિત હૈયે સદાય યાદ કરતો રહે છે. **હિમાલયનાં ઉત્તુંગ ગિરિશિખરો સન્મુખ ઊભેલા પેલા કચ્છી કવિ નિરંજનને યાદ તો આવે છે તેનો વહાલસોયો ધીણોધર ડુંગર...**

*“હેમાળે વટે પુગો ‘નિરંજન’ ધીણોધર સમરન,*
*મુંજી માતૃભૂમિ કે નમન...”*

આવા કચ્છીઓ ‘અષાઢી ચંદ્ર’થી પોતાનું નવું વર્ષ શરૂ કરે છે... આકાશમાં બીજનો ચંદ્ર વાદળો વચ્ચે સંતાકૂકડી રમતો હોય ત્યારે આ કચ્છીઓ પરસ્પરને ‘સાલ મુબારક’ કરે છે... કચ્છીઓમાં સાહસિક વૃત્તિ, ખડતલપણું, અનેક વિપરીત પરિસ્થિતિ વચ્ચે પણ પોતાની કોઠાસૂઝથી સમસ્યાઓનો ઉકેલ શોધી, મસ્તીથી જીવન જીવવાની વૃત્તિ, ભારતના કોઈ પણ કસ્બા કે શહેરમાં, અરે, વિશ્વના કોઈ પણ ખૂણે વસેલો કચ્છી ક્યારેય માયકાંગલો નથી બન્યો. જ્યાં જ્યાં કચ્છીઓ વસ્યા છે ત્યાં તેઓ ઝળક્યા છે... પોતાનું નામ “કચ્છી” તરીકે રોશન કરી, ગૌરવ અનુભવ્યું છે.

- **વ્યક્તિત્વ ઘડતરનો તહેવાર :**

કચ્છીઓની આવી ખાસિયતો માટે, તેમના આવાં ઘડતર માટે, તેમના ભગીરથ પુરુષાર્થ માટે, તેમની સાહસિકતા માટે પણ જો કોઈ કારણભૂત હોય તો તે પણ “કચ્છ” જ છે... કચ્છની ભૂગોળ અને કચ્છના ઇતિહાસે એક એક કચ્છીનું આગવું ઘડતર કર્યું છે... **કચ્છની પ્રતિકૂળતાઓએ કચ્છીઓને સહનશક્તિ બક્ષી છે.** કચ્છની કઠણાઈઓ અને કમનસીબીમાંથી કચ્છીઓમાં **સાહસવૃત્તિ** જન્મી છે. બધી બાબતોની અલ્પતામાંથી કચ્છીઓમાં **ઉદારતા** જન્મી છે. ‘નથી નથી’ના ઉદ્‌ઘોષ વચ્ચે કચ્છીઓમાં ‘અસ્મિતા’ પ્રગટી છે... અને છેવાડે આવેલા, ક્યારેક તરછોડાયેલા લાગતા, પશ્ચિમ ભારતના આ પ્રદેશમાં પેલા ઘૂઘવતા સાગરે તેમને **શૌર્યવૃત્તિ** બક્ષી છે... આવા કચ્છીઓ માટે ‘અષાઢી ચંદ્ર’ — એ તેમના વ્યક્તિત્વ ઘડતરનો એક અનોખો તહેવાર છે.

કચ્છીઓ શા માટે ‘અષાઢી ચંદ્ર’થી પોતાનું નવું વર્ષ શરૂ કરે છે? કચ્છ સતત દુષ્કાળગ્રસ્ત વિસ્તાર છે. અછત અને દુષ્કાળ કચ્છમાં ‘નિયમ’ છે અને ‘વરસાદ’ એ એક અપવાદ છે. અનિયમિત અને ઓછા વરસાદના કારણે કચ્છનું અર્થતંત્ર સુદ્રઢ બની શક્યું નથી. આકાશી ખેતીના કારણે કચ્છનો ખેડૂત પુષ્કળ પુરુષાર્થ કરે તો પણ પોતાની આજીવિકા આસાનીથી ચલાવી શકતો નથી. બન્ની જેવો સમગ્ર એશિયામાં સૌથી વિશાળ ચરિયાણ વિસ્તાર - ગ્રાસ લેન્ડ છતાં કચ્છનો માલધારી દુષ્કાળના વર્ષોમાં પોતાના વહાલસોયા પશુધન સાથે કચ્છમાંથી હિજરત કરી જાય. આવા કચ્છમાં કચ્છીઓ જેઠ માસના કૃષ્ણ પક્ષથી આકાશ સામે મીટ માંડીને બેસે... વાદળાં બંધાય અને કચ્છી હરખાય. ક્યારેક એકાદ ‘વીજળી’ ચમકી જાય અને કચ્છી રાજી રાજી થાય. વરસાદનું આગમન એટલે અષાઢી ચંદ્ર... કચ્છીઓ માટે આનંદની આલબેલ પોકારે અષાઢી ચંદ્ર... અને એટલે જ તો કચ્છના વરસાદને **‘મંઢો મીં’ લંગડાતો, લંગડાતો**, નિરાંતે સૌથી છેલ્લે આ છેવાડાના મુલકને ભીનો કરી જતો ‘મીં’ એટલે વરસાદ આવે અને કચ્છીઓ ગાંડાતૂર બને...

- **આનંદની આલબેલ :**

કચ્છનું નવું વર્ષ (નાણાંકીય વર્ષ) એપ્રિલથી નહીં, કેલેન્ડર વર્ષ જાન્યુઆરીથી પણ નહીં પરંતુ રાજાશાહી યુગથી કચ્છનું રાજકીય અને આર્થિક તેમજ સામાજિક રીતે **નવું વર્ષ શરૂ થાય ‘અષાઢી ચંદ્ર’થી...** વર્ષાના વધામણા થાય... રાજવીઓ અષાઢી ચંદ્રના દરબાર ભરે... દરબારમાં કચ્છના મહાજનો, કચ્છના અમલદારો, કચ્છના અગ્રગણ્ય પાળિયાઓની પૂજા થાય, લોકો વડીલોને પગે લાગે, દરબારમાં આનંદ-ઉલ્લાસનું વાતાવરણ સર્જાય, પરસ્પરનું અભિવાદન થાય... નવા વર્ષની

શુભેચ્છા વ્યક્ત થાય... રાજ દરબારમાં અષાઢી ચંદ્રની અનોખી ઉજવણી થાય.

તો કચ્છની સામાન્ય જનતા પણ અષાઢી ચંદ્રની સાંજે - સંધ્યા ટાણે - સૌપ્રથમ દેવદર્શને જાય... પોતાના વડીલ સદ્‌ગતના 'પાળિયા'નું પૂજન કરે... કુટુંબમાં થયેલ 'સતી'ના દર્શન કરે... પછી મુરબ્બીઓના ચરણ સ્પર્શ કરે... મિત્રોને શુભેચ્છા પાઠવે... આવતા વર્ષે પણ શ્રીકાર વરસાદ આવે તેની પ્રાર્થના કરે.

- **ધરતીજો લાડો :**

કચ્છીઓએ, પોતાની કચ્છની ધરતીનો આ વરસાદ સાથે પતિ-પત્નીનો સંબંધ બાંધી દીધો છે. રણગ્રસ્ત વિસ્તાર, દુષ્કાળગ્રસ્ત વિસ્તાર, સરહદી વિસ્તાર, ચરિયાણ વિસ્તાર, ધરતીકંપની શક્યતાવાળો વિસ્તાર, ઔદ્યોગિક રીતે પછાત વિસ્તાર, સાગરકાંઠા વિસ્તાર, અનેકાનેક સમસ્યાઓથી ઘેરાયેલી આ કચ્છની ધરતી-સૂકી ધરતી—એ—તેને ભીની નવપલ્લવિત કરનાર વરસાદની ક્યારેક તો વર્ષો સુધી રાહ જોઈ હોય... ધરતીની આંખમાં આંસુ પણ ન હોય... અને ત્યારે જો કચ્છમાં અનરાધાર વરસાદ અષાઢ માસમાં થાય તો કચ્છીઓ તો હર્ષઘેલા થઈ નાચતા નાચતા ગાય :

*"મ્હીં આયો, માધો આયો*
*ધરતી તો જો લાડો આયો"*

ધરતી "લાડી" અને વરસાદ "લાડો"... વિયોગી પ્રેયસીને તેનો કોડીલો પ્રિયતમ મળે અને જેવો આનંદ થાય, વર્ષોની રાહ જોવડાવ્યા પછી તેનો પીયુ મળે અને જેવો રોમાંચ થાય તેવો રોમાંચ કચ્છની સૂકી ધરાને અષાઢી પ્રથમ વરસાદથી થાય અને તેથી જ તો મહાકવિ કાલિદાસના 'મેઘદૂત'નો એ શ્લોક 'આષાઢસ્ય પ્રથમ દિવસે...' પ્રત્યેક સાહિત્ય રસિક કચ્છીને કંઠસ્થ છે.

- **પ્રતિભાવાન કચ્છીઓ :**

વરસાદની અનિયમિતતાથી, દુષ્કાળ અને અછતનાં વર્ષોથી કચ્છનું અર્થતંત્ર "મંઢા મીં" જેવું કથળી ગયું છે. વિશાળ સાગરકાંઠાના કારણે કચ્છીઓ પોતાની આજીવિકા માટે અખાતના દેશોમાં, આફ્રિકા, યુ.કે., અમેરિકા જેવા દેશોમાં સ્થળાંતર કરી ગયા. ભારતનાં મુખ્ય શહેરો મુંબઇ, મદ્રાસ, કલકત્તા, કોચીન, દિલ્હી, મધ્યપ્રદેશના શહેરો — એમ સમગ્ર ભારતમાં પથરાઈ ગયા. અરે, ગુજરાતના પ્રત્યેક શહેર-કસ્બામાં કચ્છીઓ સ્થાયી થયા. **સાબરમતી અને મેશ્વો નદીનાં કાંઠે કચ્છના પાટીદારો "કમ્પાઓ" કરી ખેતી સાથે સંકળાયા.** 'સૌ મિલ' તો કચ્છી પાટીદારોની જ. કરિયાણાનો વ્યાપાર તો કચ્છી જૈનોનો જ, ટ્રાન્સપોર્ટ કંપનીઓ તો કચ્છી પટેલો, આહીરો અને જૈનોની... ગારમેન્ટ ઉદ્યોગ તો કચ્છી વાગડના લોહાણાઓનો જ... મુંબઇ, મદ્રાસ, કલકત્તા જેવા મહાનગરોમાં કચ્છી ઉદ્યોગપતિઓની બોલબાલા છે. મધ્ય ભારતમાં કચ્છના મિસ્ત્રીઓ મશહૂર બન્યા છે. અરે, **કેટલાક કચ્છીઓ તો ભારતનાં અન્ય રાજ્યોની વિધાનસભામાં ચૂંટાયા પણ છે.** કચ્છી મુંબઈનો મેયર થઈ શકે છે. રાજકારણમાં કચ્છીઓનો પ્રભાવ ગણનાપાત્ર છે. તો વળી **પ્રા. કે.ટી. શાહ, ડૉ. જે.જે. અંજારિયા, પ્રા. જિતેન્દ્ર ધોળકિયા, ડૉ. પ્રવીણ વિસારીઆ** જેવા અર્થશાસ્ત્રીઓ કચ્છી છે. **દુલેરાય કારાણી** જેવા મહાકવિ, **ડૉ. જયંત ખત્રીથી વિનેશ અંતાણી** જેવા નવલિકાકારો કચ્છી છે અને **'પદ્મશ્રી' કલ્યાણજી આણંદજી** જેવા સંગીતકારો સમગ્ર રાષ્ટ્રમાં ઝળક્યા છે. માદરે વતનને 'સલામ' કરી ગયેલા આવા તમામ કચ્છીઓને 'કચ્છ' માટે ભારોભાર પ્રેમ છે, ઉત્કટ લાગણી છે, અનન્ય આત્મીયતા છે અને તેથી તો કચ્છથી દૂર બેઠે બેઠે પણ કચ્છની યત્કિંચિત સેવા આવા તમામ કચ્છીઓ કરતા રહ્યા છે.

બસ, વરસાદની વિપુલતા હોય તો કચ્છ નંદનવન બની રહે. કચ્છીઓનો પુરુષાર્થ કચ્છની સિકલ પલટાવી શકે તેમ છે. તેમની સાહસિકતા કચ્છને સમૃદ્ધ કરી શકે તેમ છે. તેમની ઉદારતા - દાનવીરતા - કચ્છની ધરતીને અનેરું ઓજસ અર્પી શકે તેમ છે અને તેથી તો 'મુંજા કચ્છડા કામણગારા' ને આ અષાઢી ચંદ્રે શત શત પ્રણામ કરી, પ્રત્યેક કચ્છીને અષાઢી ચંદ્રના સાલ મુબારક... નયે વરેંજી મુબારક બાદી આંકે મિડીં કે....



કચ્છ

# પ્રાચીન સંસ્કૃતિનો ભંડાર : કચ્છ

મધુસુદન છાયા

કચ્છના ઇતિહાસવિદોનું ધ્યાન ભુજની ઉત્તર તરફ જોઈએ તેવું ગયું નથી. અહીંની બે પુરાતન સ્થળોનું નિરૂપણ હું રજૂ કરું છું :

- **માઇનાપડ :**

ભુજથી માનકૂવા ગામે જઇ ત્યાંથી કોડકી ગંગા, મખણા તરફથી આગળ જતાં **માઈબીબીની દરગાહ** આવે છે. ત્યાં દર વર્ષે માઇબીબીનો મેળો ભરાય છે. બકરીનાં ધણ સાથે ગોવાળો અહીં રાતવાસો કરે છે. આ જગ્યાની આથમણી તરફ અંદાજે ૪ કિ.મી.ના અંતરે એક તૂટી ગયેલ તળાવ હતું. આ તળાવની પાસે ગોળાકાર કબરો હતી. એક ઊંચો ઓટલો પણ બાંધેલ હતો. મારા સદ્‌ગત પિતાશ્રીને આ જગ્યા બતાવતાં તેઓએ કહ્યું કે આ જગ્યા કાઠી તળાવ જ નહીં પરંતુ કાઠી વસાહત છે. જૂના સમયમાં જ્યારે વસ્તી ઓછી હતી ત્યારે લોકો નાનું તળાવ બાંધતા, જે ખડિયા તરીકે આજે ઓળખાય છે. તળાવની માટી પીળી વપરાતી, જે પાણીને બિલકુલ ચૂસતી નહીં. આવા તેમાં પાણી ઓછામાં ઓછું બે વરસ ચાલતું. કચ્છમાં આવા ઘણાં તળાવો આજે જોવા મળે છે, જે સંભવતઃ કાઠી લોકોએ બાંધેલા છે. પોતાનાં ઢોર ઢાંખર સાથે તેઓ અહીં વસવાટ કરતા. કાળક્રમે જામ ફુલ તથા જામ ફુલા લાખાણીએ તેઓને કચ્છમાંથી હાંકી કાઢ્યા અને આ ગામો પોતાને હસ્તક લીધા. તેમાંનું આ ગામ હાલે ઉજ્જડ છે. જેને લોકો માઇનાપડ તરીકે ઓળખે છે. કચ્છના ઇતિહાસમાં આ સ્થળ મીનાપર તરીકે ઉલ્લેખાયું છે. આ સ્થળે જે ચક્કરો છે તે જાડેજા દરબારોનાં હોવા સંભવ છે કારણકે **કુનરિયા ગામે** મેં આવા જ ચક્કરો ત્યાંના સ્મશાનમાં જોયા છે.

આ સ્થળની ઝીણવટભરી તપાસમાં માટીનાં ઠીકરા, રમકડાં તથા માટીનાં ચોરસ ટાઇલ્સ મળેલ જેના પર થોડી ચિત્રભાત પણ હતી. જેથી એવું જણાય છે કે કચ્છમાં જૂના સમયમાં આવા માટીનાં ટાઇલ્સ પણ બનતાં.


આ સ્થળ વધુ સંશોધન માંગે છે.

- **નડાપ્પા :**

ભુજથી દૂધઈ રસ્તા પર **ધાણેટી ગામ** આવે છે. કચ્છના ઇતિહાસ મુજબ આ લગભગ ૧૨મી સદીમાં કચ્છની રાજધાની હતી. સંભવતઃ આ નામ ધૂણેતી હશે. પાસે કનૈયાબે ગામ એટલે કે નદી પાસેનો પ્રદેશ એવું અર્થઘટન કરી શકાય. બાજુમાં સિંધુ નદીનો એક ફાંટો પસાર થતો હશે, જે કોઈ મોટા ધરતીકંપથી લુપ્ત થયો છે. બાજુમાં આવેલ ગામો ડગાળા, ઝુરણ, લોઢિયા, લોડાઈ વગેરે નામો ધરતીકંપના કારણે જ પડ્યા હોવા જોઈએ.

ધાણેટીથી હબાય તરફ જતા રસ્તા પર અંદાજે ૪ કિ.મી.ના અંતરે નડાપ્પા ગામ આવેલું છે. આ ગામની ઉત્તરે એક ટેકરી પર એક બૌદ્ધ ગુફાનું પ્રાચીન સ્થળ આવેલું છે. આ સ્થળનું સંશોધન ભુજ મ્યુઝિયમના માજી ક્યુરેટર શ્રી દિલીપભાઇ વૈદે કરેલું છે. જોગાનુજોગ અમારે વર્ષ ૧૯૭૪માં અછતકામોનાં સંચાલન અર્થે વારંવાર જવાનું થતાં **અહીંની બૌદ્ધ ગુફા જોવાનો અને સંશોધન કરવાનો અવસર સાંપડ્યો.** આ ગુફાનાં મથાળે ચડી જોતાં ભૂકરિયા પથ્થરમાંથી કોતરેલ સ્તુપ તૂટેલો જોવા મળ્યો. જે મારા સદ્‌ગત પિતાશ્રી કંચન પ્રસાદભાઈ તથા શ્રી દિલીપભાઈને બતાવતાં તેમણે આનંદ વ્યક્ત કરી સમર્થન આપ્યું.

આ ગુફા પૂર્વમુખી છે. કોઈ જ શિલ્પ સ્થાપત્ય નથી. ગુફાનાં મથાળે બ્રાહ્મી લિપિમાં અક્ષરો કોતરેલા છે, જેની ફોટો કોપી નીચે મુજબ છે :



*ઉપરના લખાણનાં બે અર્થ વિદ્વાનોએ કર્યા છે :*

૧. સચજીત સચજે પે પુત્રસ્ દેવસ્તનમ્
૨. સચદત્ત સચદામ પુત્રસ્ય જીવસ્તાનમ્

*તેને ગોઠવતાં થાય :*

૧. સચદત્તસ ચ દામપુત્રસ દેવસ્તનમ્
૨. સચદત્તસ ચ દામપુત્રસ જીવસ્તાનમ્

આ લખાણ બુદ્ધ અસરનું છે. ઇ.સ. ૧૧૯-૧૨૦માં થયેલ રાજા સત્યદામના સમયમાં એક દાસી પુત્રને રહેવાનું સ્થળ અને બીજો અર્થ તેની પાછળ કરેલ દેવસ્થાન એમ થાયછે. દક્ષિણે ઊભો કરેલ સ્તુપ ખાસ ધ્યાન ખેંચે છે.

વળી, આજ ગામે ઉત્તરાદે નદીની ઊંચી ભેખડમાં લગભગ ૧/૨ કિ.મી. લાંબી બીજી ગુફા પણ છે. જેમાં માણસ સહેલાઈથી અવરજવર કરી શકે છે. આ ગુફામાં હવા બારાં પણ મૂકેલા છે. **આ ગુફા પણ જોવાલાયક છે.** સંભવતઃ આ ગુફા લશ્કરના સંરક્ષણ અને છૂપાં સ્થળ તરીકે જ બંધાયેલ હોવાનું અનુમાન છે.

આ અને અજાણ્યા કચ્છની ઉત્તરે આવેલાં સ્થળોની સંપૂર્ણ મોજણી અને રક્ષાની વ્યવસ્થા ખાસ જરૂરી છે નહિંતર તેમાં કંડારેલ ઇતિહાસ કાળક્રમે લુપ્ત થઈ જશે.

કચ્છ

# કચ્છના કેટલાક વ્યક્તિ વિશેષો



ભરત'કુમાર' પ્રા. ઠાકર

કચ્છના ઈતિહાસ અને નજીકના ભૂતકાળ પર દૃષ્ટિપાત કરતાં આપણી નજર સમક્ષ અનેક પ્રાતઃસ્મરણીય મહાનુભાવો ઉપસી આવે છે. કચ્છની ધરતી 'બહુરત્ના વસુંધરા' છે. કોને યાદ કરીએ અને કોને ભૂલીએ એવી મૂંઝવણ ઊભી થાય, એ પણ સ્વાભાવિક છે. છતાં મર્યાદાઓ અને સંદર્ભો વચ્ચે વલોણું ફેરવી, જે થોડું નવનીત તારવ્યું છે, તેમાંથી કચ્છની કેટલી દિવંગત પ્રતિભાઓની મિતાક્ષરી ઝલક અત્રે ઉપસાવી છે.

## મહાત્મા મેકણ દાદા (સં. ૧૭૨૩ – ૧૭૮૬)

વીતેલી સહસ્રાબ્દીના મહામાનવ તરીકે કચ્છના મહાન સંત મેકણદાદા પ્રથમ યાદ આવે. તેઓ સંત કબીરના સમકાલીન હતા અને પોતાના વાણીવિચારો થકી 'કચ્છના કબીર' તરીકે ઓળખાયા છે. કચ્છના ઈતિહાસમાં સંત, ભક્ત અને કવિના રૂપમાં મેકણનું સ્થાન અનન્ય છે. એમનો જન્મ સંવત ૧૭૨૩ના આસો સુદ દસમ અર્થાત્ દશેરાના દિવસે નખત્રાણા તાલુકાના ખોંભડી ગામે થયો હતો.

હિંગળાજ યાત્રા બાદ મહાત્મા મેકણે જંગી અને લોડાઈ પછી છેલ્લે ધ્રંગ મુકામે ધૂણો ચેતાવેલો. પોતાના બે મૂંગા સાથી લાલિયા-મોતિયા મારફતે એમણે રણના વટેમાર્ગુઓ માટે રોટલા-પાણીની ઉમદા સેવા કરેલી. સમકાલીન રાજવી દેશળજી પહેલાના તેઓ અધ્યાત્મ માર્ગદર્શક હતા. મેકણદાદા સંવત ૧૭૮૬ના આસો વદ ચૌદસના અગિયાર શિષ્યો સાથે ધ્રંગમાં સમાધિસ્થ થયા.

## શ્યામજી કૃષ્ણવર્મા (૧૮૫૭ – ૧૯૩૦)

ગુજરાતના ગૌરવસમા ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્મા દયાનંદ સરસ્વતીના માનસપુત્ર, સાવરકરના ગુરુ અને અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓના પથદર્શક હતા. એમનો જન્મ ૪થી ઓક્ટોબર, ૧૮૫૭ના રોજ માંડવી ખાતે થયો હતો. વિદેશી ભૂમિ પરથી ભારતના મુક્તિ સંગ્રામને બળ મળે તે માટે તિલકજીની પ્રેરણાથી ૧૮૯૭માં તેઓ ઈંગ્લેન્ડ ગયા.

ત્યાં એમણે 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' અખબાર, 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' સંસ્થા અને ક્રાંતિ-મથક 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના કરીને પરદેશમાં ક્રાંતિની મશાલ પ્રજ્વલિત રાખી હતી. ત્યાં લીંબડીના સરદારસિંહ રાણા, નવસારીના મેડમ ભિકાઇજી કામા અને કચ્છના શ્યામજી કૃષ્ણવર્માની ત્રિપુટીએ ભારતીય ક્રાંતિકારીઓને સંગઠિત કર્યા. પાછળથી ફ્રાન્સ અને જર્મની થઇ, છેલ્લે જીનિવા આવ્યા હતા. જ્યાં ૩૧મી માર્ચ, ૧૯૩૦ના રોજ અંતિમ શ્વાસ લીધા.

## મહારાવ ખેંગારજી ત્રીજા (૧૮૬૬ – ૧૯૪૨)

કચ્છની સાડા ચારસો વર્ષ લાંબી રાજાશાહી તવારીખમાં અઢાર રાજવીઓ થઈ ગયા. તેમાં ૧૬મા ક્રમના રાવ ખેંગારજી-ત્રીજાનો સમય કચ્છની રાજાશાહીનો સુવર્ણ યુગ ગણાય છે. વળી, કચ્છના સર્વે રાજવીઓમાં એમણે સૌથી લાંબું એટલે કે ૬૫ વર્ષનું શાસન ભોગવ્યું હતું! એમનો જન્મ ૧૮૬૬ એટલે કે સંવત ૧૯૨૨ના શ્રાવણ સુદ તેરસના થયેલો.

આધુનિક કચ્છના નિર્માણની શરૂઆત એમના સમયમાં થઈ. કચ્છમાં નૅરોગેજ રેલવે, પૂલો અને પાકી સડકો, તાર સંદેશા અને બસ વ્યવહાર, સિંચાઇ અને વનીકરણ, ગુજરાતી-સંસ્કૃત-અંગ્રેજી પુસ્તકો અને 'કચ્છ દરબારી ગેઝેટ'નું પ્રકાશન, જૂના કંડલા બંદર, ભુજ નગરસભા, કચ્છ મ્યુઝિયમ, કંડલા સોલ્ટ વર્કસની સ્થાપના વગેરે જેવા અનેક વિકાસકાર્યો થયા. અંગ્રેજ સરકારે એમને 'સવાઇ બહાદુર'નો ઇલકાબ આપ્યો હતો.

ખેંગારજી બાવાના સમયમાં મહેસૂલી આવક, સાક્ષરતા અને હુન્નર ઉદ્યોગોમાં વધારો થયો. ૧૯૦૦ના 'છપ્પનિયા દુકાળ' વખતે એમણે ખરા અર્થમાં પ્રજાપાલક રાજવીની ફરજો બજાવેલી. **એમના શાસનકાળમાં રાષ્ટ્રપિતા ગાંધીજી તથા બે વાઇસરોય લોર્ડ કર્ઝન અને લોર્ડ ઇરવિન કચ્છની મુલાકાતે આવેલા.** કચ્છના આ પ્રગતિશીલ શાસકનું ૧૫મી જાન્યુઆરી, ૧૯૪૨ના રોજ નિધન થયું.

## દુલેરાય કારાણી (૧૮૯૬ – ૧૯૮૯)

**જન્મ અને અવસાનની તારીખો સરખી હોય એવી વિરલ વ્યક્તિઓમાં દુલેરાય કારાણીનો પણ સમાવેશ થાય છે.** કચ્છમાં સાહિત્ય ક્ષેત્રે ગૌરવભર્યું સ્થાન ધરાવનાર દુલેરાય લાખાભાઈ કારાણીનો જન્મ ૨૬મી ફેબ્રુઆરી, ૧૮૯૬ના મુંદ્રા

મુકામે થયો હતો. કચ્છ, કાઠિયાવાડ અને સમગ્ર ગુજરાતમાં એમની ગણના એક પ્રતિષ્ઠિત લોકસાહિત્યકાર, ઋજુ હૃદયી કવિ અને ઇતિહાસ લેખક - સંશોધક તરીકે થઈ છે. તેઓ 'કચ્છના મેઘાણી'ની ઓળખ પામ્યા છે!

કચ્છરાજના સમયમાં એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર હતા ત્યારે ખાસ કરીને કચ્છનાં ગામડાંઓ ખૂંદીને એમણે લોકજીભે રમતી કચ્છ પ્રદેશની રસાળ લોકકથાઓ અક્ષરબધ્ધ અને ગ્રંથસ્થ કરીને કચ્છના લોકસાહિત્ય ક્ષેત્રે અમૂલ્ય સેવા કરી છે. કચ્છ કળાધર, કચ્છના સંતો અને કવિઓ, કચ્છની રસધાર, કચ્છી શબ્દકોશ જેવાં ઉત્તમ સર્જનો એમની પાસેથી મળ્યાં છે. તો, સિંધના સંત શાહ અબ્દુલલતીફ ભિટ્ટાઇના કાવ્યગ્રંથ 'શાહ જો રિસાલો'નો એમણે સરળ ગુજરાતી ગદ્ય રૂપાંતર આપ્યું છે. કારાણીબાપુનું તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના અવસાન થયું.

## જયકૃષ્ણ ઇન્દ્રજી ઠાકર (સં. ૧૯૦૫ – ૧૯૮૬)

દેશના વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજી ઠાકરનો જન્મ સંવત ૧૯૦૫ના આસો સુદ દસમ એટલે કે દશેરાના દિવસે લખપત ગામે થયો હતો. જાણીતા પુરાતત્ત્વવિદ્ ભગવાનલાલ ઇન્દ્રજીના સંપર્ક પછી તેઓ વનસ્પતિના શોખ તરફ વળ્યા. બરડા સહિત સૌરાષ્ટ્ર - કચ્છ વિસ્તારમાં આ દિશામાં ઘણું સંશોધન કાર્ય કર્યું. એમના સંશોધનોના નિચોડરૂપ અને જીવનના મહત્ત્વના પ્રદાન તરીકે એમણે **'વનસ્પતિ શાસ્ત્ર' નામે અદ્ભુત ગ્રંથ આપ્યો. જેમાં છસ્સોથી વધુ વનસ્પતિઓનાં વર્ણન અને ઉપયોગ દર્શાવાયા છે. ઉત્તરાર્ધે તેઓ કચ્છમાં વસ્યા અને 'કચ્છની જડીબુટ્ટીઓ' નામક ગ્રંથ લખ્યો.** સંવત ૧૯૮૬ના માગશર સુદ બીજના રોજ એમનું અવસાન થયું.

## ડૉ. જયંત ખત્રી (૧૯૦૯ – ૧૯૬૮)

ડૉ. જયંત ખત્રી કુશળ વાર્તાકાર - નાટ્ય લેખક, અચ્છા ચિત્રકાર અને ઉમદા તબીબ હતા. એમણે પોતાની વાર્તાઓમાં સમાજ જીવનનું વાસ્તવિક પ્રતિબિંબ ઝીલ્યું છે. ગુજરાતી સાહિત્યમાં જયંત ખત્રી અને બકુલેશની જોડી પ્રગતિશીલ લેખકો તરીકે જાણીતી હતી. ગુજરાતી નવલિકાને નવો વળાંક આપનારા ડૉ. જયંતભાઈ હીરજી ખત્રીનો જન્મ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૦૯ના રોજ માંડવી મુકામે થયેલો.

જયંતભાઈએ ફોરાં, ખરા બપોર અને વહેતા ઝરણાં નામે ત્રણ વાર્તા સંચયો અને 'મંગલ પાંડે' જેવું સશક્ત નાટક પણ આપ્યું છે. ૧૯૬૮-૬૯માં 'ખરા બપોર' સંગ્રહને 'ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક' મળેલું. એમની કેટલીક વાર્તાઓના ભારતીય અને વિદેશી ભાષાઓમાં અનુવાદ થયેલા છે. સાહિત્ય અને રંગભૂમિને નૂતન પ્રયોગશીલતા અર્પનાર જયંત ખત્રીનું ૬ઠ્ઠી જૂન, ૧૯૬૮ના રોજ અવસાન થયું. એમના પુત્ર કીર્તિભાઈ ખત્રી ભુજથી પ્રસિદ્ધ થતાં 'કચ્છમિત્ર' દૈનિકના તંત્રી અને કચ્છી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ રહ્યા હતા.

## કવિ 'નિરંજન' (૧૮૯૫ – ૧૯૬૪)

કચ્છની અસ્મિતાના પ્રતીક સમાન વતનપ્રેમના ગીત **'મુંજી માતૃભૂમિ કે નમન, આય વલો અસાંજો વતન...'**થી કયો કચ્છી માણસ અજાણ હશે?! સંપૂર્ણ કચ્છીયત પ્રગટાવતું આ સુપ્રસિદ્ધ કાવ્ય આપણા કવિ 'નિરંજન' ઉર્ફે મુરારજી લાલજી વ્યાસે લખ્યું છે, જેનો દેશ વિદેશની સાત ભાષાઓમાં અનુવાદ થયો છે! કચ્છી કાફીઓ પર એમનું સારું પ્રભુત્વ હતું.

કવિ નિરંજનનો જન્મ ૧૮૯૫માં માંડવીમાં થયો હતો. યુવાનીમાં તેર-ચૌદ વર્ષનો અજ્ઞાતવાસ ભોગવ્યા બાદ છેલ્લે તેઓ બિહારમાં સ્થાયી થયેલા અને મહાત્મા નિરંજન તરીકે વિખ્યાત થયેલા. સાહિત્ય ઉપરાંત આયુર્વેદ, જ્યોતિષ, તત્ત્વજ્ઞાન, યોગવિદ્યા એમના રસના વિષયો હતા. 'ભવાની શતક' એમની જાણીતી હિંદી રચના છે. કવિ નિરંજનનું ૧લી ડિસેમ્બર, ૧૯૬૪ના રોજ અવસાન થયું.

## વસંતરાય પટ્ટણી (૧૮૯૫ – ૧૯૬૫)

કચ્છ રાજ્ય વખતના સંન્નિષ્ઠ શિક્ષક અને કેળવણી નિરીક્ષક એવા વસંતરાય નરભેશંકર પટ્ટણીનો જન્મ ૧૫મી ઓગસ્ટ, ૧૮૯૫ના રોજ ભુજ ખાતે થયો હતો. માંડવીની જી.ટી., ભુજની ઑલ્ફ્રેડ અને અંજારની ડી.વી. હાઈસ્કૂલમાં સેવા આપ્યા બાદ તેઓ કેળવણી નિરીક્ષક બન્યા. સાથે કચ્છના રાજ પરિવારના ટ્યુટર તરીકે પણ કાર્ય કર્યું.

શિક્ષણ ઉપરાંત કચ્છમાં નવા વિકાસકામો, નાની બચત, મેડિકલ પ્રેક્ટિસ, ટેનિસ, રોટરી, ધાર્મિક - સામાજિક પ્રવૃત્તિઓ વગેરેમાં પણ સક્રિય રસ દાખવ્યો. વસંતભાઈનું નામ વિલિયમ્સ રશબ્રુકના ઐતિહાસિક પુસ્તક 'ધ બ્લેક હિલ્સ ઑફ કચ્છ'ના ગુજરાતી અનુવાદક તરીકે ખાસ જાણીતું છે. જેનો એમણે 'કારા ડુંગર કચ્છજા' (૧૯૬૩) શિર્ષકે સુંદર અનુવાદ કર્યો છે. પટ્ટણી સાહેબનું ૧૮મી ઓગસ્ટ, ૧૯૬૫ના રોજ અવસાન થયું.

## યુસુફ મહેરઅલી (૧૯૦૩ – ૧૯૫૦)

આઝાદી આંદોલન દરમિયાન કચ્છે જે સ્વાતંત્ર્યવીરો દેશને આપ્યા, તેમાં યુસુફ મહેરઅલી વિશિષ્ટ સ્થાન ધરાવે છે. મૂળે ભદ્રેશ્વરના વતની કેપ્ટન મહેરઅલી મુંબઇમાં મુક્તિ સંગ્રામના સેનાની હતા. એમનો જન્મ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૦૩ના રોજ થયો હતો.

૧૯૩૮માં તેઓ કચ્છી પ્રજાકીય પરિષદના છઠ્ઠા મુંદ્રા અધિવેશનના પ્રમુખ અને **૧૯૪૨માં મુંબઇના 'પ્રથમ કચ્છી મેયર' પણ બન્યા હતા.** એમના વખતમાં જ કચ્છમાં 'જવાબદાર રાજ્યતંત્ર'ની લડતના મંડાણ થયા હતા. ૧૯૨૮માં સાયમન કમિશન સામેના વિરોધ અને ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળમાં એમની સક્રિય ભૂમિકા રહી હતી.

દેશના ટોચના નેતાઓ સાથે ગિરફતારી વહોરી જેલવાસ ભોગવેલો. અનેક મંડળોના નેજા હેઠળ એમણે ક્રાંતિકારી યુવકોને તાલીમ આપી તૈયાર કરેલા. પરિષદ પ્રમુખ તરીકેના એમના ટૂંકા ગાળામાં કચ્છમાં પ્રજાકીય ચળવળને આકાર મળ્યો હતો. રાષ્ટ્રવાદી સેવક બિરાદર મહેરઅલીનું ૨જી જુલાઈ, ૧૯૫૦ના રોજ અવસાન થયું.

## જયરામદાસ નયગાંધી (સં. ૧૯૫૮ – ૨૦૩૦)

વ્યવસાયે એક વીમા એજન્ટ, છતાં કચ્છના ઈતિહાસ અને સાહિત્યમાં ઊંડો રસ લેનાર જયરામદાસ જેઠાભાઈ નયગાંધીનો જન્મ સંવત ૧૯૫૮માં અંજાર ખાતે થયો હતો. સરળ અને રોચક શૈલીમાં એમણે કચ્છના અતીત અને અર્થતંત્રને લગતા વૈવિધ્યસભર ગ્રંથો આપ્યા છે. તેમાં કચ્છી રસધાર, કચ્છનો બૃહદ્ ઈતિહાસ, કચ્છનું અર્થતંત્ર અને હૂંડિયામણ મુખ્ય છે. મેઘાણીની 'સૌરાષ્ટ્રની રસધાર' પરથી એમને 'કચ્છની રસધાર' માટે પ્રેરણા મળેલી.

નિરાડંબરી આલેખન અને અભ્યાસપૂર્ણ સચોટતા એમની વિશિષ્ટતા હતી. ઉક્ત ગ્રંથો ઉપરાંત એમણે કેટલીક ઐતિહાસિક નવલકથાઓ પણ લખી હતી. 'મેણાં માટે'માં લાખા ધુરારાની અને 'એક ધર્મયુદ્ધ'માં અબડા અડભંગની કથા નિરૂપી છે. કચ્છી લેખક શ્રી નયગાંધીનું સંવત ૨૦૩૦માં અવસાન થયું.

## ચંદ્રશંકર બુચ 'સુકાની' (૧૮૯૬ – ૧૯૫૮)

ગુજરાતી સાહિત્યમાં 'દરિયાઇ નવલકથા'નો પ્રકાર ખેડનારા લેખકો ઓછા છે. તેમાં વનુભાઇ પાંધી અને ગુણવંતરાય આચાર્ય ઉપરાંત 'સુકાની'એ પણ કચ્છના દરિયા ખેડૂઓની શૌર્યગાથાઓ આલેખી છે. ચંદ્રશંકર અમૃતલાલ બુચ ઉર્ફે 'સુકાની'નો જન્મ ૨૫મી સપ્ટેમ્બર, ૧૮૯૬ના રોજ મુંદ્રા ખાતે થયો હતો. બોમ્બે સ્ટીમ નેવિગેશન નામક જહાજી કંપનીમાં જોડાયેલા સુકાનીને કારકિર્દી અને સર્જન એમ બંનેમાં 'સાગર'નું સાંનિધ્ય સાંપડ્યું છે! પ્રારંભમાં એમણે **'કુમાર' માસિકમાં** શ્રેષ્ઠ સાગરકથાઓ રજૂ કરી હતી.

એમની દરિયાઈ નવલ કથાઓમાં દરિયાનો દાનવ, ધૂડાકિયો બાણ, દેવો ધાધલ, હડકવારી આઈ, સાગરવાનનું હૈયું, નાખવાનું ખમીર વગેરેનો સમાવેશ થાય છે. નૌકાયન વિદ્યા પરનું એમનું પુસ્તક 'મર્કેન્ટાઇલ મરિન એન્ડ સેઇલિંગ શિપ્સ' (વ્યાપારી વહાણવટું અને પ્રવાસી જહાજો) રાષ્ટ્રસંઘમાં પ્રમાણભૂત ગણાતું. 'સુકાની'નું ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૫૮ના રોજ અવસાન થયું.

## ગોકુલદાસ તેજપાલ (૧૮૨૨ – ૧૮૬૭)

ધંધા - વ્યવસાય અર્થે દેશ દેશાવર ખેડનાર કચ્છના ઘણા મહાનુભાવો ધન કમાવા સાથે ઉદાર સખાવતો થકી નામના પામ્યા છે, તેમાં કોઠારાવાળા શેઠ ગોકુલદાસ તેજપાલ પણ છે. બે ભાઈઓ નાનજી ખટાઉ અને તેજપાલ ખટાઉ મુંબઈ - મલબારમાં રૂનો વેપાર ખેડી આગળ વધેલા. ગોકુલદાસભાઈનો જન્મ ૧૧મી જૂન, ૧૮૨૨ના રોજ મુંબઈમાં થયેલો. પિતા અને કાકાના વારસા ઉપરાંત તેઓ ઈંગ્લેન્ડમાં રૂ ની નિકાસમાં ખૂબ કમાયા.

આ પરોપકારી પુરુષે પોતાની મિલ્કતો મુંબઇ - કચ્છમાં હાઈસ્કૂલો, દવાખાનાં, સંસ્કૃત પાઠશાળા, બોર્ડિંગો વગેરેની સ્થાપના અને નિભાવ પાછળ ખર્ચાય એવી વ્યવસ્થા કરી. પરિણામે મુંબઈમાં જી.ટી. બોર્ડિંગ, જી.ટી. હોસ્પિટલ, શિક્ષણ સંસ્થાઓ અને માંડવીમાં જી.ટી. હાઈસ્કૂલ અને બીજી સંસ્થાઓ ઊભી થઈ, જે આજે પણ સરસ રીતે ચાલે છે. મુંબઇની જી.ટી. બોર્ડિંગમાં રહીને **મોરારજીભાઈ દેસાઈ** સહિત ઘણા મહાનુભાવો અભ્યાસ કરી ગયા છે. શેઠ ગોકુલદાસ તેજપાલનું અવસાન ૧૯મી નવેમ્બર, ૧૮૬૭ના રોજ થયેલું.

## ગુલાબશંકર ધોળકિયા (૧૮૯૩ – ૧૯૭૨)

કચ્છના જાહેર જીવનના અગ્રણી અને પ્રખર ગાંધીવાદી એવા ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયાનો જન્મ ૨૫મી ડિસેમ્બર, ૧૮૯૩ના રોજ મુંદ્રા ખાતે થયો હતો. એમની પ્રારંભિક કારકિર્દીનો એક બનાવ યાદગાર છે. **૧૯૨૫માં ગાંધીજી કચ્છની મુલાકાતે આવ્યા હતા** ત્યારે હરિજનો સાથે હાજરી આપવા સબબ એમને 'નાત બહાર'ની સજા મળી હતી! કચ્છી પ્રજાકીય પરિષદનું ૭મું અધિવેશન (ભુજ - ૧૯૪૫) અને ૮મું અધિવેશન (કોડાય - ૧૯૪૮) ગુલાબભાઈના પ્રમુખપદે યોજાયું હતું. 'કચ્છ પ્રજામંડળ પત્રિકા'ના તેઓ તંત્રી હતા.

ગુલાબશંકરભાઈ સ્વાતંત્ર્ય સંગ્રામના અંતિમ અટપટા કાળથી સત્તાપલટા સુધીના સાક્ષી બનેલા. તેઓ ભારતની કામચલાઉ **સંસદમાં કચ્છના પહેલા પ્રતિનિધિ અને પ્રથમ લોકસભામાં કચ્છના બે પ્રતિનિધિઓ પૈકીના એક સભ્ય બન્યા હતા.** પછી ગુજરાત વિધાનસભામાં પણ ચૂંટાયા હતા. **૧૯૫૬માં અંજારના ધરતીકંપ અને ૧૯૬૮ના કચ્છ સત્યાગ્રહ વખતે** એમની સક્રિયતા સૌને સુવિદિત છે. શ્રી ધોળકિયાનું ૨૯મી જાન્યુઆરી, ૧૯૭૨ના રોજ અવસાન થયું.

## ઠાકરશીભાઈ કંસારા (૧૯૦૮ – ૧૯૯૬)

કચ્છના લેખકોમાં એક અચ્છા અભ્યાસી, સંશોધક અને ઐતિહાસિક નવલકથાકાર તરીકે અંજારના ઠાકરશીભાઈ પુરુષોત્તમ કંસારાનું નામ જાણીતું રહ્યું છે. એમનો જન્મ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૦૮ના રોજ મુંદ્રામાં થયેલો. આજીવન કારકિર્દી ન્યાયાધીશ તરીકેની, પણ રસરૂચિ લેખન-સંશોધનમાં વિકસતાં, ૧૯૨૫થી જ લખવાનું શરૂ કરેલું. સ્વદેશ, શારદા, રંગતરંગ, અખંડ આનંદ, પથિક, કચ્છમિત્ર, કચ્છ શક્તિ જેવાં અનેક સામયિકો - અખબારોમાં એમની વિવિધ પ્રકારની લેખન-સામગ્રી પ્રગટ થતી રહી. ઇતિહાસના ઘણા મુદ્દા પરત્વે એમણે આગવા કે ભિન્ન મત દર્શાવ્યા છે.

ઇતિહાસ એમનો પ્રિય વિષય હોતાં સંધ્યાના રંગ, ગુજરાતના સીમાડે, ઝારાનું યુદ્ધ જેવી ઐતિહાસિક નવલો અને ક્રાંતિની જ્યોત જેવી ઐતિહાસિક નાટ્યકૃતિ પણ તેમણે લખેલ છે. તો, 'કચ્છ : ઇતિહાસ અને સંસ્કૃતિ' જેવું અભ્યાસપૂર્ણ પુસ્તક આપ્યું. કચ્છના પારદર્શી અભ્યાસુ ઠાકરશીભાઈનું ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ અમદાવાદ મધ્યે અવસાન થયું. એમના પુત્ર હંસરાજભાઈ કંસારા 'કચ્છશ્રુતિ'ના મુખ્યતંત્રી તરીકે રહી ચૂક્યા છે. જ્યારે પૌત્ર શૈલેષભાઇ કંસારા 'કચ્છમિત્ર'ના મુદ્રક અને પ્રકાશકના પદે કાર્યરત છે.

## ભાઈપ્રતાપ ડિયલદાસ (૧૯૦૮ – ૧૯૬૭)

૧૯૪૭માં વિભાજનના પગલે સિંધીજનો જ્યાં સ્થાયી થયા તે ગાંધીધામ - આદિપુર સંકુલની સ્થાપનામાં અન્યો સાથે પ્રતાપરાય ડિયલદાસ નૈનવાણી મુખ્ય હતા, જેમને લોકો પ્રેમથી **'ભાઈપ્રતાપ'**ના નામે ઓળખે છે. એમનો જન્મ ૧૩મી એપ્રિલ, ૧૯૦૮ના હૈદ્રાબાદ - સિંધમાં થયો હતો. તેઓ યુવાનીમાં જ ગાંધીજીના સંપર્કથી દેશસેવામાં જોડાયા હતા. ૧૯૪૨ની ચળવળમાં ભૂગર્ભમાં પ્રવૃત્તિ ચલાવેલી.

૧૯૪૮માં ગાંધીજીનાં અસ્થિફુલ કંડલાના દરિયામાં વહાવી, એ મહાપુરુષની યાદમાં નિર્માણ પામનાર નગરનું નામ 'ગાંધીધામ' રખાયું. ભારતમાં અને વિદેશોમાં વસેલા સિંધી ભાઈઓને સસ્તાં મકાનો - દુકાનો અપાવ્યા. આધુનિક ગાંધીધામના નિર્માણ અર્થે સમયાંતરે સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન, ગાંધીધામ મૈત્રી મંડળ, ગાંધીધામ કો-ઓપરેટિવ બેંક, આદિપુરમાં નિર્વાસિતેશ્વર નટમંદિર, ગાંધીસ્મૃતિ વગેરેની સ્થાપના કરી. સિંધી પ્રજાના આ ઉમદા સમાજ સેવકનું ૨૯મી ઓગસ્ટ, ૧૯૬૭ના રોજ અવસાન થયું. ગાંધી સમાધિ પાસે એમનું સ્મારક રચવામાં આવ્યું છે.

***તો, વાચકમિત્રો, કચ્છના કેટલાક સદ્‌ગત મહાનુભાવોને યાદ કરવાનો આ એક આછેરો પ્રયાસ હતો. અખબારી પૃષ્ઠોની નિર્ધારીત જગ્યાની ફ્રેમમાં મર્યાદિત ચિત્ર મૂકી શકીએ એ સ્વાભાવિક છે. ફરી કોઈવાર આપણે આ માધ્યમના ઉપક્રમે વધુ વ્યક્તિ વિશેષોના પ્રેરણા-પીયૂષ પામીશું.***

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## કચ્છના વિકાસના કસબી : પ્રેમજીભાઈ ઠક્કર


(અનુસંધાન : પાના નં. – ૩૫ ઉપરથી ચાલુ)

**કંડલા ઔદ્યોગિક કોમ્પ્લેક્સના શ્રીગણેશ થયા.** કંડલા મહાબંદર જાહેર થયું અને ભુજથી દિલ્હી સુધીની મીટર ગેજ રેલવે શરૂ થઇ અને એમ કચ્છની વિકાસક્ષમતા વધતી ચાલી. તેમાં શ્રી પ્રેમજીભાઈનું અનેરું પ્રદાન...

૧૯૫૬માં બૃહદ્ મુંબઇ રાજ્યમાં કચ્છ વિલીન થઈ ગયું. કચ્છ રાજ્ય મટી કેવળ એક જિલ્લો બની ગયો. કદાચ તે વખતની મુંબઇ સ્થિત કચ્છી નેતાગીરીના સ્થાપિત હિતો અને સ્વાર્થના કારણે કચ્છે સહન કર્યું. ત્યારે પણ પ્રેમજીભાઈ કચ્છમાંથી બાંધકામ વિભાગના નાયબ મંત્રી તરીકે નિયુક્ત થયા હતા. હવે પ્રેમજીભાઈ માત્ર કચ્છના જ નહીં, પણ મુંબઈ રાજ્યના અગ્રણી બન્યા. ફરી ગુજરાતની રચના થતાં ગુજરાતના મંત્રી મંડળમાં મહેસૂલ, કાયદો, ન્યાયતંત્ર, બંદરો વગેરે વિભાગના મંત્રી રહ્યા. મંત્રી તરીકે તેમની પ્રશ્ન સમજવાની શક્તિ, તેના વ્યવહારુ ઉકેલ માટેની કોઠાસૂઝ અને શક્ય હોય ત્યાં સુધી બહુ ઓછાને શક્ય તેટલો ઓછો અન્યાય થાય તેવો આગવો અભિગમ — એ તેમનાં મંત્રી તરીકેનાં વિશિષ્ટ લક્ષણો હતા.

**મહેસૂલ મંત્રી તરીકે વલસાડની ઘાસિયા જમીન - પારડીનો ઐતિહાસિક પ્રશ્ન ઉકેલવામાં તેમણે દર્શાવેલી કુનેહને આજે સૌ કોઇ બિરદાવે છે.** મહેસૂલના અટપટા પ્રશ્નોના ઉકેલ માટે પંદર માસનો કાર્યક્રમ, ખેડૂત ખાતાવહી, કરજ મુક્તિ ઝુંબેશ જેવી ખેડૂત અને ખેતી વિકાસલક્ષી કાર્યવાહીને આજે પણ રેવન્યુ ડિપાર્ટમેન્ટના નિવૃત્ત અધિકારીઓ અને ગુજરાતની કિસાન જનતા આદરપૂર્વક યાદ કરે છે. દુષ્કાળમાં કચ્છથી વલસાડ સુધીનું ઢોરોનું સ્થળાંતર અને ગુજરાતમાં પડેલા દુષ્કાળો વખતે તેમણે પ્રસ્થાપિત કરેલી કાર્યરીતિ આજે પણ સહેજ ફેરફારો સાથે અમલમાં મૂકાઈ રહી છે.

૨૫ ડિસેમ્બર, ૧૯૭૬ — માધવસિંહ સોલંકીના મંત્રી મંડળની જાહેરાત વખતે છબીલદાસ મહેતા સાથે અમદાવાદના સરકીટ હાઉસમાં વાતચીત કરતા હતા... હૃદયરોગનો હુમલો અને કચ્છના રાજકારણના ભીષ્મ પિતામહની ચીર વિદાય. કચ્છમાં જન્મેલ આ સપૂત કચ્છની ધરતીમાં વિલીન... અનેકવિધ પ્રતિભા... શિક્ષક, ધારાશાસ્ત્રી, વહીવટકર્તા, મંત્રી. ■



કચ્છ

# કચ્છના વિકાસના કસબી : પ્રેમજીભાઈ ઠક્કર

મધુભાઈ પ્રા. ભટ્ટ

અસંભવ, અશક્ય... કોઈ એક વ્યક્તિ કાર્યદક્ષ પ્રખર ધારાશાસ્ત્રી, કાબેલ વહીવટકર્તા અને કાર્યદક્ષ મંત્રી હોઈ શકે જ નહીં... આ બધા વિશેષણો પરસ્પર વિરોધી છે, વિરોધાભાસી છે. કોઈ શિક્ષક રાજ્યનો કેબિનેટ મંત્રી બન્યો હોય તેવું ભાગ્યે જ બન્યું છે. કેબિનેટ મંત્રી હોય અને લોકપ્રિય હોય તથા અચ્છો વહીવટકર્તા હોય તેવું પણ ઓછું બનતું હોય છે. ખેડૂતો, માલધારીઓ, સમાજના નબળા વર્ગો, વ્યાપારીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ – સૌ જેને પોતાના આત્મીયજન ગણતા હોય તેવા રાજકારણીઓ પણ બહુ ઓછા હોય છે. સાહિત્યકારો, કલાકારો, કવિઓ, લોકગીત ગાયકો ઇત્યાદિ પોતાનાં સાહિત્યિક સમારંભોમાં જેમની હાજરી માટે તલસતા હોય તેવો સાહિત્યરસિક રાજકારણી પુરુષ પણ જવલ્લે જ જોવા મળે!!

આવા સૌ ઉન્નત ગુણો ધરાવતી વિવિધ પ્રતિભાસંપન્ન એક વ્યક્તિ ગુજરાતના મંત્રી મંડળમાં હતી... હા, હતી... આજે નથી. આ દુનિયામાં પણ આજે નથી. તે ચીરવિદાય લઈ ગઈ છે. છતાં આજે તેમને લાગણીપૂર્વક આદર સહ યાદ કરવાવાળા ઘણા છે. ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર ભારતમાં...

મારે તમારી કલ્પના શક્તિની કસોટી કરવી છે. વિચારો જોઈએ, કોણ છે એ વ્યક્તિ? હા, ગુજરાત અને બૃહદ્ મુંબઇ રાજ્યના મંત્રી મંડળમાં એ બહુવિધ પ્રતિભાસંપન્ન વ્યક્તિ રહી ચૂકી છે. તેમની બોલવાની આગવી રીત હતી. વાણીમાં મીઠાશ અને લહેકો હતો... તેમનો પોશાક નિશ્ચિત હતો... ખાદીનું ધોતિયું, ખાદીની કફની સાથે ખાદીની ટોપી અને ખાદીની કાળી કે સફેદ જાકીટ બંડી અને આંખે કાળાં ચશ્માં. બસ, મેં તો તેમનું સમગ્ર રેખાચિત્ર જ તમને દોરી બતાવ્યું... હવે તો તમે તેમને પિછાણી જ લીધા હશે. સાવ સાચા છો તમે. હા, એ જ એ જ... શ્રી પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કર.

જે વ્યક્તિ બાલ્યાવસ્થાથી જ સંઘર્ષમય જીવનની શરૂઆત કરતી હોય છે તેનું હૃદય અંતે કરુણાસભર અને મુલાયમ બનીજતું હોય છે. શ્રી પ્રેમજીભાઈએ માતા-પિતાનું સુખ બાળપણમાં ગુમાવ્યું અને ઉછેર થયો મોસાળે શેઠ કુટુંબમાં. પ્રાથમિક શિક્ષણ મુંદ્રામાં અને હાઈસ્કૂલ શિક્ષણ ભુજમાં પૂરું કર્યું. ઉપડ્યા ભાવનગર. દક્ષિણ મૂર્તિમાં તાલીમ લીધી. તે જમાનામાં નાનાભાઈ ભટ્ટ, ગીજુભાઈ બધેકા જેવા પ્રખર ગાંધીવાદી વિચારધારા અને નૂતન શિક્ષણ પ્રણાલીના પુરસ્કર્તાઓના સંપર્કમાં આવ્યા અને અંજારમાં કુમાર મંદિરની સ્થાપના કરી. **પ્રેમજીભાઈનાં પ્રવચનો જેમણે સાંભળ્યા છે, તેઓને ખબર છે કે વિચારનું સાતત્ય, તર્કબદ્ધતા અને અસર કરી જાય તેવી શૈલી, એ તેમના એક અચ્છા શિક્ષક તરીકેના સંસ્કારોમાંથી ઉતરી આવેલી કળા હતી. પાછળથી તેઓ સફળ વકીલ તરીકે તો ખૂબ જ પ્રસિધ્ધ થયા.** ન્યાયાધીશો તેમની તર્કસંગત દલીલો અને મુકદ્દમાની રજૂઆતના પ્રશંસક હતા.

કરાંચીમાં કાયદાનો અભ્યાસ કરવા ગયા ત્યારે રાષ્ટ્રીય ચળવળનો જુવાળ હતો. સાઈમન કમિશનનો બહિષ્કાર અને અંગ્રેજ સલ્તનત વિરુદ્ધનાં આંદોલનો શરૂ થઈ ચૂક્યા હતા. પ્રેમજીભાઈ કરાંચીમાં રાષ્ટ્રીય નેતાઓને સાંભળવા સભાઓમાં જાય અને ત્યારે એ સંવેદનશીલ કાયદાશાસ્ત્રીએ નક્કી કરી લીધું રાષ્ટ્રની આ ચળવળમાં જોડાઈ જવાનું... કચ્છ પાછા આવ્યા. તેમના મોસાળપક્ષે પુરુષોત્તમ શેઠ તુલસીદાસ શેઠ. ત્યારે બિરાદર યુસુફ મહેરઅલીની સમાજવાદી વિચારધારાના પુરસ્કર્તા હતા અને ચિત્તા સત્યાગ્રહ, રખાલ સત્યાગ્રહનું સંચાલન કરતા... પ્રેમજીભાઈ તેમની સાથે જોડાયા. કચ્છમાં જવાબદાર રાજ્ય તંત્રની ચળવળ શરૂ થઇ. પ્રેમજીભાઈ તેના અગ્રેસર બન્યા. કચ્છ આઝાદી બાદ 'ક' વર્ગનું રાજ્ય બન્યું ત્યારે પ્રેમજીભાઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ કચ્છ જિલ્લામાં પક્ષનું સંગઠન વ્યવસ્થિત કરવા કન્વીનર તરીકે નિયુક્ત કર્યા અને એમ કચ્છમાં પ્રજાકીય પરિષદ કચ્છ કોંગ્રેસમાં રૂપાંતર પામી. **સંગઠન અને નેતૃત્વના ભારોભાર ગુણોના કારણે પ્રેમજીભાઈ કચ્છના એક અગ્રગણ્ય આગેવાન પુરવાર થયા.**

ત્યાર પછી તો કચ્છના 'ક' વર્ગના શાસન દરમિયાન ૧૯૫૨માં કચ્છના ચીફ કમિશનરની એડવાઇઝરી કાઉન્સિલમાં એડવાઇઝર બન્યા. કચ્છના 'ક' વર્ગના રાજ્ય માટે આજે પણ કચ્છમાંથી માંગણી થતી રહી છે તેનું કારણ એ જ કે 'ક' વર્ગના રાજ્યમાં પ્રથમ અને બીજી પંચવર્ષીય યોજનાનું ઘડતર અને અમલીકરણ થયું. જમીન મહેસૂલના કેટલાય પ્રગતિશીલ ધારાઓનો અમલ થયો. સામૂહિક વિકાસ કાર્યક્રમ હેઠળ કચ્છનાં ગામડાંઓ વિકાસ પ્રવૃત્તિથી ધમધમતાં થયાં. **ગાંધીધામ -**

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૪ ઉપર)

કચ્છ

# સંસ્કૃતિનો વારસો : ધોળાવીરા (કચ્છ)



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, કચ્છના ખરેખર જોવાલાયક અને માણવાલાયક એક શહેરની મારે વાત કરવી છે. દેશ દુનિયા અને કચ્છ યુનિવર્સિટીના અનેક સંશોધકોના સંશોધન માટે આ પ્રિય શહેર છે. ભુજથી લગભગ ૨૦૦ કિ.મી. ઉત્તરમાં ખડીરબેટ આવેલો છે. આ જ બેટ પર ધોળાવીરા ગામ વસ્યું છે. સ્થાનિક લોકો ધોળાવીરને કોટડો કે કોટડા ટીંબા તરીકે ઓળખે છે. મૂળ તો આ સ્થળ ધોળાવીરા ગામની નજીક આવેલું હોવાને કારણે તેનું નામ ધોળાવીરા પડી ગયું છે.

**૧૯૬૭-૬૮ના અરસામાં ભારતીય પુરાતત્ત્વવિદ જગતપતિ જોશીએ** આ સ્થળની મુલાકાત લઈ પ્રથમ વખત તેની માહિતી જાહેર કરી હતી. મોંહે-જો-દડો અને હડપ્પામાં કાચી પાકી ઈંટો દ્વારા બાંધકામ કરવામાં આવેલું છે. જ્યારે આ ધોળાવીરામાં લગભગ ચોરસ અને લંબચોરસ પથ્થરોથી બાંધકામ થયું છે અને પથ્થરો થોડેક છેટે બાજુની ખાણોમાંથી કાઢેલા છે. ધોળાવીરામાં નગરની ચારેબાજુ દીવાલ આવેલી છે. ૪૭ હેક્ટર (૧૨૦ એકર) ચતુર્થાંશ શહેર, બે મોસમી સ્ટ્રીમ્સ, ઉત્તરમાં માનસાર અને દક્ષિણમાં મનહર વચ્ચે આવેલું છે. આ સાઈટ સી ૨૬૫૦ બી.સી. સુધી ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે આશરે ૨૧૦૦ બી.સી. પછી ધીમે ધીમે ઉપયોગ ઘટતા, ટૂંકમાં તે સ્થળ છોડી દેવામાં આવ્યું હતું અને ત્યારબાદ ૧૫૦૫૦ બી.સી. સુધી ફરીથી ઉપયોગમાં લેવામાં આવ્યું હતું.

ધોળાવીરા નગર મુખ્ય ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યું છે : (૧) રાજાનો / શાસક અધિકારીનો રાજમહેલ કે જે ઊંચાઈવાળી જગ્યા પર છે. તેની ચારેબાજુથી મજબૂત કિલ્લેબંધી કરવામાં આવી હતી. આ કિલ્લામાં ચાર દરવાજા હતા. (૨) અન્ય અધિકારીઓના આવાસ, કે જેના ફરતે પણ રક્ષણાત્મક દીવાલ હતી અને બેથી પાંચ ઓરડાવાળા મકાન હતા. (૩) સામાન્ય નગરજનોના આવાસ હાથે ઘડેલી ઈંટોના બનાવેલા હતા. **આ નગરમાં મોતી બનાવવાનું મોટું કારખાનું મળી આવ્યું છે. અહીંથી પ્રાપ્ત થયેલા અવશેષોમાં તાંબુ ગાળવાની ભઠ્ઠીઓ મળી આવી હતી.** આજે અહીં પ્રવાસીઓ માટે રહેવા જમવા ઉતારાની સગવડો નથી, રસ્તા પણ નથી અને જે તે લોકો આરામથી અહીં કોઈ પણ રેતી સંશોધનના નામે કિંમતી કચ્છી ખડકો, પથ્થરો અને વિવિધ પુરાતત્ત્વ ચીજો લઈને જાય છે. એટલે કોઈ રખેવાળી નથી, જે એક ચિંતા કરાવે છે. સરકારે આ બાબતે ખાસ વિચારવું જોઈએ તેવો તમામ કચ્છીઓનો મત છે. કચ્છના કોઈ પણ સામાન્ય ગામ જેવું જ ભાસતું આ ગામ એક અસામાન્ય ઈતિહાસ ધરબીને બેઠું છે. **ગામથી એકાદ કિલોમીટર દૂર ઉત્તર તરફ જઇએ તો 'કોટડા ટીંબા' વિસ્તાર આવે છે. બસ, આ જ વિસ્તાર ગામને અસામાન્ય બનાવે છે. અહીં જ પાંચ હજાર વર્ષ પહેલાં** એ સમયની આધુનિક સંસ્કૃતિનું નગર ધોળાવીરા ધમધમતું હતું. આઈ.આઈ.ટી. ગાંધીનગર અને આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા હાલમાં જ કરાયેલા એક સંશોધનમાં જાણવા મળ્યું હતું કે **આ 'પુરાતત્ત્વિય શહેર'માં પાંચ હજાર વર્ષ પહેલાં પાણીનું અદ્‌ભુત વ્યવસ્થાપન કરાયું હતું.** અહીં સંશોધકો વડે ગ્રાઉન્ડ પેનિટ્રેટિંગ રડાર (જી.પી.આર.) દ્વારા જમીન સ્કેન કરવામાં આવી. આ જ સ્કેનિંગ થકી જાણવા મળ્યું કે એ સમયે પણ શહેરમાં ડેમ, નહેર, જળાશયો, વાવ, કૂવા જેવી જડબેસલાક અને અફલાતુન વ્યવસ્થા ઊભી કરાઈ હતી. સિંધુ ખીણની સંસ્કૃતિ 'મોડર્ન ટાઉન પ્લાનિંગ' માટે જાણીતી હતી. આ સંસ્કૃતિનાં શહેરો એમના મકાનો, સ્થાપત્યો, જાહેર સ્થળો, ગટર વ્યવસ્થા માટે આજે પણ આદર્શ માનવામાં આવે છે. વજન નિયમન, માપ, સિરેમિક, કળા અને કૌશલ્યોમાં સિંધુ ખીણની સંસ્કૃતિએ ભારે મહારત હાંસલ કરી લીધી હતી. રણમાં વસેલું હોવા છતાં ધોળાવીરા સિંધુ સંસ્કૃતિનું મહાનગર હતું અને અત્યંત સમૃદ્ધ હતું. રણને કારણે ઊભી થયેલી પાણીની અછતને પહોંચી વળવા એ સમયે સિંધુ ખીણની સંસ્કૃતિનું ઇજનેરી કસબ કામે લગાડવામાં આવ્યું હતું. ડેક્કન કોલેજ ઓફ આર્કિયોલોજીના વાઈસ ચાન્સેલર **પ્રોફેસર વસંત શિંદે** આ અંગે જણાવ્યું કે, સિંધુ ખીણની સંસ્કૃતિના લોકોએ કચ્છના રણમાં એ સમયનું આધુનિક શહેર વસાવ્યું હતું. તેઓ ઉમેરે છે, એ લોકો માટે ધોળાવીરાનું વેપારી મહત્ત્વ હતું કારણકે ધોળાવીરા એક આંતરરાષ્ટ્રીય બંદરની ગરજ સારતું હતું. પ્રોફેસરના મતે ધોળાવીરા વસાવતા પહેલાં ત્યાં સર્વે કરાયો હતો. ધોળાવીરાનું ભૌગોલિક સ્થાન એને વેપારી બંદર તરીકે વિકસાવી શકે એમ હતું. જો કે, મુશ્કેલી એ હતી કે સ્થળની ચારેય તરફ રણ આવેલું હતું. જોકે, સિંધુ ખીણના લોકોએ આ મુશ્કેલીઓનો

પણ ઉકેલ શોધી લીધો હતો. ધોળાવીરાની બંને તરફ **મનસર** અને **મનહર** નામની મોસમી નદીઓ આવેલી છે. ચોમાસા દરમિયાન જ આ નદીઓમાં પાણી રહે છે. એટલે એ લોકોએ આ જ પાણીને શહેરમાં વાળવાનો ઉપાય કર્યો. તેમણે બંને નદીઓ પર અલગ અલગ સ્થળોએ ચેકડેમ બનાવ્યા અને ચોમાસામાં જ્યારે જ્યારે તેમાં પાણી કે પૂર આવ્યું, એ તમામ પાણી એમણે શહેરમાં વાળી લીધું.

આ પાણીના સંગ્રહ માટે શહેરમાં ભૂગર્ભ ટાંકીઓ બનાવાઇ અને અન્ડરગ્રાઉન્ડ વોટર ટર્નલ થકી તેમણે આ ત્રણેય ટાંકીઓને જોડી દીધી. અને એ રીતે તેમણે પાણીની સમસ્યાને દૂર કરી લીધી. આવી રીતે સિંધુ ખીણના લોકો રણમાં પણ સમૃદ્ધિ તાણી લાવ્યા. **જો આ 'હડપ્પન ટેકનિક'નો ઉપયોગ કરવામાં આવે તો કચ્છના રણને હરિયાળું બનાવી શકાય એમ છે.** આજથી લગભગ પાંચેક હજાર વર્ષ પહેલાં વિશ્વમાં ત્રણ મુખ્ય સંસ્કૃતિઓ અસ્તિત્વ ધરાવતી હતી. નાઇલ નદીના કિનારે પ્રાચીન મિસરની સંસ્કૃતિએ આલીશાન નગરો અને ભવનો બનાવ્યા હતા. પશ્ચિમ અને મધ્ય-પૂર્વ એશિયામાં ટાઇગ્રિસ-યુક્રેટિસ નદીના કિનારે મેસેપોટેમિયાની સંસ્કૃતિ વિકસી હતી. એ જ વખતે સિંધુ નદીના કિનારે પણ એક સંસ્કૃતિ વિકસી. જેને એ સમયની સૌથી આધુનિક અને શહેરી સંસ્કૃતિ ગણવામાં આવી. હાલના ભારતના પશ્ચિમમાં અને પાકિસ્તાનના પૂર્વમાં સિંધુ નદીના કિનારે સંસ્કૃતિ વિકસેલી હોવાને કારણે તેને સિંધુ ખીણની સંસ્કૃતિ તરીકે પણ ઓળખવામાં આવી. પાકિસ્તાનમાં આવેલું હડપ્પા આ સંસ્કૃતિનું મહત્ત્વનું કેન્દ્ર હોવાને કારણે તે **'હડપ્પન સંસ્કૃતિ'** તરીકે પણ જાણીતું છે. સિંધુ ખીણની આ સંસ્કૃતિના મૂળ ઉત્તરમાં છેક અફઘાનિસ્તાન સુધી અને દક્ષિણમાં છેક ગુજરાત સુધી વિસ્તર્યાં હતા. હડપ્પા, ગનેરીવાલા, મોહેં-જો-દડો, ધોળાવીરા, કાળીબંગળ, રાખીગઢી, રૂપર અને લોથલ એ આ સંસ્કૃતિનાં મહત્ત્વના શહેરો હતા.

કચ્છમાં આવેલું ધોળાવીરા અને અમદાવાદ નજીક આવેલું લોથલ ગુજરાતમાં આવેલી સિંધુ ખીણની સંસ્કૃતિની પુરાતત્ત્વિય સાઇટ્સ છે. આ સંસ્કૃતિને ભારતીય સંસ્કૃતિનો પાયો ગણે છે. ભારતનું આજનું જીવન એ જ સંસ્કૃતિના પાયા પર રચાયેલું છે. 'આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા' સિંધુ ખીણની સંસ્કૃતિનો સમયગાળો ઇ.સ. પૂર્વે ૧૫૦૦થી ઇ.સ. પૂર્વે ૩ હજાર વર્ષ સુધીનો ગણે છે. જોકે, કેટલાક સંશોધકો સિંધુ ખીણની સંસ્કૃતિને આથી પણ વધુ પ્રાચીન ગણાવે છે. 'ઇન્ડસ વેલી સિવિલાઇઝેશન' નામના પુસ્તકના લેખક ડૉ. સમર કંદુના મતે ૬ હજાર વર્ષ પહેલાં આ સંસ્કૃતિની શરૂઆત થઈ હતી. 'રાખીગઢી અને અન્ય સાઇટ્સ પર હાલમાં જ થયેલા ઉત્ખનન દરમિયાન એવા સંકેતો મળ્યા હતા કે સિંધુ ખીણની સંસ્કૃતિનું પતન કઈ રીતે થયું એ અંગે પણ મતમતાંતર પ્રવર્તે છે. એક મત એવો છે કે આર્યોના ભારતમાં આગમને સિંધુ ખીણની સંસ્કૃતિનો નાશ કર્યો. બ્રિટીશ આર્મિ ઓફિસર અને આર્કિયોલોજિસ્ટ સર રોબર્ટ એરિક માર્ટીમર વ્હીલરનો દાવો હતો કે મધ્ય એશિયામાંથી ઉતરી આવેલા આર્યોના ધાડાંએ આ સંસ્કૃતિનો નાશ કર્યો હતો. જોકે, પ્રોફેસર શિંદે જણાવે છે કે, જળવાયુ પરિવર્તનને કારણે આ સંસ્કૃતિનું પતન થયું હતું. એ વખતે માત્ર દક્ષિણ એશિયામાં જ નહીં, પણ વિશ્વ આખામાં જળવાયું પરિવર્તન અનુભવાયું હતું. મિસર અને મેસેપોટેમિયાની સંસ્કૃતિના વળતા પાણી પણ આ જ કારણે થયા હતા. **સિંધુ ખીણની સંસ્કૃતિના બેકગ્રાઉન્ડ પર બનેલી 'મોંહે-જો-દડો' ફિલ્મમાં આ સંસ્કૃતિના વિનાશનું કારણ જળને ગણાવાયું છે.** 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓસનોગ્રાફી' આ સંસ્કૃતિનું પતન પાણીને કારણે થયું હોવાના સંકેત આપે છે. ઇન્સ્ટિટ્યૂટના સંશોધનમાં એવા સંકેતો મળ્યા છે કે કચ્છના દરિયાકાંઠે આવેલી ભયાનક ત્સુનામીએ ધોળાવીરાનો ભોગ લઇ લીધો હશે. આમ, આવા ઐતિહાસિક શહેરનો જો યોગ્ય વિકાસ થાય, યોગ્ય દેખરેખ થાય તો જરૂર ધોળાવીરા એક ઐતિહાસિક શહેર જોવા, જાણવા અને માણવાલાયક છે. સાચે જ 'કચ્છ નહીં દેખા, તો કુછ નહીં દેખા.'

***સંદર્ભ : ધોળાવીરા ઉપર સંશોધન કરનાર વૈજ્ઞાનિકો - લેખકોના વિવિધ અખબારી લેખ, સ્થાનિક સમાચાર પત્રો અને વિકિપીડિયા***

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## વિજય વિલાસ પેલેસ : માંડવી

**(અંતર : માંડવીથી ૮ કિ.મી., ભુજથી ૬૮ કિ.મી.)**

કાઠડા ગામે કચ્છના મહારાવ શ્રી વિજયરાજજીએ ઇ.સ. ૧૯૨૯માં હવાફેર માટે મહેલ બનાવ્યો છે. આ મહેલ શિલ્પ સ્થાપત્યની દૃષ્ટિએ ઉત્તમ છે. રાજસ્થાનના પીળા પથ્થર તેમજ ઉપરનાં ગુંબજની કોતરણી ખરેખર અતિ સુંદર છે. અંદરના ભાગમાં આરસનાં ફરસ તથા દીવાલો પર વેલબુટ્ટાનું કામ અદ્‌ભુત છે. આ મહેલમાં દીવાનખંડ, ડાઇનિંગ રૂમ, ગેસ્ટ માટેના રૂમો, લાઇબ્રેરી વગેરે આવેલ છે. ડાઇનિંગ રૂમમાં પિત્તળનાં પાઈપનો ઘંટ આવેલ છે. જેના મધુર નાદથી ભોજન માટે રાજકુટુંબના સદસ્યોને બોલાવવામાં આવતા. ઇટાલી તથા ફ્રાન્સથી આયાત કરેલ અદ્‌ભુત ફર્નિચર્સ અહીં જોવા મળે છે. મહેલ ઉપરથી દેખાતો દરિયો રમણીય લાગે છે. દરિયામાં નાહવા માટે પેલેસની પાછળનો ભાગ સારો છે.

કચ્છ

# કચ્છ પ્રદેશની પહેચાન : પ્રશંસનીય પ્રવાસન ક્ષેત્ર



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

આ સમગ્ર સૃષ્ટિના ભૂપૃષ્ઠ પર એક દૃષ્ટિપાત કરીએ તો ગુજરાત રાજ્યના વિસ્તારની દૃષ્ટિએ પ્રથમ આવતા કચ્છ જિલ્લાની ભોમકા અવશ્ય ભાતીગળ હોવાની કબૂલાત કરવી પડશે. જ્યાં રણ, ડુંગરા અને મહેરામણનો ત્રિવેણી સંગમ સવિશેષ અચરજ પમાડી, આકર્ષે છે.

કચ્છ જિલ્લાની વિશેષતાઓ અગણિત છે. દેશના કેટલાક રાજ્યો કરતાં મોટો જિલ્લો, વિશિષ્ટ પ્રકારનું સફેદ મીઠાચ્છાદિત રણ, માછીમારોને અઢળક સંપત્તિ અપાવતું જખૌ બંદર; હિંદુ, બૌદ્ધ, જૈન, મુસ્લિમ સૌને સાચવતો પ્રદેશ; ભીંત ચિત્રો, ચિત્રકળા, હુન્નર ઉદ્યોગનો પ્રદેશ, વિવિધ હાથવણાટ, હસ્તકલાનો પ્રદેશ, લોક ડાયરાઓની કળા જીવંત રાખનારો આ પ્રદેશ. લાખોની સંખ્યામાં ફ્લેમિંગોને મહેમાન બનાવતો પ્રદેશ, ભારતની હજારો વર્ષ પુરાણી પ્રાચીન સંસ્કૃતિને ઉજાગર કરતો ધોળાવીરાનો પ્રદેશ, ભીષણ ભૂકંપોમાં અવારનવાર તારાજ થયેલો, છતાં હિંમત - શૌર્યથી, આત્મબળથી કુદરત સામે બાથ ભીડતા કચ્છના શૂરવીર માનવીઓ!

ભૂકંપ બાદ રણોત્સવને કારણે કચ્છ પ્રવાસન ક્ષેત્રે વિકાસ સાધી રહ્યું છે. વિશ્વના પ્રવાસન નકશામાં શિરમોર બનવા પામ્યું છે. કચ્છ સમક્ષ પિસ્તાળીસ હજાર ચો.કિ.મી. વિસ્તાર છે. કચ્છ એક સરહદી સીમા વિસ્તાર છે. પરિણામે સંરક્ષણની મજબૂત હરોળ સ્થાપિત થયેલ છે. ખાસ તો બોર્ડર સિક્યોરિટી ફોર્સની અદ્‌ભુત ચાંપતી નજર ઘૂસણખોરો પર રહી છે. ભૂકંપ બાદ ઔદ્યોગિક ક્ષેત્ર - રોજગારી ક્ષેત્ર વિકસતું રહ્યું છે. વસતી ૨૧ લાખને પાર પહોંચી ગઈ છે.

કચ્છ રાજ્યની જૂની રાજધાની જિલ્લાનું વડું મથક ૫૮૦ ફૂટ ભુજિયા ડુંગરની તળેટીમાં વસેલું શહેર ભુજ દર્શનીય છે. અત્રે રાજવી કચેરી - નિવાસ સ્થાન, પ્રાગમહેલ - આઇના મહેલ જોવાલાયક છે. રાણી મહેલ, ટીલામેડી, સુંદર ટાવર દરબારગઢ, નગારખાના જોવાલાયક છે. પ્રાગમહેલ સ્થિત રાજવીની કચેરી બેનમૂન છે.

ભુજમાં મહાદેવ નાકા બહાર કચ્છ મ્યુઝિયમમાં પુરાતન હુન્નર ઉદ્યોગ, ચિત્રો, વિવિધ પોષાકો, પ્રાચીન સિક્કા, હથિયારો જળવાયેલા છે. કચ્છના સાંસ્કૃતિક વારસા સમા મહારાવશ્રી લખપતજીની છતરડી શિલ્પ સ્થાપત્યનું વારસ કહી શકાય. ભુજના હૃદયસમું હમીરસર તળાવ, તેની વચ્ચે રાજેન્દ્રપાર્ક, જે લાખોટા બાગ તરીકે ઓળખાય છે. આ બધું માણવા લાયક છે. કચ્છના ક્રોમવેલ તરીકે જાણીતા જમાદાર ફતેહમામદના ખોરડા, તેની બાજુએ નાનીબા પાઠશાળા, ઈ.સ. ૧૯૨૫માં પૂજ્ય મહાત્મા ગાંધીજી ભુજ પધાર્યા તે સમયે તેમનો ઉતારો દર્શનીય છે. મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજાએ બંધાવેલો શરદબાગ ભવ્ય છે. બોટેનિકલ ગાર્ડન સુંદર છે. પીળા કલરનો મહારાવશ્રીનો બંગલો આંખ આંજે તેવો રમણીય છે.

ભુજમાં પાંચ નાકા હતા : સરપટ ગેઇટ, પાટવાડી નાકું, મહાદેવનું નાકુ, વાણિયાવાડ તથા ભીડનું નાકુ અને છઠ્ઠી બારી. રાત્રે ૯ બાદ નાકા બંધ થઇ જતા, મળસ્કે પાંચ વાગે ખૂલતા. એ રાજાશાહીનો સમય હતો. ભૂકંપ બાદ શ્રી નરનારાયણ દેવ નૂતન મંદિર પ્રસ્થાપિત થયું. બાગ-બગીચાઓ, શ્રીજી મહારાજની પ્રસાદીની ચીજવસ્તુઓનું મ્યુઝિયમ, વિશાળ સભામંડપ, સંતો ભક્તોના નિવાસ સ્થાન, અન્ય મંદિરો વગેરે આલીશાન છે.

**કચ્છના કુળદેવી માતા આશાપુરાજીનું વિશાળ ભવ્ય મંદિર નવરાત્રિમાં ભક્તોથી ધમધમે છે.** રાજવી પરિવાર અવારનવાર અત્રે દર્શન કરવા પધારે છે. કલ્યાણેશ્વર મંદિર, સત્ય નારાયણ મંદિર પાછળ રામકુંડ પુરાતન છે. **કેરામાં પ્રાચીન શિલ્પ સ્થાપત્યોથી ખંડિત કેરાનું શિવાલય લગભગ ૧૨૦૦ વર્ષ જૂનું છે.** કેરા મધ્યે ખોજાઓના પીર ગુલામ અલી શાહની વિશાળ દરગાહ તથા કપિલમુનિ આશ્રમ જોવાલાયક છે.

કચ્છના મોટા રણમાં અન્ન પાણી વિના ભટકતા લોકોને સહાયભૂત થનાર દાદા મેકરણનું સમાધિ સ્થળ ધ્રંગ ગામે પ્રસિધ્ધ છે. આહીર ભરત માટે જાણીતું ગામ હબાય - જ્યાં અખૂટ પાણીનો ઝરો તથા માતાજીનું મંદિર છે. આ ઉપરાંત કોટાય ગામમાં સોલંકી યુગ પહેલાનું સૂર્ય મંદિર - શિવમંદિર છે.

**અંદાજે ૧૫૫૨ ફૂટ ઊંચાઈ પર, જ્યાં દત્તાત્રય ગુરૂના પગલાં છે, તે કાળો ડુંગર પ્રવાસીઓને આકર્ષે છે.** ડુંગર

પરથી અફાટ રણ મહેરામણ, સીમા દળની ચોકીઓ, વનસૃષ્ટિ, વનરાજીના દર્શન થાય છે. પુરાતત્ત્વના અવશેષો પણ જોવા મળે છે. ભુજની ઉત્તર સરહદ કાળા ડુંગર નજીક વિવિધ પ્રકારના ભરતકામ, ચર્મકામ, પશુપાલન માટે પ્રખ્યાત ખાવડા ગામ આવેલું છે. ઝુરા ગામ ઘંટડી, થરકી, ચર્મકલા માટે પ્રસિદ્ધ છે. સુમરાસર, ગોરેવાલી વાંઢાય પણ હસ્તકલા, આભલા ભરત માટે; ભીરંડિયારા મીઠા માવા માટે જાણીતા છે. ભુજ તાલુકામાં સામત્રા પાસે ચાવડા રખાલના તળાવમાં મગર જોવા મળે છે તથા વિવિધ પક્ષીઓને નીરખી શકાય છે. **ધમડકા ગામ અજરખ પ્રિન્ટ માટે જાણીતું છે.** કચ્છના મોટા રણમાં મુસ્લિમ સૂફી સંત અલી અકબરશા ઝકરીયા **"હાજી પીર"** તરીકે જાણીતા છે. ગૌધનની રક્ષા માટે શહીદ થયેલા. ચૈત્ર માસમાં અહીં મોટો મેળો ભરાય છે. ઠેકઠેકાણેથી શ્રદ્ધાળુઓ પગપાળા અત્રે આવે છે. માતાના મઢની જેમ હાજીપીરના પદયાત્રીઓ માટે રસ્તાઓ પર અનેક કેમ્પો યોજાય છે. શ્રદ્ધાળુઓમાં તો હિંદુ-મુસ્લિમ બંને કોમોના લોકો સહભાગી થાય છે.

જૈનોનું સુપ્રસિદ્ધ મંદિર વસઇ - ભદ્રેશ્વરમાં છે. સુંદર કલાત્મક તીર્થસ્થાન છે. જે મુંદ્રા તાલુકામાં આવેલું છે. સુંદર કલાત્મક હવેલીઓ, બાંધણીકામ, અદાણી પોર્ટ માટે મુંદ્રા જાણીતું છે. તાલુકાના રતાડિયાનું શિવ મંદિર પ્રાચીન છે.

અબડાસા તાલુકામાં નલિયા ગામે ઍરફોર્સ સ્ટેશન, જૈન દેરાસર નજીક ચિંકારા અભયારણ્ય, તેરા, અબડાપીર, કોઠારા, જખૌ ગામો તથા પિંગલેશ્વર મહાદેવ અને સાગરકાંઠો સુંદર છે.

કચ્છનું પુરાતન બંદર જે વ્યાપાર ઉદ્યોગથી ધમધમતું, તે માંડવીનો બીચ, વિજય વિલાસ પેલેસ લોકોને ખૂબ જ આકર્ષે છે. શ્યામજી કૃષ્ણવર્માનું સ્મારક તથા સ્વામિનારાયણ ભગવાનની માનુષી લીલા સમયના સ્થળો પ્રસાદીની ડંકી, ખૈયા ખત્રીનું મકાન, મંદિરના દર્શને લોકો પ્રવાસીઓ ઉમટતા જ રહે છે. ધ્રબુડીનો દરિયા કિનારો, આસર માતા, રાયણ ગામો પ્રખ્યાત છે. કોડાયના બૌંત્તેર જિનાલય, વીરાયતન વિદ્યાપીઠ કેમ ભૂલાય?

જેના સ્નાન વિના તીર્થયાત્રા અધૂરી રહે તેવું મહાતીર્થ નારાયણ સરોવર તથા કચ્છના કુળદેવી માતા આશાપુરાજી, કોટેશ્વરજી લખપત તાલુકાના અત્યંત દર્શનીય સ્થાનો છે. તટરક્ષક સીમા દળ કોટેશ્વર સરહદે સાબદા છે, તો લખપત બંદર પર ચાંપતું પેટ્રોલિંગ થઈ રહ્યું છે.

કચ્છમાં બીજા નંબરની ઊંચાઈ ધરાવતો રળિયામણો ડુંગર ધીણોધર નખત્રાણા તાલુકામાં છે. નાથ સંપ્રદાયના દાદા ધોરમનાથનો ધૂણો, ગુરૂઓની સમાધિઓ – આ સ્થળ લગભગ ૧૨૦૦ વર્ષ જૂનું મનાય છે. આ ઉપરાંત પુંઅરેશ્વર મહાદેવ, વડી મેડી, પધ્ધરગઢ, જખ બૌંતેરા, રોહા સુમરી કિલ્લો, પિંચોણી મહાદેવ, છારી ઢંઢની મુલાકાતે અનેક પ્રવાસીઓ આવતા જ રહે છે.

સૂડી-ચપ્પા, અજરખ બાંધણી તથા જેસલ તોરલની સમાધિ સ્થાન માટે કચ્છનું અંજાર શહેર ખૂબ જ જાણીતું રહ્યું છે. કચ્છનું આ જૂનું રાજકીય મથક ગણાય છે. જોગણીનાર માતાનું મંદિર સુવિખ્યાત છે.

કંડલા ભારતનું મહાબંદર છે. ગાંધીધામ તાલુકાના આદિપુર મધ્યે પૂજ્ય બાપુની સમાધિ છે. ભૂકંપ બાદ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના કારણે અનેક ઉદ્યોગો અત્રે પ્રસ્થાપિત થયા છે. નિંગાળ પક્ષી નિરીક્ષણ માટે ઉત્તમ સ્થળ છે. અત્રે તળાવ ઘણું સુંદર છે. અંતરજાળમાં પાતળિયા હનુમાનનું સુપ્રસિદ્ધ મંદિર છે.

**લગભગ ૮૦૦ વર્ષ જૂનું પુરાણું સ્થાપત્ય કચ્છના ભચાઉ તાલુકાના કંથકોટમાંના કિલ્લામાં નિહાળી શકાય છે. સામખિયાળી કચ્છનું પ્રવેશદ્વાર છે.** કિલ્લામાં પ્રાચીન સૂર્ય મંદિર છે. રાપર તાલુકાનું ચિંતામણિ જૈન મંદિર, માતા રવેચીનું મંદિર આસ્થાના પ્રતીકો છે. આ ઉપરાંત આડેસર, ફતેહગઢ, એકલમાતા, નાંદા બેટ, ત્રંબૌ, મોમાય મોરામાં કચ્છી પહેરવેશ, આભૂષણો, ભૂંગા સંસ્કૃતિ નજરે ચઢે છે. પાંચ હજાર વર્ષ પુરાણી સંસ્કૃતિના દર્શન કરાવે છે – ધોળાવીરા.


## કચ્છનું પ્રાચીન પવિત્ર સરોવર નારાયણ સરોવર તથા પ્રાચીન યાત્રાધામ કોટેશ્વર

આ લોકમાં ચાર ધામની યાત્રા ભાગ્યશાળી જીવાત્માઓ જ પૂર્ણ કરી શકે છે. શાસ્ત્રો વર્ણવે છે તે મુજબ નારાયણ સરોવરની યાત્રા અંતિમ તબક્કે કરવાથી ચારધામ યાત્રાનું પુણ્ય પૂર્ણપણે પ્રાપ્ત થાય છે. ગુજરાત રાજ્યનો કચ્છ જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ મોટો જિલ્લો છે. આ જિલ્લાના લખપત તાલુકામાં હિંદુઓના મોટા તીર્થ સ્થાનો આવેલા છે નારાયણ સરોવર તથા કોટેશ્વર.

ભાગવતમાં ઉલ્લેખાયેલું છે તે મુજબ **ભારતમાં પાંચ પવિત્ર સરોવરોમાંનું નારાયણ સરોવર એક છે.** જેનો અર્થ વિષ્ણુનું સરોવર એવો થાય છે. અહીં સિંધુ નદીનો સાગરથી સંગમ થાય છે. એ સંગમ તટ પર જ આ સરોવર છે. અનેક મહાન સંતો, વિદેશી યાત્રિકો, મહામંડલેશ્વરો, અનેક યુનિવર્સિટીના રીસર્ચ સ્કોલરોએ આ દિવ્ય, ભવ્ય, પવિત્ર વિસ્તારોની મુલાકાત લઈ નિજ જાતને ધન્યતા અર્પી છે.

આદિ શંકરાચાર્યજી પણ અત્રે પધારેલા. ચીની મુસાફર હ્યુએન સંગે અત્રેની મુલાકાત લીધાનું વર્ણન પોતાના પુસ્તક

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૧ ઉપર)



કચ્છ

# કચ્છે કબીરવડનો છાયો ખોયો



હરેશ ધોળકિયા

શ્રી કાંતિસેન શ્રોફ 'કાકા'એ વિદાય લીધી. સહજ ઘટના હોવા છતાં માની નથી શકાતું કે કાકા વિનાનું કચ્છ હોઈ શકે. છેલ્લા પાંચ દાયકાથી કચ્છ અને કાકા જાણે પર્યાય બની ગયા હતા. કાકા કચ્છના વિકાસ માટે જાણે એક સમાંતર સરકાર હતા. સમગ્ર કચ્છના લોકો કચ્છના વિકાસ માટે જેટલું વિચારતા હતા, તેટલું કાકા એકલા વિચારતા હતા. છેલ્લા પાંચ દાયકામાં કચ્છના ગામડાંઓનો જે કંઇ વિકાસ થયો છે તેના પર ક્યાંક ને ક્યાંક કાકાનો અદૃશ્ય હાથ ફર્યો છે. તેમનામાં શક્તિ હતી ત્યાં સુધી – કદાચ છેલ્લા શ્વાસ સુધી – તે પળેપળ કચ્છના વિકાસનું વિચારતા રહ્યા. કાકા, કચ્છનો જાણે કબીરવડ હતા, જેની છાયા નીચે રહેલા કચ્છીઓને શાંતિ અને શ્રધ્ધા હતા કે ક્યાંય જરૂર પડશે તો કાકા હાજર છે! ખબર પડશે કે દોડી આવશે. છેલ્લા થોડા સમયથી શારીરિક રીતે નિવૃત્ત હતા, પણ પોતાના રૂમમાં બેઠે બેઠે કચ્છ પર તેમની નજર સતત ફરતી હતી, તેના સાક્ષી અમે અનેક લોકો છીએ.

કાકા એક ઉત્તમ કુટુંબનું સંતાન. માતા-પિતા, ભાઈઓ બધા જ મૂલ્યનિષ્ઠ લોકો. બાળપણથી તાલીમ જ એ મળી કે હાથ માત્ર આપવા માટે જ લંબાય. એટલે તેમની 'એક્સેલ' ઉદ્યોગ સંસ્થા પણ સમાજને ખૂબ આપે. મોટાભાઈ રામકૃષ્ણ મિશનમાં સાધુ થયા. એટલે સમજણ આવી ત્યારથી રામકૃષ્ણ - વિવેકાનંદ વિચારના પ્રભાવમાં આવ્યા. આ પ્રભાવ ખૂબ જ ઊંડો પડ્યો જેનો પણ સમાજને પુષ્કળ લાભ મળતો રહ્યો. સમય જતાં ગાંધી - વિનોબાનો પ્રભાવ તેમાં ઉમેરાયો. વિનોબાએ તેમને કહ્યું કે, સમાજને મહાજનો જ સાચવે. તમે મહાજન છો, સમાજને સાચવો. માત્ર આ એક વાક્યે તેમણે કચ્છને જાણે દત્તક લઈ લીધું. પછીનાં બધા જ વર્ષો કચ્છના મહાજન બની રહ્યા.

છેલ્લા પાંચ દાયકામાં તેમણે કચ્છમાં જે કાર્યો કર્યા તેની માત્ર યાદી જોઈએ તો માની પણ ન શકીએ કે એક વ્યક્તિ આટલા બધા કામો કરી શકે! વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, શ્રુજન, એગ્રોસેલ, લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર, એગ્રોસેલનો ઉદ્યોગ, અભિયાન સંસ્થા... – આ બધાનું કચ્છના સંદર્ભમાં પ્રદાન તપાસીએ તો ચકિત જ થઇ જવાય. આ બધા પાછળ વિઝન કાકાનું. વાવાઝોડું અને ભૂકંપ દરમિયાન અભિયાને જે અદ્ભુત કાર્યો કર્યા, તેમાં કાકાના વિઝનનો બહુ મોટો ફાળો! કચ્છની ખેતી, પાણી, શિક્ષણ, હસ્તકળાઓ, સાહિત્ય, ગ્રામ વિકાસનાં અનેક કાર્યો, રૂકમાવતી નદીનો વિકાસ જેવાં અનેક કાર્યો કાકાના માર્ગદર્શન હેઠળ થયા અને તે કાર્યોએ કચ્છને પ્રગતિશીલ બનાવવામાં પાયાનો ફાળો આપ્યો. **કાકાની સંસ્થાઓએ શીખવ્યું કે સ્વૈચ્છિક સંસ્થા તરીકે કેમ ઉત્તમ રીતે લાંબાગાળાના અને ટકાઉ કામ કરી શકાય છે. તેમની સંસ્થાઓ બીજી સ્વૈચ્છિક સંસ્થાઓ માટે રોલ મોડેલ બની ગઈ. અરે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ તેમનું માર્ગદર્શન લેતી. વિઝનની મદદથી કામ કરનારા માટે કાકા જાણે મેનેજમેન્ટની ઇન્સ્ટિટ્યૂટ જેવું કામ કરતા હતા. કાકા પોતે જ હરતીફરતી યુનિવર્સિટી હતા.** તેમના પાસે થોડી ક્ષણો પણ બેસનારને વતન પ્રેમ, નિષ્કામ અને સેવાભાવે કામ કરવાની રીત, વિઝન કેમ શીખાય, કાર્યકરો કેમ તૈયાર કરાય...આ બધાનું જાણે અવૈધિક શિક્ષણ મળી રહેતું હતું. કચ્છનો એક પણ એવો મુદ્દો ન હતો, જેના વિશે કાકાએ વિચાર ન કર્યો હોય અને તેના પર કામ ન કર્યું હોય.

કાકા પાસે બેસવું એક લહાવો જ નહીં, એક જીવંત સત્સંગ હતો. તેમના પાસે માત્ર ઊભો એટલે તેમના હાથમાં અદ્યતન પુસ્તક દેખાય. વિશ્વની છેલ્લામાં છેલ્લી માહિતી તેમના હોઠ પર હાજર હોય. આ પુસ્તકો પાછા તે તેમના પાસે બેસનારને ફરજિયાત વંચાવે. એટલું જ નહીં, વાંચીને તેમને સાર પણ કહેવો પડે. આ પુસ્તકોમાંથી કઈ બાબત કચ્છના વિકાસ માટે ઉપયોગી થઈ શકે તે પણ કહેવું પડે. બધી બાબતોની તે એટલા ઊંડાણથી ચર્ચા કરે કે સામી વ્યક્તિ ન ઇચ્છે તો પણ એ વિષય પર થોડી ઘણી જાણકાર બની જાય. તેમની પાસે ક્યારેય કોઈ વ્યર્થ વાત ન હોય. માત્ર ગપ્પાં મારવાં કોઈ કાકા પાસે બેસવાની હિંમત ન કરે. કાકા પાસે માત્ર વિકાસની જ વાતો હોય. ખૂણામાં બેઠેલા અંતિમ માણસનો કેમ વિકાસ થાય તે જ તેમના ચિંતનનો વિષય.

અને એમ પણ ન માનવું કે કાકા પાસે કેવળ બીજા પાસેથી કામ કેમ કઢાવવુ એ જ વાત હતી. ના, આ સાથે તે સામી વ્યક્તિ પર જે અકારણ પિતૃવત પ્રેમ ઢોળે, વ્યક્તિ ગદગદ થઈ જાય. કાકા જાણે વિશ્વસ્વરુપ હતા. તેમના માટે બધી જ વ્યક્તિઓ

પ્રેમ ઢોળવાનું માધ્યમ હતી. કાકા જાણે પ્રેમનો અનર્ગળ કુંભ હતા. જે પણ સામે આવે તેના પર સતત પ્રેમ વરસ્યા જ કરે. કબીર કહે છે ને કે, **"પારસ કે સંગ લોહા બીગડા, બીગડ બીગડ કે કંચન ભયા,"** તેમ કાકાનો જેને પણ સ્પર્શ થયો તે ધન્ય થઈ જાય. સમગ્ર કચ્છે આ પ્રેમનો લહાવો લીધો છે. કાકા અને કાકી હકીકતે સમગ્ર કચ્છના કાકા-કાકી બની રહ્યા. પેલા કવિ કહે છે ને કે, "રામબાણ વાગ્યાં હોય તે જાણે", તેમ તેમની પાસે આવનાર પણ બોલી ઉઠે કે, "કાકાનો પ્રેમ માણ્યો હોય તે જ જાણે."

અને કાકાની પ્રતિભા! બહારથી સીધાસાદા લાગે. તેની પાસે બેસનારને પુષ્કળ સવાલો પૂછે. જેથી પેલી વ્યક્તિ ભ્રમમાં પડી જાય કે કાકા ખાસ જાણતા નથી. પણ કાકાની એ જ ખૂબી હતી. તે જ્ઞાનપીપાસુ હતા. બધા પાસેથી મધમાખીની જેમ જ્ઞાન મેળવતા અને વહેંચતા. મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટો તેમને સાંભળવા ઝંખતી. **અરે, રાષ્ટ્રપતિ કલામે પણ તેમના વિઝનને અને તેમણે કરેલ પ્રયોગોને જાણવા તીવ્ર ઉત્સુકતા પ્રગટ કરેલી તે નજરોનજર જોયું છે.** શ્રુજન દરરોજ તેમની પાસેથી જ્ઞાન મેળવનારાઓથી ઉભરાતું જોયું છે અને છતાં પોતે હંમેશ સહજ, સરળ, સાદા! વિરાટ વ્યક્તિત્વ, છતાં ભાગ્યે જ વ્યક્ત થાય. સામાને જ મહત્ત્વ આપી મોટા કરે.

સદ્ભાગ્યે, કાકાએ પોતાની બે પેઢીને પણ એ જ રીતે મૂલ્યનિષ્ઠ તૈયાર કરી છે. એટલે વિઝન અને આપવાની પરંપરા ચાલુ રહી છે.

કાકાની વિદાયનો અફસોસ એટલા માટે છે કે આમ પણ કચ્છની ચિંતા કરનારાની ખૂબ અછત છે. તેમાં કાકા જેવા પળેપળ કચ્છની ચિંતા કરનારા ચાલ્યા જાય, ત્યારે જે ભયાનક અવકાશ પેદા થશે તે અસહ્ય હશે. કચ્છ અનાથ થઇ ગયું છે એમ કહેવું જરા પણ અતિશયોક્તિ નથી. કચ્છે કબીરવડનો છાયો ખોયો છે. ચારેબાજુ સ્વાર્થ, લાલચ, ભ્રષ્ટાચાર વગેરેનો નગ્ન નાચ ચાલી રહ્યો છે, ત્યારે એકમાત્ર કાકાની હાજરી એવી હતી જ્યાં આ બધાનો અભાવ હતો અને કેવળ પ્રેમ, કેવળ વિકાસની જ ચર્ચા, વ્યક્તિના દૈવત્વના વિકાસની જ અનુભૂતિ થતી હતી.

**કાકાને તો એક જ સાચી અંજલિ આપી શકાય : તેમના જેવો જ કચ્છ પ્રત્યે સક્રિય પ્રેમ કેળવવો અને રાતદિવસ અહર્નિશ કચ્છના વિકાસ માટે મથવું.** કાકાનો પચીસથી વધારે વર્ષ પુષ્કળ સત્સંગ અને સ્નેહ માણનાર એક સદ્ભાગીની તેમને સમગ્ર કચ્છ વતી ભાવભરી અંજલિ અને હાર્દિક વંદન. ■

---

## કચ્છ પ્રદેશની પહેચાન : પ્રશંસનીય પ્રવાસન ક્ષેત્ર

**(અનુસંધાન : પાના નં. – ૩૯ ઉપરથી ચાલુ)**


"સીયુકી"માં કરેલું છે. શ્રીમદ્ ભાગવતમાં ઉલ્લેખ છે તે મુજબ મહારાજા પૃથુની ત્રીજી પેઢીમાં રાજા બર્હિષ થઈ ગયા. તેના પુત્ર દસપ ચેત એ પુત્ર પ્રાપ્તિ માટે તપસ્યા કરવાનો નિર્ણય કર્યો અને નારાયણ સરોવર પહોંચ્યા. અહીં તેમના પર પ્રસન્ન થઇ ભગવાન શિવજીએ રૂદ્રગાન સંભળાવ્યું અને મનોકામના પૂર્ણ થવાના શુભાશીર્વાદ પાઠવ્યા. કાળક્રમે તેમને ત્યાં દક્ષ પ્રજાપતિનો જન્મ થયો. અત્રે પિતૃઓના તર્પણ અર્થે લોકો આવે છે. શ્રાદ્ધવિધિ માટે આવતા રહે છે. શ્રીમદ્ ભાગવતના ચોથા સ્કંધમાં આ હકીકત સામેલ છે. અત્રે આદિ નારાયણનું પ્રાચીન અને ભવ્ય મંદિર તથા ત્રિવિક્રમરાયજી, ગોવર્ધનનાથજી, રણછોડરાયજી તથા લક્ષ્મીજીના મંદિરો છે.

કોટેશ્વરની કથા રાવણથી શરૂ થાય છે. **કોટેશ્વર, કચ્છની પાકિસ્તાન સાથેની જળ સીમાનું અંતિમ સ્થાન છે.** પ્રાચીન કાળમાં રાવણની કઠોર તપસ્યાથી પ્રસન્ન થઇ ભગવાન શિવજીએ પોતાનું આત્મલિંગ રાવણને આપ્યું. રાવણ પોતાની રાજધાની લંકામાં તેને સ્થાપિત કરવા માંગતો હતો. પરંતુ અડધા રસ્તે જ તેનાથી તે જમીન પર મૂકાઈ ગયું અને એક સમાન, એક હજાર લિંગ બની જવા પામ્યા. રાવણ ભ્રમિત થઇ ગયો. તે લિંગને લંકા ન લઇ જઈ શક્યો અને શિવજી અહીં જ સ્થાપિત થઈ ગયા.

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી ૧૬મી શતાબ્દિમાં આ સ્થળે પધારેલા. રામાયણ તથા શિવ પુરાણમાં પણ આ સ્થળનો ઉલ્લેખ મળે છે. શિલાલેખ મુજબ મંદિરનું નિર્માણ ૨૦૦ વર્ષ પૂર્વે વિક્રમ સંવત ૧૮૭૭માં કરવામાં આવ્યું. અત્રે યાત્રાળુઓ, પર્યટકો સતત આવતા જ રહે છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના યાત્રિકો, કે જેઓ ચારધામ કે બે ધામ કે પછી પંચતીર્થિમાં યાત્રાએ હોય, તેઓ સૌ દર્શને પધારે છે.

**આ વિસ્તામાં કચ્છના કુળદેવી માતા આશાપુરાજીનું સ્થાન "માતાનો મઢ" સુવિખ્યાત છે.** આસો નવરાત્રિમાં ભારતના અનેક સ્થળોએથી કોઈ પદયાત્રીઓ તો કોઈ સાઇકલ સવારો, મા ના દર્શને પધારે છે. રસ્તામાં યાત્રિકો માટે ખાવા-પીવા, નહાવા ધોવા, માલીશ કે પગચંપીની સેવાઓ અનેક સેવકો કરે છે. કેમ્પોમાં સુંદર સગવડો હોય છે. સ્પેશિઅલ બસો, ટેક્સિઓ દોડે છે. અત્રે ભોજન વ્યવસ્થા, ઉતારાઓની ખૂબ સારી વ્યવસ્થા છે. કુદરતી આપત્તિઓ વાવાઝોડાં, સૂકા દુષ્કાળો, ભૂકંપ આદિમાં અત્રે રક્ષા થયેલી છે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*



કચ્છ

# કચ્છનું હજારો વર્ષ પુરાણું વૃક્ષ



જસ્મીન દેસાઇ 'દર્પણ'

કચ્છમાં ભુજથી માંડવી જતા ગોડપરની એક વાડીમાં આજથી આશરે બે હજાર વર્ષો પૂર્વનું ઘેઘૂર વૃક્ષ આજે પણ નિહાળવા મળે છે. આ વૃક્ષ કુદરતી પાણી થકી ટકી રહ્યું છે. આ વૃક્ષ વિશે ઈતિહાસકાર **શ્રી નરેશભાઈ અંતાણીના મતે** નાથ સંપ્રદાયના ગોરખનાથજીએ આ વૃક્ષ નીચે સેંકડો વર્ષ પહેલાં તપશ્ચર્યા કરી હતી અને પોતાના શિષ્યોને આધ્યાત્મિક અને માનવ મૂલ્યોનું શિક્ષણ આપેલું. આથી આ વૃક્ષનું નામ ગોરખઆંબલી પડેલું અને આજે પણ એ નામથી જ પ્રખ્યાત છે. ગોરખનાથજીના શિષ્યો આ વૃક્ષની પૂજા કરે છે. આ ગોરખઆંબલીનો ઘેરાવો ૬૫ ફીટનો છે અને ખૂબ જ ઘેઘૂર અને લીલુંછમ છે.

આ વૃક્ષની છાલનો ઉકાળો પિત્ત, તાવ, મરડો, અપચો, ઝાડા, લૂ વગેરે મટાડવામાં થાય છે. તેના પાન પણ આરોગ્યની રીતે ઉપયોગી છે. તો વળી આ વૃક્ષમાંથી ગુંદ નીકળે છે, એ પણ ઉપયોગી છે. તેના ફૂલ-પાન પશુઓના ચારા માટે પણ વપરાય છે. આવી ગોરખઆંબલીનું વૃક્ષ શંકુ આકારનું હોય છે. વળી થડ ખૂબ જ મોટું હોય છે. ડાળીઓ વિશેષ જાડી હોય છે. તેના પાન પાંચ-પાંચના હોય છે. એટલે કે જેમ બીલીપત્ર ત્રિપત્રી હોય છે, એમ આના આખા પાન પાંચ પત્રી છે. શિયાળામાં પાન ખરી જાય છે. જેઠ મહિને ફરી નવપલ્લવિત થઇ જાય છે. વસંત ઋતુમાં સફેદ ફૂલોથી આ વૃક્ષ શણગાર સજે છે. શ્રાવણ - ભાદરવામાં તેના ફૂલોમાંથી સંતરા જેવી સુગંધ આવે છે. તેને દૂધી જેવા લાંબા ફળ આવે છે. તે બહુ ખાટા હોય છે. એટલે આ એક આંબલી પ્રકારનું વૃક્ષ કહેવાય છે અને ગોરખનાથજીના નામે તે ગોરખઆંબલી કહેવાયું.

આ પ્રકારનાં વૃક્ષો ગણી જગ્યાએ જોવા મળે છે. **તેના થડને કોરીને તેમાં લૂંટારાઓ સંતાઈ જતા હોય છે. આફ્રિકામાં કેટલીક જાતિના લોકો તેમાં મૃતદેહ મૂકે છે.** ત્યાં આ પ્રકારના વૃક્ષની છાલ અને ફળને તેલમાં ઉકાળીને સાબુ બનાવવામાં આવે છે.

એવું કહેવાય છે કે બ્રિટીશ સરકારના જમાનામાં ભારતને મધ્ય એશિયા સાથે જોડતાં વર્ષો જૂના ગ્રાન્ડ ટ્રન્ક રોડ ઉપર આ પ્રકારનાં અનેક વૃક્ષો હતા, જે ગુનેગારી રોકવા, એ સરકારે ઉખાડી નાખ્યા હતા.


**ભુજના રણજિત મહેલમાં આજે પણ આવા વૃક્ષો છે.**

*'નીલયમ', એસ.બી.એસ. સોસાયટી,*
*સહકારનગર મેઇન રોડ, મહિલા કૉલેજ પાસે, રૈયા રોડ,*
*રાજકોટ. ● મો. ૯૪૨૮૩ ૪૯૮૧૨*

## ભદ્રેશ્વર (કચ્છ)

*(અંતર : મુંદ્રાથી ૩૦ કિ.મી., ભુજથી ૭૫ કિ.મી.)*

કચ્છી સ્થાપત્ય અને નકશીકામથી સભર ગુજરાતભરમાં જૈન લોકોનું જાણીતું તીર્થધામ એટલે વસઇ તીર્થ (ભદ્રેશ્વર). આજથી ૧૬૦૪ વર્ષ પૂર્વ સંવત ૪૪૮માં પુરાણ પ્રસિદ્ધ અને સમૃદ્ધ ભદ્રાવતી નગરી હતી. ભગવાન મહાવીરના નિર્વાણ બાદ ૨૨ વર્ષ એટલે કે ૨૪૯૪ વર્ષ પહેલાં ભદ્રાવતીના રાજા સિદ્ધસેનની સહાનુભૂતિ અને સહાયથી દેવેન્દ્ર નામક શ્રાવકે આ જૈન મંદિર બંધાવ્યું હતું. આ તીર્થધામનો નવ વખત જીર્ણોદ્ધાર થયેલ છે. આ ભદ્રાવતી નગરને ફરતે કિલ્લો હતો. જેનાં અવશેષો આજે પણ જોવા મળે છે. આ જિનાલયની રચના ભવ્ય અને ખૂબી ભરેલી છે. મંદિરની અંદર પરસાળમાં આરસ પર મહાવીર સ્વામીનાં જીવન ચરિત્રના સુંદર કોતરકામ કરેલાં ચિત્રો કંડારેલ છે. બાવન તીર્થંકરોનાં દહેરાં અને ૨૧૮ સ્તંભ પર ચણાયેલ આ મંદિર જૈન સમાજના સહકારથી ખૂબ વિકાસ પામેલ છે. મંદિરની બાજુમાં દુડાશાની પુરાણી ચાર મજલાની સેલોર વાવ તથા શાહ જગડુશાહનો મહેલ પુરાતત્ત્વીય રીતે સમૃદ્ધ છે. આ બંને જગ્યાએ જો ખોદકામ થાય તો ઇતિહાસીન ખૂટતી કડી મળવા સંભવ છે. વસઇ તીર્થમાં રહેવા તથા જમવાની સગવડ છે. અહીંથી ૫ કિ.મી. દૂર ચોખંડા મહાદેવ અને તેની બાજુનો દરિયો જોવાલાયક છે. ચોખંડા મંદિરના પ્રાંગણમાં સોલંકીકાળનો એક શિલાલેખ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.



કચ્છ

# આફ્રિકામાં કચ્છનું વ્યાપારી સામ્રાજ્ય સ્થાપનાર સાહસિક વેપારીઓ

ડૉ. મકરંદ મહેતા

• **આફ્રિકાના ચલણમાં ગુજરાતી ભાષા :**

ગુજરાતે હજારો વર્ષથી અહિંસા અને સહિષ્ણુતાને આધારે દરિયાઈ સંસ્કૃતિ ખીલવી હોવા છતાં આપણે તેને વિશે સભાન નથી. આજે **જયરામ શિવજી** (૧૭૯૩ – ૧૮૬૭) અને એમની વ્યાપારી અને બેન્કિંગ પેઢીના એક્ઝિક્યુટિવ મેનેજર **લધા દામજી**નું (૧૭૯૯ – ૧૮૭૧) નામ પણ કોઈએ નહીં સાંભળ્યું હોય.

પરંતુ યાદ રહે કે **રણછોડલાલ છોટાલાલ, જમશેદજી તાતા, કસ્તુરભાઈ લાલભાઈ** અને **અંબાલાલ સારાભાઈ** જેવા મુંબઈ-અમદાવાદમાં મોટા ઉદ્યોગપતિઓનો જન્મ પણ થયો નહોતો ત્યારે ઝાંઝીબાર ટાપુ અને પૂર્વ આફ્રિકાનાં કીલ્વા, મલીન્દી, મોગાદીસુ, દારેસલામ, મોમ્બાસા, નૈરોબી, પેમ્બા અને લાપુ જેવા પૂર્વ આફ્રિકાના બંદરોમાં કચ્છી ભાટીયા, લોહાણાની વસાહતો વસાવનાર મુંદ્રા બંદરમાં જન્મેલા ઉપરોક્ત ભાટિયા સાહસિકો હતા.

તેઓ સ્વાહિલી, અરબી અને અંગ્રેજી ભાષાઓ શીખ્યા અને એ પ્રદેશને વિકસાવ્યો. એમણે પૂર્વ આફ્રિકામાં લવિંગની ખેતી કરીને આરબ શાસકો પાસેથી કસ્ટમ્સની મોનોપોલી સ્થાપીને તથા તેને અનુરૂપ તળપદી બેન્કિંગ સિસ્ટમ વિકસાવી. આ ઉપરાંત તેમણે હાથી દાંતનો આંતરરાષ્ટ્રીય વેપાર કરીને ઝાંઝીબાર અને પૂર્વ આફ્રિકામાં એવો તો દાબ બેસાડ્યો કે પૂર્વ આફ્રિકાની ૨૦ શિલિંગની પ્રોમિસરી નોટ ઉપર અરબી અને અંગ્રેજી ઉપરાંત “૨૦ શિલિંગ” એમ ગુજરાતી ભાષામાં છપાતું હતું! **ગુજરાતના ઇતિહાસની આ વિરલ ઘટના છે.**

વળી બીજી મહત્ત્વની વાત એ છે કે જોન હેનિંગ સ્પેક (૧૮૨૭-૧૮૬૪), રીચાર્ડ બર્ટન (૧૮૨૦-૧૮૯૦) અને હેન્રી સ્ટેનલી (૧૮૪૧-૧૯૦૧) જેવા યુરોપિયન શોધકો જ્યારે નાઈલ નદીનું મૂળ તેમજ વિક્ટોરીયા ન્યાન્ઝા જેવા અજાણ્યા સરોવરો શોધવા તેમનાં કાફલા સાથે નીકળી પડ્યા ત્યારે તેમને નાણાં ધીરનાર બીજો કોઈ અંગ્રેજ, ફ્રેન્ચ કે આરબ વેપારી નહીં પણ આ બે ભાટિયા બેન્કરો હતા અને તેમણે ઉદાર હાથે ભૌગોલિક શોધખોળ માટે રકમ ધીરી હતી.

એમણે કચ્છી - ગુજરાતી વહાણવટાને હિંદી મહાસાગરમાં ઘૂમી વળીને વિશ્વમાં ગુજરાતનું નામ રોશન કર્યું હતું. જયરામ શિવજી તેમના મૃત્યુનાં માત્ર બે વર્ષ પહેલાં એમના વતન મુંદ્રા પાછા ફર્યા અને ત્યાં ગુજરી ગયા. ઝાંઝીબાર અને પૂર્વ આફ્રિકાનાં બંદરો અસલથી “કાલીય દ્વીપ” ઓળખાતા હતા. લધા દામજી ઝાંઝીબારમાં એકલા અટૂલા ગુજરી ગયા હતા. તેથી એમની કથા ખરેખર સાગરપારની ગુજરાતી વસાહતની શૌર્યગાથા છે. **હારુન અહમદ** નામના એક વસાહતીએ સાચું જ લખ્યું હતું :

*વિદેશો પરાયા વતન પણ બને છે*
*ને વેરાન વગડા ચમન પણ બને છે.*
*અહીં પાંચ ખંડોના માનવનો મેળો,*
*જુદાઈ તજી હમવતન પણ બને છે,*
*ને ગોકુળ અમારું અહીં નીલ કાંઠે*
*આ ધરતી કદી કો તપોવન પણ બને છે.*

• **પૂર્વ આફ્રિકાના રોજસ ચાઇલ્ડ :**

જયરામ શિવજી પૂર્વ આફ્રિકાના “રોજસ ચાઈલ્ડ” તરીકે ઓળખાતા હતા. જેવી રીતે જર્મનીના યહૂદી બેન્કર રોજસ ચાઈલ્ડે (૧૭૪૪-૧૮૧૨) તેનું સામ્રાજ્ય યુરોપમાં ફેલાવ્યું હતું, તેવી રીતે જયરામ શિવજી અને લધા દામજીએ તેમનું કચ્છી - ગુજરાતી બિઝનેસ એમ્પાયર મસ્કત અને ઝાંઝીબારમાં સ્થાપ્યું હતું. એમની પેઢીનાં ૧૦ વહાણો હતા અને તે હિંદી મહાસાગરનાં દેશોમાં ઘૂમી વળતા હતા.

હાથીદાંત, લવિંગ, મરી-મસાલા અને કાપડનો ધમધોકાર વેપાર કરીને તથા આરબ વેપારીઓ ઉપરાંત યુરોપિયન કંપનીઓને અઢળક નાણાં ધીરીને જયરામની પેઢીએ એનું સામ્રાજ્ય સ્થાપ્યું હતું.

**ઝાંઝીબારની પ્રજા જયરામ શિવજીને ‘ન્યુમ્બા લેટિકલી’ એટલે કે, ઝાંઝીબારના પ્રાઇમ મિનિસ્ટર તરીકે ઓળખતી હતી.** યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાએ જ્યારે ૧૮૩૬માં તેની એલચી કચેરી સ્થાપી ત્યારે ઓમાનના સુલતાન સૈયદ સઈદ હતા અને ઝાંઝીબારના કસ્ટમ્સ કલેક્ટર જયરામ હતા. ખાસ નોંધવા જેવી વાત એ છે કે જ્યારે હિંદ ઉપર ઈંગ્લેન્ડ શાસન કરતું હતું ત્યારે અમેરિકનોનું મહત્ત્વ પીછાનીને એમને ઝાંઝીબાર અને પૂર્વ

આફ્રિકાના બંદરોમાં આમંત્રણ આપનાર આ ભાટિયા પેઢી હતી.

જયરામે ૧૮૨૨માં મેસેચ્યુસેટ્સના વેપારી ડગ્લાસ મેજરને બોલાવ્યો હતો. અમેરિકાના વેપારીઓને જયરામની પેઢીની મોટી ઓથ હતી. અમેરિકન કોન્સસ રિચાર્ડ વોટર્સ જ્યારે એક વર્ષ માટે સ્વદેશ ગયો ત્યારે એણે એનાં ઉત્તરાધિકારી પી. એસ. પોર્કરને જાન્યુઆરી ૧૮૪૦માં લખ્યું : "તમે વેપાર અને નાણાંકીય બાબતોમાં જયરામ અને લધા દામજીની સલાહ લેજો. તેઓ હોંશિયાર અને વિશ્વાસપાત્ર માણસો છે... તેઓ માત્ર ૬ ટકાના વ્યાજથી ધિરાણ કરે છે અને તે છતાં લાખો ડોલર કમાય છે કારણકે તેમનું ફિનાન્સિયલ અને બેન્કિંગ ધોરણ ઘણું ઉચ્ચ કક્ષાનું છે."

- **ઝાંઝીબારમાં જયરામની હવેલીઓ :**

ઝાંઝીબારમાં આવેલું જયરામ શિવજીનું કસ્ટમ્સ હાઉસ વિશાળ હતું. તેની નજીક વખારો હતી અને તેની સમીપમાં વિશાળ કમ્પાઉન્ડ ધરાવતી તેમની હવેલીઓ હતી. તેઓ, તેમના કુટુંબીજનો અને અન્ય ગુજરાતી વેપારીઓ દશેરા અને દિવાળી જેવા તહેવારોમાં હવેલીમાં ગાર્ડન પાર્ટીનું આયોજન કરીને આરબ શાસકો ઉપરાંત એશિયન અને યુરોપિયન વેપારીઓને આમંત્રણ આપતા હતા. તે સમયે ખાણીપીણીની સાથે વિવિધ બેન્ડવાજા વાગતા. સુલતાનો તથા દેશ વિદેશનાં વેપારીઓ તેમને હારતોરા કરતા. ઝાંઝીબારમાં આવેલ જયરામ શિવજીની વખારો અને હવેલીઓનો આંખે દેખ્યો અહેવાલ **અંજારનાં રહેવાસી ઠક્કર જયરામ વિ. નારાયણજીએ આપ્યો છે.** તેમણે ૧૮૮૩માં તેની મુલાકાત લીધી ત્યારે તો જયરામ શિવજી અને લધા દામજી મૃત્યુ પામી ચૂક્યા હતા. પણ તેમની પેઢી જયરામના સંતાનો દામોદર અને ખીમજી અને પૌત્ર કેશવજી ચલાવતા હતા. પેઢી અને હવેલીઓ અકબંધ હતી. જયરામ નારાયણજીના શબ્દોમાં:

"હાલ આ પેઢીનું સંચાલન જયરામ શિવજી અને લધા દામજીના સંતાનો કરે છે. ઝાંઝીબારના નવાપુરા લત્તામાં મરહૂમ શેઠ જયરામ શિવજીની વખાર અને હવેલી આવેલી છે. ઝાંઝીબારના કાંઠામાં પ્રવેશ કરતાં મેં સુંદર મિનારો જોયો. તેની ટોચ ઉપર ચાર તોતિંગ ઘડિયાળો જોઈ. વળી ટોચ ઉપર સ્ટીમરોની અવરજવર વખતે બે આરબોને બ્યુગલ વગાડતા જોયા. રાજમહેલોને પણ આંટી મારે તેવી હવેલીની શૃંખલા જયરામે બાંધી છે. વાહ! શું વિશાળ ખંડો અને દેશવિદેશનું રાચરચીલું છે. જયરામની પેઢીની ઓફિસો અને વખાર ફૂટની પાસે આવેલી છે. મેં અહીં હજારોની સંખ્યામાં ખાંડ, ચોખા, લવિંગ, કાપડ અને હાથીદાંતના ઢગલેઢગલા જોયા."

**જયરામ શિવજી ઝાંઝીબાર અને પૂર્વ આફ્રિકાનાં બેતાજ બાદશાહ હતા.** વૃદ્ધાવસ્થાને લીધે તેઓ ૧૮૬૫માં મુંદ્રા ગયા. ત્યાં મિલ્કતોનું વસિયતનામું બનાવ્યું અને ૨૫ ઓગસ્ટ, ૧૮૬૬ના રોજ મુંદ્રામાં મૃત્યુ પામ્યા. તે સમયે લધા દામજી ઝાંઝીબારમાં હતા.

જેવી રીતે મધ્યકાલમાં ભામાશા મેવાડનાં મહારાણા પ્રતાપસિંહના જમણા હાથ સમાન હતા, તેવી રીતે આધુનિક યુગમાં લધા દામજી, જયરામ શિવજીનાં જમણા હાથ સમાન હતા. એમની કારકિર્દી તો જયરામ શિવજી કરતાં પણ વધારે રોમાંચક છે. ■

## જયરામ શિવજી (૧૭૯૩ – ૧૮૬૬)

જયરામ શિવજી મુંદ્રા બંદરમાં જન્મ્યા હતા. તુલસીદાસ સ્વાલી નામનાં એમનાં વંશજને જ્યારે ૧૯૮૬માં મુંદ્રાની સ્વાહિલી શેરીમાં આવેલી એમની હવેલીમાં મળવાનું થયું ત્યારે એમણે એમનાં કુટુંબની વંશાવળી તથા દસ્તાવેજોની ઝેરોક્ષ નકલો આપી હતી.

આ ઉપરાંત બીજા અનેક દસ્તાવેજોને આધારે એમને અને લધા દામજી વિશે અત્રે માહિતી આપી છે. ભલે તેઓ સદીઓ પહેલાં કચ્છ જેવા સરહદી જિલ્લામાં જન્મ્યા હોય, પણ છેવટે તો કચ્છ ગુજરાતની સાહસિક રણભૂમિ અને દરિયાઈ ભૂમિ છે. તેમના વિશે પણ જાણવું જરૂરી છે!

જયરામ મુંદ્રાની ધૂળિયા શાળામાં ભણ્યા. પણ અસલનો જીવ દરિયાઈ સફર દ્વારા સાહસો ખેડવાનો. તેથી તેમનાં બાળમિત્રો પણ ભાટિયા, વાઘેર, ખારવા અને મિયાણાં. તેઓ તરાપો કરીને માછીમારી કરવા નીકળી પડતા. એમની એક આંખ વહાણના સંચા પર રહેતી અને બીજી આંખ દરિયાપારનાં દેશો તરફ મંડાયેલી રહેતી.

તેથી જ જ્યારે પિતા શિવજી એક પ્રસંગે ઝાંઝીબાર અને મસ્કતથી મુંદ્રા પાછા ફર્યા ત્યારે પૂર્વ આફ્રિકાની નવી સફર માટે ૧૮૦૪માં જયરામને લઇ ગયા અને ત્યાર પછી તો અનેક સાહસો કરીને એમણે મુંદ્રા, મુંબઇ, મસ્કત અને ઝાંઝીબાર તથા પૂર્વ આફ્રિકાનાં અન્ય બંદરો વચ્ચેનું બિઝનેસ નેટવર્ક વધાર્યું. તે સમયે ઝાંઝીબારમાં કસ્ટમ્સ કલેક્શન માટે લીલામ થતું. નારાણજી વિશનજી ઠક્કરે **૧૯૨૪માં "જંગબાર અને કચ્છીઓ" નામના લેખમાં નોંધ્યું હતું તે મુજબ** : "શેઠ જયરામ શિવજીએ જંગબારમાં કસ્ટમ્સનો ઈજારો ઈ.સ. ૧૮૨૬માં બે લાખ રિયાલમાં રાખ્યો હતો. તે સમયે તેમની પેઢીની સંખ્યા ૨૨ હતી અને ત્યારબાદ તે પૂર્વ આફ્રિકા અને આરબ દેશોમાં ફેલાઈ હતી."

સાંનિધ્ય

# વીડી (અંજાર) પાસે આવેલું ખોડિયાર મંદિર
# ઝરણામાં ઓગળતી સાંજને સથવારે...



રાકેશ પટેલ

પવન સાવ પડી ગયો છે. ખજુરીના વૃક્ષો હજી તો થોડા સમય પહેલાં જ પવન ઓઢી મસ્તીમાં ઝુમતા હતા. સામે ઉભેલી ટેકરીઓ પર ઉગી નીકળેલું ઘાસ મંદ મંદ ડોલી રહ્યું હતું, જે અત્યારે પરસેવો લૂછતા આકાશ તરફ મીટ માંડી તાકી રહ્યું હતું. આકાશ અંધારું ઓઢી પાંખો ફફડાવી રહ્યું હતું. કાળા ડિબાંગ આકાશમાંથી કંકુ ઢોળાતું હોય એમ કંકુવર્ણો અંધકાર ફૂટી રહ્યો હતો.

કચ્છમાં આવેલ અંજારના એક નાનકડા ગામ વીડી પાસે ખોડિયાર મંદિર આવેલું છે. અહીં હું મારા કેટલાક મિત્રો સાથે પ્રકૃતિને બાથ ભરીને ઊભો છું. ચોમાસા પછી મંદિર પરિસર અને તેની આસપાસનો વિસ્તાર સોળે કળાએ ખીલી ઉઠ્યો છે. આ વરસે વરસાદ પણ કચ્છમાં મન મૂકીને વરસ્યો છે. તેથી નાની મોટી ટેકરીઓની વચ્ચેથી ઝરણાં મન મૂકીને વહી રહ્યાં છે. ટેકરીઓ ઉપર લીલુંછમ ઘાસ ફૂટી નીકળ્યું છે. પવન ઘાસના કાનમાં કોઈ વાર્તા કહેતો હોય, એમ વારેવારે ઘાસ હકારમાં ડોકું હલાવી રહ્યું છે જાણે! ઝરણાં ખળખળ કરતા વહી રહ્યા છે. એના અવાજમાં એક ચોક્કસ પ્રકારનું લય માધુર્ય છે. સાંજને સંગીતથી ભીંજવતાં ઝરણાંથી હું કેમ કોરો રહી શકું? આંખો બંધ કરી, અહીં જ યોગમાં લીન થવાની પ્રબળ ઇચ્છા થઇ આવે છે. ગમે તેવા ભોગીને પણ યોગી બનાવી દેવાની તાકાત અહીંના દિવ્ય વાતાવરણમાં છે.

મિત્રો ઝરણા પાસે ફોટોગ્રાફી કરી રહ્યા છે. આથમતા સૂરજના કિરણો ઝરણામાં ક્ષિતિજો પાછળ વહી રહ્યા છે. મન તો થાય છે, હું ય એકાદ નાનું ઝરણું થઈ ક્યાંક વહી જાઉં! કાશ...! વહી જવું એટલું સરળ હોત તો હું કચ્છના જ મોટા રણમાં દોડી જતો, જ્યાં તરસ આજે પણ કંઠ રોકી બેઠી છે. રણમાં વસતાં મિત્રોને જ્યારે જ્યારે ફોન કરું, કે કોઇને રૂબરૂ મળું ત્યારે પાણીની જ વાત પ્રાધાન્ય હોય. એની વર્તમાન દિશા અને દશા પાણી જ નક્કી કરે! અને રણથી થોડાં જ કિ.મી. દૂર પાણીનાં ઝરણાં વહી રહ્યા છે. પ્રકૃતિ, તારી આ કેવી લીલા? એક તરફ મીઠાં પાણી માટે ટળવળે છે મિત્રો, અને એક તરફ અહીં ફોટોગ્રાફી કરી રહેલા મિત્રો...! અને આ બંને વચ્ચે પીસાતા રહેતા મારા મનને ક્યાંથી કોઈ સમાધિ લાગે?

મંદિરની પાસે પગથિયાં છે. પગથિયાં સાંકડા અને ખરબચડાં છે. વરસાદને કારણે કેટલુંક ધોવાણ થઈ ગયું છે. બાજુમાં કોતરો વરસાદના ભારથી હાંફી રહી છે. એની ધૂળ ધીરે ધીરે નીચે રહેલા કુંડમાં ઓગળી રહી હતી. પગથિયાં ઉતરી હું નીચે કુંડ પાસે જાઉં છું. **એક પછી એક પગથિયાં ઉતરું છું તેમ તેમ કોતરોમાં શાંત ચિત્તે બેઠેલી કેટલીક અખંડિત મૂર્તિઓ તેમના હજારો હાથ લંબાવી મને બોલાવી રહી હોય એમ લાગે છે.** આ મૂર્તિઓ કોઈના ઘરેથી ઘરનિકાલ પામી હોય એમ એની દશા જોતાં લાગે છે અને ભક્તિભાવનું શુભ ફળ આપનારી, ઈશ્વરીય-દૈવી શક્તિ સ્વરૂપ મૂર્તિઓ સાવ ખંડિત અવસ્થામાં જાણે છેલ્લા શ્વાસ માટે તરફડતી અવસ્થામાં મારી સામે ટગર ટગર તાકી રહી હતી **અને જે ભગવાને સમય બનાવ્યો, માનવ બનાવ્યો, એ માનવે સમય આવ્યે ભગવાનનો પણ સમય બદલી નાખ્યો!** અને આજે જર્જરીત અવસ્થામાં પોતાના જીર્ણોધ્ધારની પ્રતીક્ષા કરતો, મૂર્તિઓમાં રહેલો ‘ઈશ્વર’ મારી સામે જોઈ રહ્યો હતો.

પગથિયાં ઊતરી સાવ નીચે આવીએ એટલે મંદિર ટોચ પર લાગે અને આપણે, જાણે કોઈ ખીણમાં. આપણી સંસ્કૃતિએ હંમેશાં માતાને ઊંચા આસને જ સ્થાન આપ્યું છે. તેથી આપણે ત્યાં મોટાભાગના માતાજીનાં મંદિર ઉપર - ટોચ પર જ આવેલા છે. કેટલાય પગથિયાં ચડીને, થાકીને લોથપોથ થઇ જઈએ, સાવ અહંકાર ઓગળી જાય પછી જ માતાજીના ચરણોનો સ્પર્શ કરી શકીએ. જ્યારે અહીં ખોડિયાર માતાજી ઊંચા ડુંગરા પર બિરાજમાન નથી, તેથી માણસને ખીણમાં - નીચે ઉતારી, ઊંચી ડોકે ઉપર જરૂર જોવડાવે છે! અને સતત કુંડમાંથી વહેતા રહેતાં જળમાં સ્નાન કરવાથી એક દિવ્ય અનુભૂતિનો અહેસાસ થાય છે. એક આવો જ કુંડ, આ જ તાલુકામાં આવેલા સંઘડ ગામ પાસે જોગણીનાર મંદિરે પણ આવેલો છે. કહેવાય છે, આ કુંડ જોગણી માતાજીએ પોતાનું ત્રિશુળ જમીનમાં ખોડી, દરિયાઇ કિનારે, મીઠા પાણીનો ઝરો પ્રકટાવ્યો હતો! આજે પણ અહીં સતત મીઠા પાણી વહી રહ્યા છે. જ્યારે અહીં ખોડિયાર માતાજી મંદિરનાં ઝરણાં વરસાદ થતા જ પાષાણો ફાડી, વહી નીકળે છે.

થોડા વરસો અગાઉ જૂનાગઢ પ્રવાસ કરેલો ત્યારે દામોદર કુંડ અને રેવતી કુંડમાં માણસોને ન્હાઈ, પાપમાંથી મુક્તિ

પામ્યાનો અહેસાસ અનુભવતા જોયા હતા. અગાઉ દક્ષિણ ભારત પ્રવાસ દરમિયાન ત્યાં એક ધોધ જોયો હતો. નામ એનું 'પાપનાશાય ધોધ!' ત્યારે અમારી સાથે જે ગાઈડ હતો તેનું કહેવું હતું, 'આ ધોધમાં જે નહાય છે એના પાપ દૂર થાય છે અને સ્વર્ગ મળે છે...' અમને ત્યારે અડધો કલાકનો સમય આપ્યો હતો અમારા ગાઈડે, પણ હું તો એક કલાક સુધી નહાયો હતો. જ્યારે મને ખાતરી થઈ કે હવે મારા એકેય પાપ બચતા નથી, પછી જ બહાર નીકળ્યો! તેથી મારી તો હવે સ્વર્ગની ટિકિટ કન્ફર્મ જ હતી. અને પછી પાછો આજે મિત્રો સાથે આ ખોડિયાર મંદિરે કુંડમાં નહાવા માટે આવી ચઢ્યો છું. કોઈ નવા પાપ હોય તો તેમાંથી પણ મુક્તિ મળી જાય. પણ મિત્રો કહે છે, 'આપણે નહાવું નથી. હમણાં અંધારું થઈ જશે.' અને હું કુંડમાંથી વહેતા ઝરણાના ખળખળ અવાજને સાંભળી રહું છું.

અંધારું ઘેરાવા લાગ્યું છે. કુંડ સામેના એક બાવળિયાના ઝાડ પર લટકતાં સુઘરીના માળામાંથી અંધારું છલકાઈ રહ્યું છે. તેનો પડછાયો પહેરી પંખીઓ કુંડમાં પાણી નહીં પણ અંધારું પી રહ્યા છે જાણે! અને એ પછી અંધારું પીને તેમની નાનીસી ડોકીને હવામાં હલાવતાં, પાંખો પ્રસરાવતાં ઝાડની બખોલોમાં ચૂપચાપ બેસી જાય છે. લીલાંછમ્મ ઘાસમાંથી આવતો ગાયોની ઘંટડીઓનો અવાજ, આથમતી સંધ્યાને વધુ મનમોહક બનાવી રહ્યો છે. પ્રકૃતિને આપણે આપણી થોડી નબળાઈઓ, વ્યસ્તતા અને થોડી વિકૃતિને પરિણામે માણવાનું ભૂલી જઈ રહ્યાં છીએ. મારું તો માનવું છે, એટલા દિવસો આપણે જીવ્યા જ નથી. પ્રકૃતિના સાંનિધ્ય વિનાના દિવસોની જીવનમાંથી બાદબાકી કર્યા પછી જ ખબર પડે કે આપણે કેટલું જીવ્યા! કાકાસાહેબ કાલેલકરે પ્રકૃતિને માણી છે, ધરાઈને પ્રકૃતિને પીધી છે. તેથી જ તેમના નિબંધોમાં હિમાલય અડીખમ ઊભેલો દેખાય છે. તો અમૃતલાલ વેગડે પણ ધરાઈને મા નર્મદાના સૌંદર્યને પીધું, એની વારેવારે પરિક્રમા કરી, તેથી તેમના સત્ત્વશીલ જીવનની સાક્ષી ખુદ મૈયા નર્મદા પુરાવે છે.

ખોડિયાર મંદિરમાંથી આરતીનાં ઢોલ નગારા વાગવા શરૂ થઈ ગયા છે. આથમતો સૂરજ જાણે આરતીના શંખનાદની રાહ જોઈ ઉભો રહી ગયો હોય એમ હવે ધીરે ધીરે તેના પગલાને ભૂંસી રહ્યો છે. મંદિર પરિસરમાં દીવાની જ્યોત ઝળહળી રહી છે. હવામાં કપૂર અને ઘીની સુગંધ ભળવાથી શ્વાસો સુગંધિત બની મહોરી ઉઠે છે. ખળખળ વહેતા ઝરણાં અને સુગંધિત હવાની લહેરખીથી હું ભીતરથી ભીંજાઈ ઉઠું છું. ભીંજાવું મને - અમને મિત્રોને ગમે છે. આમેય માતા ખોડિયારના પાવન સાંનિધ્યમાં, તેના ચરણોમાં આવ્યા પછી કયો માણસ માતાના હેતથી, સ્નેહથી ભીંજાયા વિના રહી શકે?

*૩૯૮, મંગલેશ્વર, પો.બો. નં.-૧૭,*
*આદિપુર, કચ્છ. ● મો. ૯૪૨૯૨ ૯૭૭૭૦*

TRISHLA
Since 1978
૪૩ વર્ષથી ઘર ઘરમાં ગુંજતા
ત્રિશલા ઈલેક્ટ્રોનિક્સ નિર્મીત
જૈન સ્તવની નું કાંરવા
ત્રિશલા ભક્તિ ગુંજન
રીચાર્જેબલ પોર્ટેબલ જૈન સ્તવન મ્યુજિક પ્લેયર

૧૯૦ કલાક નો ખજાનો
૧૨૦૦ થી અધીક જૈન સંગ્રહ
મધુર કંઠે ગવાયેલ જૈન સ્તવન, સ્તુતિ, સ્તોત્ર નો અમુલ્ય ખજાનો
• શ્રી ભક્તામર સ્તોત્ર
• રત્નાકર પચ્ચીસી
• ભાવના ગીત સંગ્રહ, અમી ઝરણા - સુપ્રસિધ જૈન સ્તવનો
• પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ
• શાંતિલાલ શાહઃ જૈન સ્તવનો કથાગીતો - પૂજા સંગ્રહ
• આદિનાથ - શંખેશ્વર પાર્શ્વનાથ મહાવીર સ્વામિ ના સ્તવનો
• આનંદઘનજી ચોવીસી - પદો
• પુણ્યપ્રકાશનું સ્તવન
• પ્રતિક્રમણ
• નવસ્મરણ
• સજ્જાય માળા
• ધૂન - મંત્ર - આત્મધૂન
• પ્રાર્થના ગીત સંગ્રહ
• શ્રી જયંતભાઈ રાહી - નવકાર જાપ
• શ્રી ઘંટાકર્ણ મહાવીર
• શ્રી માણીભદ્રવીર
• દિવાળી ચોપડા પૂજન
• સુપ્રસિધ્ધ પ્રાચીન ભજનો
સ્તવનના લીસ્ટની બુક સાથે આવશે, જેમા આપની પસંદગીના ગીત નો નંબર દબાવીને સાંભળી શકશો
આજેજ ઓડર આપો...ઘર બેઠા મેળવો
TRISHLA ELECTRONICS
HOME DELIVERY
Tel : +91 98200 59899
સંપર્ક : શાંતિલાલ ગોસર ❖ ફોન : ૯૮૨૦૦ ૫૯૮૯૯
પ્રભાવના - ગિફ્ટિ માટે નામ ફોટો સાથે સંપૂર્ણ વિગત પ્રીન્ટ કરીને વ્યાજબી ભાવથી મળશે
ત્રિશલાનુ ઓરીજીનલ પ્લેયર ખરીદો
ડુપ્લીકેટ પ્લેયરથી સાવધાન
Mktd By . : TRISHLA ELECTRONICS, Trishla Bldg., Zaveri Bazar, Mum- 02.

કચ્છ

# દાદા અજેપાળ ચૌહાણ - અંજાર : પાળિયો બોલે છે....

કચ્છની ધીંગા ધરા પર વસવાટ કરતી ખમીરવંતી પ્રજાના લોક સાહિત્યમાંથી સાંપડતી ટચુકડી કહેવત અંજાર નગર અને ત્યાંના લોકોની ઓળખ આમ આપે છે :

*"અંજાર શહેર અને અજેપાળ ધણી,*
*વસતી થોડી ને અદેખાઈ ઘણી."*

આ કહેવત સાંભળ્યા પછી એના મૂળ સુધી પહોંચવાની મારી મથામણ શરૂ થઇ. એમાંથી અનેક ક્વિદંતીઓ, કથાઓ અને તથ્યો ઉજાગર થયા. અંજાર શહેરનું તોરણ બાંધનાર અજ-બકરાપાલક અજેપાળ ચૌહાણ અનેક સદીઓ પૂર્વે થઇ ગયા. એ કાળે કદાચ અંજારમાં વસતી ઓછી હશે અને અદેખાઈ વધુ હશે. આજે પરિસ્થિતિ એથી ઊલટી છે. અંજારની વસતી ઘણી વધી ગઈ છે. જેસલપીર અને તોરલની સમાધિને કારણે અંજાર યાત્રાનું ધામ બની ગયું છે. મારે આજે વાત કરવી છે, અંજાર નગરની થાંભલી રોપી, અંજાર વસાવનાર કચ્છી લોક જીવનમાં પૂજાતા લોકદેવ ને અજેપાળની.

અજેપાળ મૂળે અજમેરના રાજાના ભાઈ હતા એમ બોમ્બે ગેઝેટિયરની નોંધ બોલે છે. એમના અંગેની રસપ્રદ દંતકથા એવી છે કે સંવતના આઠમા સૈકામાં રાજસ્થાનના અજમેર શહેર નજીક આવેલા પુષ્કર તીર્થની પાસેના ગામના એક ગરીબ ખોરડામાં રાજપુત જ્ઞાતિનો કિશોર રહેતો હતો. પૂર્વજન્મના ધાર્મિક સંસ્કારો લઇને જન્મેલો આ કિશોર તીર્થમાં આવતા જતા સાધુ સંતો મહાત્માઓની સેવા કરતો. એવામાં પુષ્કરમાં એક દૂધાધારી મહાત્મા (દૂધ ઉપર જ જીવનારા) આવી ચડ્યા. ત્યાં પીવા પૂરતું દૂધ ન મળવાથી તેઓ નિરાશ થઈ તીર્થ છોડીને ચાલી નીકળ્યા. આ જાણીને કિશોરની આંતરડી કકળી ઉઠી. તે તીર્થના કારભારી પાસે ગયો ને બોલ્યો, આપણા તીર્થમાં દૂધ ન મળવાથી મહાત્માઓ પાછા જાય એ સારું ન કહેવાય. હું ગરીબ છું, મારી પાસે એટલા પૈસા નથી નહિતર હું સાધુ મહાત્માઓને દૂધ પૂરું પાડું.

આ ધાર્મિકવૃત્તિના સેવાભાવી નવયુવાનની વાત સાંભળીને પ્રભાવિત થયેલા કારભારીએ, બાળકના હાથમાં થોડા રૂપિયા મૂકીને કહ્યું, 'આ સેવા હવેથી તું કર.' રાજપુત બાળકે લાંબો વિચાર કરીને એ પૈસામાંથી થોડીક બકરીઓ ખરીદ કરી અને એનું દૂધ સાધુ સંતોને પહોંચાડવા માંડ્યો. પછી તો બકરીઓનો વસ્તારવેલો ખૂબ જ વધ્યો. આમ બે-ત્રણ વર્ષનું વહાણું વાઈ ગયું. એવામાં પેલા દૂધાધારી સંત ફરતા ફરતા પુષ્કરમાં પાછા આવી પહોંચ્યા. આ બાળકે એમની સેવા શરૂ કરી, રોજનું દૂધ પહોંચાડવા લાગ્યો. આથી પ્રભાવિત થયેલા સંત મહાત્માએ કહ્યું, 'ભવિષ્યમેં તું પ્રભાવશાલી રાજા બનેગા યે મેરા વચન હૈ.' એ પછી તીર્થમાં આવનારા સાધુ સંતોએ આ યુવાનનું 'અજ' એટલે બકરાં અને 'પાળ' એટલે પાળનાર એવું 'અજેપાળ' નામ ઠરાવી દીધું.

એ પછી સિધ્ધ પુરુષના આશીર્વાદને સાચા પાડવા માટે અજેપાળે પુરુષાર્થ કરવાનો પ્રારંભ કર્યો. નજીકના ગામમાં રહેતા તેના મામા પાસે જઇને શસ્ત્રવિદ્યા શીખવા માંડી. થોડાં વરસોમાં એમાં પારંગત બનતાં, નાનકડું લશ્કર તૈયાર કર્યું અને પુષ્કરની આસપાસના પંથકમાં પોતાની આણ વરતાવવાનો પ્રારંભ કર્યો. ત્યાર પછી એણે સર્પગિરી નામના પહાડની તળેટીમાં પોતાના નામ ઉપરથી 'અજપુર' નગર વસાવીને મધ્ય રાજસ્થાનનો મોટાભાગનો પ્રદેશ પોતાની હકુમત નીચે આણ્યો. એ અજપુર, એ આજનું અજમેર કહેવાય છે.

રાજા બન્યા પછીયે અજેપાળ પુષ્કર તીર્થના મેળામાં નિયમિત રીતે જતો અને સાધુ-સંતોની સેવા કરતો. એવામાં પાછા પેલા દૂધાધારી સંતનો, એને પાછો ભેટો થયો. એણે સંતના ચરણે પડીને કહ્યું, 'ગુરુજી, હવે મને ૬૦ વર્ષ પૂરા થયા છે. શેષજીવન તીર્થ સ્થળે જઇને શાંતિથી પસાર કરવું છે.' ગુરુની આજ્ઞા મળતાં અજપુરનું રાજ્ય પોતાના નાના ભાઈને સોંપીને હરિદ્વારમાં જઇ સંન્યાસી વેશે રહેવા લાગ્યા. ચાર-પાંચ વર્ષ પછી અજેપાળને ઉડતા સમાચાર મળ્યા કે સિંધ અને કચ્છ ઉપર સમુદ્રમાર્ગેથી વિધર્મી આરબોએ હુમલો કર્યો છે અને જુલમ ગુજારે છે. આ વાત સાંભળતા જ અજેપાળની રોમરાઇ (રુંવાડા) અવળી થઈ ગઈ.

અજેપાળે ધર્મની રક્ષા કરવા કાજે તીર્થમાં વસતા, યુધ્ધકળા જાણતા સાધુ સંતોની ધર્મસેના ઊભી કરી. આ સેનાને લઈને તેઓ કચ્છ પહોંચી ગયા. ત્યાં અંજારથી થોડે દૂર આરબો અને સંન્યાસીઓની ધર્મસેના વચ્ચે ધમસાણ યુધ્ધ થયું. યુધ્ધમાં આરબો હાર્યા અને ઊભી પૂંછડિયે ભાગ્યા. પણ સંન્યાસી સૈન્યના સેનાપતિ અજેપાળ વીરગતિને વર્યા. આ અજેપાળની યાદમાં હાથમાં ભાલો ધારણ કરી યુધ્ધક્ષેત્રે વિચરતા અજેપાળનો ઘોડેસવાર પાળિયો કોતરવામાં આવ્યો. તેઓ જ્યાં વીરગતિને

વર્યા હતા ત્યાં મૂકવામાં આવ્યો. આ સ્થળે આજે અજેપાળ મહાદેવનું મંદિર શૂરવીરનું યશ પતાકા લહેરાવતું ઊભું છે.

અજેપાળના મૃત્યુ પછી એમણે રચેલી ધર્મસેનાની પરંપરા ભારત વર્ષમાં ચાલુ રહી. વિદેશીઓ અને આક્રમણખોરો સામે લડવાની જરૂર પડે ત્યારે લડવૈયા સાધુઓનું સૈન્ય આપોઆપ ઊભું થઈ જતું. એ સેનાના સેનાધિપતિનું નામ અજેપાળ રાખવામાં આવતું. એ મૃત્યુ પામે તો અજેપાળના જેવી જ પથ્થરની મૂર્તિ કંડારીને મૂકવામાં આવતી. ગુજરાત અને રાજસ્થાનમાં અજેપાળની અસંખ્ય મૂર્તિઓ મળી આવે છે. ડૉ. હરિભાઇ ગૌદાની નોંધે છે કે, ગુજરાતમાં દહેગામ તાલુકાના હરસોલી ગામના ખોડિયાર માતાના સ્થાનક પાસે, કપડવંજ તાલુકાના પીઠાઇ ગામના રામજી મંદિરમાં, તાલુકાના કુહા ગામ પાસે મેશ્વો નદીના કિનારે, મહેસાણા જિલ્લાના પાળજ ગામના શીતળા માતાના ઓટલા ઉપર અને પાટણ શહેરના ઘેલગાત્રેશ્વરી માતાના મંદિરના પરિસરમાં અજેપાળની આવી પ્રતિમાઓ જોવા મળે છે.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં શૂરાપૂરા અને શૂરવીરોની પૂજા અને બાધા માનતાઓ જૂના કાળથી ચાલતી આવી છે. એના સ્થાનકો સાથે ઘણીવાર ચમત્કારિક દંતકથાઓ પણ જોડાઈ જતી હોય છે. શ્રી વિભાકર ધોળકિયાની નોંધ અનુસાર કચ્છના રાજવી રાવ દેશળજીને એક રાત્રે અજેપાળ સ્વપ્નમાં આવ્યા અને જ્યાં એ વીરગતિને વર્યા હતા, ત્યાં પોતાનું સ્થાનક બનાવવાનો આદેશ આપ્યો. એ સમયે દેશળજી ઉપર નાથપંથી સાધુઓનું વર્ચસ્વ સારું હતું. રાવ દેશળજીએ અજેપાળનું પાકું મંદિર ચણાવીને એની પૂજા અને કારોબાર નાથપંથી સાધુઓને સોંપ્યા.

કચ્છમાં અજેપાળના મંદિરનો વહીવટ કોણ કરે છે તથા તે મંદિર કોણે બંધાવ્યું, કૂવો કોણે કરાવ્યો, તે વિશેના બે શિલાલેખો મંદિરની દીવાલમાં જડેલા જોવા મળે છે. સંવત ૧૭૪૨નો શિલાલેખ રાવશ્રી રાયધણજીના કુંવર પ્રાગજીએ અંજાર શહેર ફરતો ગઢ બંધાવ્યો તેને લગતો છે. જ્યારે બીજો શિલાલેખ હિંદી લિપિમાં છે, તે શ્રી નાગજીભાઈ ભટ્ટીએ આ મુજબ નોંધ્યો છે :

*"શ્રી ગણેશાય નમઃ સંવત ૧૮૭૭ તરાના વરસે શાક ૧૭૪૨ પ્રવર્તમાને શ્રાવણ માસે શુક્લ પક્ષે અષ્ટમી ગુરુવાસરે શ્રી અંજારે કદ મધ્યે રાઉશ્રી દેસલવારમાં પીરશ્રી જાત્રા કમગરે અજપાળના બે દેરા કરાવ્યું છે. પૂજારી માનગર પૂજા કરે છે કડાયોકરસન દેવ રાજલી દેરુ અણુ છે. અંજાર મધ્યે અજેપાલ સત છે."*

અજેપાળની પ્રતિમાથી થોડે દૂર ઉભડક પગવાળી નંદીની પથ્થરની પ્રતિમા જોવા મળે છે. એની પણ એક ચમત્કારિક દંતકથા શ્રી ધોળકિયાએ આ મુજબ આલેખી છે :

ગુરુ દત્તાત્રેયને સાગરમલજી, સંગ્રામગરજી, મુલતાન પુરીજી અને લક્કડ પુરીજી નામના સિધ્ધ શિષ્યો હતા. એમ કહેવાય છે કે સંગ્રામગરજીએ ચમત્કાર બતાવીને મસ્જિદ ખસેડી હતી. મુલતાન પુરીએ ધરતીકંપ પ્રગટાવીને મુલતાનની ધરતીને હચમચાવી હતી. લક્કડપુરી લાકડાની સળગાવેલી ચિતા પર કલાકો સુધી બેસી રહ્યા હતા, જ્યારે સિધ્ધસાગરજી અંબાજીનું મંદિર ભદ્રેશ્વરથી ખસેડીને અંજારમાં લાવ્યા હતા.

એક દિવસના સમયે સિધ્ધસાગરજી મંદિરના પરિસરમાં સમાધિમાં બેઠા હતા એ વખતે તેમને કાનફટા બનાવવા માટે બાવાઓએ એમના કાન પર ચપ્પુનો લસરકો કર્યો. કાન ફાટતાં તેમાંથી લોહીને બદલે દૂધ નીકળ્યું. આથી કાનફટા બાવાઓ આશ્ચર્ય પામ્યા. તેમને જાદુગર માનીને અંબાજી માતાના મંદિરની એક અંધારી ઓરડીમાં પૂરી દીધા, ને મોટી ઘંટી ઉપર અનાજ દળાવવા માંડ્યું. એ વખતે સિધ્ધસાગરજીએ એક બાવાને ઘંટીમાં અનાજ નાખવા કહ્યું, ત્યારે બાવો તાડુક્યો : 'હું કંઈ તારા બાપનો નોકર થોડો છું?' ત્યારે સિધ્ધસાગરજી કહે, 'હું ચક્કી ચલાવું છું. અનાજ હોય એટલું લાવો.' પછી તો ઘંટી ઘરઘરાટ કરતી આપોઆપ અવળી ફરવા મંડી. આ ચમત્કાર જોઈ નાથપંથી બાવાઓ ઢીલા પડ્યા. એમણે ચમત્કાર બતાવવાનું કારણ પૂછ્યું ત્યારે સાગરગરજીએ કહ્યું : 'અજેપાળ દાદાની પૂજા દસનામી બાવાઓ જ કરશે. આનું નિરાકરણ કરવા માટે હું અજેપાળ દાદાને ખુદને બોલાવીશ.'

આ માટેનો દિવસ નક્કી કરવામાં આવ્યો. આ પ્રસંગને નિહાળવા કચ્છના રાજવી દેશળજી પંડે હાજર થયા. સિધ્ધસાગરજીના ચમત્કારોથી નાથપંથી પૂજારી ખૂબ જ ગભરાઈ ગયો. એણે એક છોકરાને થોડીક કોરિયું (કચ્છી સિક્કા) આપીને ભોંયરામાં પૂરી દીધો ને પોપટની જેમ પઢાવી દીધો. કોઈ સવાલ પૂછે તો ઉત્તર આપવાનો કે, 'મારી પૂજા નાથબંથી બાવા કરશે.'

હજારો માનવીની મીટ આ પ્રસંગ પર મંડાઈ રહી. સિધ્ધસાગરજીએ પૂજારીને કહ્યું : 'તમે દાદાને ત્રણવાર પૂછી જુઓ. તેઓ આદેશ આપે તો તમે પૂજા કરજો. તમને આદેશ આપશે તો હું અંજાર છોડીને ચાલ્યો જઇશ અને જો દાદા દસનામી સાધુઓને પૂજા કરવાનો આદેશ આપે તો તમારે કચ્છ છોડીને ચાલ્યા જવું.' પછી પૂજારી નાથબાવાએ પ્રશ્ન કર્યો ત્યારે ભોંયરામાં સંતાડેલો છોકરો બોલ્યો, 'નાથપંથી મારી પૂજા કરે.' આ સાંભળીને રાવ દેશળજી નાથબાવાને વંદન કરી રહ્યા. બીજીવાર પ્રશ્ન પૂછાયો ત્યારે એ જ જવાબ મળ્યો. હાજર રહેનાર સૌ દંગ થઈ ગયા. સિધ્ધસાગરજીને કાવતરાની ગંધ આવી ગઈ. ત્રીજીવારનો આદેશ થાય તે પહેલાં સિધ્ધસાગરજી ગરજ્યા, 'તને કાળોતરો કરડે.'

નાથપંથી પૂજારીએ વિશ્વાસપૂર્વક ત્રીજીવાર પ્રશ્નને રમતો મૂક્યો : 'અજેપાળ દાદાની પૂજા કોણ કરે?' ત્યાં તો ભોંયરામાં

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૬ ઉપર)**

કચ્છ

# કચ્છનું લોક સાહિત્ય

જયેશ ઠક્કર

**દુલેરાય કારાણીએ "કચ્છનું લોકસાહિત્ય" નામનું પુસ્તક લખેલ છે. તેમાં કચ્છી બોલી વિશે ઘણી માહિતી આપેલ છે.** તેના પાના નં.-૩૮૩ ઉપર "કચ્છી એકાક્ષરી" વિષય પર થોડી સમજણ આપી છે. અર્વાચીન પેઢીને આ બાબત સમજાવવા અત્રે પ્રયાસ કર્યો છે. પોતાની માતૃભાષામાં લખાયેલ વિચારો જાણવા અને માણવા, નવી પેઢીને હાર્દિક અપીલ છે. કચ્છમાં કચ્છી બોલી હજુ જીવતી છે. આવો, આપણે એની એક ઝલક માણીએ.

કારાણીભાઈએ આપેલ એક ઉદાહરણને હું મારી રીતે સમજાવવા પ્રયત્ન કરૂં છું. **કચ્છી બોલીમાં સેંકડો શબ્દો એક જ અક્ષરના છે.** આ ઉદાહરણમાં તેનો ઉપયોગ થયો છે અને તેની નીચે મેં એક વાક્યમાં ભાવાર્થ સમજાવવા પ્રયત્ન કર્યો છે. આ ઉદાહરણમાં **"ત ચેં"** અક્ષરનો પણ ઉપયોગ થયેલ છે. તેનો અર્થ **"તો કહે"** એવો થાય છે. કુલ આઠ પંક્તિ છે. તેમાં સવાલ પૂછનાર અને જવાબ આપનાર એમ બે વિભાગ છે.


| ***સવાલ*** | | ***જવાબ*** |
|---|---|---|
| ૧. કુરપાર શા? | *ત ચેં* | કો? |
| કુરપાર શાને સંબોધન કરીને એક વ્યક્તિ બોલાવે છે. | | તો જવાબ મળે છે – શું છે ભાઈ? |
| ૨. વિઠા અયો? | *ત ચેં* | ભો |
| બેઠા છો? | *જવાબ:* | હા બેઠો છું. |
| ૩. ગાલ ચાં? | *ત ચેં* | ચો. |
| એક વાત કહું? | *જવાબ:* | હા કહોને! |
| ૪. ધીણું કુરો રખ્યા? | *ત ચેં* | ગોં |
| દૂધ માટે સગવડ શું કરી છે? | *જવાબ:* | ગાય રાખેલ છે. |
| ૫. ગોં કે મેડે કેર? | *ત ચેં* | નોં |
| ગાયને દોહવાનું કામ કોણ કરે છે? | *જવાબ:* | પુત્રવધૂ કરે છે. |
| ૬. કોરિયું કતરિયું ડિના? | *ત ચેં* | સો |
| કોરી (એ જમાનાનું ચલણ) કેટલી આપી? | *જવાબ:* | એક સો આપી |
| ૭. ખીર કિત્રા શેર આય? | *ત ચેં* | ડો |
| દૂધ કેટલા શેર (એક માપ) આપે છે? | *જવાબ:* | દસ શેર આપે છે |
| ૮. ત તા ખટ્યા ભલા! | *ત ચેં* | ભો |
| તો તમે ફાયદામાં છો ખરું ને? | *જવાબ:* | હા, એમ જ થયું છે |

આ ઉદાહરણ વાંચીને કચ્છી બળુકી (તાકાતવાળી) બોલીનો અહેસાસ થશે અને માતૃભાષાને નમન કરવાની ઈચ્છા પણ થશે. બસ, વતનને યાદ કરતા રહો.

***સી/૨૯, વ્રજવિહાર ટેનામેન્ટ, સૌરભ પાર્ક પાછળ, લક્ષ્મીપુરા રોડ, વડોદરા-૩૯૦ ०૨૩. • મો. ૯૮૨૪૮ ૭૭૫૮૫***

## કચ્છ અને તિબેટ વચ્ચેનો સંબંધ

ધોળાવીરાની વાત કરીએ તો પાણીના સંગ્રહ અને વિતરણનું તે શ્રેષ્ઠ ઉદાહરણ છે. કિલ્લાની અંદર રાજાના મહેલના કૂવાનું તળિયું અને બહાર ચારેબાજુના રિઝર્વોયરનાં તળિયાં એકસાથે જોડાયેલા હતા. એટલે રિઝર્વોયરનું પાણી લેવા માટે રાજાના મહેલમાંથી કોઈને બહાર ન આવવું પડે. **એ જ રીતે ૫૭૦૦ વર્ષ જૂના આ નગરમાંથી એ સમયની લિપિના આપણને ૧૦ અક્ષરો મળ્યાં છે.** એટલે કે હરપ્પનો ભણેલા હતા. કોઈ તેમને અભણ ગણાવે તો તે ખોટું છે. ૧૦ અક્ષરનું એક હોર્ડિંગ ચિત્રલિપિમાં મળી આવ્યું છે. એ હોર્ડિંગને વાંચવા, સમજવા ઘણા પ્રયાસો થયા. પ્રયાસો થઈ રહ્યા છે, પણ કોઈ સમજી શક્યું નથી. શ્રી પ્રભુ ઠક્કરના કહેવા પ્રમાણે એ ભાષા કદાચ તોર્ચિંગ ભાષા હોઈ શકે. જે સિક્યાંગ અને ઉત્તર તિબેટમાં અસ્તિત્વમાં છે. વાત નીકળી જ છે તો આગળ કહી દઉં કે ઈસવીસન ૫૦૦ સુધી સિક્યાંગ અને ગુજરાત એક રાજાના શાસનમાં હતા. સમાનતા આજે પણ દેખાય છે. કચ્છના રબારી લોકોના કાળી ઊનનાં કપડાં જેવા જ તિબેટના માલધારીઓ કાળા ઊનનાં કપડાં પહેરે છે. કચ્છમાં થાણા થાપવા અને સંગ્રહ માટેના મેઢુઆ જેવા જ તિબેટમાં બનાવવામાં આવે છે. કચ્છમાં નેસ કહેવાય છે તેમ તિબેટમાં પણ નાના ગામને નેસ કહેવામાં આવે છે. **આમ, કચ્છ અને તિબેટનો સંબંધ ઘણો જૂનો છે** અને તે સરસ્વતી નદીના લીધે છે. સરસ્વતી નદીનું ઉદ્‌ગમસ્થાન તિબેટમાં કૈલાસ માનસરોવરથી ૧૦૦ કિલોમીટર દૂર ઈશાન દિશામાં હતું અને છેક કચ્છ સુધી આવતી હતી.




ગુલશન

# "દિલની જબાન"

## કચ્છી-સર્જક કવિ : શ્રી જયંતી જોષી 'શબાબ' : મણકો-૮



ચંદ્રકાંત પટેલ 'સરલ'



કચ્છી-સર્જક કવિ
**જયંતી જોષી 'શબાબ'**
૩૫, સી.બી. ભાનુશાલી નગર,
"હેરમ્બ નિલયમ",
ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
**મો. ૯૪૨૭૭ ૧૯૨૮૮**

*કૉલેજ વ્યાખ્યાતા, બેંક કારકૂન, સામયિક સંપાદક, શિક્ષક અને ઉપાચાર્ય, રેડિયો ઉદ્‌ઘોષક અને સમાચાર વાચક, રેડિયો નાટ્ય કલાકાર, રેડિયો કાર્યક્રમ નિયોજક, રેડિયો સહાયક કેન્દ્ર નિયામક (ન્યુ દિલ્હી), વરિષ્ઠ કેન્દ્ર નિયામક (જી.એ.જી.), વરિષ્ઠ પ્રથમ વર્ગ અધિકારી વગેરે પદો પર સેવા આપી, ૧ નવેમ્બર ૨૦૦૬માં નિવૃત્તિ સાથે લેખનકાર્ય, સામાજિક સેવા અને સાહિત્યિક સેવામાં કાર્યરત રહેલા સર્જક-કવિ જયંતીલાલ નાનજીભાઈ જોષી 'શબાબ'ની પ્રગતિ વિશે, પરિચય વિશે જો લખવા બેસીએ તો અઢળક પાનાંઓ ભરાય.*

*૨ ફેબ્રુઆરી, ૧૯૪૯માં મુબઈના કાંદિવલીમાં જન્મેલા કવિ-સર્જક શ્રી જયંતીલાલ જોષી 'શબાબ'એ **B.A., M.A.** સુધીનો અભ્યાસ કર્યો છે. વિશેષ તો રાષ્ટ્રભાષા કોવિદ ૧૯૬૮માં કેન્દ્રમાં પ્રથમ તથા **B.A.** ૧૯૭૦માં પાસ કરી. સંસ્કૃત, ગુજરાતી, અર્ધમાગધી વગેરે ભાષાઓમાં તેમનું પ્રભુત્વ તો છે જ. આ ઉપરાંત કચ્છી, હિંદી, અંગ્રેજી વગેરે ભાષાનું સારું જ્ઞાન પણ ધરાવે છે.*

***M.A.** (સંસ્કૃત) વિશેષ યોગ્યતા સાથે મુંબઈ યુનિવર્સિટીમાં પ્રથમ વર્ગમાં પ્રથમ એવા ભાઈશ્રી જયંતીલાલ જોષી 'શબાબ'ને પ્રવાસ, વાંચન, સંગીત અને લેખનકાર્યમાં વધારે અભિરૂચિ છે. તેમણે તાલીમ તથા સાહિત્યિક - સાંસ્કૃતિક અવસરે કાશ્મીર, ભોપાલ, પટણા, કાશી, ખજુરાહો, ત્રિચિનાપલ્લી, દિલ્હી, સારનાથ, ઉરૂલીકાંચન (પૂના), ગુજરાત તેમજ મહારાષ્ટ્રના વિવિધ સ્થળોના પ્રવાસો કર્યા છે.*

*કવિ જયંતી જોષી 'શબાબ'ને ૧૭ કરતાંયે વધારે વિશિષ્ટ સન્માન પદકો મળ્યાં છે. જેમાં થોડાંક નામોમાં ગુજરાત રિફાઈનરી - વડોદરા દ્વારા રાષ્ટ્રભાષા હિંદીના મહત્તમ ઉપયોગ માટેનો વર્ષ ૧૯૯૮નો રાજસ્તરીય પુરસ્કાર, શ્રેષ્ઠ કચ્છી કાવ્યો માટે અને ત્યારબાદ કચ્છી ભાષામાં સમગ્ર યોગદાન બદલ 'સંસ્મૃતિ' સંસ્થા દ્વારા પુરસ્કાર, કચ્છ દેશના અંતિમ રાજવી મદનસિંહજીના વરદ્ હસ્તે કચ્છની બહુમૂલી પ્રતિભા તરીકેનું વિશિષ્ટ સન્માન, કચ્છી રાજગોર સમાજ (ભુજ) દ્વારા 'સમાજરત્ન', રૌપ્યપદક સાથેનું સન્માન, સ્વ. દુલેરાય કારાણી શતાબ્દી વર્ષ અવસરે સમુત્સવ સમિતિ દ્વારા 'રૌપ્યચંદ્રક', કચ્છી ભાષામાં સમગ્ર યોગદાન હેતુ માટે શ્રીમતી તારામતીજી વિશનજી ગાલા સાહિત્ય-કલા પુરસ્કાર સને ૨૦૦૬માં મુંબઈ ખાતે એનાયત થયેલો. તેમજ ગુરુ ગરિમા પ્રતિષ્ઠાન ઍવોર્ડ ૨૦૦૮માં કચ્છી ભાષાના યોગદાન બદલ ભુજ ખાતે કવિને આપવામાં આવ્યો છે. એ સિવાય અનેક સન્માનો, ઍવોર્ડસ કવિના ખાતામાં જમા થયા છે.*

*સાહિત્યસર્જન માટેનો 'શબ્દ ખંડિયેર' કાવ્ય સંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કાર - ઍવોર્ડ મળ્યો છે. જયંતી જોષીએ 'સંસ્કાર જ્યોતિ', 'પાંદડી', 'આથમેલા સૂરજના અજવાળાં', 'વૃક્ષ ટહુકે મૌનમાં' (ગુજરાતી) તથા 'ભૂકંપજા ભીડા' (કચ્છી) વગેરે કાવ્ય સંગ્રહોનાં સંપાદનો કરેલા છે.*

*'મધલાર અને પિરભજી - પિરસાધી' (કચ્છી), 'મંગલઘાટ' અને 'જ્યોતિકલશ' (મુનિશ્રી નરેશચંદ્રજી 'આનંદ'ના), 'જૈન દર્શન' તેમજ 'વ્યસન મુક્તિ' વગેરે નિબંધોનું સંપાદન કર્યું છે તથા પોતાના સંગ્રહો પણ સમાજને ભેટ ધર્યા છે.*

*કવિ-સર્જક જયંતીભાઈના 'કચ્છમિત્ર' 'ચિંગાર' 'વિવેકગ્રામ' 'ઉમાદર્પણ' અને એવા બીજાં સામયિકો - પત્રોમાં તેમના ૩૦૦થી વધારે લેખ-કવિતા-ગઝલો કચ્છી, ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયા છે. **આ કચ્છી નવા વર્ષે કચ્છમિત્ર સમાચાર પત્રમાંના તેમના કચ્છી વિભાગ 'ધિલજી ગાલિયું'ને ચાલીસ વર્ષ પૂરા થાય છે, જે એક વિશેષ બાબત છે. કચ્છને સાહિત્યની કલગીએ મઢનારા કવિ શ્રી જયંતીભાઇ જોષી સાહેબને 'મંગલ મંદિર' સામયિકનાં નમન - સલામ.***

*"નયે વરેંજી વધાઈયું."*

***– તંત્રી મંડળ***

કચ્છીના લેખિત પાસાં પરત્વે આજ પર્યંત જેની ભૂમિકા 'કચ્છીના મક્કા' તરીકે ગણાય છે **તે છા કચ્છ** અને બૃહદ્ કચ્છના એકમાત્ર અખબાર ''કચ્છમિત્ર''માં **''ધિલજી ગાલ્યું''** કોલમમાં ચાર ચાર દાયકાથી વિગત - છણાવટ કરનારા તથા સંપાદન સહાય કરનારા તેમજ પોતાના નિજી યોગદાનને પરિણામે સાહિત્યકારોની 'આકાશગંગા' ઊભી કરનારા કચ્છ ધરાના માડુને ધૂરંધર સાહિત્યકાર એટલે **જયંતી જોષી 'શબાબ'.**

કચ્છના પાટનગર ભુજમાં જ એક સમયે સીમિત થઇને પડેલી સાહિત્યિક પ્રવૃત્તિઓને કચ્છ જિલ્લાના વિવિધ ભાગોમાં તથા કચ્છ જિલ્લા બહાર સૌરાષ્ટ્ર - ગુજરાતમાં લઇ જવાનું ભગીરથ કાર્ય કવિ જયંતી જોષી 'શબાબ' તથા તેમના મિત્રવૃંદ જેવા કે કવિ 'અબ્દ', કવિ દયારામ નાકર 'મંગલ', જયંત સચદે 'કસુંબી', રજનીકાંત ચાડ 'આનંદ', મહેશ સોલંકી 'બેનામ', ચમન ઠક્કર, પબુ ગઢવી, વંચિત કુકમાવાલા, વ્રજ ગજકંધ, માણેકવાલા કંગનવાલા, મદનકુમાર અંજારિયા 'ખ્વાબ', રવિ પેથાણી 'તિમિર' અને રમણિક સોમેશ્વર વગેરે કવિઓને ફાળે જાય છે.

ગણેશજીના પરમ ઉપાસક શ્રી જયંતિલાલ જોષીના નામ **'જયંતી'નો અર્થ પણ 'ગણેશ' થાય છે.** આ કારણે પણ ગણેશની વિશેષ કૃપા 'શબાબ' ઉપર રહી છે.

મુંબઈથી ભુજમાં આવી સ્થિર થયેલા આ કવિ પોતાની કાવ્ય-રચનાઓને પોતાની સંસ્કારવારસ ગણે છે ને માનસપુત્ર કે માનસ પુત્રીઓ તરીકે પોતાના જીવનમાં સ્થાન આપે છે.

અમૃતલાલ યાજ્ઞિક તથા બરકત વિરાણી 'બેફામ' આ કવિની પ્રત્યેક રચનાઓને પ્રાણવંતી અને હૃદયસ્પર્શી ગણાવે છે. કવિએ ત્રણ ભાષા – હિંદી, ગુજરાતી અને કચ્છી ભાષામાં સર્જન કર્યું છે.

**કવિનું ઉપનામ 'શબાબ' છે. શબાબનો અર્થ જુવાની, યૌવન એવો થાય છે.** પણ તેમના સંગ્રહોમાંથી પસાર થતાં યુવાનીકાળને બદલે બાલ્યકાળના ચિત્રો ઉત્પન્ન થતાં જોઈ શકાય છે. પ્રૌઢાવસ્થાની પાકટતા તાદૃશ્યમાન થાય છે. **સંસ્કૃત ભાષાના જ્ઞાનને કારણે કવિની કવિતાઓમાં વિકૃતિ નથી, પણ સંસ્કૃતિ છે** અને આ સંસ્કૃતિનાં પાથરણાંએ જ તેમની કવિતા-ગીત-ગઝલોને ભેદ-વિભેદથી પર રાખી છે. કવિ પોતાની જાત નજર સમક્ષ રાખી સર્જન કરે છે. તેમનો એક શે'ર જુઓ :

*નિહાળી કર્મ મારા સૌને ચહેરે ભાવ ડોકાયા,*
*હું નિજની જાત ઓળખવા જ પ્રત્યાઘાત લાવ્યો છું.*

કવિ પોતાની જાતને પારકાની દૃષ્ટિએ ઓળખાવે છે. કવિની આ ઓળખવાની સારી રીત છે. અન્યને પારખવા માટે વ્યક્તિએ પ્રથમ પોતાની જાતને ઓળખવી પડે છે. આ જાત એટલે કોઈ વર્ણવ્યવસ્થામાં પરોવાયેલી કે બંધાયેલી ઓળખ નહીં, પરંતુ આત્માની ઓળખ છે. આત્માને જાણ્યા વિના જગત જાણી શકાય નહીં.

*'જાત' વિશેનો જ કવિ 'શબાબ'નો એક શે'ર જુઓ :*

***જાત માણસની ને માણસને જ ના એ ઓળખે,***
***જાતમાં એ એટલી કમજાત છે? લે વાત કર.***

સમાજના દરેક વર્ગ લેખક, કવિ, સંત કે પછી એ કથાકાર હો, પ્રત્યેક વ્યક્તિએ માણસની જાત પર પ્રશ્નો ઉઠાવ્યા છે. પોતાની અંદર ઊતરી જાતને - આત્માને ઓળખી તે પ્રમાણે વર્તવા અનુરોધ કર્યો જ છે. છતાં માણસ હજી સુધી એ બાબતને અનુસર્યો નથી. અહીં કવિ માણસની જાતને ક—જાત ગણાવે છે અને એક નિશાન તાકે છે.

—પણ, કવિ 'શબાબ' પોતાની બીજી ગઝલના એક શે'રમાં જાણે કે આ પ્રશ્નનો ઉત્તર પણ વ્યંગાર્થભાવમાં આપે છે.

***કંઈ સુગંધી સાથ જેને ના મળે,***
***થોર થઈ એ વિસ્તરે છે – માનશો?***

માણસમાં પ્રવેશેલી જડતા, એ તેના જીવનમાં પડેલો અભાવ જ છે. કોઈ તરફથી થતી દુર્લક્ષતા કે ઉપેક્ષાએ જ માણસને અતડો બનાવ્યો છે. કાંટાળા થોર જેવો અણિયલ કે તીક્ષ્ણ બનાવ્યો છે.

**વધારે મેળવવાની ઝંખનાએ જ માણસને માનવતાની ચોટી પરથી નીચે ફંગોળ્યો છે.** તેનામાંથી કોમળતા જ બાદ થઈ ગઈ છે ને રૂક્ષતાએ માણસને ઘેરી લીધો છે.

ઉર્દુના શાયર 'અનવર ઇમામી'એ પણ પોતાની તામીરમાં આવી જ કંઈક વાત કરી છે.

***અય ખુદા! તું શિલ્પી હૈ કૈસા, જરા યે તો બતા,***
***કિ બનાયા આદમી પર રખ દી નફાસત કી કમી.***

શાયર 'અનવર' કહે છે કે ઈશ્વરે માણસનું સર્જન શરૂ કર્યું હશે ત્યારે શરતચૂકથી તેના ઘડતરમાં બધા અંગોપાંગો મૂકીને અંતે નફાસત એટલે કોમળતા મૂકવાનું ભૂલાઈ ગયું હશે. આને કારણે જ માણસ આજે સંવેદનહીન અને બરછટ બની ગયો છે.

કાવ્ય જીવનની સમીક્ષા કરે છે. એટલે જ કાવ્યનું અંતર્ગત રહસ્ય નીતિપૂર્ણ હોવું જોઈએ એમ આ કવિ માને છે ને કહે છે કે – કવિતાએ શબ્દને નીતનવા આયામ આપવાના હોય છે. કોઈ એક પ્રચલિત બીબાંઢાળમાં પૂરાઈ રહેવું કવિને ન પાલવે. પોતે ચાતરેલા નવા ચીલા ઉપર પુનરાવર્તન કર્યા કરવું પણ યોગ્ય નથી. કવિએ પોતાની અભિવ્યક્તિની જરૂરિયાતોને પહોંચી શકે તેવા નિતનવા લયની ખોજ નિરંતર કરવી રહી.

વર્તમાન સમયની સ્થિતિનું આલેખન કરતો કવિનો એક શે'ર :

*પારધી છોડી મૂકે છે તે છતાં ઊડતું નથી,*
*મુક્તિમાં પણ ક્યાં હવે પહેલા સમી મીઠાશ છે.*

કવિએ અહીં ગુલામી અને મુક્તિની વાત કરી છે. આખોયે શે'ર વ્યંગ્યાર્થ - ગૂઢાર્થમાં અભિવ્યક્તિ પામ્યો છે. પારધી એટલે અંગ્રેજો. અંગ્રેજોની ગુલામીથી આપણે મુક્ત ભલે થયા, પણ લોકશાહીને નામે એક નવી ગુલામીમાં સપડાઈ ગયા છીએ. સ્વતંત્રતા કેવી અને વાત કેવી? દરેકને આજે પોતે ગુલામ જ હોવાનું મહેસૂસ થઈ રહ્યું છે. અંગ્રેજોના કાળમાં ગુલામીમાં પણ જે મીઠાશ હતી તે લોકશાહીમાં કડવી બની ગઈ છે.

માનવતાનું ઉત્તમોત્તમ સ્વરૂપ એટલે કવિતા. રસાત્મક પદ્યબદ્ધ વાણીનો પ્રવાહ એ જ ગઝલનું બંધારણ છે. કવિ 'શબાબે' અનુભવની એરણ પર ટીપાઈને જીવનમાં થતા અનુભવોને બહુ જ ઉત્કટતાથી, સચેતન મનથી, તીવ્ર સંવેદનાપૂર્વક ઝીલ્યા છે.

*'શબાબ'નો વધારે એક શે'ર માણીએ :*

*હું મને મળતો રહું છું, તે છતાં મળતો નથી,*
*કેમકે હું આયનાની બહાર નીકળતો નથી.*

આજે માણસ પોતાના જ સ્વરૂપમાં અટવાયો છે. તેને પોતાનું જ પ્રતિબિંબ વહાલું લાગે છે. અરીસામાં અટવાયેલો માણસ વાસ્તવિક જગતથી ઘણો જ દૂર થતો ગયો છે અને છેવટે પોતે જ રચેલા અહમના ભંવરમાં ડૂબી જાય છે. આમાં દોષ કોનો ગણાય?

*ઉર્દૂ શાયર 'જાજિબ'નો પણ આવો જ એક શે'ર છે :*

*ડૂબો દી કિશ્તી વો તો ઈક મૌજેથી સમંદર કી,*
*નહીં થી કોઈ ગલતી ઈસમેં સારે સમંદર કી.*

એક મોજું આવ્યું ને નાવને ડૂબાડી દીધી. મોજાંને કારણે નાવડી ડૂબી એમાં કાંઈ આખા સમંદરનો વાંક થોડો હોય? બસ! માણસનું પણ આવું જ છે. તે અભિમાન, માન, પદ, પ્રતિષ્ઠા, હુંપદ વગેરે જેવા મોજાઓમાં ઘસડાઈને ડૂબે છે. અર્થાત્ મોટાઈના ગર્વમાં જ ડૂબે છે. એટલે એવું ન માની લેવાય કે તેને જમાનાએ ડૂબાડ્યો છે.

સમાજના સમૂહોની વ્યવસ્થા મનુષ્યકૃત ચીજો તથા શારીરિક ટેવોમાં રહેલી છે. માનવનું ઘડતર માત્ર શરીરની રીતે જ નથી થતું, પ્રાકૃતિક અને સામાજિક સંજોગો પણ તેનાં જીવન ઘડતરમાં ભાગ ભજવતા હોય છે. એટલે જ માણસ રઘવાયો રઘવાયો બનીને દોડી રહ્યો છે ને જ્યાં ત્યાં બાથો ભરી રહ્યો છે.

જીવનની ક્ષણભંગુરતા વ્યક્ત કરતો કવિનો વધારે એક શે'ર :

*હું ભરું છું બાથ પૂરા આભને,*
*હાથમાં ધુમ્મસ કે ઝાકળ હોય છે.*

**માણસની જીજીવિષાનો કોઈ પાર જ નથી.** ઝાઝું પામી લેવા, ને મેળવી લેવાના માણસના હવાતિયાની વાત કવિએ કરી છે. પણ અંતે તેના હાથમાં તો ખાલીપો જ આવે છે. ધુમ્મસ કે ઝાકળ-ઝાંઝવા, એ શૂન્યતા, ખાલીપાના પ્રતીકો છે.

કવિએ રચેલ ભાવવિશ્વ - આયોજન કૌશલ ધ્યાનાર્હ બન્યું છે. ભાવકને પોતાની રીતે ભાવચિત્ર ઊભું કરવાનું ઈજન આપતો કવિનો વધારે એક શે'ર કે જે અનેક ભાવોમાં આવેષ્ટિત થયો છે, તે જુઓ :

*ઓગળે છે એ તો મારાં આંખ ને ચહેરો જ છે,*
*અશ્રુ ઓગળતા નથી, પ્રસ્વેદ ઓગળતો નથી.*

જ્યાં સુધી માણસ શરીરને જ પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વ સમજણ વૃથા છે અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફર્યા કરે છે ત્યાં સુધી સત્યમય ઈશ્વર સુધી પહોંચાતું નથી.

*કવિનો આવો એક અધ્યાત્મ શે'ર જુઓ :*

*હું તને અડકું છતાં પામું નહીં,*
*તું કહે, તું સત્ય કે આભાસ છે?*

ઈશ્વરે પ્રત્યેક માણસને ઈશ્વરી શક્તિઓ આપી જ છે અને તે શક્તિ એટલે મન. મન, ઈશ્વર સુધી પહોંચાડતું અમોઘ શસ્ત્રછે. જો તેનો સદુપયોગ થાય તો માનવ સ્વયં ભગવાન બની જાય છે. પછી ચારેકોર સત્ય જ રહે છે. ક્યાંય ભાસ-આભાસ રહેતા નથી.

આંતર અને બાહ્ય, એ બંને વચ્ચે સુમેળ ન રહેવાને કારણે આંતર-બાહ્ય શક્તિઓ વચ્ચે ઘર્ષણ રહ્યા કરે છે અને એ જ ઘર્ષણ જિંદગીને વિચ્છિન્ન કરે છે. કવિ હૃદય સાથે વાતો કરતાં કહે છે :

*પાનખરમાં જીવનારા, ઓ જિગર,*
*જખ્મને ફૂલો બનાવું, ક્યાં સુધી?*
*પારદર્શક પાંપણે પરદો ધરી,*
*આંખમાં દરિયો છૂપાવું, ક્યાં સુધી?*

ચિંતન વગર સફળ ગઝલ નિર્માણ પામતી નથી. જિંદગીનું ચિંતન જ ગઝલ - કાવ્યને પરિપક્વતામાં ઢાળે છે. કવિ 'શબાબ' શે'રનું જે રીતે આવિષ્કરણ કરે છે, તે જ તેની સર્જક તરીકેની ગહન-પ્રતિભા દશ્યમાન કરાવે છે. કવિનું ભાવસાતત્ય સ્થૂળ રીતે નહીં પણ સૂક્ષ્મરૂપે પ્રત્યેક ગઝલમાં વિહરતું આપણે જોઈ શકીએ છીએ.

કૃત્રિમ સાધનોથી સુંદર કવિતા કે ગઝલ રચી શકાતી નથી. વાચકને રસનિષ્પત્તિ કરાવે, પ્રત્યેક પંક્તિના રસમાં ડૂબાવે, હૃદયને તેના તરફ ખેંચે અને તન-મનને આનંદની લહેરમાં તણાવે એમાં જ કવિની કુશળતા છે. **એટલે જ કહેવાયું છે કે કવિ જન્મતા હોય છે, કવિ બનાવાતો નથી. કવિ તન્મયતાનો ઉપાસક હોય છે, જિગીષાનો નહીં.**

કવિ બ્રહ્મ સુધી પહોંચવાની વાત કેવી સિફતથી અને કેવા વ્યંગાર્થભાવમાં કરે છે તે જુઓ :

*હું વસું છું મૃગજળોના ઘર મહીં,*
*એટલે જીવી જવાની હામ છે.*

મૃગજળનું ઘર કેટલું ટકે? કવિએ અહીં સાંકેતિક ભાષામાં ભ્રમની વાત કરી છે. ભ્રમની વચ્ચે જીવવું દુષ્કર બની જાય છે. પણ ભ્રમને ઓળખીને એની જ દીવાલનું જો ઘર બનાવાય તો બ્રહ્મ સુધી પહોંચી શકાય અને બહાર પણ નીકળી શકાય છે.

કવિ 'શબાબ'ની તામીરોને કચ્છના પાણીએ પોષી છે, પાળી છે. એટલે જ તેમાં એક પ્રકારનું ખેંચાણ છે.

*અંતે 'ઘાયલ'નો એક શે'ર જોઈએ :*

*ભાંભરું તોયે ભીંજવે ભાવે,*
*વણ બોલાવ્યું દોડતું આવે,*
*હોય ભલે ના આંખની ઓળખ,*
*તાણ કરીને જાય એ તાણી,*
*વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી.*

***"સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,***
***રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે,***
***બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જૂનાગઢ)***
***મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪***

## મીઠાં ઉદ્યોગને બચાવવો જરૂરી

# પાંચ લાખ લોકોને રોજગારી આપતો ગુજરાતનો મીઠાં ઉદ્યોગ


આઝાદીના અમૃત મહોત્સવનો આરંભ ઐતિહાસિક દાંડીકૂચનાં દિવસે થતા મીઠાના સત્યાગ્રહની યાદ ફરી એકવાર તાજી થઈ છે. ગાંધીજીએ મીઠા પરના વેરાનાં વિરોધ કરવા મીઠાનો સત્યાગ્રહ કર્યો હતો. દાયકાઓ પછી હવે મીઠા ઉદ્યોગને બચાવવા ફરી એકવાર સત્યાગ્રહ કરવો પડે તેવી નોબત ઊભી થઈ છે. **દુનિયામાં મીઠું પકવતા દેશોમાં ભારત ત્રીજો દેશ છે અને દેશમાં મીઠાનાં ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૮૦ ટકા જેટલો છે. આશરે પાંચ લાખ લોકો આ ઉદ્યોગ થકી રોજગારી મેળવી રહ્યા છે** છતાં આ ઉદ્યોગની સરકારી સ્તર પર હાલત ધણીધોરી વગરની રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

દેશમાં સૌપ્રથમ મીઠાનું ઉત્પાદન ૧૯૨૪માં ગુજરાતની ધરતી પરથી થયું છે. મીઠાનાં ઉત્પાદનમાં ગુજરાતનું ઐતિહાસિક યોગદાન રહ્યું છે. આજે પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને પાંચેક લાખ લોકો રોજગારી મેળવી રહ્યા છે. ગુજરાતનો મીઠા ઉદ્યોગ અને રણમાં કાળી મજૂરી કરી સફેદ મીઠું પકવતા અગરીયાઓની હાલત દયનીય છે. કરોડોની યોજના છતાં રણમાં અગરીયાઓને પીવાનું પાણી નથી મળતું. અનેક સમસ્યાઓથી આ ઉદ્યોગ પીડાઈ રહ્યો છે.

ગુજરાતમાં ૧૨૦૦૦થી વધુ નાના મોટા મીઠાનું ઉત્પાદન કરતા એકમો છે તેમાં ૧૦ હજાર જેટલા નાના એકમો છે. **રાજ્યમાં વર્ષે આશરે ૨૮૦ લાખ ટનનું ઉત્પાદન એવરેજ થઇ રહ્યું છે. તેમાં સૌથી મોટો હિસ્સો કચ્છનો ૧૧૦ લાખ ટન જેટલો છે.** કચ્છના નાના રણમાં આશરે ૨૫થી ૩૦ લાખ ટનનું ઉત્પાદન થાય છે. જામનગર - દ્વારકા જિલ્લામાં આશરે ૪૫ લાખ ટન, ભાવનગર ૩૫, દક્ષિણ ગુજરાતમાં ૨૮ અને ઉત્તર ગુજરાતમાં આશરે ૩૫ લાખ મીઠાનું ઉત્પાદન થાય છે. ગુજરાતના અર્થતંત્રમાં મીઠા ઉદ્યોગનું મહત્ત્વનું સ્થાન હોવા છતાં હંમેશાં આ ઉદ્યોગની ઉપેક્ષા જ થઈ રહી છે.

મીઠાનાં ઉત્પાદન ક્ષેત્રના સંગઠનનાં હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, આખા દેશના ઉત્પાદનનું ૮૦ ટકા ઉત્પાદન એકલું ગુજરાતમાં થાય છે. આમ છતાં ગુજરાતમાં જ્યાં જ્યાં આસિ. કમિશ્નરની કચેરીઓ હતી તે બંધ થઈ રહી છે અને સ્ટાફ પણ ઘટાડી દેવામાં આવ્યો છે. માળીયામાં એક શાખા હતી તે પણ બંધ કરી દેવામાં આવી છે. મીઠા ઉદ્યોગનાં પ્રશ્નો હોય તો હાલ કોની પાસે લઈ જવા તે મોટો સવાલ ઊભો થયો છે.

ગુજરાતમાં જે મીઠું પકવવામાં આવે છે તેમાંથી ૯૦થી ૯૫ ટકા અગરીયાઓ દ્વારા મેન્યુઅલી કામ થાય છે. રણમાં આઠ મહિના સુધી અગરીયાઓ કાળી મજૂરી કરીને મીઠું પકવે છે. હજારો પરિવારો રણમાં રહે છે. આ પરિવારોનાં કલ્યાણ માટે સરકાર કરોડોની યોજનાઓ બનાવે છે આમ છતાં તેની હાલત દયનીય જ રહી છે. તેમને આવાસ મળતા નથી, ઝુંપડાઓ બાંધીને રહે છે. આમ અનેક સમસ્યાનો સામનો કરી રહેલા મીઠા ઉદ્યોગને બચાવવો જરૂરી છે. ■



નારી ગૌરવગાથા

# કચ્છને રાષ્ટ્રીય તખ્તે ગૌરવ અપાવનાર : ડૉ. ઝોહરાબેન ઢોલિયા



ડૉ. પૂર્વી ગોસ્વામી

*લક્કબત્તી બાર મુંજો એરિંગ વનાણું*
*ઢોલરાંધ રમધે મુંજો એરિંગ વનાણું*
*એરિંગ જે ભધલે તોકે ઠોરીયા ધડાપ ડિંયાં*

આ કચ્છી લોકગીતમાં ઢોલ પર રાસ રમતા પત્નીની એરિંગ ખોવાઈ જાય છે. જૂના વખતમાં ગામડી લોકો ટ્યુબ લાઇટને લક્કબત્તી કહેતા. પત્ની, પતિને ટ્યુબ લાઇટમાં એરિંગ શોધવાનું કહે છે પણ પતિને એરિંગ ન મળતાં બદલામાં ઠોડિયા, હાર, ટીલડી વગેરે આભૂષણો લઇ આપવા કહે છે.



ડૉ. ઝોહરાબેન ઢોલિયા

આ કચ્છી લોકગીત જ્યારે ઝોહરાબેને ગાયું ત્યારે તેની મીઠાશ કંઈક ઓર જ હતી. આવા તો કેટલાય કચ્છી અને રાજસ્થાની લોકગીતોનો ખજાનો ઝોહરાબેન પાસે છે. આ લોકગીતોને પામવા તેમને ૮ વર્ષ લાગ્યા અને આખરે આ ખજાનાની પ્રાપ્તિ બાદ ઝોહરાબેન ઓળખાયા, ડૉ. ઝોહરા તરીકે. આજથી અઢી દાયકા પહેલાં જ્યારે માસ્ટર ડિગ્રી લેનારા લોકોની સંખ્યા પણ ખૂબ ઓછી હતી તે સમયે મુંબઇની એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાંથી હિંદી ભાષામાં 'રાજસ્થાની ઔર કચ્છી લોકગીતોં કા તુલનાત્મક અધ્યયન' વિષય પર પીએચ.ડી. થનાર ડૉ. ઝોહરાબેન, કચ્છ અને ગુજરાતનાં પ્રથમ મહિલા પ્રાથમિક શિક્ષક હતા.

ડૉ. ઝોરહાબેને પોતાના સંશોધનમાં રાજસ્થાન અને કચ્છની લોક સંસ્કૃતિની ઝલક મેળવવા બંને પ્રદેશોના લોકગીતો પર ગહન અધ્યયન કર્યું. વિષય પર વધુ પ્રકાશ પાડતાં તેઓ કહે છે, 'રાજસ્થાની ગીતોમાં ભાવવાહી વર્ણન ખૂબ સરસ રીતે થયેલું છે પણ કચ્છના લોકગીતો વધુ મીઠાં લાગે તેનું કારણ છે આપણી કચ્છી લોકબોલી. માંડવી, અબડાસા, મુંદ્રા તાલુકાના છેવાડાના ગામોમાં જઇને, ત્યાંના લોકોની રહેણીકરણીને સ્વસ્તરે સાક્ષાત કરી છે. જ્યારે હું સંકલન દમિયાન રેકોર્ડિંગ કરતી, તો ઘણા લોકો ડરતાં કે હું તેને વિદેશમાં જઇને વેચી, વ્યવસાય કરીશ. એટલે તેનું સંગ્રહ લખાણ દ્વારા શક્ય બનાવી શકાયું. મજૂરવર્ગ સાંજ પછી નવરા પડે એટલે અમુકવાર તો આખી રાત મહેફિલ જામતી. રાજસ્થાનમાં પણ મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મદદને લીધે ત્યાં રહેવાનું અને લોકબોલી સમજવામાં ખૂબ સરળતા રહી. ત્યાંના અમુક લોકગીતો એવા છે જેમાં ગુજરાતી ભાષાની છાંટ વરતાય છે.

ડૉ. ઝોહરાબેન દ્વારા સંકલિત કચ્છી લોકગીતોની મજા કચ્છી માડું કેટલાય વર્ષો સુધી આકાશવાણી ભુજ પર નિયમિત રીતે સાંભળતા રહેતા. આકાશવાણી દિલ્હીનાં 'સાંસ્કૃતિક ભવન' ખાતે વિસરાતા લોકગીતોનું આજીવન સંગ્રહ કરવામાં આવ્યું છે. યુવા જગતને પ્રેરણા આપનારા ડૉ. ઝોહરાબેન આકાશવાણી - ભુજ કેન્દ્રના સલાહકાર સમિતિના માનદ્ પદનું ગૌરવભર્યું સ્થાન શોભાવી ચૂક્યા છે.

કામ પ્રત્યે લોકોનો દૃષ્ટિકોણ અલગ અલગ હોય છે. કેટલાંક પગાર કે વળતર માટે કામ કરે છે, કેટલાક માન મળે એ માટે, કેટલાક અધિકારો ભોગવવા માટે, તો કેટલાકની મજબૂરી હોય કે પોતાના કુટુંબને ખાવા ભેગું કરવા નાછૂટકે ઢસરડો કરતા હોય છે. પરિસ્થિતિ મુજબ કામની રીતમાં ફરક આવતો હોય પરંતુ ડૉ. ઝોહરાબેન કહે છે કે, **'શિક્ષકે પણ પોતાની શીખવાની રીત બદલવા તૈયાર રહેવું જોઇએ.** જો તે વિદ્યાર્થીને સમજીને નવી પદ્ધતિમાં ઢળવા માટે તૈયાર રહે તો કોઈ શૈક્ષણિક સમસ્યા લાંબી ટકી શકે નહીં.' વ્યવસાયને સમર્પિત હોવાના તેમના વલણને લીધે તેઓ બાળકોના અભ્યાસી વાતાવરણમાં ફરક લાવીને તેમની ભણતરની ગુણવત્તામાં સુધારો લાવવાનો નવીનતમ પ્રયાસ સફળતાપૂર્વક કરી શક્યા. બાળકોનું ગૃહસ્થ વાતાવરણ અનેક પરિસ્થિતિઓને પરિણામે બદલી ન શકાય. તેથી તેમણે શાળાકીય પર્યાવરણને પ્રકૃતિના મેળાપ સાથે શક્ય બનાવ્યું. જેનાથી બાળકોના પરિણામોમાં ૪૦ ટકા જેટલો ધરખમ સુધારો આવ્યો. પરિણામે બાળકોની અનિયમિતતામાં તેઓ ઘટાડો લાવી શક્યા. ડૉ. ઝોહરાબેનનું કાર્ય બધાથી અલગ રહ્યું અને એટલે જ તો **તેમને ડો. પ્રેમિલા ઠાકરશી એવોર્ડ, કારણી ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયા છે.**

તેમના આવા અનેક શૈક્ષણિક પ્રયોગોની ચર્ચા દેશભરમાં

થઇ. તેના પરિણામે યુનેસ્કો અને રાષ્ટ્રીય અધ્યાપક શિક્ષા પરિષદના સંયુક્ત ઉપક્રમે 'તીનમૂર્તિ ભવન' ખાતે નવી દિલ્હીમાં યોજાયેલા રાષ્ટ્રીય સેમિનાર માટે ગુજરાતભરના ૪૫૦ શિક્ષકોમાંથી પસંદ કરાયેલા ૫ શિક્ષકો પૈકી **સ્ત્રી શિક્ષિકા તરીકે પ્રતિનિધિત્વ કરનાર એકમાત્ર શિક્ષિકા ડો. ઝોહરાબેન હતા.** આ પ્રતિભાવંત શિક્ષકોના અધિવેશનમાં તેમણે કરેલા શૈક્ષણિક પ્રયોગોનું દાર્શનિક નિદર્શન હિંદી ભાષામાં વક્તવ્ય આપીને રજૂ કર્યું હતું.

આટલું જ નહીં, ડૉ. ઝોહરાબેનને સાહિત્ય, કળા અને શિક્ષણમાં એ જમાનામાં મસમોટા પ્રદાન બદલ **માન. રાષ્ટ્રપતિ ડો. શંકરદયાલ શર્માના વરદ્ હસ્તે ૧૯૯૨માં શ્રેષ્ઠ શિક્ષિકાનો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થઈ ચૂક્યો છે.**

ત્રણ દાયકાથી વધુ સમય સુધી ભુજમાં મદદનીશ શિક્ષિકા તરીકે ફરજ બજાવ્યા બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. યોગ્ય સમયે શાળાકીય વાતાવરણમાં બદલી ન કરી આપવું, એજ્યુકેશન ઈન્સ્પેક્ટરના પદ પર પ્રમોશન ન આપવું; જો કે ત્યારે ઈન્સ્પેક્ટર માત્ર બી.એડ કરેલા હતા છતાંય આવા બધા કારણોને લીધે વ્યવસાયના તેમના અનુભવ અને ઉચ્ચ અભ્યાસને નજર અંદાજ કરવામાં આવ્યું અને તેથી જ સ્વૈચ્છિક નિવૃત્તિ તરફનું પગલું આગળ ધર્યું. ત્યાર પછી તો તેમણે શિક્ષણ જગતના પાયાના પથ્થર વખતસિંહજીના કહેવા પર આશાપુરાના સ્કૂલના પ્રિન્સિપાલ અને બી.એડ. **કોલેજમાં પ્રોફેસર તરીકે સેવા આપીને ઘણાંય નવા શિક્ષકો તૈયાર કર્યા છે.**

ડૉ. ઝોહરાબેનની વ્યક્તિત્વ પ્રતિભાની આછી ઝલક દિમાગમાં સાથે લઇને મારી પ્રથમ મુલાકાત થયેલી. એટલે વિચારેલું કે, કચ્છનાં રજવાડાઓ સાથે તેમના પિતાનું સંગાથીપણું હતું, વિજય નગરમાં ૧૦થી વધુ સમાવેશી દુકાનો સાથેનો આલીશાન બંગલો હશે એટલે તેમની જાહોજલાલી જોવા પણ મળશે. પરંતુ ડૉ. ઝોહરાબેનનું સરનામું બદલાયું છે - મળવું હોય તો જયેષ્ઠા નગર જાઓ; સાંભળીને નવાઈ લાગી. પણ આખરે ઘરે પહોંચી શકાયું. અસ્તવ્યસ્ત સામાન ભરેલા બે રૂમ સાથે રસોડું જોતાં નિરીક્ષણ શક્તિમાં ઓર વધારો થયો. તેમની અજમાયશી આગતા સ્વાગતા ઠાઠ સાથે નિહાળતા સમજી ગઈ કે જીવન જીવવાની ઉચ્ચતમ રીત સાથે આર્થિક સંદર્ભ; જીવનની મુશ્કેલીઓમાં વધારો કરી રહ્યાં છે. હા, પણ તેમનો આંતરમન અન્યના ચિત્તને પોતાની સીમામાં એવો જકડી લે કે બંધન બાદ અધકચરી મુક્તિ આપે તો જરાય ન ગમે.

**"કથીરમાંથી કંચન" બનાવનારા** ડૉ. ઝોહરાબેન હસ્તકળા ક્ષેત્રે નકામી વસ્તુઓનો ઉપયોગ કરી પૂરક રોજી કેમ કમાવવી તે અંગે ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગદર્શન આપી લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓને પુષ્ટિ આપી છે. તેમને ભરતકામની કળા પણ માતા તરફથી વારસામાં મળી છે. સાડીઓ, પાકીટ, રૂમાલ તેમણે ખૂબ સરસ રીતે ભરતથી ભર્યા છે; જાતે ભરત ભરેલા પટ્ટાવાલા ચંપલ જ તેઓ પહેરે છે.

હસ્તકળા તથા કુટુંબ કલ્યાણના ક્ષેત્રે વિવિધ શિબિરોનું તેમણે કુશળતાથી સંકલન - સંચાલન કર્યું છે. **૨૦૦૧ના ધરતીકંપ વખતે તબીબી સારવાર અપાવવામાં ખૂબ મહેનત કરેલી અને ભૂકંપના એકાદ વર્ષમાં મહિલા કારીગરોના પુનરુત્થાન માટે કારીગરો સાથે ભરૂચ રોકાઇને પંદર લાખથી વધુનું વેચાણ કરાવેલું** અને તે બદલ તેમનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું.

**તે પછી તેઓ વિવિધ સમાજસેવી સંસ્થાઓ સાથે જોડાયા.** તેમણે YMC સાથે રહીને ગરીબ માછીમારો તથા ઔદ્યોગિક એકમોમાં કામ કરતાં મજૂરોનાં બાળકોને તેમના ઝુંપડામાં જઇને ભણાવ્યું છે. ચાઇલ્ડ લાઇન તથા એજ્યુકેશન માટેના પ્રોજેક્ટમાં તેમણે કરેલી કામગીરી બદલ સંસ્થા હજુ પણ તેમને યાદ કરે છે. **કચ્છ જ્યોતિ ટ્રસ્ટ સાથે રહીને** પછાત વિસ્તારોમાં રહેતાં ગરીબ માતાઓ તથા ૬૦ વર્ષની વૃદ્ધ મહિલાઓને પણ સાક્ષર કર્યા કે જેથી તેઓ સરકારી લાભો માટે કોઈ શિક્ષિતની મદદની આશ્રિત ન રહે. સેવાભાવી વ્યક્તિત્વ ધરાવનાર ડૉ. ઝોહરાબેને સમાજના દરેક પહેલુંને બારીકીથી પારખ્યા છે અને જ્યાં ઓછપ વર્તાઇ ત્યાં હંમેશાં પોતાનું જીવન સંઘર્ષ તેમણે વધાર્યું છે.

કચ્છનાં એક ખૂણામાં બેઠેલા ડૉ. ઝોહરાબેને લોક સાહિત્યના ધૂરંધર સ્વ. દુલેરાય કારાણીની કૃપા પાત્રતા પામીને, **કચ્છ પ્રદેશ અને રાજસ્થાનના લોકગીતોને સરખાવતો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કર્યો અને જે લગનીથી તેમણે કચ્છી બોલીની સેવા કરી તે કાબિલ-એ-તારીફ છે.** ડૉ. ઝોહરાબેને સંગીત અને કળામાં ઊંડો રસ લઇ, ૪૫૦ જેટલા ગુજરાતી, હિંદી તથા કચ્છી હાઈકુ; કચ્છના સાહિત્ય ખજાનાને અર્પણ કર્યા છે.

સફળ સંચાલક ડૉ. ઝોહરાબેનની સમાજ માટે વિવિધ યોગદાન બદલ તેમના **ખલીફા સમાજ દ્વારા મળેલ સન્માન સાથે રાજીવ ગાંધી ફાઉન્ડેશન એવોર્ડ, કચ્છ શક્તિ દ્વારા 'કારાણી ગૌરવ એવોર્ડ' તથા IIM દ્વારા પણ તેમણે વિશેષ સન્માન મેળવ્યું છે.** આ સાથે "પથદર્શક પ્રતિભાઓ" નામક પુસ્તકમાં વિશ્વ પ્રાંગણમાં યશપતાકા ફરકાવનારા કુલ પંદર ગુજરાતીઓની પ્રતિભા સૂચિમાં ડૉ. ઝોહરાબેનનું નામ સન્માન ઉમેરાયું છે.

ડૉ. ઝોહરાબેનના બાયોડેટા તો કોઈ પરીકથાની માફક છે. જેમાં ઉચ્ચ ડિગ્રીઓની સાથે સમાજસેવાર્થે કરેલા કાર્યોની કતાર ઘણી લાંબી છે. **તેમણે પોતાના જીવનની ઉન્નત પળો સમાજની**

**સેવા કરતાં કરતાં જ માણી છે** અને એટલે જ પરિસ્થિતિઓ જોવાની અને તેને સમજવાની કોઠાસૂઝ તેમના વ્યક્તિત્વમાં સૌંદર્યતા પ્રદાન કરે છે.

બોંત્તેરની ઉંમરના ડૉ. ઝોહરાબેનના ગોરાં ચહેરા પર કરચલીઓ ભલે પડી ગઈ છે, પણ કામ કરવાની રીત કે બોલવાના ઢંગમાં રતીભરનો ફરક પડ્યો નથી. આજે પણ તેઓ એટલા જ સક્રિય છે અને શિક્ષણની ઉચ્ચત્તમ પદવી ડી.લીટની તૈયારી કરી રહ્યા છે. ભુજમાં જન્મેલા ડૉ. ઝોહરાબેને માતા-પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે પરંતુ હાલમાં મોટા બહેન અને ભાઈ સાથે રહે છે. મોટા બહેનની સાંસારિક મુશ્કેલીઓને જોઇને તથા પોતાના સમાજમાં ભણેલા મૂરતિયા ન મળવાને લીધે ડૉ. ઝોહરાબેને લગ્ન ભલે ન કર્યા, પણ તેમને ચાહનારા અને તેમનામાં વિશ્વાસ રાખનારા લોકો સાથેનો તેમનો પરિવાર ખૂબ મોટો છે.

જે સમાજમાં સ્ત્રી - પુરુષ ઝાઝું ભણતા નહીં અને જ્યારે મોબાઈલ, સોશિયલ મીડિયા કે ટ્રાવેલિંગની પૂરતી સુવિધા ન હતી ત્યારે ડૉ. ઝોહરાબેન દાઉદ ઢોલિયાએ ચાલુ નોકરીએ મળતી રજાઓ અને વેકેશનનો લાભ લેતાં લેતાં મુંબઈ સુધીનો પ્રવાસ ખેડ્યો. પોતાના ઘરેણાં વેચીને પણ ધરખમ ખર્ચાઓના સંઘર્ષ સાથે **તેમણે એમ.એ., એમ.એડ. અને ડોક્ટરેટની પદવી મેળવી.** કચ્છના આ મેધાવી શિક્ષકની ઉચ્ચ ડિગ્રીઓ, શિક્ષણ, સાહિત્ય, કળા, સમાજ પ્રત્યેનું યોગદાન જાણીને તેમને ચરણ સ્પર્શ કરવાનું મન થાય. **તેમના જીવનની એક એક સિદ્ધિઓ પણ આપણા માટે પ્રેરણાદાયી સાબિત થાય તેમ છે.** તેમણે કરેલી ઉમદા કારીગરીની તો જેટલી વાતો થાય તેટલી ઓછી છે પણ લોકોના પ્રતિભાવોમાં એવું સાંભળવા મળ્યું કે, "કબાટમાં રાખી મૂકવા માટેના એવોર્ડસ સિવાય સાક્ષાત જગતમાં તેમની યોગ્ય કદર પાંખી રીતે થઈ હશે."

અંતમાં, ડૉ. ઝોહરાબેને ગાયેલું તેમનું પસંદગીનું ગીત તમારી સમક્ષ રજૂ કરું છું :

*"ગુજરા હુઆ જમાના આતા નહીં દોબારા*
*હાફિઝ ખુદા તુમ્હારા*
*ખુશીયાં થી ચાર દિનકી, આંસુ હૈ ઉમ્રભર કે."*

*(ફિલ્મ : શિરીન ફરહાદ, ૧૯૫૬)*

***ગિરીરાજ એન્ટરપ્રાઇઝ,***
***ન્યુ સ્ટેશન રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૮૨૫૭ ૯૨૦૪૮***

## દાદા અજેપાળ ચૌહાણ - અંજાર : પાળિયો બોલે છે....

**(અનુસંધાન : પાના નં. – ૪૮ ઉપરથી ચાલુ)**

પૂરેલ છોકરાને સર્પદંશ થતાની સાથે મરણ પામ્યો, એટલે કોઈ જવાબ ન મળ્યો. ત્યારે સિધ્ધસાગરજીએ અજેપાળ દાદા તરફ ફરીને પૂછ્યું : 'દાદા, આપની પૂજા કોણ કરે?' ત્યારે આકાશમાંથી ગેબી અવાજ આવ્યો, 'મારી પૂજા હવે પછી દસનામી બાવાઓ જ કરે.'

પોતાના હાથ હેઠા પડતાં, હતાશ થયેલા નાથબાવાએ રાવ દેશળજી તરફ ફરીને કહ્યું, 'બાવા (બાપુ), આ મહાત્માની માયાજાળમાં ફસાવા જેવું નથી. એ બહુ મોટા સિધ્ધપુરુષ હોય તો આ મંદિરના પથ્થરના પોઠિયાને ઘાસ ખવડાવી બતાવે.' ત્યારે મહારાવ બોલ્યો, 'સિધ્ધસાગરજી, આપ આ પોઠિયાને ઘાસ ખવડાવી બતાવો, તો તમારી વાત માનું.' ત્યારે સિધ્ધસાગરજી એટલું જ બોલ્યા, 'બાવા, મારા હાથમાં કંઈક જાદુમંતર હશે એવો કદાચ આપને વહેમ ન આવે એટલા માટે આપ જ પોઠિયાને ઘાસ ખવડાવો.' આટલું બોલીને સિધ્ધે હવામાં હાથ હલાવ્યો ત્યાં જુવારની લીલી પૂળીઓ હાજર થઈ. મહારાવે પૂળીઓ હાથમાં લીધી ત્યારે પોઠિયા તરફ ફરીને, 'ચલ બેટા, ઘાસ ખા લે' બોલીને સિધ્ધસાગરજીએ પોઠિયાની પીઠ થાબડી. ત્યાં તો મહારાવથી ત્રણ ગજ છેટે ઉભેલો પથ્થરનો પોઠિયો ત્યાં જઇને મહારાવના હાથનું ઘાસ ખાવા લાગ્યો. પછી પોદળો કરીને પોતાની જગ્યાએ ગયો. ત્યાં બેસવા જતો હતો ત્યારે સિધ્ધસાગરજી બોલ્યા, 'જરા ઠહરના બેટા!' પોઠિયો ઉભડક પગે એ જ હાલતમાં ત્યાં રહી ગયો, જે આજેય ત્યાં જોવા મળે છે.

કચ્છી લોક જીવનમાં એવી એક લોકમાન્યતા પ્રચલિત છે કે આ ચમત્કાર પછી સિધ્ધસાગરજી અંબાજી માતાના મંદિરની અગાસી પર જઇને ઢોલિયા પર બેસીને અદશ્ય થઇ ગયેલા. તેઓ ભવિષ્યે અહીં પાછા ફરશે ને પોઠિયાને બેસાડી જશે.

અંજાર શહેરમાં જેસલ-તોરલની સમાધિ અને અંબાજી માતાના મંદિરની બાજુમાં આવેલી ઝુંડ તરીકે ઓળખાતી જગ્યા પાસે આજે અજેપાળ દાદાનું સદીઓ પુરાણું મંદિર આવેલું છે. આંબલીના ઊંચા વૃક્ષની ઘટા વચ્ચે શોભતા આ મંદિર પાસે પુરાતન વાવ છે. મંદિરમાં અખંડ જ્યોત પ્રગટે છે. અજેપાળ દાદાના મંદિર પાસેના ભોંયરામાં સંતાડેલા અને સર્પદંશથી મૃત્યુ પામેલા છોકરાની સમાધિ મોજૂદ છે. મંદિરથી થોડે દૂર આવેલા અંબાજી માતાના મંદિરની અગાસીમાં સદીઓ જૂનો સિધ્ધસાગરજીનો ઢોલિયો આજે પણ લોકજીવનમાં શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક પૂજાય છે. આમ, દંતકથાઓ અને ચમત્કારોથી મઢ્યું વ્યક્તિત્વ ધરાવતા વીર અજેપાળ દાદા કચ્છના લોકજીવનમાં આગવું સ્થાન ધરાવે છે. ભૂકંપ પછી અહીં નવું મંદિર બનાવવામાં આવ્યું છે. આ ચમત્કારોને આજે કોઈ યાદ કરતું નથી.

***પ્રેષક : દિનેશચંદ્ર જે. શાહ - અમદાવાદ***

# કચ્છ દર્શન – સમાચાર (સંક્ષિપ્તમાં)

**સંકલન : દિનેશ આર. મહેતા**

## રેલવે મંત્રાલય, ભારત સરકાર દ્વારા કોમલ છેડાની ઝેડ.આર.યુ.સી.સી. (વેસ્ટર્ન રેલવે)ના સભ્યપદે નિમણુંક

કેન્દ્રિય રેલ મંત્રાલય દ્વારા શ્રી કોમલ છેડાની ઝેડ.આર.યુ.સી.સી. (ઝોનલ રેલવે યુઝર્સ કોન્સ્યુલેટિવ કમિટી) વેસ્ટર્ન રેલવેમાં સભ્યપદે તાજેતરમાં નિમણુંક કરવામાં આવી છે. આ કમિટીમાં વેસ્ટર્ન રેલવેના મધ્ય પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યનો સમાવેશ થાય છે. શ્રી કોમલ છેડાએ ૧૯૮૮થી કચ્છ માટે ટ્રેન અંગે આંદોલન કરી સફળતા મેળવી હતી. ત્યારબાદ, સરકાર સાથે મંત્રણાઓ કરી છ ટ્રેન કચ્છ માટે મંજૂર કરાવવામાં તેમનો મોટો ફાળો રહ્યો છે. તે ઉપરાંત, કચ્છમાં મુંદ્રા પેસેન્જર ટ્રેન ચાલુ થાય અને મુંદ્રાથી માંડવી લાઇન બિછાવવા માટે પણ તેઓ કાર્યરત છે.

★

## શિણાય ડેમમાં પાણી સંગ્રહ કરવાની શક્તિમાં ૧૦૦ કરોડ લીટરનો થશે વધારો

કચ્છ જિલ્લાને નર્મદા પાણી પૂરું પાડવા માટે કુલ ૩૫૭ કિ.મી. લંબાઇની કચ્છ શાખા નહેરનું બાંધકામનું જે આયોજન થયું છે, તે પૈકી અત્યાર સુધી આશરે ૩૪૦ કિ.મી.ની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જેમાંથી ગાંધીધામ નજીક શિણાય ગામ પાસે પસાર થતી આશરે ૫ કિ.મી.ની લંબાઇના નહેરના બાંધકામનો પ્રશ્ન ખૂબ વિકટ હતો. આમ છતાં તા. ૧૯ એપ્રિલથી શિણાય ડેમમાંથી માટી ઉપાડવાનું ચાલુ કરવામાં આવ્યું છે અને આ તમામ ૧૨ લાખ ઘ.મી.નું માટીકામ આગામી ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું લક્ષ્ય સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

★

## કચ્છ મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજાની વિદાય

કચ્છના મહારાવ શ્રી પ્રાગમલજી ત્રીજાની ટૂંકી માંદગી બાદ ૮૫ વર્ષની વયે તા. ૨૮-૫-૨૦૨૧ના રોજ નિધન થયું હતું. કચ્છને અલગ રાજ્યનો દરજ્જો મળે એવી ચિંતા સેવતા મહારાવ સાહેબના નિધનના સમાચાર વાયુવેગે ફેલાતા કચ્છ સહિત દેશ-દેશાવરમાં લોકોએ દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. મહારાવશ્રીના નિધનના પગલે કુંવર ઇન્દ્રજીતસિંહ જાડેજાએ દુઃખમા સહભાગી થનારા સૌનો ઋણ સ્વીકાર કર્યો હતો. કચ્છ ઇતિહાસ પરિષદના સાવજસિંહ જાડેજાએ પણ દુઃખની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે, રાજવી પરંપરા જાળવનાર મહારાવશ્રીની ખોટ ક્યારેય નહીં પૂરાય.

★

## હમીરસરની ૧૦૦ ફૂટ લાંબી અને ૧૨ ફૂટ ઊંચી દીવાલ ચણવાનું શરૂ

ભુજના હમીરસર તળાવની ઇદગાહ તળાવની પાસેની દીવાલ ગત ચોમાસામાં બેસી ગઈ હતી. જે ભુજ નગરપાલિકા દ્વારા ૧૦૦ ફૂટ લાંબી અને ૧૨ ફૂટ ઊંચી આર.સી.સી. દીવાલ ચણવાનું શરૂ કરી દેવાયું છે. આ આર.સી.સી. બાંધકામ જેમ બને એમ જલ્દી પૂરું કરવામાં આવશે, તેમ જણાવવામાં આવ્યું હતું.

★

## સાડા પાંચ કરોડના ખર્ચે આકાર પામશે ભુજ સ્પોર્ટસ સેન્ટર અને રૂા. ૨.૬૫ કરોડના ખર્ચે ભુજ રિડીંગ કમ સ્ટડી સેન્ટર

ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ (ભાડા) દ્વારા આવનારા સમયમાં ભુજ હિલ ગાર્ડન પાસે રૂા. ૫.૫ કરોડના ખર્ચે ૨.૮૦ એકર જમીનમાં ભુજ સ્પોર્ટસ સેન્ટર આકાર પામશે. તેમજ આર.ટી.ઓ. રીલોકેશન સાઇટ પાસે રૂા. ૨.૬૫ કરોડના ખર્ચે ભુજ રીડિંગ કમ સ્ટડી સેન્ટર બનાવાશે.

★

## કંડલામાં કાર્ગો હેન્ડલિંગ કામગીરી દરમિયાન આગ

કંડલા દિનદયાલ પોર્ટ ખાતેના નંબર-૯ પરના બર્થમાં ચાલી રહેલી કારગો હેન્ડલિંગ કામગીરી દરમિયાન, તાજેતરમાં રાત્રિના ૧.૩૦ના સમયે મોટી આગ લાગી હતી. આ સમયે ફાયર ફાઇટર સ્થળ પર દોડી આવ્યા હતા અને આગને કાબુમાં મેળવી લીધી હતી. જેના પગલે બંદર પર ઉપસ્થિત કર્મચારીઓ અને અન્ય સ્ટાફવર્ગે રાહતનો શ્વાસ લીધો હતો.

***(વર્તમાનપત્ર / સામયિક પર આધારિત)***

"મંગલ મંદિર" જુલાઈ-૨૦૨૧ : કચ્છ વિશેષાંક

# સંપુટ-૨

*અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષ તથા વરસાદી માહોલને અનુલક્ષીને 'મંગલ મંદિર'ના આ અંકમાં અમે "વરસાદ" વિષયક ગઝલ - કાવ્યોને ખાસ સ્થાન આપ્યું છે. વાચક વર્ગ તેને હૃદયપૂર્વક બિરદાવશે, તેવી અપેક્ષા.* **– તંત્રી મંડળ**

## વરસાદમાં

છંદ બંધારણ : ગાલગાગા, ગાલગાગા, ગાલગા

શબ્દના પગલાં પડે વરસાદમાં,
અર્થ શ્રાવણનો જડે વરસાદમાં!
આ અષાઢે મોરલા દોરું પછી,
વાદળાંઓ ગડગડે વરસાદમાં.
હું અને તું એટલા નજદીક હોય,
દૂરતા શાને નડે વરસાદમાં?!
તૃણ લીલું આંખમાં ઊગી ગયું,
સ્પર્શઋજુલ સાંપડે વરસાદમાં!
બીજ લ્યો, અક્ષર બને નભપૃષ્ઠ પર,
વાંચતા ક્યાં આવડે વરસાદમાં.
કોણ વરસે છે અવિરત આંગણે,
તું હવે ભીની અડે વરસાદમાં!
સૂકવું વરસાદને સૂરજ ઉપર,
ચાંદ ભીનો સાંપડે વરસાદમાં!
આમ આખી રાત જાગ્યો છે રમેશ–
વેદના છલકી પડે વરસાદમાં.

**કવિશ્રી રમેશ પટેલ - સુરત**
**મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫**

## વરસાદમાં

છંદ બંધારણ : ગાગાલગા, ગાગાલગા, ગાગાલગા

મિસરો સરસ ઝીલાય છે વરસાદમાં,
છંદો પલળતા જાય છે વરસાદમાં.
ઝીણી રદીફો ઝરમરે ભીતર મને,
ક્ષણ કાફિયા ફૂંકાય છે વરસાદમાં.
મત્લા - ગઝલની વાદળી વરસી પડી,
મક્તા - ગઝલ ભીંજાય છે વરસાદમાં.
પહાડો નઝમશું ગાય છે, ખીણો ગઝલ,
ને ગીત ઝરણું ગાય છે વરસાદમાં.
હું શ્રાવણી પીંછી ભરું છું રંગમાં,
દશ્યો અજબ ચિતરાય છે વરસાદમાં.
ગાગાલગા દરબાર ઝૂમી ઊઠતો,
મલ્હાર બૈજુ ગાય છે વરસાદમાં.
સ્મૃતિ ધસે છે પૂરમાં 'બેન્યાઝ'ની,
યાદો તણાતી જાય છે વરસાદમાં.

**કવિશ્રી બેન્યાઝ ધ્રોલવી - ધ્રોલ**
**મો. ૮૪૦૧૦ ૩૫૪૭૭**

## ચોમાસું

છંદ બંધારણ : ગાગા, ગાગા, ગાગા, ગાગા

બેઠું છે કણ-કણ ચોમાસું,
મનગમતું વળગણ ચોમાસું.
જે વરસે આલિંગન દેતાં,
એવી છે સમજણ ચોમાસું.
તારું – મારું છે સહિયારું,
બાંધે છે સગપણ ચોમાસું.
સારાં કે માઠાં વરસોને,
દેખાડે દર્પણ ચોમાસું.
મારો છે પ્રિયજન છો વરસે,
છલકાવે આંગણ ચોમાસું.
ગોધણ પાછાં વળતાં વરસે,
ગાતો છે ચારણ ચોમાસું.
માગે ના વરસે, ના માગે–
વરસે, બસ કારણ ચોમાસું.
લીલું - લીલું ચૌદિશ ફૂટે,
ધરતીનું ધાવણ ચોમાસું.
ગઝલો મધુરી લખતાં વરસે,
કાયમનું કારણ ચોમાસું.

**કવિશ્રી ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' - જામનગર**
**મો. ૯૫૧૦૧ ૨૯૪૧૯**

## વરસાદ

છંદ બંધારણ : ગાલગાગા, ગાલગાગા, ગાગાલ

કેફ થઈ એવો ચડે છે વરસાદ,
છેક ભીતરને અડે છે વરસાદ.
મનભરી તેથી જ માણી લીધો,
રોજ કંઈ થોડો પડે છે વરસાદ.
હોય જો દાનત વરસવાની તો,
ક્યાંયથી આવી ચડે છે વરસાદ.
મન મૂકી જ્યારે નથી વરસાતું,
રાત આખી બડબડે છે વરસાદ.
ટાંકણું ફોરાંનું લઈને 'રાકેશ'
ભાવિ ધરતીનું ઘડે છે વરસાદ.

**કવિશ્રી રાકેશ હાંસલિયા - રાજકોટ**
**મો. ૯૮૨૪૮ ૮૫૪૧૬**

## વરસાદ આવ્યો

છાંટ અમૃત ધીરે ધીરે છાંટતો વરસાદ આવ્યો,
વ્હાલ અનરાધારને વરસાવતો વરસાદ આવ્યો.

ગર્જના ગગને કરી અવની ઉપર પાડીને પડઘા,
મોરલાને મન મૂકી ટહુકાવતો વરસાદ આવ્યો.

શુષ્ક હૈયે ભાવભીની સ્નેહની સુગંધ ભરતો,
ને અજંપો ઊરનો અટકાવતો વરસાદ આવ્યો.

ધા ધરાની સાંભળીને કાળજે કરુણા ધરી છે,
છમ્મલીલી ઓઢણી ઓઢાડતો વરસાદ આવ્યો.

માનવી, પશુ, પંખી, સઘળી પ્રકૃતિને તૃપ્ત કરતો,
સૌને સૌની રીતથી હરખાવતો વરસાદ આવ્યો.

છે મિલનની મધુરતા તો ક્યાંક વિરહી વેદના પણ–
એક સમયે દૃશ્ય બે દર્શાવતો વરસાદ આવ્યો.

વીજળી રાધા સમી શ્રીકૃષ્ણ કાળા વાદળા સમ,
વાહ 'નટવર' પ્રેમ ધ્વજ ફરકાવતો વરસાદ આવ્યો.

*ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩*

## જળની ધારા વરસે

ધીમી ધારે વરસે
નભથી જળની ધારા વરસે.

બુંદ બુંદમાં અમૃત છલકે
પશુ-પંખી-જન હરખે,
વેલ-વૃક્ષ તો નાહીને ઊભાં,
સૂર્ય-કિરણમાં ચળકે;

જળધારા વાટે નભ જાણે
હેતે ધરાને પરસે,
ધીમી ધારે વરસે,
નભથી જળની ધારા વરસે.

બીજ વવાશે ધરતીમાં જે
કાલ કૂંપળ થૈ ફૂટશે,
નવીન આશા, નવાં વિચારે
જીવન ફરી ધબકશે;

સરવર કાંઠે બેસી ચાતક
વાત પ્રેમની કરશે,
ધીમી ધારે વરસે,
નભથી જળની ધારા વરસે.

*કવિશ્રી હરીશ પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭*

## ગઝલ

છંદ બંધારણ : ગલગાગ, લાગગા

વૃક્ષ તારણહાર છે,
ત્યાં કુહાડી ધાર છે!
એક પરપોટો જુઓ,
જિંદગીનો સાર છે!
સૂનકારાની પળે,
બર્ફ પણ અંગાર છે!
સુખ મળે ઝાકળ સમું,
દુઃખ તો દિલદાર છે!
આવશે પયગંબરો?
ચોતરફ અંધાર છે.
વાદળીના વાયદા,
આંખ આ ચોધાર છે!
ને સતત લાગ્યા કરે,
શ્વાસનો પણ ભાર છે!
જિંદગી સાથે રહે,
મોત જાણે યાર છે!

*કવિશ્રી આબિદ ભટ્ટ - હિંમતનગર*
*મો. ૯૪૦૯૦ ૨૨૧૩૦*

## ઝરમર વર્ષા

સુરમો આંજી વાદળી, લાવી વર્ષા હેલ
ઘૂંઘટમાં ઘન ગરજિયા, નાખે મોર ટહેલ.

વાદળના દળ છલકતા, પનિહારીની હેલ,
મેઘ મલ્હાર મીઠા સૂરે, ઝરણાં કરતા ગેલ.

મહેલ અટારી આભમાં, વીજ ચમકતી વેલ,
અનંગ અંગે અંગમાં, છાના માંડે ખેલ.


નવ જોબન નદિયું ધરે, હરણી કોઈ છકેલ,
ઘુમરી ખાતી ઝંખના, જાણે દોડી ઢેલ.

મઘમઘ મહેકે મોગરો, જૂઈ ચમેલી વેલ,
ગાલે ખંજન શોભતા, મેઘ તણાં આ ખેલ.

ગરજન તરજન તુજ વિના, પીડા વધતી વેલ,
રાસે રમવા આવ તું, કાન છોગાળા છેલ.

ઝરમર ભીની રાધિકા, આવી મોહન મહેલ,
હસતી બેઠી ખાટ પર, હેતની રેલમ છેલ.

*કવિશ્રી જયેશ ઠક્કર - વડોદરા*
*મો. ૯૮૨૪૮ ૭૭૫૮૫*



સાંપ્રત

# વોટ્સએપ પોલિસી અને ભારત સરકાર



મિતેષ એમ. સોલંકી,
M.Sc., M.Phil., MBA

**શા માટે સમાચારમાં છે?**

- થોડા સમય પહેલા વોટ્સએપે પોતાની Privacy પોલિસી અપડેટ કરી અને ઉપયોગકર્તાઓને નવી પોલિસી અને શરતો સ્વીકારવા માટે ૮ ફેબ્રુઆરી, ૨૦૨૧ સુધીની મર્યાદા આપી હતી.
- નવી પોલિસી ચર્ચામાં આવવા પાછળનું કારણ? – વોટ્સએપ, ઉપયોગકર્તાની માહિતી બીજી સોશિયલ મીડિયા કંપની – ફેસબુક વગેરેને આપશે તો તેની આપણા ઉપર શું અસર આવી શકે તે મુદ્દો મહત્ત્વનો છે.

**મુખ્ય મુદ્દાઓ :**

- ભારતની ખૂબ મોટી જનસંખ્યા વોટ્સએપના માધ્યમથી માહિતીની આપ-લે કરે છે અને મનોરંજન મેળવે છે. તેના લીધે આ ઉપયોગકર્તાની અંગત માહિતી એક સંવેદનશીલ મુદ્દો બની જાય છે.
- આ બાબત વધુ ચર્ચામાં આવતા વોટ્સએપ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી કે અમારી નવી પોલિસીના કારણે ઉપયોગકર્તાની ખાનગી બાબતો તેમજ વાતો વગેરે લીક નહીં થાય. અમે ઉપયોગકર્તાના પોતાની બાબતોને ખાનગી રાખવાના અધિકારનો ભંગ નથી કરતાં.
- વોટ્સએપે ઉપરોક્ત પોલિસી, ઉપયોગકર્તા ઉપર દબાણપૂર્વક લાગુ કરી છે અને ઉપયોગકર્તાને કોઈ વિકલ્પ કે પસંદગી આપવાની તસ્દી પણ લીધી નથી.
- **જે વ્યક્તિ વોટ્સએપની નવી પોલિસીને સ્વીકારશે નહીં તેઓ વોટ્સએપ એપ્લિકેશનનો ઉપયોગ કરી શકશે નહીં.**
- વળી, ઉપરોક્ત પોલિસી યુનાઈટેડ કિંગ્ડમ અને યુરોપિયન યુનિયન સિવાય બાકીના દેશો માટે જ ફરજિયાત લાગુ કરવામાં આવી છે, જે વોટ્સએપની ભેદભાવયુક્ત નીતિઓને જાહેર કરે છે.

**વોટ્સએપ પોલિસીની કેટલીક જોગવાઈઓ :**

- નવી પોલિસી મુજબ વોટ્સએપ, ઉપયોગકર્તાઓની માહિતીની આપ-લે, મોબાઈલ વિગતો, આઈ.પી. એડ્રેસ, વ્યાપારી વિગતો વગેરે ફેસબુક ગ્રુપ કંપનીને આપવા માટે સ્વિકૃતિ લઈ લેશે.
- નવી પોલિસી મુજબ વોટ્સએપ અને ફેસબુક બંને કંપનીઓના પ્લેટફોર્મ ઉપર બીજી વ્યાપારી કંપનીઓ સેવા આપતી હશે તેને પણ ઉપયોગકર્તાની માહિતી આપશે.
- **માત્ર ટેકનિકલ** માહિતી જ નહીં પરંતુ વ્યક્તિની **લોગ-ઇન માહિતી** અને **લોકેશનની માહિતી** પણ બંને કંપનીઓ બીજી કંપનીઓને આપી શકશે.
- વોટ્સએપની "end to end encryption" જોગવાઈમાં કોઈ ફેરફાર નથી કરવામાં આવ્યો. પરંતુ તેનાથી માત્ર વ્યક્તિની અંગત વાતો જ ખાનગી રાખવાની ખાતરી મળી છે.
- નવી પોલિસી મુજબ વોટ્સએપ વ્યક્તિનો **મેટાડેટા** - જે ટેક્સ્ટ મેસેજ કરતાં બીજી ઘણી મહત્ત્વની માહિતી ધરાવે છે તે પણ ફેસબુકને અને બીજી ગ્રુપ કંપનીને આપશે.
- **મેટાડેટા એક રીતે માહિતીની માહિતી છે, જે માહિતીનું વિવરણ, તેનો પ્રકાર વગેરે કહી શકાય.**

**વોટ્સએપ અને ભારત :**

- વોટ્સએપ ભારતમાં સૌથી વધારે વપરાતી મેસેજ માટેની એપ્લિકેશન છે જે ફેબ્રુઆરી-૨૦૧૪માં ફેસબુકે ખરીદી લીધી.
- વિશ્વના કુલ વપરાશકર્તાઓમાંથી ભારતમાં વોટ્સએપના ૪૦૦ મિલિયન અને ફેસબુકના ૩૧૦ મિલિયન ઉપયોગકર્તા છે.
- વોટ્સએપ દ્વારા ચુકવણીની સુવિધા મેળવનાર દેશોમાં ભારત પ્રથમ દેશ છે અને હાલમાં ભારતે વોટ્સએપને ૨૦ મિલિયન લોકોને ચુકવણી માટેની વ્યવસ્થાની મંજૂરી આપી છે.
- ભારત દેશ વોટ્સએપ માટે આટલી મોટી બજાર હોવા છતાં વોટ્સએપ કંપની પોતાની નવી પોલિસી દબાણપૂર્વક લાગુ કરવાની હિંમત કરી શકે છે કારણકે ભારતમાં માહિતીની સુરક્ષા સંબંધિત કોઈ કાયદાઓ આજે પણ નથી.

- ભારત સરકાર ઇચ્છે છે કે વોટ્સએપ કંપનીએ અધિકારીની નિયુક્તિ કરવી જોઈએ, જે પ્રશ્નોનું સમાધાન ૧૫ દિવસમાં કરે.
- આ ઉપરાંત મહિલાઓના અભદ્ર ફોટા તેમજ વાંધાજનક વીડિયો જેવી સંવેદનશીલ માહિતી ૨૪ કલાકમાં જ દૂર કરે.
- **કોઈપણ વાંધાજનક બાબતો ક્યારથી શરૂ થઈ, કોણે સૌપ્રથમવાર મેસેજ મોકલ્યો વગેરે પણ સરકારને જણાવવાનું રહેશે.**
- ભારતે ડિજિટલ મીડિયાને મુખ્યત્વે ત્રણ શ્રેણીમાં વિભાજિત કર્યું છે : (૧) પરંપરાગત પ્રકાશકો : અખબાર અને ટી.વી. માધ્યમો વગેરે, (૨) ડિજિટલ ન્યુઝ પ્રકાશકો, (૩) OTT (Over The Top) પ્લેટફોર્મ.
- વોટ્સએપ સિવાયની કંપનીઓ જેવી કે ટ્વિટર, ગૂગલ, ફેસબુક વગેરે ભારત સરકારના નવા નિયમોનું પાલન કરવા મોટાભાગે તૈયાર છે પરંતુ વોટ્સએપે દિલ્હી હાઈકોર્ટમાં ભારત સરકારને પડકારી છે.

## સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સંબંધિત મુદ્દાઓ :

- લગભગ ૭૫% સાઈબર ગુનાઓ જેવા કે બાળકોની જાતીય સતામણી, આતંકવાદી પ્રવૃત્તિ અથવા નાણાંકીય ગુનાઓ, કાયદો અને વ્યવસ્થા સંબંધિત ગંભીર અપરાધો, ખોટા સમાચાર / અફવાઓ વગેરે સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ દ્વારા ફેલાય છે.
- સોશિયલ એન્જિનિઅરિંગ દ્વારા ઉપયોગકર્તાની સંવેદનશીલ માહિતી જેવી કે પાસવર્ડ, બેન્કિંગ વિગત અથવા કોમ્પ્યુટર હેકિંગ વગેરે દ્વારા હાનિ પહોંચાડવામાં આવે છે.
- અમેરિકાએ સોશિયલ મીડિયાની સેવા આપતી કંપનીઓને Communications Decency Act, 1996 જેવા કાયદાથી નિયંત્રણમાં રાખી છે અને ઉપયોગકર્તાની માહિતીને સુરક્ષિત રાખી છે.
- સોશિયલ મીડિયા આજના સમયમાં ગુનાખોરી માટે મેદાન પૂરું પાડવાનું કામ કરે છે.
- માત્ર ગુનાખોરી જ નહીં પરંતુ દેશના સાર્વભૌમત્વને પણ ઘણીવાર જોખમમાં મૂકી દે છે.
- **સોશિયલ મીડિયામાં સંદેશાઓ (મેસેજ) "Encrypted" હોય છે, જે અન્ય કોઈ વ્યક્તિ ઉકેલી કે વાંચી શકતું નથી.**
- વ્યક્તિની બાબતોને ખાનગી રાખવા માટે Encryption એક શ્રેષ્ઠ વિકલ્પ છે. પરંતુ જો તેનો ઉપયોગ સકારાત્મક થતો હોય તો જ. જો Encryptionનો ઉપયોગ અસામાજિક બાબતોના ફેલાવા માટે કરવામાં આવતો હોય તો ભવિષ્યમાં ગુનો સાબિત કરવા માટે પુરાવા પણ મળતા નથી.
- ***Encryption એટલે શું?* –** સરળ ભાષાને સાંકેતિક ભાષામાં લખવું (Cipher Text).

## ભારતમાં અને બીજા દેશોમાં માહિતીની સુરક્ષા

- ૧૯૪ દેશોમાંથી લગભગ ૧૨૮ દેશોમાં માહિતીના ખાનગીપણા અને સુરક્ષા માટેના નિયમો છે.
- માહિતીની સુરક્ષાની બાબતમાં આફ્રિકા અને એશિયા લગભગ સમાન સ્થિતિમાં છે. બંને ખંડના માત્ર ૫૫% દેશોમાં માહિતીની સુરક્ષા સંબંધિત કાયદા છે.
- ભારતમાં જો કે પુટ્ટુસ્વામી ચુકાદામાં માહિતીને ખાનગી રાખવાના અધિકારને મૂળભુત અધિકાર તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. તેમ છતાં ભારતમાં આ બાબતને લઈને કોઈ કડક કાયદો કે જોગવાઈ જોવા મળતી નથી.
- વ્યક્તિની અંગત માહિતીની સુરક્ષા સંબંધિત વિગત આજે પણ ભારતની સંસદમાં ચર્ચાને આધીન છે.
- રશિયામાં ઇલેક્ટ્રોનિક માહિતીની આપ-લે માટે ગ્રાહક સુરક્ષા કાયદો તેમજ માહિતીની સુરક્ષા સંબંધિત કડક કાયદો અમલમાં છે.
- યુરોપિયન યુનિયનમાં આવેલ ૪૫ દેશોમાંથી ૪૩ દેશોમાં માહિતીની સુરક્ષા બાબતે કાયદાઓ છે.
- યુરોપિયન યુનિયનમાં વોટ્સએપ પોતાની માહિતી ફેસબુક સાથે શૅર ન કરી શકે તે માટે કાયદાકીય રીતે બંધાયેલ છે.
- યુનાઈટેડ કિંગ્ડમમાં પણ રશિયાની જેમ જ ઇલેક્ટ્રોનિક આપ-લે, ગ્રાહક સુરક્ષા અને માહિતીના ખાનગીપણા અને સુરક્ષાનો કાયદો અમલમાં છે.
- ઓસ્ટ્રેલિયામાં The Privacy Act, 1988 છે, જે વ્યક્તિની અંગત માહિતીના વ્યવસ્થાપન અને સુરક્ષા સંબંધિત છે.

## તો હવે શું કરી શકાય?

- સૌથી પહેલા તો સંસદની અંદર માહિતીની સુરક્ષા બાબતે જે ચર્ચા ઘણા લાંબા સમયથી ચાલી રહી છે, તેને હવે પૂર્ણ કરીને લાગુ કરવાની જરૂર છે.
- માહિતીની સુરક્ષા સંબંધિત કોઈ કાયદો ન હોવાથી વ્યક્તિની માહિતીનો કોઈ દુરુપયોગ થાય તો તેવા

સંજોગોમાં તે કોઈ કાયદાકીય પગલાં લઈ શકતો નથી.

- એક તરફ આપણે જ્યારે ડિજિટલ ઇન્ડિયા તરફ આગળ વધી રહ્યા છીએ – શિક્ષણ, મનોરંજન, બેન્કિંગ સેવાઓ અને લગભગ બધી જ સેવાઓ આપણે ડિજિટલ કરી રહ્યા છીએ ત્યારે વ્યક્તિની તમામ સંવેદનશીલ માહિતીની સુરક્ષા આપણા માટે પ્રાથમિકતા હોવી જોઈએ અને કોઈપણ ભોગે સુરક્ષા મળવી પણ જોઈએ.
- ભવિષ્યમાં જે કોઈપણ એપ્લિકેશન આવે તે તમામ ઉપયોગકર્તાની માહિતીની સુરક્ષા બાબતે કોઈ સમાધાન ન કરે તેવી જ હોવી જોઈએ.
- ભારતે પોતાના નાગરિકો માટે સ્વદેશી એપ્લિકેશન બનાવવી જોઈએ અને આત્મનિર્ભર બનવું જોઈએ.
- એ.પી. શાહ સમિતિ દ્વારા સૂચવવામાં આવેલ સિદ્ધાંતોને દરેક એપ્લિકેશને અનુસરવી જોઈએ.
- **એ.પી. શાહ સમિતિ** – માહિતી બાબતે – જવાબદારી, નોટિસ, સ્વીકૃતિ, માહિતી એકઠી કરવા પર મર્યાદા, માહિતીના ઉપયોગ પર મર્યાદા, માહિતી સુધી પહોંચ, સુધારા અને સુરક્ષા પર ભાર મૂકે છે.
- કોઈપણ એપ્લિકેશન અનઇન્સ્ટોલ કરવાથી કે ડિલીટ કરવાથી કોઈ સમાધાન થતું નથી કારણકે જે માહિતી કંપની પાસે છે તે હંમેશાં રહેવાની જ છે.

**સમાપન :**

- વોટ્સએપની નવી માહિતી સંબંધિત પોલિસી કંપની અને તેના ઉપયોગકર્તા વચ્ચેનો જ એક કોન્ટ્રાક્ટ હોવો જોઈએ અને ઉપયોગકર્તાને પોતાની અંગત માહિતી ખાનગી અને સુરક્ષિત રાખવાનો અધિકાર હોવો જોઈએ.
- વોટ્સએપની નવી પોલિસી સ્પષ્ટપણે ઉપયોગકર્તાની માહિતીના ખાનગીપણાના અધિકારનો ભંગ કરે છે.
- **ભારતમાં નાગરિકોની માહિતી સુરક્ષા બાબતે સ્પષ્ટ અને કડક કાયદાની તાતી જરૂરિયાત છે.**
- ભારતની ખૂબ મોટી જનસંખ્યાની અંગત માહિતી એક સંવેદનશીલ બાબત છે. તે માહિતીને જોખમમાં બિલકુલ મૂકી શકાય નહીં.
- યુનાઇટેડ કિંગ્ડમ અને યુરોપિયન યુનિયન તેમજ વિશ્વના બીજા દેશો માટે અલગ અલગ પોલિસી રાખવી એ સ્પષ્ટ રીતે ભેદભાવ છે અને તે બિલકુલ સ્વીકાર્ય નથી.

*જર્નાલિસ્ટ, એંકર, ટાઇટલ ડિઝાઇનર*
*ઈ/૧, ગોયલ પ્લાઝા, જજીસ બંગલો રોડ,*
*વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ● મો. ૯૭૧૨૯ ૨૪૨૦૧*

## ઉત્સાહ, જીવનનું ચાલક બળ છે

**(અનુસંધાન : પાના નં. – ૭૨ ઉપરથી ચાલુ)**

ઉંમર સાથે કોઈ લેવાદેવા નથી.

બાળકો, યુવાનો, વૃદ્ધો – દરેકને પ્રોત્સાહન અને ઉત્સાહની જરૂર હોય છે. પણ બાળકોને તો પ્રોત્સાહન - ઉત્સાહની ખૂબ જ જરૂર હોય છે. ઘણી વખત માતા-પિતા એમની નાની નાની ભૂલોની ટીકા કર્યા કરતા હોય છે. એમના ઉત્સાહ પર જાણે-અજાણે ઠંડું પાણી નાખતા હોય છે. એનાથી બાળકનો આત્મવિશ્વાસ ડગી જાય છે. તે નિરુત્સાહી અને તનાવગ્રસ્ત બની જાય છે. બાળકોને હંમેશાં ઉત્સાહિત કરતા રહેવા, એ દરેક મા-બાપની ફરજ છે.

ઘણા માણસો અર્ધ મરેલા જેવા જીવતા હોય છે. જેમ તેમ દિવસો કાઢતા હોય છે. જીવન એમને બોજારૂપ લાગતું હોય છે. **મનુષ્ય પોતાના મનને કેળવી શકે તો તે ઉત્સાહ અને ઉમંગથી જીવનને ધબકતું રાખી શકે છે.** તો એ જીવનને પૂર્ણ સ્વરૂપમાં માણી શકે છે. આ માટે મનુષ્યે રોજ સવારે પોતાની જાતને કહેતા રહેવું જોઈએ કે, 'મને મારું કામ ગમે છે. મને એમાં સંતોષ અને આનંદ પ્રાપ્ત થાય છે. મારામાં જે કંઈ શક્તિ છે, આવડત છે, એ બધી હું એમાં ઠાલવી દઈશ. હું જીવું છું એનો મને આનંદ છે અને હું સંપૂર્ણ રીતે આજે જીવંત રહીશ. આવું મનોબળ કેળવવાથી મનુષ્યમાં નવી શક્તિ અને ઉત્સાહ આવે છે.' ઉત્સાહ રાખવો, એ મનુષ્યના પોતાના જ હિતમાં હોય છે. ઉત્સાહ મનુષ્યનું આરોગ્ય અને આયુષ્ય પણ વધારે છે.

સ્વાઇટ્ઝર કહે છે, ''ઉત્સાહ અને આત્મભોગ સિવાય આ જગતમાં કદી પણ કોઇનેય સાચી સફળતા મળી નથી.'' રોજ મુશ્કેલીઓને જોનારની સામે મુશ્કેલીઓ જ આવ્યા કરે છે અને રોજ ઉત્સાહ અને આશાને જોનારને ઉત્સાહ અને આશા જ મળે છે.

ચિંતકો કહે છે, **''નવી પેઢીને તમો કોઈ ભેટ આપવા ઇચ્છતા હો, તો તે ઉત્સાહની જ આપજો.''** કારણકે ઉત્સાહ મનુષ્યની ચિરંતન તાકાત છે. મનુષ્યના સદ્‌ભાગ્યનો સર્જક ઉત્સાહ છે, ઉમંગ છે.

એમર્સને લખ્યું છે : ''મારે કોઈ એવી વ્યક્તિની જરૂર છે, જે હું કરી શકું એમ છું તે મારી પાસે કરાવે.'' એટલે બીજા શબ્દોમાં કહીએ તો, જે મને પ્રોત્સાહિત કરે, ઉત્સાહ અર્પે. આપણામાંના કોઈકને પણ ક્યારેક શું કોઈ આવી જ વ્યક્તિના ઉત્સાહની જરૂર નથી હોતી?

***'કોઈ વ્યક્તિને ઉર્જાસભર શબ્દો વડે ઉત્સાહિત કરવા એ શિક્ષણ અને સેવાનું જ કાર્ય છે.'***

***– અજ્ઞાત***

*૩૦૧, સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ, આસ્થા રેસિ. પાછળ,*
*મવડી, રાજકોટ-૩૬૦ ૦૦૪. ● મો. ૯૯૭૯૪ ૬૯૯૧૭*

વિચાર મંચ

# આપણે નાગરિક ધર્મ અપનાવવાની જરૂર છે



ડૉ. યાસીન દલાલ

માનવીના ઘડતરમાં ઘણા પરિબળો કામ કરે છે. પણ એમાંથી કેટલાક પરિબળો વધુ મહત્ત્વના છે. એક પરિબળ કુટુંબનું છે. માણસ જે કુટુંબમાં જન્મ્યો હોય, એના સંસ્કાર અને રીતરિવાજો એના સમગ્ર જીવન ઉપર છવાઈ જાય છે. અપવાદરૂપે કોઈક જ માણસ એમાંથી મુક્ત રહી શકે છે. એટલે જ આપણે કોઈ સાથે મૈત્રી કે પરિચય કેળવતાં પહેલાં એના કૌટુંબિક ઉછેરની જાણકારી મેળવી લઈએ છીએ. બીજું પરિબળ શાળા કે કોલેજમાં એણે કેવી તાલીમ મેળવી એના ઉપર પણ રહે છે. આવું જ ત્રીજું પરિબળ ધર્મ કે જ્ઞાતિનું છે. દરેક માનવીના વ્યક્તિત્વ ઉપર એના ધાર્મિક તેમજ જ્ઞાતિગત સંસ્કારો છવાયેલા હોય છે. માણસ સદીઓ પહેલાં આદિમાનવની કક્ષામાં હતો ત્યારે આ પરિબળોએ જ એને સભ્ય અને સંસ્કૃત બનાવવામાં મોટો ફાળો આપ્યો છે. એક સમયે યુરોપમાં ચર્ચનો પ્રભાવ પણ અત્યંત તીવ્ર હતો.

આ પરિબળોમાં સમય પર ફેરફારો થતા રહે છે. યુરોપના દેશોમાં અને આપણે ત્યાં પણ મહાનગરોમાં કુટુંબપ્રથા હવે તૂટવા લાગી છે. નવયુગલો મોટેભાગે હવે સંયુક્ત કુટુંબથી જુદાં રહેવાનું જ પસંદ કરે છે. એવું જ ધર્મ અને જ્ઞાતિનું છે. યુરોપમાં તો આ પરિબળે લગભગ વિદાય લીધી છે. **કમનસીબે આપણા દેશમાં ધર્મ અને જ્ઞાતિ ફરી એકવાર વધુને વધુ મજબૂત થઈ રહ્યાં છે.** ભારતીય સંસ્કૃતિમાં 'ધારણ કરે એ ધર્મ' એવી વ્યાખ્યા અપાઈ છે. અહીં ધર્મનો અર્થ કોઈ સંપ્રદાય નહીં પણ માણસની નૈતિક ફરજ થાય છે. જો એનું પાલન થતું હોય તો એની સામે વાંધો પણ નથી. પણ આપણા સંપ્રદાયો વધુ ને વધુ સંકીર્ણ થતાં જાય છે. ધર્મનો વિશાળ અર્થ ભૂલીને રીતરિવાજો અને ટીલા ટપકામાં આપણે અટવાઈ ગયા છીએ.

વર્ષ પૂરું થાય છે ત્યારે આપણે બધા નવા વર્ષની શુભેચ્છા એકબીજાને પાઠવીએ છીએ. પણ એ શુભેચ્છા હવે એક પરંપરા અને ઔપચારિકતા બનીને રહી ગઈ છે. એમાં અ, બ ને શુભેચ્છા આપે ત્યારે સાચો અ અને સાચો બ ક્યાંક છૂપાયેલો હોય છે. જે દેખાય છે એ હકીકત નથી હોતી. એ હકીકત હોય તો સમાજમાં ક્યાંય ઈર્ષ્યા, દ્વેષ કે ખટપટ રહે જ નહીં. પણ એ રહે છે. એ બતાવે છે કે, **આપણે એકબીજાને ભેટીએ છીએ તે માત્ર ઔપચારિકતા જ હોય છે.**

**આપણને અત્યારે સાચી જરૂર નાગરિક ધર્મની છે.** આખી દુનિયાએ અપનાવેલો ધર્મનો આ નવો પ્રકાર છે. નાગરિક ધર્મ એટલે જે સારા નાગરિક બનાવે તે. એક જવાબદાર નાગરિકની ફરજોનો આમાં સમાવેશ થાય છે. બે માણસો મળે ત્યારે કેમ વાતચીત કરવી ત્યારથી માંડીને રસ્તા ઉપર વાહન કેમ ચલાવવું એનો આમાં સમાવેશ થઈ જાય છે. આ દૃષ્ટિએ જોઈએ તો આપણે ત્યાં નાગરિક ધર્મમાં ઘણી ખામીઓ રહી ગયેલી દેખાશે.

આપણાં મોટાભાગનાં મહાનગરો આજે જંગલમાં ફેરવાઈ ગયા છે. વસ્તી ફાટફાટ થઈ રહી છે. એટલું જ નહીં પણ દરેક શહેર માણસની ભીડથી ઉભરાઈ રહ્યાં છે. ભીડની પણ શિસ્ત હોય છે. પણ આપણા રસ્તાઓ ઉપર એ પણ જોવા મળતી નથી. મોટા ભાગનાં શહેરોમાં રસ્તા કેમ ઓળંગવા, એની કોઈ વ્યવસ્થા દેખાતી જ નથી. પરિણામે વાહનોની ભીડમાં માણસ ગમે ત્યારે, ગમે ત્યાંથી રસ્તો ઓળંગે છે. પરિણામે, એ ઘણીવાર વાહનની સાથે ભટકાઈ બેસે છે. આપણાં વાહનો પણ બેફામ ગતિથી મનફાવે તેમ દોડતાં હોય છે. ટ્રાફિક પોલીસ કાં તો હોતી જ નથી અને હોય છે તો એટલી અપૂરતી હોય છે કે ઊભા ઊભા તમાશો જોયા કરે છે. પરિણામે આપણા દેશમાં વસ્તીની દૃષ્ટિએ વાહનોની સંખ્યા ઓછામાં ઓછી હોવા છતાં જીવલેણ અકસ્માતોની સંખ્યા દુનિયામાં સૌથી વધુ હોય છે. દર વર્ષે દોઢથી બે લાખ માણસો આવા અકસ્માતમાં માર્યા જાય છે. એનાથી અનેકગણી મોટી સંખ્યામાં માણસો અપંગ બને છે. આપણાં શહેરોમાં આંતરિક રસ્તા અને બે શહેરોને જોડતાં રાજમાર્ગો પણ અત્યંત સાંકડા અને ભાંગેલા તૂટેલા હોય છે. એને પહોળા કરવા જઈએ અને ભાંગેલા તૂટેલા રસ્તા તાત્કાલિક રિપેર કરવા જોઈએ. પણ આમાંથી કાંઈ થતું નથી. ઉલટું ભ્રષ્ટાચાર એટલો વધી ગયો છે કે નવા રસ્તા બનાવવાના હોય કે જૂના રિપેર કરવાના હોય, એ પણ ખૂબ ટૂંકા સમયમાં ફરીથી એ જ અવસ્થામાં આવી જાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં તો રસ્તાઓની સ્થિતિ અત્યંત ભયજનક છે. આપણને સામે રસ્તો ચોખ્ખો દેખાતો હોય, પરિણામે આપણે ઝડપથી વાહન હંકારતા હોઈએ, ત્યારે અચાનક ચારથી છ ફૂટ ઊંડો ખાડો આવે અને વાહન ઉથલી પડે! આવી તો લાખો ઘટનાઓ રોજ દેશમાં બનતી હશે. પણ તંત્ર એટલું નિર્ભર થઈ ગયું છે કે આવી ફરિયાદોને ગાંઠતું જ

નથી. આમાં એક વાત આશ્વાસન રૂપ જરૂર છે. જો રાજ્યપાલ, મુખ્યપ્રધાન કે બીજા કોઈ પ્રધાન એ રસ્તેથી પસાર થવાના હોય તો રાતોરાત રસ્તો રિપેર થઈ જાય છે.

આપણા મોટા ભાગના શહેરોમાં બહુમાળી ઈમારતોમાંથી સીડી ઉપર ચડીએ એટલે ચારેય બાજુ પાનની પિચકારીઓ મારેલી દેખાશે. ઉપરાંત ભાગ્યે જ કોઈ બિલ્ડિંગમાં સીડી ઉપર વીજળીનો બલ્બ જોવા મળશે. બિલ્ડિંગના રહેવાસીઓ કાં તો એનો ખર્ચ કોણ ભોગવે, એ માટે ઝઘડતા હશે. નહીં ઝઘડતા હોય તો બલ્બ ગણતરીની મિનિટોમાં ચોરાઈ જશે. કેટલીક બિલ્ડિંગોમાં ઉપર અત્યંત વૈભવી દુકાનો અને શો રૂમ જોવા મળશે. આ બધી જવાબદારી લોકોની સામુહિક છે. પણ આવી સામુહિક જવાબદારીની ભાવના બહુ જ ઓછી જોવા મળે છે.

રહેણાંક વિસ્તારોમાં પણ વધતા ઓછા અંશે આ જ સ્થિતિ જોવા મળે છે. લોકો ઘરનો કચરો એકઠો કરીને બાજુવાળાના ઘર પાસે ફેંકી આવે છે. મોટા ભાગનાં શહેરોમાં સુધરાઈ રસ્તા કે શેરી સાફ કરવાનું કામ જ કરતી નથી. કેટલીક શેરીમાં મોટી કચરા ટોપલીઓ રાખવામાં આવે છે, પણ કચરો મોટે ભાગે એની બહાર ફેંકેલો હોય છે. અથવા તો નિયમિત સફાઈ નહીં હોવાને લીધે આખી કચરા ટોપલી ભરાઈ જાય છે.

આપણે પશ્ચિમની સંસ્કૃતિથી એટલા પ્રભાવિત થયા છીએ કે ત્યાં કોઈ નવી શોધ થાય, તો એને તરત જ દેશમાં લાવી દઈએ છીએ. પણ એ શોધનો ઉપયોગ કરતી વખતે એની સાથે જે શિસ્ત રાખવી જોઈએ, એ રાખતા નથી. કેટલાંક ગામમાં રસ્તા પહોળા થાય, પણ રસ્તાની વચ્ચે ઉભેલા થાંભલા હટાવાતા નથી. પરિણામે એ થાંભલા સાથે વાહનો અથડાઈ જાય છે અને અકસ્માત થાય છે. આપણા દેશમાં એ.સી. પ્રકારની વિજળી વપરાતી હોવાને કારણે વીજળીના થાંભલા અને ખુલ્લા વાયર જીવલેણ નીવડે છે. યુરોપના મોટાભાગના દેશોમાં આનાથી જુદી પદ્ધતિ હોવાથી સ્વિચ બોર્ડમાં હાથ પણ નાખવાથી કાંઈ થતું નથી. વીજળી વારંવાર રિસાઈ જવાના બનાવોથી તો આપણે ટેવાઈ ગયા છીએ.

સાત આઠ મિત્રો એકઠા થાય ત્યારે વાત કેમ કરવી તેમજ કોઈ સંસ્થાનું અધિવેશન મળે ત્યારે એનું સંચાલન કેમ કરવું તેની બેઠકમાં પણ આવી શિસ્ત જળવાતી નથી. એક માણસ બોલતો હોય ત્યારે વચ્ચે કોઈએ એને કાપીને દખલ ન કરવી જોઈએ, એ માનવ સહજ શિસ્ત છે. એકવાર એક વ્યક્તિ આ શિસ્ત તોડે એટલે તરત બીજી વ્યક્તિ પણ કૂદી પડે છે અને પછી તો આખી બેઠક ઘોંઘાટમય થઈ જાય છે. **આપણી સંસદ અને વિધાનસભાના સંચાલનના પણ ચોક્કસ નિયમો હોય છે. પણ કમનસીબે આપણા લોક પ્રતિનિધિઓ એમાંથી કોઈ શિસ્ત પાળતા નથી.** પરિણામે સતત ઘોંઘાટ અને શોરબકોર ચાલતો રહે છે.

**રસ્તા ઉપર કેમ ચાલવું, વાહન કેમ હંકારવું, જાહેરમાં કેમ બોલવું – એ બધામાં પણ એક પ્રકારની શિસ્તની અપેક્ષા રહે છે.** વાહન ચાલકોએ સમજવું જોઈએ કે ચાલુ વાહને રસ્તા ઉપર થુંકાય નહીં. એમણે એ પણ સમજવું જોઈએ કે વાહનમાં હોર્ન, માત્ર ઈમરજન્સી માટે હોય છે, ગમે ત્યારે ઘોંઘાટ કરવા માટે નહીં.

**આજે આપણને સાચી જરૂર આવા નાગરિક ધર્મની છે.** આપણા છાશવારે મોટા સરઘસો નીકળતાં રહે છે અને ટ્રાફિકને નડતાં રહે છે. લોકો અંગત પ્રસંગોએ પોતાના ઘર પર મોટા મોટા લાઉડ સ્પીકર મૂકીને આખા વિસ્તારમાં ઘોંઘાટ કરતા રહે છે... લોકોને ઉત્સવો મનાવવાની છૂટ છે, પણ એમણે જોવું જોઈએ કે એનાથી રસ્તા ઉપરની શાંતિમાં ખલેલ ન પહોંચે. ક્યારેક આવા ઘોંઘાટના ત્રાસથી માંદા માણસો થાકી જાય છે. **ધર્મ, એ માત્ર સાંપ્રદાયિક ક્રિયાકાંડ નથી. એની સાથે નાગરિક ધર્મ પણ ભળે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય.** માણસને ઘડનારા પરિબળો ઘણા છે. પણ વિજ્ઞાને જે અવનવી શોધો કરી, એ પછી નાગરિક ધર્મે નવું મહત્ત્વ ધારણ કર્યું છે.

આપણી પ્રજા જુદા જુદા વાડાઓમાં વહેંચાયેલી છે : હિંદુ ધર્મ, મુસ્લિમ ધર્મ, જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ, શીખ ધર્મ – એમ પ્રવાહ આગળ ચાલે છે. ઉપરથી આ બધાના અનેક પેટા સંપ્રદાયો છે અને આ બધા સંપ્રદાયો પરસ્પર પ્રેમથી રહેવાને બદલે અંદર-અંદર ઝઘડે છે. નાગરિક ધર્મની કોઈ સીમા નથી અને કોઈ વાડા નથી.

આમ, આપણે જો વાસ્તવમાં નાગરિક ધર્મ અપનાવીએ તો સ્વચ્છતા સહિત ઘણાખરા પ્રશ્નો આપોઆપ જ ઉકલી જાય.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ - ૩૬૦ ૦૦૭.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

---

*પત્ની* : પેલા આમિર ખાનને જુઓ. એની પત્ની જે બોલે એ બરોબર સાંભળે છે. અને એક તમે છો...

*પતિ* : અરે, એ એની બીજી પત્ની છે. તને છોડીને જ્યારે હું બીજી લાવીશ ત્યારે એનું સાંભળીશ.



*(રસોડામાંથી છૂટ્ટી તપેલી આવે છે... ધડામ!)*

★

એક ક્રિકેટરને એની પત્નીએ કહ્યું, 'તમે બહુ જ ભોળા છો. તમને તો કોઈપણ ઉલ્લુ બનાવી દે છે.'

'સાચું કહે છે તું! શરૂઆત તો તારા ડેડીએ જ કરી હતી ને?' ક્રિકેટરે છગ્ગો માર્યો.

વિચાર મંચ

# સ્ત્રીઓને સંસદમાં સ્થાન મળે તે કરતાં સમાજમાં સલામતી મળે તે જરૂરી છે!



દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ

બાસુ ચેટરજીની એક બહુચર્ચિત ફિલ્મ 'શૌકીન' જોવાની તક સાંપડી હતી. એમાં ત્રણ વૃદ્ધોની સ્ત્રીઆસક્તિનું રમૂજભર્યું નિરૂપણ છે. અઢી કલાકની એ ફિલ્મનો અનુવાદ એક વાક્યમાં આવો થઈ શકે : 'સિંહ ઘરડો થાય તોય શિકાર ના છોડે!' ન્યાય ખાતર સ્વીકારવું રહ્યું, સ્ત્રીના ચુંબકીય સૌંદર્ય પ્રભાવથી દેવો, ઋષિમુનિઓ અને સંતો-મહંતો પણ બચી શક્યા નથી. સાધારણ માનવી તો ધસમસતા જળપ્રવાહ નીચે જાણે માટીનો લોંદો! સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીનું મુખ ન જોવાની આચારસંહિતા અમલમાં છે તે કદાચ આ જ સમસ્યાને કારણે હશે.

મેં ઘણાં પતંગિયાને દીવાની જ્યોત તરફ ધસી જઈને બળી મરતાં જોયાં છે. કોઈ પતંગિયું ફાયરપ્રૂફ હોતું નથી પણ અદ્યતન યુગના પુરુષરૂપી પતંગિયાં ફાયરપ્રૂફ જ નહીં પ્રેમપ્રૂફ, વફાપ્રૂફ, દયાપ્રૂફ, લજ્જાપ્રૂફ, સંયમપ્રૂફ વગેરે વગેરે હોય છે. કુદરતે પુરુષને (સ્ત્રીની તુલનામાં) ઓછું સૌંદર્ય અને વિશેષ શોષણ ક્ષમતા બક્ષી છે. પત્નીને એ સોનાનો હાર પહેરાવે છે અને મોતીનો માર મારે છે. મોંઘી સાડી પહેરાવે છે પણ હૃદિયા પર રણગાડી ફેરવે છે. સોનાના હીંચકે ઝુલતી પત્નીને મેં બોર બોર આંસુડે રડતાં જોઈ છે. બચુભાઈ કહે છે : 'પિંજરું સોનાનું હોય તોય તે પોપટની મુક્તિ જેટલું આવકારદાયક નથી હોતું!'

બેંક લોકરમાં મૂકાયેલાં ઘરેણાંના ડબ્બાને સ્ત્રીનાં આંસુનો પરિચય હોતો નથી. એ માત્ર સ્ત્રીના આનંદને ઓળખે છે. એ આંસુઓને સ્ત્રીઓના ઓશીકા જોડે ઘરવટ સંબંધ હોય છે. દેસાઇ કોમની એક મહિલાએ એકવાર એમની દુઃખી પરીણિત દીકરી માટે ભગવાનને પ્રાર્થના કરી હતી : 'હે ભગવાન, મારી દીકરીનાં સાસરિયાં લાખોપતિ છે. પણ વાંકડા માટે દીકરીને રોજ એકવાર રડાવે છે. માલદાર ઘરે પરણેલી મારી દીકરી સાડી પર અત્તર છાંટી નહીં શકે તો ચાલશે, પણ એણે કેરોસીન છાંટવું પડે એવું કાંઈ ના કરીશ...!'

સોનું કેવળ શરીરનો શણગાર છે, સુખનો ગેરન્ટી કાર્ડ નથી! પ્રેમ અંતરનું સાચું આભૂષણ છે, જીવનની ઊર્જા છે. સોનાનું સ્થાન તિજોરીમાં હોય છે. પ્રેમ માટે દિલથી ચડિયાતી કોઈ તિજોરી નથી! બાળપણથી સ્ત્રીઓને આયનાનું આકર્ષણ હોય છે. **યુવાન સ્ત્રીઓ માટે પુરુષથી ચડિયાતો કોઈ આયનો નથી.** સ્ત્રીના દિલમાં પ્રેમની એક ખીંટી હોય છે. તે પર પેલો આયનો આજીવન લટકતો રહે છે. (લગ્ન પછી પુરુષ માટે એ ખીંટી ખૂંટો બની જાય છે. સ્ત્રી એને પ્રેમનો ચારો નીર્યા કરે છે, સંસાર ચાલ્યા કરે છે.) દીકરો કોઈ કુપાત્ર સ્ત્રીના પ્રેમમાં પડી જાય ત્યારે મા-બાપ દીકરાના મિત્રોને આજીજીપૂર્વક કહે છે – 'કોઈ ભીંતેથી આયના ઉતારો...!'

મોંપાસાની એક વાર્તામાં સ્ત્રીને નીરખવાની પુરુષની શિકારી નજરને પરવલ્લી સાથે સરખાવવામાં આવી છે. સ્ત્રીઓ અલૂણાના દિવસોથી જ પુરુષના પરવલ્લી પ્રકારના દૃષ્ટિપાતથી ટેવાઈ જાય છે (ક્યારેક એ દૃષ્ટિપાત ગર્ભપાત સુધી ડેવલપ થાય છે. દૃષ્ટિપાત, વીર્યપાત અને ગર્ભપાત – એ ત્રણેમાં માણસની નહીં, કુદરતની કરામત કામ કરે છે. માણસને આટલું સમજાઈ જાય તો સમાજમાં ઘણા રક્તપાત અટકી શકે.)

છેક આદમ અને ઈવના જમાનાથી પુરુષોને સ્ત્રીનું ઘેલું લાગ્યું છે. એ ઘેલછા હવે કમળમાંથી કમળી જેવી જોખમી થઈ ગઈ છે. મરાઠી નાટ્યલેખક વિજય તેંદુલકરે કહ્યું છે : 'પુરુષ સમાજના છૂપા વ્યભિચારની સાબિતી વેશ્યાલયોના ઝડપી વિકાસમાં રહેલી છે! મુંબઇમાં ફરો અને વેશ્યાઓની ખુશહાલી જુઓ! હવે રૂપજીવીનીઓએ ઈન્કમટેક્ષ ભરવો પડે એટલી હદે તેમના ધંધામાં તેજી આવી છે. પુરુષોનું વ્યભિચારી મન વારાંગના વ્યવસાયનું બિઝનેસ માર્કેટ ગણાય છે અને પુરુષોનો હવસ એ ધંધાનું ફયુઅલ ગણાય છે! આજની અશ્લીલ ફિલ્મો, એ ધંધાને રો-મટીરિયલ પૂરું પાડે છે!'

કુદરતે બક્ષેલી જાતીયતા આમ તો એક સુંદર વરદાન છે. પરંતુ મનુષ્ય જીવનની ઘણી બબાલ એમાંથી ઉદ્‌ભવે છે. **દિન પ્રતિદિન વધ્યે જતી મનુષ્યની જાતીય વિકૃતિનાં વરવાં દુષ્પરિણામો ઉદ્‌ભવ્યાં છે.** આઠ વર્ષની બાળકીથી માંડીને એંસી વર્ષની વૃદ્ધા પર બળાત્કારો થાય છે. માણસની વિકૃત બનેલી જાતીયતા એમાં મોટો ભાગ ભજવે છે. વેદોમાં સ્ત્રીઓને સુમનસમ કોમલ અર્થાત્ ફૂલ સમી કોમળ ગણાવી છે. પરંતુ ફૂલને કચડી કે મસળી નાખ્યા બાદ તેણે મૃત્યુ પામવાનું હોય છે. સ્ત્રીએ કચડાઈ ગયા પછી ફરજિયાત જીવવું પડે છે. સ્ત્રીને રિબાવાની છૂટ હોય છે, મરવાની નથી હોતી! (સ્ત્રીની જન્મ કુંડળીમાં છેક દ્રૌપદીથી ડાયેના સુધી પુરુષ નામની પનોતી ચાલી રહી છે. સીતાજીનું હરણ થયું હતું, અહલ્યાન ઈન્દ્ર દ્વારા ઉપભોગ થયો હતો. છેલ્લે છેલ્લે ડાયેના જેવી અર્થસમૃદ્ધ સૌંદર્ય સામ્રાજ્ઞીને પણ પુરુષની પેલી

પરવલ્લી પ્રકૃતિનો જ ભોગ બનવું પડ્યું હતું.)

સમગ્ર પુરુષ સમાજ સ્ત્રી-આસક્તિની રેખા હેઠળ જીવે છે. વિશ્વામિત્રથી માંડી ગાંધીજી સુધી કોઈ એ રેખાની ઉપર ઊઠી શક્યું નથી! દુર્યોધનને દંડી શકાય છે. માણસની દુર્યોધન પ્રવૃત્તિને નાથી શકાતી નથી. એથી આજે ય દ્રૌપદીનાં ચીર ખેંચાય છે. સરકાર દ્વારા સ્ત્રીઓ માટે કોઈ વિશેષ કાયદાકીય અભયારણ્યની જોગવાઈ કરવામાં આવશે એવી આશા રાખવી વ્યર્થ છે. મહિલાઓને સમાજે એવું અભયારણ્ય પૂરું પાડવું જોઈએ. પણ પુરુષ પ્રધાન સમાજને એવું કરવાનો ખાસ ઉમળકો નથી. એ સંજોગોમાં સ્ત્રી પોતાનું રક્ષણ ખુદ કરી શકે એવું આયોજન થવું જોઈએ.

**દરેક માએ દીકરીને હવે જયાપાર્વતી વ્રતને બદલે જૂડો-કરાટેની તાલીમ આપવાનો આગ્રહ રાખવો જોઈએ.** કોઈ પણ સરકાર નારી સુરક્ષા માટે દરેક સ્ત્રી પાછળ એક પોલીસ મૂકી શકવાની નથી. સ્ત્રીએ જ અબળામાંથી સબળા બની પોતાના બોડીગાર્ડ બનવું પડશે. સારો વર મળવો એ ભાગ્યની વાત છે. અલૂણાં કરવાથી ભાગ્ય બદલાઈ શકતું નથી. પણ કરાટે શીખેલી કન્યાને કોઈ મવાલી મળી ગયો તો તે પોતાનું રક્ષણ અવશ્ય કરી શકશે. મહેંદી મૂકવાના કે બ્યુટીપાર્લરોના કોર્સને બદલે જૂડો-કરાટેની તાલીમ હવે સ્ત્રીઓ માટે અનિવાર્ય બની ચૂકી છે. પરંતુ આશ્ચર્ય એ છે કે નારીવાદી બહેનો પણ પોતાની દીકરીને એવી સ્વસુરક્ષાની તાલીમ આપવાને બદલે અલૂણાં, મહેંદી કે અંબોડા હરીફાઈ જેવી પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતી જોઈને હરખાતી રહે છે. યાદ રહે, રાક્ષસ યુગમાં શૂર્પણખાઓ અને હેડંબાઓ પર પણ બળાત્કારો નહોતા થતા. આજે પોલીસ ઈન્સ્પેક્ટર બનેલી મહિલા પર પણ બળાત્કાર થયાના કિસ્સા નોંધાયા છે. એકવીસમી સદીમાં પ્રવેશી ચૂક્યા પછી ય સ્ત્રી આટલી અસલામત હોય તો એને સંસદમાં સ્થાન મળે તે કરતાં સમાજમાં સલામતીભર્યું સ્થાન મળે તે જરૂરી છે!

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૨૭ (ગુજરાત). મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## મારી માતૃભૂમિને પત્ર

**(અનુસંધાન : પાના નં. – ૬૭ ઉપરથી ચાલુ)**

**પ્રકૃતિ અને પર્યાવરણને ધર્મ સાથે જોડીને તેં અમોને જીવન રસાયણ પાયું! મા, તને વંદન કરીએ એટલા ઓછા જ પડે.**

મા, તારા દરેક ક્ષણે વિવિધ રંગ છે, અનેકવિધ રૂપ છે. ઉઘડતી ઉષાનું નયનરમ્ય માધુર્ય, મધ્યાહ્ન સમયની ઉષ્મા, ઢળતી સાંજનો વૈભવ અને કાળી ડિબાંગ રાતનું જામી ગયેલું સૌંદર્ય અમોને તારા જ ખોળેથી અનુભવાયું છે. તેં દરેક ક્ષણે તારા બાળકોની આંગળી પકડીને તેને રાજી રાખ્યા છે, લાડ લડાવ્યા છે. તેં સદાયે સૌનું કલ્યાણ જ કર્યું છે, સૌની ઉપર કાયમ અપાર હેત વરસાવ્યું છે. ઈશ્વર વિશે જેમ કહેવાય છે કે, "જેણે દાંત આપ્યા હોય છે, તે ચાવવાની વ્યવસ્થા કરી જ દે છે." તેમ તેં પણ મા, તારા જ ખોળેથી "કીડીને કણ અને હાથીને મણ" આપીને દરેકના જીવન નિર્વાહની વ્યવસ્થા કરી છે. અમારું જીવન, શિક્ષણ, રોજગાર, વ્યવહાર – તમામ ક્રિયાઓ તારી રહેમ નજરથી અમિદૃષ્ટિથી જ તો ચાલતી રહે છે. અમારું જીવવું અને મરવું બધું જ તારા થકી જ છે. તારા સિવાય મા, અમારો બીજો કોણ આધાર હોઈ શકે? મા, અમે કાયમ-કાયમ તારા ઋણી રહીશું.

મા, તેં તો આટલું બધું, જરૂરત અને લાયકાતથી પણ વધુ આપ્યું છે અને આપતી જ રહે છે. પણ તેના બદલામાં અમે તને શું આપ્યું છે? તારા પ્રદાન - ઉપકારનાં બદલામાં અમારા સૌ દેશવાસીઓ તરફથી તને શું આપી શકાયું? આ સવાલ ખૂબ જ વિચારવા લાયક, મનોમંથન કરવા લાયક છે! **મા, તારા દિવ્ય પ્રેમનું વળતર ચુકવવામાં અને તારા તરફથી મળેલા ભવ્ય વારસાનું જતન અને જાળવણી કરવામાં અમે દેશવાસીઓ ઊણા ઉતર્યા હોઈએ એમ લાગે છે.** માત્ર પોતાના જ સ્વાર્થ અને હિત માટે અમે જીવતા હોઈએ તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. અને તેથી જ વર્તમાન સમયમાં સામાજિક, ધાર્મિક, શિક્ષણ, રાજકીય, આર્થિક, ન્યાયિક – દરેક ક્ષેત્રે વિચારવાન બનવું પડે, સમજદાર બનવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જેનું તને પણ પારાવાર દુઃખ થતું હશે.

*"હે વહાલી માતૃભૂમિ!*
*તું અમારો પ્રાણ છો, જીવ છો અને શાન છો*
*બધી જ રોનક તારા થકી જ છે,*
*તું જ માન છો અને તું જ સન્માન છો, અરે, તું જ ઈમાન છો."*

મા, તું તારા બાળકોને, તારા દેશવાસીઓને સદ્‌બુદ્ધિ અને આશીર્વાદ આપ કે અમે સૌ કાયમ તારું મૂલ્ય જળવાતું રહે, કાયમ તારી ગરિમા સચવાતી રહે તેની કાળજી રાખીએ. **તારી યશકીર્તિ વિશ્વભરમાં ચોમેર ફેલાતી રહે તે માટે સૌ સદાય જાગૃત, સભાન અને કાર્યશીલ રહીએ. તેં બક્ષેલી તમામ મૂલ્યવાન સંપદાને જાળવીએ, તેનું જતન કરીએ, અમારી રાષ્ટ્રભક્તિમાં ક્યારેય ખોટ ન આવે, ઓટ ન આવે.**

હે માતૃભૂમિ! તારી ભૂમિ ઉપરથી કાયમ માનવતાની મહેક આવતી જ રહે. તારા ખોળેથી સદાય રાષ્ટ્રનું અને વિશ્વનું કલ્યાણ થતું જ રહે, જગતને સદાય તું સત્ય, પ્રેમ, કરુણાનો માર્ગ દર્શાવતી રહે તેવી પ્રાર્થના અને ભાવના સાથે વિરમું છું.

*લિ. તારો ગુણાનુરાગી પુત્ર*
*યોગેશ ભટ્ટનાં પ્રણામ, વંદન, વંદે માતરમ.*
*ભારત માતાની જય.*

*"મહાદેવ", પ્લોટ નં.-૧૬,*
*શિવલીલા રેસિડેન્સી, પાઠક સ્કૂલ સામે,*
*હનુમાન રોડ, અમરેલી - ૩૬૫ ૬૦૧. ● મો. ૯૯૨૪૦ ૧૩૪૬૪*

દેશદાઝ

# મારી માતૃભૂમિને પત્ર



યોગેશ નટવરલાલ ભટ્ટ

*"જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદ્પિ ગરીયસી."*
અર્થાત્
માતા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.

***મારી વહાલી માતૃભૂમિ,*** *પ્રણામ, વંદે માતરમ.*

કાયમ હૃદયપૂર્વક તારી કુશળતા ઇચ્છતો હું તારા નામ સ્મરણ સાથે કુશળ છું. મા તું કેમ છો? આમ તો આંગળીના ટેરવાથી **વોટ્સએપ અને ફેસબુકથી ભાવશૂન્ય સંદેશાઓની આપ-લે કરતા આ યંત્ર યુગમાં પત્ર લખવાનો એક વિશેષ આનંદ હોય છે** અને એમાં પણ જ્યારે માતૃભૂમિ, તને પત્ર લખવાનો હોય એટલે તો જાણે અનેક લાગણીઓને નવી વાચા ફૂટે છે! હરખ અને રાજીપો બેવડાય છે! સાથે સાથે એક વિચાર એ પણ આવે છે કે, હે માતૃભૂમિ! તારા વિશે, તારી કૃપા વિશે, જો લખવા બેસું તો આ જન્મારો પણ ટૂંકો પડે! તો એક પત્રમાં તો આ ભાવપ્રવાહને સમાવવો પણ કેવી રીતે? તે છતાં મા, હું આ પત્રના માધ્યમથી તારા ચરણે ભાવપુષ્પો અર્પણ કરી, તારી અવિરત વહેતી સ્નેહની ભાગીરથીમાં ડૂબકી મારીને સ્વયંને પાવન કરી લેવાની સુવર્ણ તક ઝડપી રહ્યો છું, તેનો અપાર આનંદ છે.

*"શબ્દ એક શોધો, ત્યાં આખી સંહિતા નીકળે,*
*જ્યાં મહાભારત વાવો અને ગીતા નીકળે...!"*

એ તારી ભૂમિનો પ્રભાવ છે અને એટલે જ જગત કબૂલે છે કે **ભારત એ કોઈ રાષ્ટ્ર જ નથી, પણ સાથોસાથ એક દિવ્ય ઘટના છે!**

હે માતૃભૂમિ! જ્યારે ઈશ્વરે આ સૃષ્ટિનું નિર્માણ કર્યું હશે ત્યારથી જ તેને તારા ઉપર સવિશેષ લગાવ રહ્યો હશે. એટલે જ મા, તારા ભૂમિખંડના આ ભાગને પ્રભુએ પોતાની દિવ્યતા, ભવ્યતા, રમ્યતા અને પવિત્રતા પ્રદાન કરી છે. જેના પુણ્ય પ્રતાપે મા, **તું કાયમ જગતનું સ્વર્ગ બનીને શોભે છે, વિશ્વ માટે આદર્શ બનીને દીપે છે.** માનવજાત માટે સમાધાનનો શિલાલેખ બનીને ઝળહળે છે! તારા ખોળે જ સભ્યતા અને સંસ્કૃતિનો સુભગ સમન્વય રચાયો છે. તારી ગોદમાં પ્રેમ, પવિત્રતા, ન્યાય, નીતિ, સ્નેહ, કરુણા, શાંતિ, પરમાર્થ અને વિશ્વ કલ્યાણની ભાવનારૂપી સદ્‌ગુણો જનમ્યા, ફૂલ્યા-ફાલ્યા અને જગતભરમાં વિસ્તર્યા છે. જેનો રાષ્ટ્ર અને વિશ્વએ કાયમ અનુભવ કર્યો છે. **હે વહાલી માતૃભૂમિ! તું સમગ્ર દેશવાસીઓ માટે કાયમ માનો ખોળો બનીને રહી છો. તારી માટીમાંથી જ અમે સંસ્કૃતિ, જીવનરસ અને રહેણીકરણી પામ્યા છીએ.** તારી પવિત્ર ભૂમિ ઉપર સ્વયં ઈશ્વરને વારંવાર અવતરવું ગમ્યું છે. મા, તેં તારા બાળકોને, દેશવાસીઓને, સમગ્ર જગતને ઘણું ઘણું આપ્યું છે, અપાર સ્નેહ વરસાવ્યો છે. તારી કૃપાની કલ્પના કરીએ ત્યાં હૃદય ગદ્‌ગદ્ થઈ ઉઠે છે, સમયચક્રનાં અનેક સોનેરી પ્રવાહોએ તારી જ આંગળી પકડીને યાત્રા કરી છે. તારા સિવાય અમને આ બધું કોણ આપી શકે? વિદેશી પ્રજા એટલે જ તો તારા ખોળાથી વંચિત હોવાથી રાંક લાગે છે. તને કોટી કોટી વંદન, પ્રણામ.

હે માતૃભૂમિ! તારે ત્યાં અવતરેલા ઈશ્વરો - અવતારો, સદ્‌પુરુષો, સાધુ પુરુષો, મહાત્માઓ, નિષ્ણાતોની કાર્યશૈલી જીવનશૈલી, વિચારધારાથી વિશ્વ આખું આશ્ચર્યચકિત છે. **તારી માટીની પવિત્રતા, દિવ્યતાનાં કારણે જ તો આજે વિશ્વભરમાં ભારત દેશનો ડંકો વાગી રહ્યો છે.** તારું મૂલ્ય કોઈ કેવી રીતે ચૂકવી શકે? મા, તારા ખોળેથી જ અમારા સંસ્કારો રચાયા, રિવાજો બન્યા, રૂઢિઓ સ્થપાઈ, પરંપરાઓ જન્મી. તારી પવિત્ર માટીમાંથી સદ્‌ગુણોનું સિંચન થયું. **"વસુધૈવ કુટુંબકમ્"**ની ભાવના તારી જ ગોદમાંથી જન્મી અને જગતભરમાં પ્રસરી. મા, તારા ખોળેથી જ જ્ઞાન, વિજ્ઞાન, ધર્મ, શિક્ષણ, કલા, સ્થાપત્યો, ભાષાઓ, બોલીઓ, વિચારોને પોષણ મળ્યું. તારા જ ખોળેથી વેદો, ઉપનિષદો, ધર્મગ્રંથો રચાયા. અનેક ધર્મસ્થાનોને તેં તારા ખોળામાં સ્થાન આપી સમાજને શ્રદ્ધાવાન, ચેતનવંતો બનાવ્યો. તારી ગોદમાંથી જ જ્ઞાનની પરબો મંડાણી, જેના પ્રતાપે સમાજ પ્રજ્ઞાવાન થયો, વિચારશીલ બન્યો. વિજ્ઞાનનાં અનેક આવિષ્કારો તારી જ છત્રછાયામાં શક્ય બન્યા અને તેના થકી જ આ જગત કાયમ જીવવાલાયક, જાણવા અને માણવાલાયક બન્યું. મા, તારા આટ-આટલા ઉપકારોનો બદલો માનવજાત કેવી રીતે વાળી શકશે? તારા અપાર-અફાટ પ્રેમની સુગંધ અમોને કાયમ અનુભવાતી જ રહે છે. તારી કૃપાઓની, પવિત્રતાની મંત્રમુગ્ધ અસર સદાયે દેશવાસીઓની નસેનસમાં - રૂહમાં જીવંત રહેશે.

મા, પ્રકૃતિને પ્રદાન કરીને તેં અમોને હર્યાભર્યા કર્યા. તારા ખોળાની કૃપાથી જ અમોએ લહેરાતા ખેતરો જોયા, ખળખળ વહેતી નદીઓ જોઈ, શીતળ - ઠંડા પવનો માણ્યા, અમૃતધારા સમાન વરસાદથી તરબતર થયા. તારી ગોદમાં જ વિવિધ આબોહવા, ઋતુઓ, પ્રકૃતિ અને પર્યાવરણનો લાભ મેળવી જીવનને પુલકિત કર્યું.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૬ ઉપર)

ભાવના

# સંયુક્ત કુટુંબ (પરિવાર)



બી.જી. કાનાણી, પ્રિન્સિપલ

હિંદુસ્તાનની એક અલગ ઓળખ હતી. હિંદુસ્તાન એટલે સંયુક્ત કુટુંબોથી બનેલા કસબા, ગામો, નગરો અને મહાનગરો (શહેરો)નો દેશ.

સંયુક્ત કુટુંબ એટલે 'સ્વ-હિત' નહીં પણ 'સર્વહિત'ને સ્મરણ કરીને જીવન જીવવા માટે ઉત્સુક સ્નેહમેળો. સંયુક્ત પરિવારના દરેક સભ્યમાં સ્વયં, સ્વીકૃત, શિસ્ત (અનુશાસન) પણ હોય અને કર્તવ્યની ઉદાર અને ઉદાત્ત ભાવના પણ હોય. **"જગતની સૌ કડીઓમાં સ્નેહની કડી સર્વથી વડી."** *(સુંદરમ્).* સંત કબીરે કહ્યું છે તેમ, "પ્રેમ સંબંધની ગલી સાંકડી છે. ત્યાં 'હું' નહીં પણ 'હમ'ને સાથ છે." સંયુક્ત કુટુંબના સભ્યના સંબંધોનું પણ એક અલિખિત શાસ્ત્ર છે, જે સ્વયં અનુશાસિત છે. આદર્શ પતિ-પત્ની વાત્સલ્યભાવથી સંયુક્ત પરિવારને પણ પ્રસન્ન અને સુખી કરી શકે છે. એવા આદર્શ દંપતિ જ ભવિષ્યમાં આદર્શ મા-બાપ બની શકે છે. આવા પ્રસન્ન પરિવારમાં જ, ઈશ્વર, સદ્‌ગુણી, સંસ્કારી સંતાનોનું સર્જન કરે છે.

**સંયુક્ત (સમ્મિલિત) કુટુંબ જે દયા, પ્રેમ, સ્નેહ, પરોપકાર, સેવા, સંયમ, સમર્પણ, ત્યાગ, વાત્સલ્ય અને શુદ્ધ અર્થવિતરણ (પારદર્શક અર્થવ્યવહાર)ની એક મહાન સંસ્થા છે.** ભાગદોડવાળી જીવનશૈલીમાં વિભક્ત કુટુંબમાં દંપતિને ખૂબ જ માનસિક તાણ રહે છે. બાળકોની સારસંભાળની સતત ચિંતા રહે છે. બાળકોની બીમારી સમયે અતિ લાચારી - નિઃસહાયતા અનુભવે છે. જ્યારે સંયુક્ત કુટુંબમાં રહેતા દંપતિઓને પ્રતિકૂળ પરિસ્થિતિ અને વિકટ સંજોગોમાં પણ વડીલોની હૂંફ અને આશ્વાસન મળી રહે છે. માનસિક તાણ રહેતી નથી. આમ, એકંદરે સંયુક્ત કુટુંબમાં દંપતિઓ વધારે સુખી અને પ્રસન્ન રહી શકે છે. બાળકોને વડીલોનો પ્રેમ, સ્નેહ, મમતા, હૂંફ અને વાત્સલ્ય મળી રહે છે. બાળકોમાં સદ્‌ગુણો - સંસ્કારોનું સિંચન થાય છે. સમય, સંજોગો અને વ્યવસાયના કારણે ભાઈઓ જુદા થાય ત્યારે સાસુ-સસરા સાથે રહેવાની પહેલ કરવી જોઈએ. **એક જ પુત્ર હોય અને મા-બાપથી જુદા રહે એ તો મહાપાપ છે. સ્વપ્નમાં પણ જુદા રહેવાનો વિચાર પુત્ર-પુત્રવધૂને ન આવવો જોઈએ.**

*"પિતા આકાશથી પણ ઊંચા અને માતા પૃથ્વીથી પણ મહાન છે."*

*– મહર્ષિ વેદવ્યાસજી*

આવા તીર્થસ્થાન સમા મા-બાપને વૃદ્ધાશ્રમોમાં જતાં રોકવા માટેનો પણ એક જ ઉકેલ છે – સંયુક્ત પરિવાર. સંયુક્ત કુટુંબમાં આર્થિક ફાયદો તો થાય છે, વિશેષતઃ સામાજિક અને આધ્યાત્મિક રીતે પણ અકલ્પ્ય ફાયદો થાય છે. ભવિષ્યમાં પોતાને પણ પુત્રો સાથે પ્રેમથી રહેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે. **ઘરમાં જ સ્વર્ગનું સુખ માણી શકશે. ઘર જ મંદિર બની જશે, ઘર જ તીર્થધામ બની જશે. એટલું યાદ રાખજો, કે પરિવાર માટેનો ત્યાગ, સમર્પણ અને સાધના કદી વ્યર્થ જતા નથી.** સંયુક્ત કુટુંબના સભ્યોને સહયોગી થવું એ દાંપત્ય જીવનની સાર્થકતા છે. સંયુક્ત પરિવારમાં થોડી અગવડો જરૂર પડશે, પણ દૃષ્ટિ હકારાત્મક હોય તો અગવડો પણ દંપતિના જીવનને ચમકાવવા માટે જ આવતી હોય છે.


***માનવ સમાજે ઉદાત્ત જીવનની જે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, તેમાં કૌટુંબિક જીવનનો ફાળો સૌથી વિશેષ છે.***

*– ચિંતક કિશોરલાલ મશરૂવાળા*

સંગ્રામ અને સંઘર્ષમાં સામર્થ્યની જરૂર પડે છે તેવું નથી પરંતુ પરિવાર સાથે સમાધાન અને સમન્વય સવિશેષ સામર્થ્ય માંગે છે. સંયુક્ત કુટુંબમાં વ્યક્તિને કુટુંબ પ્રત્યે પોતાનું ઋણ અદા કર્યાનો, નિષ્ઠાપૂર્વક ફરજ બજાવ્યાનો સંતોષ અને આનંદ મળે છે. અર્થશાસ્ત્રીઓના મતે સંયુક્ત કુટુંબમાં આર્થિક મંદીની અસર ઓછી હોય છે. વિભક્ત કુટુંબના કારણે અમેરિકા અને યુરોપના દેશો છેલ્લા વરસોમાં ભયંકર મંદીમાં આર્થિક રીતે ભાંગી ગયા હતા. જ્યારે પ્રમાણમાં સંયુક્ત કુટુંબ પ્રથાને કારણે વૈશ્વિક ભયંકર મંદીના વાવાઝોડા સામે પણ ભારત અડીખમ ઊભું રહી શક્યું હતું. **સંયુક્ત પરિવારમાં અદ્‌ભુત - અતૂટ તાકાત રહેલી છે.**

નવવધૂ સાસુમાં 'મા'ના દર્શન કરી આચરણ કરે અને સાસુને પુત્રવધૂમાં વહાલી દીકરી - ગૃહલક્ષ્મીના દર્શન થાય તો લગ્નસંસ્થા અને સંયુક્ત કુટુંબ સંસ્થા મજબૂત બનશે અને વૃદ્ધાશ્રમોની જરૂર જ નહીં રહે. **"જેના અન્ન નોખા, એના મન નોખા"** કહેવત મુજબ એવા નોખા મનવાળા માનવીઓ વધારે સુખી થવા માટે વિભક્ત કુટુંબમાં રહે છે પરંતુ તે સુખ ઝાંઝવાના જળ જેવું હોય છે. એટલે જ કવિ કાગે કહ્યું છે, **"માણસ સુખી થવા માટે દુઃખી થાય છે."**

(અનુસંધાન : જુઓ પાના નં. – ૭૭ ઉપર)



ભાવના

# સંસ્કારી વહુ



એમ. ડી. સોલંકી

સરીતાબહેન છેલ્લા બે માસથી બેચેન હતા. આમ તો એમનો પરિવાર સાવ નાનો હતો. પતિ વસંતભાઈ, પુત્ર સ્પંદન અને સરીતાબહેન પોતે. મધ્યમવર્ગીય પરિવાર હોવાના કારણે જીવન નિર્વાહમાં કોઈ આર્થિક મુશ્કેલી નહોતી. પણ પુત્ર સાથે થયેલા ખટરાગે સરીતાબહેન અને વસંતભાઈની ઊંઘ હરામ કરી નાખી હતી. એકના એક પુત્ર તરફથી ઊભી થયેલી તકલીફના કારણે પતિ-પત્ની પાર વગરની મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા. રહી રહીને બસ એમના મનમાં એક જ સવાલ થયા કરતો હતો – આવી મૂંઝવણનો અંત ક્યારે આવશે?

લગ્ન જીવનના બાર બાર વર્ષના લાંબા અંતરાલ પછી વસંતભાઈના ઘેર પુત્રનો જન્મ થયો હતો. પુત્ર જન્મનો આનંદ પતિ-પત્નીને પાર વગરનો હતો. સગાવહાલાં અને પરીચિતો પણ વસંતભાઈના ઘેર પુત્ર જન્મના કારણે ખુશ હતા. જાણે કે સૌને ખુશીઓનો ખજાનો મળી ગયો હતો.

સ્પંદનનો ઉછેર ભારે લાડકોડથી – પાણી માંગે તો દૂધ હાજર! એવી રીતે થયેલો. કે.જી.થી માંડીને કોલેજ સુધીનું ભણતર ધાબે ચડવાની સીડીની જેમ સ્પંદને સડસડાટ પૂરું કર્યું. વસંતભાઈ અને સરીતાબહેનની પુત્રના અભ્યાસ પ્રત્યેની કાળજી અને સ્પંદનની પોતાની અથાક મહેનતના કારણે પચ્ચીસ વર્ષની ઉંમરે એ સી.એ. બની ગયો. બંને પતિ-પત્નીએ સી.એ. બનેલા સ્પંદન માટે જાતજાતના રંગીન શમણાં જોયા હતા. હવે આર્થિક ઉન્નતિ હાથવેંતમાં જ છે એવું એમને લાગતું હતું. પ...ણ...

પણ, એમની જિંદગીની કિતાબમાં સમયે જાણે કે કંઈક જુદું જ લખ્યું હતું! **જિંદગીના નકશામાં માનવી એની ધારણા મુજબના મનપસંદ રંગો પૂરી શકતો નથી. માનવ જીવનમાં ક્યારેક એવા અણધાર્યા વળાંકો આવી જાય છે, જે સરળતાથી ચાલતી જિંદગીની તાસીર જ બદલી નાખે છે.**

સાવ સીધા-સાદા અને સરળ લાગતાં સ્પંદનમાં ખરાબ મિત્રોની સંગતના કારણે વાણી, વ્યવહાર અને વર્તનમાં અણધાર્યા – ન સમજી શકાય એવા ફેરફાર થવા લાગ્યા. પોતાના એકના એક પુત્રના સ્વભાવમાં થઈ રહેલા આવા ફેરફારને કારણે સરીતાબહેન અને વસંતભાઈ દુઃખી થઈ ગયા. એમણે એમની રીતે સ્પંદનને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ! સમજે તો એ સ્પંદન નહીં! ઊલટાનું સ્પંદન કુટેવોના કળણમાં ઊંડો ને ઊંડો ઉતરતો જ ગયો. અને એક દિવસ તો એણે હદ કરી નાખી! એણે એના પિતા વસંતભાઈને મોઢામોઢ કહી દીધું – 'પપ્પા, મારી વાત તમે કાન ખોલીને સાંભળી લ્યો. તમારા નામે જે કોઈ મિલ્કત હોય એ તમામ મિલ્કત દસ દિવસમાં મારા નામે ટ્રાન્સફર કરી દેજો.'

સ્પંદનની આવી સાવ અણઘટતી માંગણી સાંભળીને વસંતભાઈ અને સરીતાબહેન સાવ દિગ્મુઢ થઈ ગયા. શાંત અને સરળ સ્વભાવના એ બંને પતિ-પત્નીની આંખમાં આંસુ આવી ગયા. એ મનોમન બોલી ઉઠ્યા : 'હે ભગવાન, આ શું થવા બેઠું છે? સ્પંદને જે કહ્યું એવું તો અમે કોઇ દિવસ સપનામાંય વિચાર્યું નહોતું. હવે અમે શું કરશું?' વસંતભાઈ ભાંગી પડ્યા.

આવા વિપરીત સંજોગોમાંય સરીતાબહેન મક્કમ રહ્યા. સાંસારિક જીવનમાં આવતી એક યા બીજા પ્રકારની મુશ્કેલીઓ સામે **પુરુષ જ્યારે નાસીપાસ થઈને હિંમત હારી જાય ત્યારે કુદરતી રીતે જ એમની સ્ત્રીમાં અજબ પ્રકારની હિંમત આવી જાય છે.** પત્ની અડીખમ બનીને એના પતિની પડખે ઊભી રહી જાય છે. સરીતાબહેને એમના પતિને કહ્યું, 'તમે જરાય ગભરાશો નહીં. એમ કાંઈ એની બેહૂદી માંગણી સ્વીકારાય જ નહીં. હિંમત રાખજો.' એકના એક પુત્ર સ્પંદનને કહ્યું : 'સ્પંદન, એક વખત તું તારા વાણી, વ્યવહાર અને વર્તનને સુધારી લે. બાકી અમારા જીવતાં અમારી કોઈ મિલ્કત રતિભાર પણ તારા નામે નહીં જ થાય. તું કોઈ કામધંધો તો કરતો નથી. મિલ્કત તારા નામે કરાવીને તારે બધું ફના-ફાતિયા કરી નાખવું છે કે શું? અમે તારી માંગણીને તાબે થઈશું નહીં. તારે અમારી સાથે ના રહેવું હોય તો તને મન ફાવે ત્યાં જતા રહેવાની છૂટ છે.' અને પછી તો સરીતાબહેન અને સ્પંદન વચ્ચે બરાબરની અંટસ પડી ગઈ. એક જ ઘરમાં રહેવા છતાંય મા-દીકરા વચ્ચે અબોલા થઈ ગયા. બંનેના સંબંધમાં તિરાડ પડી ગઈ.

સમય સરતો ગયો તેમ તેમ સ્પંદનના ઉધામા વધતા જ ગયા. વસંતભાઈ અને સરીતાબહેનની મૂંઝવણ વધતી જતી હતી. બંનેના મનમાં પાર વગરની વ્યથા હતી. શું કરીએ તો અમારા ઘરની ગાડી પાટા ઉપર આવે? આવા કઠિન સમયે કોઇ હિતેચ્છુ

સંબંધીએ સલાહ આપી, 'સ્પંદનને સમજાવીને એના લગ્ન કરી નાખો. બનવાજોગ, કદાચ આવનારી વહુ એને સાચા રસ્તા પર લાવી શકે!' સંબંધીની આવી સલાહ બાબતે ઊંડું વિચારતા પતિ-પત્નીને આ વાત થોડી વ્યવહારુ અને વજુદવાળી લાગી. આખરે મા-બાપના મનમાં પુત્રપ્રેમની જાણે કે જીત થઈ ગઈ! સગા-સંબંધીઓના પ્રયત્નો અને સહકારથી અંતે સમાજમાંથી સંસ્કારી કન્યા બંસરી સાથે સ્પંદનના લગ્ન થયા. પુત્રવધૂ બનીને સાસરે આવેલી બંસરીને ચારેક દિવસ પછી આછો-પાતળો ખ્યાલ આવી ગયો કે સાસુ-સસરા અને સ્પંદન વચ્ચે જોઈએ તેવો મનમેળ નથી. એણે મનોમન વિચાર્યું, 'આવા સંજોગોમાં મારી જવાબદારી વધી જાય છે. થાય એટલાં પ્રયત્નો કરીને પણ મારે મારા ઘરને ગૂંજતું કરવું છે. સ્પંદનની ગેરહાજરીમાં બંસરીએ સાસુ સરીતાબહેન પાસેથી સ્પંદનની વર્તણુંક વિશેની માહિતી મેળવી લીધી. બંસરીએ સાસુ સરીતાબહેનને ધરપત બંધાવતા કહ્યું, 'મમ્મી, હું મારાથી બનતા તમામ પ્રયત્નો કરીશ. સ્પંદનને સારા અને સાચા રસ્તે લાવવાની મારી જવાબદારી હું પૂરેપૂરી નિભાવીશ. તમે મને સહકાર આપજો. કામ કપરું છે પણ મને વિશ્વાસ છે કે હું આ કામમાં જરૂર કામિયાબ થઈશ. હા મમ્મી, તમે થોડી ધીરજ રાખજો.'

સી.એ. થયા પછી જોબ માટે ખરાબ સંગતના કારણે સ્પંદને ક્યાંય પ્રયત્ન કર્યા જ નહોતા. એના કુછંદી મિત્રોને રવાડે ચઢીને એ પોતે એ વાત પણ વિસરી ગયો હતો કે એ પોતે સી.એ.ની અગત્યની ડિગ્રી ધરાવે છે. જે ડિગ્રીના કારણે એને સારા પગારવાળી નોકરી મળી શકે છે. અવળી સંગતના કારણે એના રખડેલ મિત્રોએ સ્પંદનના મનમાં એવું ઠસાવી દીધું હતું કે, 'તારા પપ્પા પાસે બેસુમાર મિલ્કત છે અને તું એકલો વારસદાર છે. એકવાર એ મિલ્કત તારા નામે થઇ જાય પછી તો તારે લીલાંલહેર જ થઈ જવાની છે. તારે તો બસ આરામ જ કરવાનો છે ને! બસ, તારે કોઈ જ જોબ કરવાની રહેતી નથી. અને હા, સ્પંદનભાઈ! મિલ્કત તમારા નામે થઈ જાય પછી અમારા જેવા તમારા ખાસ મિત્રોને જો જો ભૂલી ના જતા! આપણે બધા ભેગાં થઈને આખી જિંદગી મોજ-મજા જ કરીશું.'

સ્પંદનના મનમાંથી આવા કુવિચારોના કચરાને દૂર કરવા બંસરીએ એના માતા-પિતા તરફથી મળેલા સારા સંસ્કારોને કામે લગાડ્યા. પતિ સ્પંદનને વિશ્વાસમાં લઈ બંસરીએ એને કહ્યું, 'સ્પંદન, તમારી પાસે તો અતિ અગત્યની ગણાય એવી સી.એ.ની ડિગ્રી છે. જો તમે પ્રયત્ન કરો તો કોઈ જાણીતી ફર્મમાં સારા પગારવાળી જોબ તમને મળી શકે તેમ છે.'

'જો બંસરી, તને એક વાત સ્પષ્ટ રીતે કહી દઉં. મને એવી જોબ કરવાનું ફાવે જ નહીં. એવી કડાકૂટ કોણ કરે? મને નોકરી કરીને કોઈની ગુલામી કરવાનું જરાય પસંદ નથી. આપણે તો બસ વનવગડાના આઝાદ પંખી જેવા! ફાવે ત્યાં ફર્યા કરીએ.' એમ કહીને શરૂઆતમાં જ સ્પંદને વાતને ટાળી દીધી.

અઠવાડિયા પછી મોકો જોઈને બંસરીએ ફરી એકવાર સ્પંદનને સી.એ. અને જોબની વાત કરી. ત્યારે વળી સ્પંદને કહ્યું, 'બંસરી, તું એક વાત બરાબર સમજી લે. મારે વળી જોબ કરવાની ક્યાં જરૂર છે? બસ, આપણા લગ્ન થઈ ગયા અને આ બધું મારું જ છે ને? એકવાર આ મિલ્કત મારા નામે થઈ જાય પછી તું જોજેને! હું તને રાજાની રાણીની જેમ રાખીશ.'

'સ્પંદન, મને તમારા પર પૂરેપૂરો વિશ્વાસ છે. તમે તમારા કહ્યા પ્રમાણે મને સારી રીતે રાખશો જ પણ પ્રયત્ન કરવામાં શું જાય છે? વાગ્યું તો તીર, નહિંતર તુક્કો! આ વખતે સ્પંદનનું વલણ થોડું કૂણું પડ્યું. બંસરીએ પિયરમાંથી એના પપ્પાનું માર્ગદર્શન મેળવી એક ફર્મમાં સી.એ.ની જાહેરાતના સંદર્ભમાં સ્પંદનની ઉમેદવારી નોંધાવી. દસેક દિવસમાં ઈન્ટરવ્યૂ માટેનો લેટર પણ સ્પંદનના સરનામે આવી ગયો. બંસરી ઈન્ટરવ્યૂના દિવસે સ્પંદનની સાથે ગઈ. એણે કહ્યું, 'સ્પંદન, તમારી પાસે જોબ માટેની પૂરેપૂરી લાયકાત છે જ. તમે વિશ્વાસ રાખજો, ઉચ્ચ પ્રકારની સારા પેકેજવાળી નોકરીના ઈન્ટરવ્યૂમાં તમે જરૂર સફળ થશો.' અને પછી તો અઠવાડિયામાં સ્પંદનને સી.એ.ની જોબ માટેની પસંદગીનો લેખિત ઓર્ડર પણ મળી ગયો. પરિવારમાં સૌ રાજી થઈ ગયા. બંસરીનો આત્મવિશ્વાસ વધી ગયો. એની મહેનત જાણે કે રંગ લાવી હતી.

એકાદ મહિનાની નોકરી પછી સ્પંદનના વાણી-વ્યવહાર અને વર્તનમાં ફેરફાર થવાનો અણસાર બંસરી અને એના સાસુ-સસરાને દેખાવા લાગ્યો. સી.એ.ના જોબની કામગીરીના કારણે સ્પંદનની ખોટી સંગત લગભગ ઓછી થઈ ગઈ હતી. હવે સ્પંદન એના પપ્પા વસંતભાઈ અને મમ્મી સરીતાબહેન સાથે વાતચીત કરતો થયો હતો.

બંસરીના પ્રયત્નોથી સ્પંદનના વ્યવહારમાં આવેલા સારા ફેરફારથી સસરા વસંતભાઈ અને સાસુ સરીતાબહેન રાજી થયા હતા. એમના હૈયે ટાઢક થતી જતી હતી. હાશ! હવે અમારા ઘરની ગાડી પાટા ઉપર આવી જશે!

પ્રેગ્નન્સીના સમયાગાળા દરમિયાન રૂટિન ચેક-અપ માટે બંસરી અને સ્પંદન બંને ગાયનેક ડૉ. મિસિસ ભરૂચાને ત્યાં જતા હતા. ચારેક મુલાકાત પછી ડૉ. મિસિસ ભરૂચા સાથે સ્પંદન અને બંસરીને સારી આત્મિયતા થઈ ગઈ હતી. એકવાર બંસરી એકલીને જ હોસ્પિટલમાં જવાનું થયું. સામાન્ય વાતચીત દરમિયાન બંસરીએ ડૉ. ભરૂચાને વિનંતી કરતા કહ્યું, 'મેડમ, સ્પંદન એના પપ્પા-મમ્મીથી થોડા નારાજ રહે છે. થોડો સમય કાઢીને એને મળવા બોલાવી, તમે તમારી રીતે સમજાવજોને!'

પાકટ વયના ડૉ. મિસિસ ભરૂચા ખૂબ જ વ્યવહારુ અને

સમજદાર હતા. બંસરીએ વિનંતીથી કરેલી વાતને બરાબર સમજી ગયા. **એમણે અંગત રસ લઇને આડકતરી રીતે સ્પંદનને મમ્મી-પપ્પાની મહત્તા, સંતાન પ્રત્યેની પ્રેમભરી લાગણી અને પુત્ર તરીકેની ફરજની વાત સમજાવી.** ડૉ. સાથેની સ્પંદનની બે વખતની મુલાકાતે બંસરીનું કામ જાણે કે હળવું બનાવી દીધું.

સ્પંદનને સાચા રસ્તે લાવવાની બંસરીની સમજણપૂર્વકની મહેનત અને ડૉ. મિસિસ ભરૂચાની વ્યવસ્થિત અને માયાળુ સમજાવટ કામ કરી ગઈ. સ્પંદન પહેલાં કરતાં સાવ બદલાઈ ગયો. જાણે કે એનામાં આમૂલ પરિવર્તન આવી ગયું. હવે એ મમ્મી-પપ્પા સાથે આનંદથી વાત કરતા થઈ ગયો. સ્પંદન આખો ને આખો બદલાઈ ગયો.

હોસ્પિટલમાં બંસરીને નોર્મલ ડિલિવરી થઈ. સરીતાબહેન હોસ્પિટલમાં જ રોકાયા. પાંચેક દિવસ પછી બંસરી સાથે નાનકડી શ્રેયાને લઇને સ્પંદન મર્સિડીઝ ગાડીમાં ઘેર આવ્યો. ગાડીનો દરવાજો ખોલતા જ સરીતાબહેને શ્રેયાને ઉંચકી લઇને વહાલભરી ચૂમીઓથી એને નવડાવી દીધી. પુત્રવધૂ બંસરી અને સ્પંદને મમ્મી-પપ્પાને પગે લાગી આશીર્વાદ લીધા.

એક રવિવારે સ્પંદન એના મમ્મી-પપ્પા સાથે ઘર વ્યવહારની વાત કરતા બેઠો હતો. નાનકડી શ્રેયા એના દાદી સરીતાબહેનના ખોળામાં ઘુઘવાટા કરીને રમતી હતી ત્યારે વસંતભાઈ બોલ્યા, ‘બેટા સ્પંદન, હવે આપણા ઘરમાં સૌ સારા વાના થયા છે. તું તારી જોબમાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયો છે. ઘરમાં શ્રેયા સ્વરૂપે લક્ષ્મીજીનું આગમન થયું છે. બસ, હવે હું આ તમામ મિલ્કત તારા નામે કરી દઈને વ્યવહાર અને આર્થિક જવાબદારીમાંથી મુક્ત થઈ હળવો થવા માગું છું. આવતા સોમવારે આપણે બંને રજિસ્ટ્રારની ઑફિસે જઇને તારા નામે મિલ્કત ટ્રાન્સફર કરાવી દઈશું. મારી વાત બરાબર છે ને, શ્રેયાના દાદી?

‘હા, એ તો સાકરથી પણ ગળ્યું કહેવાય. સ્પંદનના નામે તમામ મિલ્કત ટ્રાન્સફર થઈ જાય પછી આપણે બંને નિરાંતે શ્રેયાને રમાડ્યા કરશું.’ સરીતાબહેને કહ્યું.

અને ત્યારે ગંભીર બનીને સ્પંદને કહ્યું, ‘પપ્પા-મમ્મી, આપણા ઘરમાં ભૂતકાળમાં જે કાંઈ બન્યું એમાં મારી પોતાની જ ભૂલ હતી. ખરાબ સોબતના કારણે હું સાચી વાત સમજી નહોતો શકતો. મેં તમારા બંનેના દિલ દુભાવ્યા હતા એની માફી માગું છું. ભલું થજો બંસરીનું, જેણે મને પુત્ર તરીકેની મારી ફરજનું ભાન કરાવી, સી.એ. તરીકેની સારા પગારવાળી નોકરી મેળવવાનું નિમિત્ત બનીને આપણા ઘરની ગાડીને પાટા પર લાવી દીધી. પપ્પા, હવે આ મિલ્કત મારા નામે ટ્રાન્સફર કરાવવાની કોઈ જ જરૂર નથી. **હવે તો પપ્પા-મમ્મી તમે, બંસરી અને શ્રેયા જ મારી જીવતી-જાગતી મિલ્કત છો. બસ, પછી મારે બીજું જોઈએ પણ શું?’**

‘પિયરમાંથી સંસ્કારોના કરિયાવર લઈને આવેલી બંસરી જેવી સમજદાર અને સંસ્કારી વહુઓ એમની સમજણથી પિયર અને સાસરી પક્ષને ઉજાળે છે. **સાસુ, સસરા અને પતિ વચ્ચે સેતુરૂપ બની રહેતી બંસરી જેવી સમજદાર વહુઓની સમાજમાં આજે ઘેર-ઘેર તાતી જરૂરિયાત છે.** આવી સંસ્કારી વહુઓના આગમનથી કેટકેટલાય ઘરોમાં સુખનો સૂરજ ઉગશે. મારી દીકરા વહુ બંસરી તો લાખેણી છે.’ મોં પર આછા મલકાટ સાથે સરીતાબહેન બોલ્યા.

‘હા સરીતા, આપણા ઘરમાં સુખનો સૂરજ લાવનારી આપણી પુત્રવધૂ બંસરી સંસ્કારી અને સમજદાર છે. પોતાની દીકરીને સંસ્કારોથી સજ્જ કરીને સાસરિયે મોકલનાર બંસરીના માતા-પિતાને ધન્યવાદ છે. આપણે એમના પણ ઋણી છીએ. બંસરીએ આપણાં અને સ્પંદન વચ્ચેના સંબંધમાં પડેલી તિરાડને સમજણના સંસ્કાર વડે સાંધી દીધી છે. **સમાજમાં દીકરીઓના માતા-પિતાને વિનંતીના સૂરમાં બસ એક જ વાત કહેવી છે – ‘મુરબ્બીઓ, લગ્નપ્રસંગે તમે તમારી લાડકી દીકરીને ભૌતિક વસ્તુઓનો કરિયાવર ઓછો આપજો, પણ સાસરવાસે જતી તમારા કાળજાના કટકા જેવી દીકરીને સંસ્કારોનો કરિયાવર ભરપેટ આપજો.** એમાં તમે જરાયે કચાશ રાખશો જ નહીં. તમારા આપેલા ઉત્તમ સંસ્કારોને કારણે એ દીકરી સાસરિયામાં દૂધમાં સાકરની જેમ ભળી જશે. એના માન-પાન વધશે. કૌટુંબિક પ્રશ્નોમાં ગાંઠ-ગૂંચડા વાળવાને બદલે પોતાના સંસ્કારોની સમજણથી ઊભી થયેલી સમસ્યાઓનો ઉકેલ લાવશે. એના થકી ઘરમાં સુખનો સૂરજ ઉગશે. એટલું જ નહીં, એક સંસ્કારી દીકરીના માતા-પિતા તરીકે પિયરમાં પણ તમારી છાતી ગજગજ ફૂલશે.’ ગળગળા થઇ ગયેલા વસંતભાઈ બોલ્યા.

આ દરમિયાન રસોડામાંથી ઘી ની સોડમથી મઘમઘતો મીઠો કંસાર લઇને બંસરી ડ્રોઇંગ રૂમમાં આવી પહોંચી. સ્પંદને કંસારની થાળીમાંથી એક કોળિયો લઇ પપ્પા વસંતભાઈને ખવડાવ્યો અને બંસરીએ સાસુ સરીતાબહેનને, અને પછી તો ચારેય ચહેરા ખુશખુશાલ બની ગયા.

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલિકુંડ,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ.* ● *મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

*ટીચર* : ‘મોન્ટુ, તું કાલે સ્કૂલ કેમ નહોતો આવ્યો?’ ☺
*મોન્ટુ* : ‘સર, કાલે હું સપનામાં અમેરિકા જતો રહ્યો હતો.’
*ટીચર* : ‘ઠીક છે! પીન્ટુ, તું કેમ નહોતો આવ્યો?’
*પીન્ટુ* : ‘સર, હું મોન્ટુને એરપોર્ટ પર છોડવા ગયો હતો!’

ઉર્જા

# ઉત્સાહ, એ જીવનનું ચાલક બળ છે



નવીન વી. વાછાણી

કેટલાક માણસો સવારે જાગે ત્યારે જ થાકી ગયા હોય છે અને એમની સામે કામનો આખો દિવસ પડ્યો હોય છે. આવા થાકેલાં માણસો કામ કરે છે પણ એ કામમાં કોઈ ભલીવાર હોતો નથી. એટલું જ નહીં, કામ કરવાથી આવા માણસો વધારે ને વધારે થાકી જાય છે. એક સંસ્કૃત કવિએ કહ્યું છે, “હે પ્રભુ! તું મને નિરુત્સાહી અને સોગિયા માણસોને પનારે ક્યારેય પાડીશ નહીં!” કેમકે નિરુત્સાહી માણસો આળસુ, નબળા મનના, નિરાશામય અને દ્રઢ સંકલ્પ વગરના હોય છે. સાચે જ કેટલાક મનુષ્યોનું જીવન ઉત્સાહથી ભરપૂર હોય છે, તો કેટલાકનું આહથી. ઉત્સાહ, એ નાચતું ગાતું, ઉછળતું-કૂદદું એક ગતિશીલ જીવન ઝરણું છે... એના થનગનાટમાં રસાયણ પણ છે, કે જેના સંસર્ગમાં આવે એને બદલી નાખે છે. એનો કાયાકલ્પ કરી દે છે. ઉત્સાહ અન્યમાં ઉત્સાહ પ્રેરે છે, જ્યાં નિરુત્સાહી અન્યને નિરાશ કરે છે. ઉત્સાહના ઝરણામાં જીવનનું મધુર સંગીત ઉત્પન્ન થાય છે. જે માનવી અંતરના ઉત્સાહથી કાર્ય કરે છે તે સફળતા તરફ સતત આગળ વધતો રહે છે.


ઉત્સાહ એટલે આપણા કાર્યમાં આપણી શ્રદ્ધા અને પ્રેમ. પછી એ કામ ગમે તે પ્રકારનું હોય, ઓફિસમાં હિસાબ રાખવાનું હોય કે ખેતીનું કોઈ કામ હોય કે પછી રોજિંદુ ગૃહિણીનું ઘરકામ હોય. કામ નાનું હોય કે મોટું, નજીવું હોય કે મહત્ત્વનું, પણ **ઉત્સાહથી થનગનતા માનવી માટે કામ રમત અને આનંદના ભાગરૂપ હોય છે.** એ કામ ગમે તેટલું મુશ્કેલ હોય તો પણ એ તો દિલના પૂરેપૂરા ઉત્સાહ અને લગનથી કાર્ય કરવા લાગી જાય છે ને તે કાર્યને સમયસર સફળતાસહ પૂર્ણ કરે છે. ઉત્સાહ કાર્યનો પ્રાણ છે. **ઉત્સાહ ન હોય તો કોઈ કાર્ય સમયસર પૂર્ણ થતું નથી.** એક કલાકના કામમાં કલાકો વીતી જાય છે. કામમાં આનંદ આવતો નથી અને કામ બગડે છે. આ આપણા બધાનો અનુભવ છે. ઉત્સાહ વિના થતી જીવનની કોઈ પણ ક્રિયા નિર્જીવ અને નિરર્થક હોય છે. ઉત્સાહ, એ જીવનનું ચાલકબળ છે, તે જીવનને સતત કાર્યશીલ અને જીવંત રાખે છે.

આજકાલ વ્યવસ્થાપનના શાસ્ત્રમાં એક શબ્દ “MOTIVATION” અર્થાત્ ઉત્સાહ બહુ મહત્ત્વનો છે. જીવનના વિવિધ ક્ષેત્રોમાં, કારખાનાઓમાં, બેંકોમાં, કાર્યાલયોમાં, સરકારી કચેરીઓમાં કર્મચારીઓનો ઉત્સાહ વધે એ માટે પ્રશિક્ષણ અપાય છે, કરોડો રૂપિયાનો ખર્ચ કરાય છે, પણ ઉત્સાહ વરતાતો નથી. ઉત્સાહનો અભાવ અનેકોના મનમાં ચિંતા ઉપજાવે છે. ઉત્સાહ તો સ્વપ્રકાશિત સૂર્ય જેવો સ્વયંભુ હોય છે. બહુ થોડા માણસોમાં આવો ઉત્સાહ હોય છે. એની પાછળ કોઈ મજબુત પ્રેરણાબિંદુ કારણભૂત હોય છે. સ્વામી વિવેકાનંદ ઉત્સાહનું ઝરણું જ નહીં, ધસમસતો પ્રવાહ હતા. એમની પ્રેરણાનું બિંદુ હતું.... ‘ભારત માતા.’ એ પ્રેરણાના બળ વડે જ તેઓ શિકાગોમાં વિશ્વ પ્રસિદ્ધ વ્યાખ્યાન આપી શક્યા હતા. નેપોલિયનના અસંખ્ય વિજયોનું કારણ હતું... એનો પોતાનો અને એની સેનાનો ઉત્સાહ. એટલે તે ક્યારેય નિષ્ફળ નીવડ્યા ન હતા. સોક્રેટીસ, મહાત્મા ટોલ્સટોય, વિક્ટર હ્યુગો – આ બધા ચિંતકો મોટી ઉંમરે પણ એંસી વર્ષ પછી મૃત્યુ પર્યંત લખતા રહ્યા – તેનું કારણ તેમનો ઉત્સાહ હતો. **મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, વિનોબા ભાવે, રવિશંકર મહારાજ જેવા અનેક દેશપ્રેમીઓ ક્યારેય થાક્યા નહોતા** કારણકે તેમનામાં દેશ સેવા કરવા માટેનો ઉત્સાહ અમાપ હતો.

જગતમાં સૌથી મોટો દેવાળિયો તો તે છે, જેણે પોતાનો ઉત્સાહ ગુમાવી દીધો છે. મનુષ્યે ભલે બધું ગુમાવી દીધું હોય, પણ જો તેણે ઉત્સાહ ગુમાવ્યો ન હોય તો તે મુસીબતોનો સામનો કરીને સફળતા પ્રાપ્ત કરી શકે છે. **ઉત્સાહ, શક્તિ અને તાજગી ટકાવી રાખનાર વ્યક્તિ પર વૃદ્ધાવસ્થાની પણ કોઈ અસર થતી નથી. નાના-મોટા દરેક મનુષ્યમાં નવું જાણવાની જીજ્ઞાસા અને ઉત્સાહ, જીવનના અંતિમ ક્ષણ સુધી રહેવા જોઈએ.**

ઘણા મનુષ્યો સિત્તેર વર્ષ પછી પણ કામ ઉત્સાહપૂર્વક કરે છે, જ્યારે કેટલાક ત્રીસ વર્ષની યુવાન વયે પણ કામનો ભાર અનુભવે છે. કેટલાક અઢાર-વીસ કલાક કામ કરીને પણ તાજગી અનુભવે છે, જ્યારે કેટલાક ત્રણ-ચાર કલાકના કામમાં જ થાકી જાય છે. કારણ એક જ છે – ઉત્સાહથી કામ કરનારા થાકતા નથી. ઉલટાના તેઓ નવી ઉર્જા, નવી શક્તિ કામ કરતાં જ મેળવી લે છે. થાક કામથી લાગતો નથી, ઉત્સાહના અભાવથી લાગે છે. **ઉત્સાહ, એ જીવન ઉર્જા છે, જીવન રસ છે. તેના વડે જીવન સક્રિય અને જીવંત રહી ધબકતું રહે છે.** ઉત્સાહને

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૨ ઉપર)



નવલિકા

# સાજનની સહેલી



રમેશ પટેલ, લેખક કવિશ્રી

બાગમાંથી લાલ ગુલાબ ચૂંટી, પ્રીતિએ પોતાના વાળમાં ખોસ્યું. પછી અરીસા સામે ખુદને જોવા લાગી.

હિપ પેટીકોટ ઉપર ડીપ નેકના બ્લાઉઝમાંથી ડોકાતું સુડોળ શરીર અને પોતાની પાતળી કમર જોઈને તે એકાદ ક્ષણ માટે પોતાના પર મોહી પડી. પછી હાઈ હીલવાળા સેન્ડલ પહેરી તે અરીસા સામે ઊભી રહીને સાડી પહેરવા લાગી.

આ લવંડર કલરની સાડી એની બહેનપણી નીલિમા સાથે જઇ અંબરમાંથી એણે ખરીદી હતી. બીજી મોરપિચ્છ કલરની સાડી પણ એના ગોરા કલરના શરીર સાથે મેચ થતી હતી. બંનેને એ સાડી પણ ખૂબ ગમી. ઘરે મમ્મીને બતાવતાં તેને પણ પસંદ પડી ગઈ, પણ આજે લવંડર કલરની સાડી પહેરવા એ કેમ તૈયાર થઈ હશે? આ એક રહસ્યમય પ્રશ્ન હતો.

તેણે અરીસામાં ધારી ધારીને જોયું. પીઠ નમાવીને પાછળનો શેઈપ પણ એણે જોઈ લીધો. આમ તો પ્રીતિ, પંજાબી ડ્રેસ જ પહેરતી, પરંતુ તેને હવે લાગવા માંડ્યું છે કે તે હવે પુખ્ત થઈ ગઈ છે. એ પ્રીતનાં ગીતડાં ગાવા લાગી છે. કાલે ડોલીમાં બેસી પ્રિયતમ ઘરે વહુ બનીને જવું પડશે ને? કોઈ ભેદી અવાજ આવ્યો : અરે પ્રીતિ, તું તો ખૂબ સરસ રીતે સાડી પહેરે છે ને કાંઈ? સરખી રીતે સાડી પહેરવી એ પણ એક કલા છે. સાચું કહું : તારી જેમ કલાત્મક ઢબે સાડી પહેરવી એ બહુ ઓછાને આવડે...!

‘હા... હા... તું મને પઢાવવાની કોશિશ કરવા લાગ્યો છે, ખરું ને? કોઈપણ પ્રેમી પોતાની પ્રેમિકાની આવી જ રીતે પ્રશંસા કરતો હોય છે.’

વિચારોમાં ખોવાયેલી પ્રીતિએ ફરીથી ખુદને એકવાર અરીસામાં જોઈ લીધી અને કંઈક યાદ આવતાં તેની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

પ્રાંજલ કોઈક બીજી યુવતી સાથે લગ્ન કરી રહ્યો છે અને તેને તેમ કરવામાં જ રજા આપી હતી ને? તે દિવસે કાંકરિયાની પાળ ઉપર બેઠાં બેઠાં આવો નિર્ણય કેમ લેવાઈ ગયો તેની ખબર પડી નો’તી. પ્રાંજલને પ્રથમ મુલાકાતથી પ્રીતિ ગમતી હતી. કોણ જાણે કેમ, પ્રીતિ પ્રાંજલને છેલ્લી વાર મળી હતી ત્યારે હંમેશના પંજાબી ડ્રેસને બદલે સાડી પહેરીને આવી.

‘પ્રીતિ! એક વાત કહું. મારે કોઈની સાથે પણ લગ્ન કરી લેવાં પડશે. આજકાલ ઘરમાંથી મારા પર ખૂબ દબાણ થઈ રહ્યું છે.’

‘ઓહ! તો તમે આ પ્રીતિને છોડીને...’

‘લગ્ન એ વ્યક્તિગત મામલો છે. એમાં મમ્મી-પપ્પાની દરમિયાનગીરી ન હોવી જોઈએ. છતાં, તમે તમારા મમ્મી-પપ્પા કહેશે એમ કરશો?’

‘ના. હું પહેલાં છોકરી જોઈશ અને પછીથી નિર્ણય લઈશ.’ પ્રાંજલે ઉમેર્યું, ‘મારા ઘરમાં મારા પર દબાણ કરાઈ રહ્યું છે. મારે કોઈની સાથે જલ્દી લગ્ન કરી લેવા પડશે. ક્યાં સુધી હું મમ્મીને બહાનાં બતાવતો રહીશ?’

‘એટલે?’

‘તારા વિશે મેં મમ્મીને બધી વાત કરી દીધી છે. પરજ્ઞાતિની હોવાના કારણે પહેલાં તો તે જરા ગભરાઈ ગઈ, પરંતુ મેં પરિસ્થિતિ સંભાળી લીધી. તેઓ પહેલાં છોકરી જોશે અને પછીથી નિર્ણય આપશે!’

‘તો?’

‘તું જલ્દીથી મારા ઘરે આવી જા. મમ્મીને પગે લાગીને આપણે આશીર્વાદ લઇ લઈશું.’

‘અરે પ્રાંજલ! મારે પણ ઘરબાર છે, મા-બાપ છે. મારાથી મોટી બે બહેનો છે, જે હજુ કુંવારી છે. મારાથી નાની કૉલેજમાં ભણે છે. એટલે મારે પણ લગ્ન માટે મંજૂરી તો લેવી જ પડે. લગ્ન ભાગીને તો ન જ થઇ શકે. જો એમાં સર્વસંમતિ ન સધાઈ તો...!’

‘પ્રીતિ...!’ પ્રાંજલ ચિલ્લાયો. પછી તે સ્વસ્થ મને બોલ્યો, ‘પ્રેમલગ્નમાં બંધન શાનાં? **આ જગતમાં જેણે પ્રેમ કર્યો છે, તેણે લગ્ન માટે કોઈ શરતો મૂકી નથી. પ્રેમ અને લગ્ન એ તો પવિત્ર બંધન છે.** મા-બાપની મરજી વિરુદ્ધનાં લગ્નમાં થોડો હોબાળો જરૂર મચે, પછી બધું ઠીકઠાક થઇ જાય છે!’

‘હું આજે પણ તને કહી રહી છું... આપણાં લગ્ન મારી કે તમારી મરજી મુજબ થવાનાં નથી.’

‘આ તો પ્રેમ મારી સાથે અને લગ્ન બીજા સાથે એવી જ વાત થઇ ને?’

'હા, પ્રાંજલ!'

'તું મારી સાથે ચાલ. તારે મારી સાથે જિંદગી વિતાવવાની છે. તારી સંમતિ માત્ર મહત્ત્વની છે. તારા મમ્મી-પપ્પાની તો હું જરાયે ચિંતા કરતો નથી.'

'તમે પુરુષ જાત. તમારે ચિંતા કરવાની ન હોય, પરંતુ મારે તો ચિંતા કરવાની હોય જ ને?'

'આ તું શું કહે છે પ્રીતિ?'

'મારી મોટી બહેનને મંગળ છે. એટલે તેનાં લગ્ન જલ્દી થતાં નથી. બીજી બહેન, પહેલીનાં લગ્નની રાહ જોઈને બેઠી છે. હું ત્રીજી ઉતાવળમાં લગ્ન કરી લઉં અને તે પણ પરજ્ઞાતિના છોકરા સાથે? આના લીધે મારી બે બહેનો માટે જે સંબંધ લઇને આવતા હશે તે પણ બંધ થઇ જશે.'

'તો તારો આખરી નિર્ણય શું છે?'

'મારી બંને મોટી બહેનોનાં લગ્ન થઈ જાય પછી જ હું મારા લગ્ન વિશે વિચારી શકું.'

'તો ત્યાં સુધી મારે રાહ જોવાની?'

'તમને રાહ જોવાની તો હું કહી ન શકું અને એવી ભૂલ હું કરી પણ ન શકું.'

'પ્રીતિ!'

'હા, પ્રાંજલ. ઘરબારનો ત્યાગ કરી, બધાં સગાંસંબંધીઓનો વિરોધ માથે વહોરી હું તમારી સાથે સુખશાંતિથી સંસાર માંડી જ ન શકું...!'

'આ વાત તો તું પહેલાં પણ જાણતી જ હતી ને?'

'હા, જાણતી હતી. **પરંતુ પ્રેમ જાણી જોઈને કરાતો નથી, તે તો થઇ જાય છે. યૌવનકાળ એવો જ છે.** જેમાં ન ધારેલું બધું થઈ શકે છે અને તેમાં કોઈનું કશું ચાલતું નથી. વાસ્તવિક્તાથી ખૂબ જ દૂર સપનામાં જીવવાનો આ એક પડાવ છે. આપણે એકબીજાના આકર્ષણમાં પ્રેમ કરી બેઠાં. આ આકર્ષણ ક્યારે પ્રેમમાં પરિણમ્યું એનું ભાન ન રહ્યું. હું જાણું છું... એનો અંત સારો આવવાનો નથી. સગાંસંબંધી આપણાથી અળગાં થઈ જશે. બધા સાથેના સંબંધો તૂટી જશે અને આપણે એકલવાયા બની જઈશું.'

'તું જૂના પુરાણા જમાનાની વાત ક્યાં કરવા બેઠી... હવે જમાનો ખૂબ બદલાઈ ગયો છે!'

'પરંતુ, આજે પણ એ જ જુનવાણી રીતરિવાજો ચાલી રહ્યા છે. હા, પુસ્તકોમાં - ફિલ્મોમાં બદલાયેલા વિચારો, બદલાયેલા સમાજની વાતો જરૂર જોવા મળે, પરંતુ સમાજે હજી આંતરજ્ઞાતિ પ્રેમલગ્નને સ્વીકાર્યું નથી. વડીલો કહે છે : આ તો માત્ર ઊભરો છે. સાચો પ્રેમ ક્યાં છે? બે આંખો મળી એને પ્રેમ થોડો કહી શકાય? પ્રેમ, એકબીજાને ઓળખ્યા પછી, સમજ્યા પછી થઈ શકે. **પ્રેમમાં ત્યાગ અને સમર્પણની ભાવના હોય છે.** શું આપણે એકબીજાને પૂરેપૂરાં જાણ્યા છે, ઓળખ્યાં છે? આકર્ષણનો ઊભરો ક્ષણિક છે, પરંતુ જ્યારે વાસ્તવિક્તાની જાણ થાય છે ત્યારે?'

પ્રીતિ અને પ્રાંજલની પ્રથમ મુલાકાત પછી તેઓ બંને કેટલાક મિત્રો સાથે દક્ષિણમાં આવેલા કોડાઇ કેનાલ ગયા હતાં. દક્ષિણનો ભૂરો ભૂખરો, ભવ્ય નીલગિરિ ઉન્નત પર્વત ચારેબાજુ પથરાયો હતો. મદુરાઈનું પ્રખ્યાત વિશાળ મીનાક્ષી મંદિર જોઈ સૌ હિલસ્ટેશન કોડાઇ કેનાલ જવા માટે બસમાં બેસી ગયા હતાં. લગભગ ૧૨૦ કિલોમીટરનો, ચાર-પાંચ કલાકનો, ચઢાણવાળો રસ્તો હતો. બારી પાસે બેઠેલી પ્રીતિ બોલી હતી, 'મને તો હજુ પણ દેવદેવીઓથી ભરચક મીનાક્ષી મંદિરનું રંગીન ગોપુરમ્ દેખાય છે. ચારસો વર્ષ પહેલાં આવું બાંધકામ અહિંયા કેવી રીતે શક્ય બન્યું હશે? ભગવાન શિવનો પેલો શયનખંડ કેવો વિશાળ અને કેવો અદ્‌ભુત હતો!'

તોતિંગ વૃક્ષોથી ખીચોખીચ એક પછી એક ઘાટીઓ અને વારંવાર આવતાં એકદમ સીધાં ચડાણ-ઉતરાણ વટાવી બસ પાલાની પર્વતમાળામાં આગળ વધતી હતી.

પ્રીતિએ પૂછ્યું, 'પ્રાંજલ! આ કોડાઇ કેનાલ હિલ સ્ટેશને જવાનો વિચાર તમને ક્યાંથી આવ્યો?'

'તું જોજે તો ખરી, કોડાઇ કેનાલ બીજું કાશ્મીર છે. અહીં સહેલાણીઓ ઓછા આવે છે, પરંતુ અહિંયા ખૂબ જ શાંતિ છે. અઠવાડિયા સુધી શાંતિથી રહેવાનું મન થઇ આવે છે. આપણે સુખ-શાંતિથી અઠવાડિયા સુધી રહીશું, મોજમજા કરીશું.'

નીચે મેદાનમાં તાપ લાગતો હતો. પણ જેમ જેમ આડાઅવળા ચકરાવા લઇ બસ ઊંચે ને ઊંચે ચડવા લાગી ત્યારે ઠંડા પવનના સૂસવાટાનો સામનો કરવો પડતો હતો.

અચાનક પ્રીતિએ નાની છોકરીની જેમ ચીસ પાડી : 'પ્રાંજલ સામે તો જો... રૂના પોલ જેવું સફેદ ફેનિલ છોળો ઉડાડતું પર્વતની ભેખડ પરથી જોસથી ધસમસતું પાણી ત્રણ ચાર ધારોમાં નીચે પડતું હતું. મેં તો મારી જિંદગીમાં પહેલી જ વાર આવો ધોધ જોયો.'

પ્રાંજલ પણ પ્રીતિનો મલપતો ચહેરો જોઈ તાનમાં, મસ્તીમાં આવી બોલ્યો, 'આપણે બંને ભેગાં મળીને ધોધ નીચે નહાવાની કેવી મજા આવશે?'

ત્યાં કોડાઇ કેનાલ આવી ગયું.

બસ સ્ટેન્ડની પાસે જ ટુરિસ્ટ ઓફિસ હતી. એની આગળ એક મોટા બોર્ડમાં લખ્યું હતું : પાલાની હિલ્સના દક્ષિણ છેડે તમે સાત હજાર ફીટની ઊંચાઈએ છો. કોડાઇકેનાલ તમારું ઉષ્માભર્યું સ્વાગત કરે છે.

સાથી મિત્રો, પોતપોતાની રીતે અલગ થઈ ગયા. પ્રાંજલે કાર્લટન હોટેલમાં ડબલ બેડરૂમનું બુકિંગ કરાવ્યું.

રૂમની બારીમાંથી સામે સરોવર દેખાતું હતું. એની આજુબાજુ ગોળ ચકરાવામાં ફરતે ઊંચા નીચાં વૃક્ષોની લીલીછમ હારમાળા હતી. એની પાછળ દૂર દૂર ક્ષિતિજ સુધી પથરાયેલી નીલગિરિની ભૂખરી ભૂખરી ટેકરીઓ, મનમાં રોમાંચ પેદા કરતી હતી.

પ્રીતિ અને પ્રાંજલ બંને ક્યાંય સુધી બારીમાંથી એ અદ્ભુત દૃશ્ય મુગ્ધ-પ્રસન્ન નજરે જોઈ રહ્યાં. પછી પ્રાંજલે પ્રીતિના છૂટા વાળની લટોને સરખી કરતાં ધીમેથી કહ્યું, 'અત્યાર સુધીની મારી જિંદગીમાં આવું બ્યુટીફૂલ લેન્ડસ્કેપ આટલી શાંતિથી, આટલી નિરાંતથી મેં પહેલીવાર જોયું.' પ્રીતિ પણ ખુશ થઈ બોલી ઊઠી, 'હા, જુઓ તો ખરા. આમતેમ સડસડાટ સરકતી પેલી રંગીન બોટો કેવી સુંદર રમકડાં જેવી લાગે છે!'

સાંજે બંને લેક પર ગયાં.

ત્યાં બધા સહેલાણીઓ ઊમટી પડ્યાં હતાં. સિંહાલીઝ... તામિલ ને અમેરિકન. સહેલાણીઓમાં ટીનએજર્સ વધારે દેખાતા હતા. સ્નોબી અલગારી હિપ્પીઝ પણ શેકેલા મકાઇ ડોડા ખાતા ખાતા આમતેમ લટાર મારતા હતા. બંને બોટ પાસે જાય એ પહેલાં તો પોની ઘોડાવાળા એમને વીંટળાઈ વળ્યા. હા... ના કરતાં છેવટે બંને ઘોડા પર બેસી ગયા. ઊંચાં ઊંચા ઘટાદાર વૃક્ષોની ગીચ લીલીછમ ધરાની નીચે ઘોડા ધીમે ધીમે તબડક તબડક કરતા દોડવા લાગ્યા. પ્રીતિએ આજે આછી સ્કેન્ટી, સ્લીવલેસ ને ઑફ શોલ્ડર શોર્ટ મેક્સી પહેરી હતી. એના યૌવનનો ઉરપ્રદેશનો માંસલ મુલાયમ ઢાળ ઉભાર ઉડીને આંખે વળગે એવી રીતે છતો થતો હતો ને સંપૂર્ણપણે ખીલેલા પોયણાંની નીચે સરકતી, લંબાયેલી, કોમળ દાંડી, ક્લિવેજ સ્પષ્ટ દેખાતી હતી.

કોડાઈકેનાલમાં બંનેને ખૂબ જ મજા પડી.

બંને છૂટાં પડવાનાં હતાં ત્યાં પ્રાંજલ બોલ્યો, 'હવે સમય આવી ગયો છે.'

'શાનો?'

'આપણા સંબંધને નામ આપી દેવાનો.'

'પ્રેમને વળી કોઈ નામ હોય?'

'પ્રેમને નામ ન હોય, શરતો ન હોય પરંતુ પ્રેમને મંઝીલ જરૂર હોય છે અને એ મંઝિલનું નામ છે – લગ્ન.'

આજે પણ બંને લગ્ન વિના અધીરાં બની ગયાં છે. પ્રીતિને માથે કેટલી બધી જવાબદારી છે. મોટી બહેનોને કારણે લગ્ન વિશે વિચારી પણ શકતી નથી.

પ્રાંજલ, પ્રીતિની સમસ્યાથી દુઃખી છે. એક દિવસ કંટાળીને પ્રીતિએ પ્રાંજલને કહી દીધું હતું, તમે પણ તમારી મમ્મીની પસંદગીની છોકરી સાથે લગ્ન કરી લો. લગ્ન પછી બધું ભૂલી જજો. મને અને આપણા પ્રેમને સુધ્ધાં!

'પ્રીતિ, તું આજે આવી વિચિત્ર વાતો શા માટે કરી રહી છે?'

'પ્રાંજલ, તમે મારું જીવન છો! હું તમારું જીવન છું. આ બધાં વાક્યો ભ્રમિત કરનારાં છે. **મને તમારો સંગાથ ગમ્યો. તમારી કવિતાએ મને મુગ્ધ બનાવી. મારી સુંદરતાએ તમને મોહિત કર્યા. આપણે વિચારી લીધું હતું કે, આ પ્રેમ છે.** મારા મતે આ એક આકર્ષણ માત્ર છે. એમાં કોઈ શંકા નથી કે જો આપણે લગ્ન કરીશું તો ખૂબ સુખી રહીશું. લગ્ન નહીં કરીએ તો પણ આત્મહત્યા તો નહીં જ કરીએ. સમય દરેક કથા પર મલમ લગાવી દે છે. તમારી કવિતા હજી પણ મારા હૃદયમાં ગુંજ્યા કરે છે. જાણો છો, કવિતાના કારણે તમારા તરફ હું ખેંચાઈ આવી હતી. અત્યારે પણ મારા કાન પર તમારી કવિતા જ ગૂંજે છે :

***ઝીલ સી ગરહરી નીલમ કો માત દેતી તુમ્હારી આંખે,***
***બીજલી કી ચમક કો માત દેતે તુમ્હારે યે દાંત,***
***સૂરજ કી લાલિમાકો ચિઢાતે તુમ્હારે યે હોઠ,***
***સંગેમરમર સા તરાશા હુઆ તુમ્હારા યે બદન***
***તુમ્હે પાને કી ઈચ્છામેં તડપતા હુઆ મેરા યહ મન...!***

છેવટે પ્રીતિના ઘરની સમસ્યાને કારણે પ્રાંજલે બીજી છોકરી સાથે સગપણ કર્યું. પ્રીતિ બબડી : 'સગપણ તો આજે પ્રાંજલ સાથે મારું જ થાત. પરંતુ હે કિસ્મત!' ક્ષણ માટે પ્રીતિને આવો વિચાર પીડા આપી રહ્યો.

પછી વેવિશાળ પ્રસંગે ભેટ આપવા માટે પ્રીતિએ સુંદર બોક્સ હાથમાં લીધું. બોક્સ ઉપર લખ્યું હતું : 'પ્રાંજલને મારા પ્રેમની ભેટ!' બોક્સમાં પ્રાંજલે લખેલી કવિતાઓનો સંગ્રહ હતો.


***'પ્રાંજલ', ૩૦, આનંદ વાટિકા સોસાયટી,***
***સરદાર પુલ પાસે, અડાજણ રોડ,***
***સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫***

***પતિ*** : ક્યાં ગાયબ હતી ચાર કલાકથી?
***પત્ની*** : શોપિંગ કરવા ગઇ હતી મૉલમાં.
***પતિ*** : શું લીધું?
***પત્ની*** : ૧ માથાની પીન અને ૪૫ સેલ્ફી.

★

*આ દેશમાં પૈસા ના હોવાને કારણે ભણવાનું છોડી દેનારા તમને હજારો મળશે.*

*પણ પૈસાને અભાવે દારૂ, ગાંજો, ચરસ, તમાકુ કે જુગાર છોડનારો એક પણ નહીં મળે!*



નવલિકા

# 'દિવ્ય પ્રેમ'



કુસુમ કુંડારિયા

હેમાલી એકદમ ચુલબુલ છોકરી. થોડીવારમાં ગમે તેનું દિલ જીતી લે. એના ચહેરા પર હંમેશાં મીઠું સ્મિત ફરકતું હોય. મળતાવડા સ્વભાવને લીધે તેના ઘણા બધા મિત્રો હતા. તે દેખાવે પણ ખૂબ આકર્ષક હતી. સુંદર ગોળમટોળ ચહેરો અને ઉજળો વાન, હસે ત્યારે ગાલમાં ખંજન પડે. આથી જ સૌની પ્રિય સહેલીમાં તેનું નામ મોખરે હોય.

હેમાલી ભણવામાં પણ ખૂબ હોંશિયાર. કમ્પ્યુટર એન્જિનિયરીંગમાં આ તેનું છેલ્લું વર્ષ હતું. દર વર્ષે એ ડિસ્ટિંક્શન માર્કસથી પાસ થતી. કોલેજમાં તેના ઘણા બોય ફ્રેન્ડ્સ પણ હતા. પણ તેની મિત્રતા નિખાલસ હતી. સારી જોબ મેળવવાનું તેનું સ્વપ્ન હતું. આથી જ તે ખૂબ મહેનત કરતી. કોમ્પ્યુટરનો કોર્સ પૂરો થતાં જ તે કેમ્પસ ઇન્ટરવ્યૂમાં સિલેક્ટ થઇ ગઇ! બેંગ્લોરની એક સારી કંપનીમાં તેને સારી સેલેરીમાં જોબ પણ મળી ગઈ.

અહીં પણ હેમાલી થોડા દિવસોમાં સૌની પ્રિય બની ગઈ. તે ઝડપથી સૌની સાથે હળીમળી ગઈ. આ કંપનીમાં હેમાંગ નામનો એક યુવક પણ જોબ કરતો હતો. તે પણ ખૂબ જ વાતોડિયો અને મળતાવડો હતો અને ખૂબ હોંશિયાર પણ ખરો. બધા તેની સલાહ લેવા પણ આવે. કોઈનું કામ ક્યાંય અટકે તો તરત હેમાંગ પાસે આવે અને હેમાંગ પાસે અચૂક તેનું સોલ્યુશન હોય જ.

હેમાંગ ખૂબ હોંશિયાર અને ચબરાક ખરો પણ દુર્ભાગ્યવશ નાનપણમાં જ તેણે પોલિયોની બીમારીમાં બંને પગ ગુમાવી દીધા હતા. તેના માતા-પિતાએ અનેક ડૉક્ટરોને બતાવ્યું, પણ પરિણામ મળ્યું નહીં. તે વ્હીલચેર પર બેસીને જ એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ શકતો. શરૂઆતમાં તેને ખૂબ દુઃખ થતું. શાળામાં તેની ઉંમરના બાળકો દોડાદોડી કરતા, ત્યારે તેને પણ દોડવાનું મન થતું. તે લાચાર નજરે બધાને જોઈ રહેતો. તેના માતા-પિતા તેને ખૂબ જ હિંમત આપતા અને **તેના જેવા બાળકો પણ હિંમતથી આગળ વધે તો વિશ્વમાં પોતાનું નામ કરી શકે છે** એવા ઉદાહરણ આપી તેને સમજાવતા. તેના જેવો જ વોલ્ટર નામનો છોકરો કઈ રીતે રમત-ગમતમાં પોતાનું નામ કરે છે અને આજેય લોકો તેને યાદ કરે છે એની વાત પણ કરતા. ધીમે ધીમે હેમાંગ પણ આત્મવિશ્વાસથી આગળ વધવા લાગ્યો. તેજ દિમાગને લીધે વર્ગમાં તે હંમેશાં પ્રથમ સ્થાને જ રહેતો. બધા શિક્ષકોનો એ પ્રિય વિદ્યાર્થી બની ગયો હતો. હવે તેનામાં આત્મવિશ્વાસ ભરપૂર હતો. તે ભણવાની સાથે જનરલ નોલેજમાં પણ આગળ રહેતો. તેણે પણ કોમ્પ્યુટર એન્જિનિયરીંગનો કોર્સ કર્યો હતો. **તેની તીવ્ર બુદ્ધિ પ્રતિભાને કારણે અપંગ હોવા છતાં, આ કંપનીએ તેને ઊંચા પગારમાં નોકરીએ રાખી લીધો હતો** અને તેને તેડવા મૂકવા માટે ગાડીની વ્યવસ્થા પણ કરી દીધી હતી.

હેમાલીએ જ્યારે હેમાંગ વિશે જાણ્યું ત્યારે તેના મનમાં પણ હેમાંગ પ્રત્યે આદરભાવ જાગ્યો. તેને હેમાંગ સાથે વાતો કરવી ખૂબ ગમતી. હેમાંગનો નિખાલસ સ્વભાવ અને કામ કરવાની ચીવટ તથા કામ પ્રત્યેની તેની ઈમાનદારી જોઈને તે ખૂબ ખુશ થતી. ઘણીવાર તેઓ બ્રેકમાં સાથે જ જમતા અને હસી મજાક કરતા કરતા, અલક મલકની વાતો કરતા.

ધીમે ધીમે હેમાલીને હેમાંગ પ્રત્યે લાગણી થવા લાગી. તેને પણ ખબર નહોતી પડતી કે તેને શું થઈ રહ્યું છે. ઘણીવાર થતું કે હેમાંગ અપંગ છે તો શું થયું? એમાં એનો શું વાંક? માણસ તરીકે એ એકદમ પરફેક્ટ છે. તે બધાને ખુશ રાખી શકે તેમ છે. તે વધારેને વધારે હેમાંગની નજીક જવા લાગી. હવે તેને હેમાંગ ખૂબ ગમવા લાગ્યો હતો. તે ઘણીવાર હેમાંગને પૂછતી, તેં આગળ તારા ભવિષ્ય વિશે શું વિચાર્યું છે? તારે કેવી છોકરી સાથે લગ્ન કરવા છે? ત્યારે હેમાંગ હસીને કહેતો, મારા જેવાને વળી પસંદગી માટે ક્યાં અવકાશ હોય છે! હું તો હજુ કંઇ જ વિચારતો નથી. હેમાલી કંઈ ન બોલી. પણ રાત્રે રૂમ પર આવીને ખૂબ વિચાર્યું. તેણે પોતાની જાત સાથે ઘણી દલીલ કરી. અંતે તેણે સ્વિકાર્યું, હા, આ પ્રેમ છે. મને હેમાંગ ખૂબ ગમે છે. મારા માટે એ પરફેક્ટ જીવનસાથી બની રહેશે. અને તેણે બીજા દિવસે હેમાંગ સાથે વાત કરવાનું નક્કી કર્યું.

બીજા દિવસે તે સરસ તૈયાર થઇને કંપનીમાં આવી. તેને જોતા જ હેમાંગ બોલી ઉઠ્યો, અરે! આજે તો તું ખૂબ સુંદર લાગે છે. જાણે આકાશમાંથી કોઈ અપ્સરા ઉતરી આવી હોય એવું લાગે છે. હેમાલી હસીને બોલી, અરે, તને તો શાયરી કરતા પણ આવડે છે. ચાલ, બ્રેકમાં શાંતિથી વાત કરીશું. અત્યારે કામમાં ધ્યાન આપીએ.

હેમાલીએ પોતાના મનની વાત હેમાંગને સ્પષ્ટ કહી દીધી અને કહ્યું કે હું તારી સાથે લગ્ન કરવા માગું છું. બોલ તું તૈયાર છે? હેમાંગ તો અવાચક બનીને અપલક નેત્રે હેમાલીને જોઈ રહ્યો. થોડીવારે કળ વળતા તે બોલ્યો, અરે, તું શું બોલે છે? ભાનમાં તો છે ને? હેમાલીએ તેનો હાથ પકડી પ્રેમથી કહ્યું, હા, હું બરાબર ભાનમાં છું. વિચારીને જ તારી સાથે વાત કરું છું. હું જાણું જ છું, મને સારામાં સારા છોકરાઓ પસંદ કરી લેશે. પણ મને તું પસંદ છે. અને જો તું હા પાડે તો હું ઘરમાં બધાને વાત કરું. હેમાંગે કહ્યું, તારા જેવી સુંદર અને મળતાવડી છોકરીને ભલા કોણ ના પાડી શકે? પણ હું તારા માટે યોગ્ય નથી. તારા ઘરના લોકો કદી પણ હા નહીં પાડે અને **આ સમાજ પણ તને અનેક સવાલો પૂછીને મૂંઝવી દેશે. હેમાલીએ કહ્યું, એ તું મારા પર છોડી દે. તું તૈયાર છે કે નહીં એ કહે.** હેમાંગ હર્ષના આંસુ સાથે બોલ્યો, હેમાલી, તું મને ખૂબ જ ગમે છે. પણ હું હંમેશાં મારી ખામીને લીધે આગળ વિચારતો જ ન  હતો અને મને એવું વિચારવાનો હક્ક પણ નથી એવું હું માનતો હતો. પણ તારો આ નિઃસ્વાર્થ પ્રેમ જોઈને હું ગદગદિત થયો છું અને હું દુનિયાનો સૌથી નસીબદાર ઇન્સાન છું એવું આજે લાગે છે. હા, હું તૈયાર છું. હું દિલોજાનથી તને ચાહીશ અને તને સુખ આપવાનો પૂરો પ્રયત્ન કરીશ.

હેમાલી આજે ખુશખુશાલ હતી. તેણે ઘરે જઇને માતા-પિતાને વાત કરી તો ઘરમાં જાણે ધરતીકંપ સર્જાયો. તેના માતા-પિતાએ ચોખ્ખી ના પાડી દીધી. તેની બહેનપણીઓએ પણ ખૂબ સમજાવી અને કહ્યું, તું પાગલ છે કે શું? હાથે કરીને પગ પર કુહાડી મારે છે. તારા માટે તો એકએકથી ચડિયાતા છોકરાઓ તૈયાર છે અને તું જાણી જોઇને આવા અપાહિજ સાથે જીવન વિતાવવા માગે છે? તને આ શું થઈ ગયું છે?

પણ હેમાલી પોતાના નિર્ણયમાં અડગ હતી. તેણે બધાનો વિરોધ હોવા છતાં કોર્ટમાં જઈ હેમાંગ સાથે લગ્ન કરી લીધા.

થોડા મહિના સુધી તેની સાથે બધાએ જાણે નાતો કાપી નાખ્યો. તેના માતા-પિતા અને નાનો ભાઈ પણ તેની સાથે બોલતા ન હતા. આથી તેને થોડું દુઃખ થતું. પણ હેમાંગના પ્રેમ પાસે એ બધું ગૌણ લાગતું.

હેમાલી અને હેમાંગ ખૂબ ખુશ હતા. બંને નોકરીમાં સાથે જ જતા. ઘરની જવાબદારી હેમાંગના મમ્મી-પપ્પાએ ઉપાડી લીધી હતી. તે હેમાલીને દીકરી કરતા પણ વિશેષ સાચવતા અને પ્રેમ આપતા. આમ જ એકાદ વર્ષ પૂરું થયું. કંપનીમાં હેમાંગનું કામ જોઇને તેને સી.ઈ.ઓ. બનાવી દેવામાં આવ્યો. હવે તો આખી કંપનીમાં હેમાંગની બોલબાલા થવા લાગી. ટી.વી. ચેનલવાળા તેનો ઇન્ટરવ્યૂ લેવા લાગ્યા અને એક નામાંકિત વ્યક્તિમાં તેની ગણના થવા લાગી. હવે બંને પતિ-પત્ની સાથે ઇન્ટરવ્યૂ આપતાં. બંને એકબીજાના ખૂબ વખાણ કરતા અને હેમાલીને જ્યારે પૂછતા, કે હેમાંગ સાથે લગ્ન કરીને તમે કોઈ ભૂલ કરી હોય એવું તો નથી લાગતું ને? ત્યારે હેમાલી હસીને કહેતી, બિલકુલ નહીં. હેમાંગ મારા માટે પરફેક્ટ જીવનસાથી છે. **ભલે તે પગથી અપાહિજ છે, પણ મનથી બહુ મજબૂત છે અને હું તેની સાથે છું તો હવે અમે બંને એકબીજાથી સંપૂર્ણ છીએ.**

આજે સમાજમાં સાચા અને દિવ્ય પ્રેમ માટે હેમાલી અને હેમાંગનું ઉદાહરણ આપવામાં આવે છે. હેમાંગની સફળતા જોઈને સમાજના મોટા મોટા લોકો પણ તેને સલામ આપે છે. હેમાલીના માતા-પિતાએ પણ બંનેને આશીર્વાદ આપી પ્રેમથી સ્વિકારી લીધા અને દીકરીના નિર્ણયને વધાવી લીધો અને કહ્યું:

***જ્યાં પ્રેમ હોય છે ત્યાં શારીરિક ખામી ગૌણ બની જાય છે***
***આત્માથી આત્માનું મિલન યુગો સુધી મિશાલ બની જાય છે.***

***મો. ૯૪૦૯૧ ૫૧૨૧૨***
***ઇ-મેઇલ : kundariaKusum@gmail.com***

## સંયુક્ત કુટુંબ (પરિવાર)

**(અનુસંધાન : પાના નં. – ૬૮ ઉપરથી ચાલુ)**

લગ્ન સંસ્થા અંગે શ્રી ફાધર વાલેસે લખ્યું છે :

*"લગ્ન સંસ્થા એ તો માતૃસંસ્થા છે, તીર્થધામ છે. માનવ જીવનનું ઉદ્‌ભવ સ્થાન છે."* **– ફાધર વાલેસ**

તેથી લગ્ન જીવન ટકાવી રાખવા માટે લગ્ન સંસ્થા જેના પાયા ઉપર ઊભી છે તે સંયુક્ત પરિવારને ટકાવવું ખૂબ જ જરૂરી છે.

સંયુક્ત પરિવારમાં ઓતપ્રોત થઈને પ્રેમ - વાત્સલ્યથી જીવતા દંપતિની સાધના યોગીની સાધના કરતાં ઓછી નથી. વાસ્તવમાં એથી પણ ઊંચી સાધના છે. ચાલો **"માફ કરો અને ભૂલી જાવ"**ની ઉદાત્ત ભાવના અને હકારાત્મક અભિગમ અપનાવી સંયુક્ત કુટુંબ ભાવનાને મજબૂત બનાવીએ.


***God is the invisible parents and parents are the visible God. So, if you make the visible God happy, automatically the invisible God become happy!***

(ઇશ્વર એ અદશ્ય મા-બાપ છે અને મા-બાપ એ હયાત ઈશ્વર છે. તેથી જો તમે હયાત ઇશ્વરને સુખી રાખો તો આપમેળે અદશ્ય ઇશ્વર તમારા પર પ્રસન્ન રહેશે!)

***"ગંગાજી પાપને, ચંદ્રમા તાપને, કલ્પતરુ ગરીબીને હરે છે; પરંતુ મા-બાપના આશીર્વાદ, આ ત્રણેયને હરે છે." – ઉપનિષદ***

***ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં;***
***અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહીં.***

***પ્રિન્સિપાલ, શ્રી ઉમિયાજી મહિલા કોલેજ - ધ્રોલ***



જીવન સાફલ્ય

# સરળતા



હરીશ પંડ્યા

માનવીના જીવનમાં સરળતાનું મહત્ત્વ ઓછુ આંકી શકાય એમ નથી. માણસ રોજબરોજના જીવનમાં જેટલી સરળતા દાખવશે, એથી સામી વ્યક્તિને તો લાભ થશે જ પણ સાથે સરળતા દાખવનાર માણસને માનસિક યાતનામાંથી છૂટકારો મળશે.

રોજબરોજની જિંદગીમાં માણસને ડગલે ને પગલે મુશ્કેલીઓ અને સંઘર્ષનો સામનો કરવો પડતો હોય છે. સાથે સાથે કુટુંબમાં, નોકરીમાં અને સગાંવહાલામાં પણ ઘણીવાર સૈદ્ધાંતિક કે વૈચારિક મતભેદો અને ગેરસમજણનો માણસને ભોગ બનવું પડતું હોય છે. નાની, ક્ષુલ્લક બાબતોમાં પણ સામેની વ્યક્તિના ક્રોધ કે ઘૃણાના ભોગ બનવું પડતું હોય છે.

**આ પરિસ્થિતિમાં માણસ જીવનમાં સરળતાને અપનાવે તો ઉગ્ર બોલાચાલી કે માનસિક સંઘર્ષમાંથી બચી શકે છે. વાણીમાં મધુરતા અને ચહેરા પર મીઠું હાસ્ય લાવીને કોઈ ઘટના કે પ્રસંગમાંથી સરળતાથી ઉગરી શકે છે.**

સમય પસાર થતાં, એ વ્યક્તિ કે સંબંધી સાથે ઉત્પન્ન થયેલી ગેરસમજણને ધીરજથી હલ કરી શકે છે અને એ રીતે સામેની વ્યક્તિના મગજમાં જન્મેલી નફરતને દૂર કરીને એનો પ્રેમ પણ જીતી શકે છે.

આથી ઊલટું, સરળતા નહીં રાખનાર વ્યક્તિના જીવનમાં માનસિક સંઘર્ષના બનાવો સતત બનતા જ રહે છે. એની હાલત **'ઊઠ પાણા પગ ઉપર'** કે સામેથી મુશ્કેલીઓને આવકારવા જેવી બની રહે છે.

આજે માણસના રોજિંદા જીવનમાં એટલા બધા પ્રશ્નો અને કોયડાઓ હોય છે કે એને ઉકેલવામાં જ એ ત્રાહિમામ પોકારી જતો હોય છે. અને એમાંય સરળ સ્વભાવ ન ધરાવતો હોવાના કારણે માણસના માનસિક તાણમાં સતત વધારો થતો રહે છે. આની આસર એણે લીધેલા નિર્ણયોમાં પણ જોવા મળે છે. વ્યક્તિ ખુદ પરેશાની અનુભવે છે. તો સાથે સાથે એના કુટુંબની વ્યક્તિઓ અને સગાંવહાલાં પણ તેના વર્તનનો ભોગ બનતા હોય છે.

આમ, આજના વિષમ જીવનમાં અપનાવવા જેવો આ એક મંત્ર છે : **માણસે સરળતાનો ગુણ જીવનમાં અપનાવવો જોઈએ.**

આપણે સૌ એ વાત જાણીએ છીએ કે, આ વાત લખવી પડશે અને એ વાંચવી, એ સહેલી વાત છે. જીવનમાં સરળતા, સદ્ વર્તનને અપનાવવું એ ઘણી જ અઘરી વાત છે.

આમ છતાં, **જીવનમાં શાંતિ અને સુખ, સંતોષ મેળવવા માટે સરળતા અપનાવવી એટલી જ જરૂરી છે.** સરળતાને કારણે વ્યક્તિ તલવારનો ઘા ચૂકવીને સોયના ઘા ને ઝીલે છે, એમ કહીએ તો પણ ખોટું નથી.


ઘણીવાર સામેનો માણસ સરળતા દાખવનારને કાયર માનવાની ભૂલ કરી બેસે છે. પણ સરળતા દાખવનાર માણસ હંમેશાં કાયર હોતો નથી, એ વાત સામેની વ્યક્તિને ઘટના કે બનેલા બનાવ પછીથી શાંત ચિત્તે વિચારતાં સમજાય છે અને ત્યારે સામેનો માણસ સરળ વ્યવહારનું આચરણ કરનાર માણસનો પ્રશંસક પણ બની જતો હોય છે.

આમ, સરળતા, માનવીની જિંદગીમાં ઘરેણું બની રહે છે એમ કહી શકાય.

*ડી-૧, ત્રિલોચન સોસાયટી,*
*ઘોઘા જકાત નાકા પાસે, રિંગ રોડ,*
*સુભાષનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.*

## કચ્છમાંથી બૌદ્ધ સ્તુપોનું મોટું સ્થળ મળી શકે

ઘડુલી પાસે જેસલપુરથી ઉત્તરે પાટગઢ આવેલું છે જે મોટા રણના કિનારા ઉપર છે. ત્યાં ૮૦થી વધુ બૌદ્ધ સ્તુપો આવેલા હતા. ત્યાં બૌદ્ધ ગુફા છે. એ સ્થળનો પુરાતત્ત્વિય અભ્યાસ કરવામાં આવે તો બૌદ્ધ સ્તુપોનું મોટું સ્થળ આપણને મળી શકે એમ છે. **પ્રવાસી હ્યુએન સાંગે** આ સ્થળની મુલાકાત લીધેલી છે. તેના પ્રવાસ વર્ણનોમાં તેની વિગતો આવે છે. વીધાકોટમાં બૌદ્ધ સ્તુપ મળે છે. પદ્ધરગઢમાં નાના યક્ષ અને મોટા યક્ષ (યક્ષ બોંતેરા) પણ બૌદ્ધનું સ્થાન હોઈ શકે. ધોરડોની બાજુમાં નાના ભીટારા અને મોટા ભીટારા એ ભીટ્ટારક ઉપરથી આવેલું હોઈ શકે. એ બૌદ્ધની બે શાખાઓ હીનયાન અને મહાયાનનું સ્થળ હોઈ શકે. લખપતની ઉત્તરે આવેલા ગુણેરીમાં પણ બૌદ્ધ ગુફાઓ મળી છે. **બૌદ્ધનાં ઘણાં પુરાતન સ્થાનકો કચ્છમાં આવેલાં છે.**



પ્રસંગ કથા

# વિશ્વ માળો



નટવર આહલપરા,
સાહિત્યકાર

પ્રકાશ - સંધ્યા રાજકોટમાં આવ્યા. ઝમરાળા જઇ આવ્યાની સ્ફુર્તિ, પ્રસન્નતા બંનેના ચહેરા પર દેખાતી હતી. બે દિવસ પછી તેમણે પોતાનું પેપર વર્ક શરૂ કર્યું. ચર્ચાનો દોર પ્રકાશે આરંભ્યો.

'સંધ્યા, ઘેર બેઠા ભણતા વિદ્યાર્થીઓ માટે તેમજ ગામડે ગામડે નિરક્ષરતા દૂર કરવાની પ્રવૃત્તિઓએ વેગ પકડી લીધો છે. પણ સાથે સાથે આપણાં યુવાન ભાઈ-બહેનો થેલેસેમિયા, એચ.આઈ.વી., બ્લડ ડોનેશન ક્ષેત્રે વધુમાં વધુ જાગૃતિ લાવવા પ્રયત્નો કરે.' પ્રકાશે સંધ્યાને ટકોર કરી.

સંધ્યા પણ પ્રકાશને પોતાની વાત કહેવા ઉતાવળી થતી હતી. તેથી તેણીએ તેની વાત માંડી.

'જો પ્રકાશ, **હજુ શહેરમાં, ગામડાંમાં પાણી, વીજળીની બચત કરવાને બદલે વ્યય બહુ જ થાય છે.** જો આમને આમ ચાલશે તો આપણી આવતીકાલ કેવી હશે? આવો વિચાર આવતાં મને ધ્રુજારી આવી જાય છે.'

સંધ્યાની વાત સાંભળી પ્રકાશ બોલ્યો : 'અરે સંધ્યાજી, તમે તો બહુ જ ચિંતા કરવા લાગ્યા! ખરેખર તમારી દેશ માટેની ચિંતા સહજ છે. કમસે કમ દેશનો દરેક નાગરિક આ બાબત ઉપર ધ્યાન આપે તો આવનારી પેઢીનું ભવિષ્ય ઘણું ઉજ્જવળ થશે.'

'પ્રકાશ, લોકો સામે જઇ ભલે ઢોલ પીટવો પડે, પણ વીજળી, પાણીના બગાડમાં હવે બેદરકારી નહીં ચાલે. આપણી યુવા ટીમ ગામે-ગામે તૈયાર થઈ ગઈ છે. સૌ પહેલાં તો તેને બરાબર જગાડીએ.'

'હા સંધ્યા, તારી વાત સાથે હું સંમત છું.'

'આપણાં અનેક સ્વપ્નાઓ છે, જે એક પછી એક આપણે સાકાર કરવા છે અને તેના માટે વહેલામાં વહેલી તકે આપણે આયોજન કરવું પડશે, હોં પ્રકાશજી!'

'હા સંધ્યાજી, તમારું આયોજન કહેશો?'

પ્રકાશ - સંધ્યાએ વિશ્વભાવના જગાડવા પેપર વર્ક શરૂ કર્યું.

'જો પ્રકાશ, આપણે 'વિશ્વમાળો' એવું નામ આપી એક સંસ્થા શરૂ કરીએ. **આ માળામાં સૌનો સહકાર મેળવીએ. દરેક વ્યક્તિ દ્વારા એક પરિવાર ઊભો કરીએ અને પરિવાર સુખથી રહે એવું કરીએ.'**

સંધ્યાને બિરદાવતાં પ્રકાશે કહ્યું : 'જુઓ સંધ્યાજી, તમારા આ સુંદર વિચારને હું આવકારું છું. પણ મને એ કહેશો કે, આપણું એટલે કે 'વિશ્વમાળા'નું મિશન શું છે?'

પ્રકાશના પ્રશ્નો સંધ્યાને ગમતા. તે જવાબ આપવા ઉતાવળી થઈ ગઈ.

'પછાત વિસ્તારમાં જઇ બાળકો સાથે પ્રેમથી રહી, તેમને અક્ષરજ્ઞાન આપવું અને તેઓને અભ્યાસમાં વધુને વધુ રસ લેતા કરવા. પછાત વિસ્તારમાં અનોખું પરિવાર નિયોજનનું કામ કરવું અને સૌને પ્રેમથી શીખવાડવું કે, **"આપણું બાળક, આપણી જવાબદારી."**

આવા વિસ્તારના બાળકોમાં, લોકોમાં ભીક્ષાવૃત્તિ દૂર થાય તેવા પ્રયત્નો કરી, તેમને સૌને સર્જનાત્મક કાર્યો તરફ વાળવા. **તેમને સમજાવીશું કે, ભીક્ષા લેવા માટે નહીં પણ આપણે મદદ આપવા આપણા હાથ લંબાવીએ.'**

'અરે સંધ્યા, તેં તો ટૂંકમાં ઘણું બધું કહ્યું! ખરેખર, તારી આ ઉદાત્ત ભાવનાને સલામ કરું છું. તારા સ્લોગન પણ અસરકારક છે. ભણતર, બાળકની જવાબદારી અને ભીક્ષા નહીં, પણ મદદ — થોડામાં ઘણું કહી જાય છે.'

આ બધું કરવાનું જ છે, પણ યાદ છે ને આજે આર્ટસ કૉલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં જવાનું છે?

પ્રકાશે વૃક્ષારોપણની વાત કરી. ત્યાં તો સંધ્યા ખુશ થઈ ગઈ. બંને વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગયા. કૉલેજના યુવાન વિદ્યાર્થી મયૂરે વૃક્ષપ્રેમ વિશે કહ્યું :

"માનનીય આચાર્યશ્રી, કૉલેજના યુવાન મિત્રો, **આપણે વૃક્ષોને નહીં બચાવીએ તો આપણે પણ બચી શકવાના નથી.** વૃક્ષ બચાવ ઝુંબેશ ઉપાડવી જ પડશે. હું કૉલેજના ફાઈનલ યરમાં અભ્યાસ કરું છું. તમને સૌને દેખાતાં વૃક્ષોમાં દરવાજા પાસેનાં બે વૃક્ષો રોપા હતા, ત્યારથી આજ સુધી હું તેમને પાણી પીવડાવતો આવું છું.

હું કૉલેજમાં દાખલ થયો ત્યારથી જ મેં નિશ્ચય કર્યો હતો કે, વર્ગમાં પછી જઈશ, પણ પહેલાં વૃક્ષને પાણી પાઈશ. આજે કૉલેજના યુવક-યુવતીઓને થેલેસેમિયા ટેસ્ટ અનિવાર્ય છે, તે સારી બાબત છે. પણ આ જ રીતે યુનિવર્સિટી, કૉલેજમાં

વિદ્યાર્થીઓ વૃક્ષારોપણ અનિવાર્ય બનાવે તો કેવું સારું!

**વૃક્ષો બળતણ, લાકડું, ફળ, છાંયો આપે. છતાં આપણે તેનું જતન કરવાને બદલે નિર્દયી રીતે કાપી નાખીએ છીએ.** શહેરના સિમેન્ટના જંગલોમાં રહેતા યંત્રવત્ આપણે પ્રકૃતિથી વિમુખ થતા ગયા છીએ. ક્યારે જાગીશું? વિનાશ થયા પછી? નાના બાળકોને ચાર દીવાલમાં ગોંધી રાખવા છે? આ મારી પીડા સૌની પીડા છે એમ સમજજો. આટલી વાત કહી હું બેસવાની રજા લઉં છું.''

મયૂરની પીડા સમજી પ્રકાશ - સંધ્યા મયૂર પાસે ગયા અને તેના વૃક્ષપ્રેમ માટે અભિનંદન આપ્યા. ત્રણેય મળ્યા. એકબીજાનો પરિચય કર્યો.

બે-ત્રણ દિવસ પસાર થઈ ગયા. પ્રકાશ-સંધ્યાના મનમાં જે દ્વિધા હતી, તે માટે તેઓ ફરીવાર મળ્યા.

'સંધ્યા, તમારા વિશ્વમાળાનું શું થયું? માળો વિખરાઈ ગયો કે શું?' પ્રકાશે સંધ્યાની ચેતનાને જગાડી.

'પ્રકાશ, તું મજાક કરે છે, તે મને બરાબર ખબર છે. સાંભળ, આપણે હવે કોઈ નોકરી - ધંધો કરવાની જરૂર નથી. આપણી ભૂમિને કર્મભૂમિ બનાવવી. આ નગરના અનેક પછાત વિસ્તારમાં આપણી અંતરની સમજ સૂઝથી ખિલખિલાટ કરતું કેન્દ્ર સ્થાપવું છે.

નાનામાં નાના ઝુંપડામાં જઇ બાળકોને ખિલખિલાટ કરતાં કરવા છે, ભણતા કરવા છે. બાળકો આપણા ખિલખિલાટ કેન્દ્રમાં આવે, તેમને રમતો રમાડીશું. બાળકોને સુઘડ - સ્વચ્છ રીતે રહેતાં શીખવીશું. અક્ષરજ્ઞાન આપશું. બાળકોમાં વધુને વધુ અભ્યાસની ચાનક ચડાવીશું. તેમને સ્કૂલે જવાની પ્રેરણા આપીશું.

સંધ્યા વાત કરતાં કરતાં અટકી ગઈ. પ્રકાશ સમજી ગયો. તે બોલ્યો, 'સંધ્યા, આપણને મદદ કોણ કરશે તેની ચિંતા થાય છે ને? ચિંતા શું કામ કરે છે? ઉદ્યોગપતિ પુરુષોત્તમભાઈએ આપણને 'ખિલખિલાટ' કેન્દ્રનો પ્રારંભ કરવા ફંડ આપવાનું કહ્યું છે. નર્મદાબહેનની સ્મૃતિમાં આ કેન્દ્ર શરૂ કરીશું.

બાળકોની સંખ્યા વધશે. તેમને સૌને યુનિફોર્મ, સ્કૂલ બેગ, નોટ્સ, પેન, પેન્સિલ, બુક્સ ઉપરાંત ખિલખિલાટ કેન્દ્રથી ઘેર, ઘેરથી કેન્દ્ર સુધી બાળકોને લઇ જવા - આવવાની વ્યવસ્થા થઇ ગઈ છે.'

પ્રકાશની હિંમત જોઈ, સહકાર મેળવી, સંધ્યા ખુશ ખુશ થઈ ગઈ. તેનો ઉત્સાહ બેવડાઈ ગયો.

'થેન્ક્યુ, થેન્ક્યુ પ્રકાશજી! તમારી હિંમતથી મને એમ થાય છે કે, 'વિશ્વમાળા'ની પ્રવૃત્તિથી પ્રેરાઇને ધીમે ધીમે બીજા નિષ્ઠાવાન સેવાભાવી લોકો આગળ આવશે. એમના આર્થિક સહકારથી જુદા જુદા વિસ્તારમાં 'ખિલખિલાટ' કેન્દ્રો શરૂ થશે, એમાં કોઈ સંદેહ નથી.

હું અને તું જાણીએ છીએ કે, 'વિશ્વમાળા'ના બજેટનો મોટો ભાગ સ્કૂલ રીક્ષા અને સ્કૂલ બસમાં ખર્ચાશે. એટલે મિત્રો સાથે વિચાર વિમર્શ રજૂ કરતાં કહ્યું છે કે સાઇકલ ચલાવી શકે તેવા બાળકોને સાઇકલો અપાવવી, જેથી સ્કૂલ રીક્ષાનો ખર્ચ ઘટશે અને આર્થિક રાહત મળશે.'

'વાહ, સંધ્યાજી વાહ! તમારું થિન્કિંગ દાદને પાત્ર છે. તમે તો અર્થશાસ્ત્રી પણ છો! પણ હવે મારી વાત સાંભળશો? આપણા બાળકોને વેકેશનનો સદુપયોગ કરાવી, તેમની પાસેથી વેસ્ટમાંથી બેસ્ટનું સર્જન કરાવી આર્થિક ઉપાર્જન કરી શકાય.

ગ્રીટિંગ કાર્ડ, ગિફ્ટ આર્ટિકલ્સ વગેરે તૈયાર કરાવી, તેમને અને 'વિશ્વમાળા'ને સધ્ધર બનાવીશું. અરે હા, એક અગત્યની મજાની વાત કરવાની તો રહી ગઈ.'

પ્રકાશે રહસ્ય ન ખોલ્યું. સંધ્યા ઉતાવળી થઈ. 'પ્રકાશ, મને જલ્દીથી કહે. રહસ્યની વાત રહેવા દે.'

સંધ્યાની અધીરાઈથી પ્રકાશે રહસ્ય ખોલ્યું : 'સંધ્યા, આપણા બાળકોને દિલ્હી - આગ્રા, ઍસેલ વર્લ્ડ, આબુ ટ્રેકિંગ, અમદાવાદ સાયન્સ સિટી જેવી જગ્યાએ પ્રવાસમાં લઇ જવાનો પ્રબંધ થઇ જશે.'

'આભાર, આભાર પ્રકાશજી! પ્રકાશ, રચનાત્મક વિચારધારાવાળા લોકોને ભગવાને બસ્સો વર્ષ જીવવા માટે આપવા જોઈએ, નહીં? **આપણો દેશ તો પ્રકૃતિનો, સુંદરતાનો, જ્ઞાન-વિજ્ઞાનનો ક્યારેય ન ખૂટે એવો અમૂલ્ય ખજાનો છે.** હજુ જીવવાની મધુરતા લેવા જઈએ, ત્યાં જીવન પૂરું થઈ જાય છે, કેમ?'

'અરે સંધ્યા, તું નિરાશામાં સરી પડી. હજુ આપણી સામે આવડી મોટી જિંદગી પડી છે. આપણે એક એક ક્ષણનો ઉપયોગ કરીશું, તેને માણશું. લોકોની, દેશની સેવા કરીશું.'

'પ્રકાશ, થોડાં દિવસ પહેલાં મને એક સુંદર સ્વપ્નું આવેલું. 'વિશ્વમાળા' માટે એક મોટું મકાન આપણને દાનમાં મળ્યું. ઉપરાંત જ્યાં જ્યાં પછાત વિસ્તારમાં ઝુંપડામાં અથવા ખુલ્લામાં ચાલે છે તેના સ્થાને નાનાં સુંદર ખિલખિલાટ કેન્દ્રો શરૂ થયા અને પછી આપણે બંનેએ વાલીઓને સમજાવ્યું કે, **બાળકોને ભણવા પ્રત્યે રૂચિ પેદા કરીએ. આપણું બાળક આપણી જવાબદારી છે. તેને ભણાવવામાં બરાબર મદદ કરીએ.** તેની પાસે મજૂરી ન કરાવીએ. આપણા ખિલખિલાટ કેન્દ્રોના બાળકોની સંખ્યા એક હજાર થઈ ગઈ. અને પછી...'

સંધ્યા અટકી ગઈ. પ્રકાશે તરત પૂછ્યું, 'પછી શું સંધ્યા?' સંધ્યાએ કહ્યું કે, 'પછી મારી આંખ ઉઘડી ગઈ!'

'હા ભાઈ હા, તને હજુ બીજા ઘણાં સ્વપ્નાં આવવાના બાકી છે. મને બરાબર ખ્યાલ છે. ખરેખર, તું વિચારે છે એવું થતું આવે છે કેમ?'

*'શ્રી પવનતનય' - ૩, વિમલ નગર,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.*
*ફોન : (૦૨૮૧) ૨૫૬૧૦૫૧ મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨*

આરસી

# ઘમંડની ઓળખ



ડૉ. શીલા વ્યાસ,
એસોસિએટેડ પ્રોફેસર

*સ્વ વિશે*
*વધુ પડતા ઉચ્ચ આદર્શો*
*મનમાં સંઘરી રાખે*
*એવા લોકો*
*હંમેશાં સાચું જ સાંભળે*
*એમ માની ન લેવાય.*

નિરીક્ષણ અને પરીક્ષણને અભ્યાસ અને કસોટીના પર્યાય તરીકે જોઈએ તો આપણે સતત આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહી શકીએ. ભૂતકાળમાં બનેલા બનાવો - દુર્ઘટનાની ગંભીર - ખરાબ છાપને કાયમ માનસપટ પર અંકિત થવા દેવી નહીં. એમાંનું અસત્ય કે અમંગળ હોય તેનું નિરીક્ષણ કરીને ત્યાગવું. તેવી રીતે વર્તમાનમાં બનતી ઘટનાનું પરીક્ષણ કરી સુખદ અને શુભ બાબતોને સ્થાન આપી યાદગાર બનાવતા જવી.

અહમના પડછાયામાંથી ઘમંડનો જન્મ થયો એમ ધારીએ તો મનોદશા ગેરમાર્ગે દોરવાશે. તન-મનના સુભગ સમન્વયથી અહંકાર આકારિત થાય, તો **મનસા - વાચા - કર્મણાના વિઘટનમાંથી ઘમંડ સાકાર થાય ત્યારે તેનાથી જેટલા દૂર કે ઉફરા રહીએ એટલા જ આદર્શોને સેવી શકીએ.**

કેટલાક સંજોગોમાં કાન-ભંભેરણી દ્વારા અન્ય વિશેના મંતવ્યો પૂર્વગ્રહયુક્ત વિચારણાનું બંધારણ કરે છે. જેમાં ભ્રમ કે પૂર્વધારણાના અંશો વધુ હોય. આવી પરિસ્થિતિમાં તટસ્થ રહી ચોક્સાઈપૂર્વકના નિર્ણયો લઇ શકાય તો જીવન સરળ, સહજ માર્ગે ગતિશીલ બનશે. કેમકે બિનજરૂરી માપદંડો કે ભ્રાંતિમય ખ્યાલમાં રાચવાનો કોઈઅર્થ નથી. **વાસ્તવિક્તાથી આંખ આડા કાન કરીને કોઈક કલ્પના કે ભ્રમણાને પ્રસ્થાપિત કરવી કેટલે અંશે વ્યાજબી ગણાય?** આભાસી સત્ય ઘમંડની આરસી રૂપે રજૂ થાય ત્યારે જે જુએ - સાંભળે તે સાચું જ એમ માની લેવાનું કોઈ કારણ નથી.

માનવ મન એક ભૂતકાલીન સ્મૃતિઓનું સંગ્રહાલય છે. પણ મન મલિન હોય તો દુરાગ્રહ, હઠાગ્રહ, પૂર્વાગ્રહ ધારણ કરશે, ને સ્વચ્છ, પારદર્શી જ હશે તો સત્ય, પ્રેમ અને સૌહાર્દને અપનાવશે. એટલે પોતાની માન્યતા જ ખરી એવું જ વલણ ન રાખવું. જેથી ઘમંડ કરવાનો અવકાશ જ ન બચે. પોતાની વિચાર પ્રક્રિયા સાથે ઇન્દ્રિયજન્ય વૃત્તિનું સંયોજન કરી, કોઈ ચોક્કસ માન્યતા ધારણ કરે, પછી તેની અપેક્ષા વધે, વર્તન તેને પોષે. એમાંથી જે ઉચ્ચ આદર્શો આકારિત થાય તેને વળગી રહેવાની ઘેલછામાં વ્યક્તિ સાચ-જૂઠનો વિવેક ભૂલી જાય અને ભ્રાંત દશામાં રાચતો થઇ જાય તો શું આવી દરેક વ્યક્તિને ઘમંડી કહી શકાય? એ તત્ત્વને ઓળખવું કઈ રીતે?

અહીં રામ-રાવણનું દૃષ્ટાંત ઉચિત જણાય. અસૂરી વૃત્તિથી હાંસલ કરેલી માયાવી વિદ્યાનો મદ રાવણને ચડ્યો એટલે પુરુષોમાં ઉત્તમ ચરિત્ર રામને મહાત કરી સર્વોપરી બનવાની ઘેલછા જાગી. સીતાહરણ દ્વારા તેને પોષીને રામ સાથે યુધ્ધ વહોરી લીધું. પણ એનો આખરી અંજામ આવ્યો, સર્વનાશ...

એના ઘમંડીપણાનો અંત આવતા એ ખુદ નેસ્તનાબૂદ થયો. મૃત્યુની ક્ષણે પરમાત્માના ચરણમાં એના અસદ તત્ત્વોનો નાશ થતાં સદ્ અસ્તિત્વનો પરિચય મળ્યો. અંતે પરમગતિ થતાં મોક્ષ પ્રાપ્ત થયો. સૂફી સંતો આવા નિર્વિકારીપણાને પામવાનો માર્ગ ચિંધે છે.

*આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજ,*
*બોરસદ (જિ. આણંદ). • મો. ૮૨૩૮૩ ૩૨૨૭૧*

## હાઇકુ

ભર બપોરે
પામ-વૃક્ષના પાન
વીંઝે વીંઝણો!

મારે થાપટો
સમીર, વિના વાંકે
બારીના ગાલે!

## તાન્કા

ખેંચી અખિયાં,
ભરતી બા બખિયાં,
ગોદડી તણાં
હાંફતી ને ધ્રુજતી
વૃદ્ધ હાથોની સોય!

રડે ગગન
પડતાં રાતભર
ટીપાં, પીતાં તે
ઓશ-આશવ તણાં
થૈ મદ-હોશ ગુલ!

*કવિશ્રી ઇશ્વર પટેલ - સુરત*
*'ઇદમ', ૫૦, દિવાળીબાગ સોસાયટી, ઋષભ ટાવર સામે,*
*રાંદેર રોડ, સુરત. • મો. ૯૪૨૭૧ ૬૯૫૯૬*

નોલેજ બેંક

# ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૨)

**(વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી)**



રમેશ પટેલ

**(ગત અંકમાં આ વિભાગમાં પ્રકાશિત નોંધ "મંગલ મંદિર" એક કદમ આગે...ના અનુસંધાનમાં)**

*શ્રી રમેશ પટેલ, ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ લેખક-કવિશ્રી છે. સાહિત્ય ક્ષેત્રે તેઓશ્રી ખૂબ ઊંડો અભ્યાસ ધરાવે છે. તેઓ પુસ્તકોના માધ્યમથી વિવિધ પ્રકારે નવું સ્વરૂપ લઈને વાચક વર્ગ સમક્ષ પ્રગટ થતા રહ્યા છે. નોંધનીય છે કે, તેમના વિષય વસ્તુમાં હંમેશાં વૈવિધ્ય દૃષ્ટિગોચર થાય છે. તે પૈકી એક પુસ્તક એટલે "ગઝલનું ગણિત" (ગઝલનું છંદશાસ્ત્ર - વ્યાકરણ ગ્રંથ). ખાસ કરીને નવોદિતોને યોગ્ય દિશા-સૂચન અને પ્રોત્સાહન મળે એવા ઉદ્દેશથી તેમણે આ પુસ્તક રજૂ કર્યું છે. જે એક દાદ આપવા જેવી બાબત છે. તાજેતરમાં "લેટેસ્ટ સ્પર્ધાત્મક જ્ઞાનકોશ" નામક ૩૯૦ પાનાનું પુસ્તક તેમણે તૈયાર કર્યું છે. જેમાં આવરી લેવાયેલા તમામ પ્રશ્નો ગુજરાત - સાહિત્ય જગત તથા ગુજરાતના ઈતિહાસ અને અન્ય વિષય સંબંધી છે. વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે આ એક ખૂબ જ ઉપયોગી અને ઉત્તમ પુસ્તક છે. જેના વડે સ્પર્ધક પોતાની કારકિર્દીનું ઉચ્ચ ઘડતર કરી શકે તેવા હેતુથી પુસ્તકના પ્રકરણોની રજૂઆત આપણે અહીં કરીશું.*

*ઉપરોક્ત પુસ્તકના પ્રકાશક છે – "શબ્દ સેતુ" પ્રકાશન, ૧૨/બી, કાર્તિક સ્વામી સોસાયટી, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦ ૦૦૪. મો. ૯૮૭૯૩ ૭૧૯૪૫*

*– તંત્રી મંડળ*

## પાર્ટ-૧ (સાહિત્ય)

- 'પ્રસ્થાન' નામક ગુજરાતી ચર્ચાપત્રોનો સંગ્રહ કોનો છે? (કુમારેશ ત્રિવેદી)
- ગુજરાતી ડાયજેસ્ટ 'સૌજન્ય કુમારી' કોણ પ્રગટ કરતું હતું? (યાસીન દલાલ)
- 'અડધી સદીની જીવનયાત્રા'ના સંપાદક કોણ? (મહેન્દ્ર મેઘાણી)
- ગુજરાતી સાહિત્યકારોના રેખા ચિત્રોનો સંગ્રહ 'સહરાની ભવ્યતા' કયા લેખકનો છે? (રઘુવીર ચૌધરી)
- 'ભૂંસાતા ગ્રામચિત્રો' નિબંધ સંગ્રહના લેખક કોણ છે? (મણિલાલ હ. પટેલ)
- 'સીસ', 'ઉત્સેધ' – કાવ્ય સંગ્રહના કવિ કોણ? (પ્રવીણ દરજી)
- 'હથેળીનું આકાશ' અને 'શાહમૃગ અને દેવહુમા' નિબંધ સંગ્રહ કયા લેખકનો છે? (વિષ્ણુ પંડ્યા)
- ડૉ. સુરેશ જોશીએ કયા કયા માસિકો પ્રગટ કરેલા? (ફાલ્ગુની, વાડાત, મનીષા, ક્ષિતિજ, ઉહાપોહ, એતદ્, સાયુજ્ય)
- 'મારા અનુભવો' ચરિત્ર ગ્રંથ કોનો છે? (સ્વામી સચ્ચિદાનંદ)
- સમુડી, વાસ્તુ... જેવી નવલકથાના લેખક કોણ છે? (યોગેશ જોશી)
- 'રણ તો લીલાંછમ' - નિબંધ સંગ્રહના લેખક કોણ? (ગુણવંત શાહ)
- વાડીલાલ ડગલી કયું ત્રિમાસિક બહાર પાડતા હતા? (ગ્રંથ)
- 'ગુલાબી આરસીની લગ્ગી' – ગ્રંથ કોનો છે? (હરિકૃષ્ણ પાઠક)
- હરીશ કોઠારી (સુરત)નો ચર્ચાપત્ર સંગ્રહ કયો છે? (મશાલ)
- 'શબ્દસહ' માસિકના તંત્રી કોણ છે? (કિશોરસિંહ સોલંકી)
- 'કંકાવટી' માસિકના તંત્રી કોણ? (રતિલાલ 'અનિલ')
- 'અંગત' – કાવ્ય સંગ્રહના કવિ કોણ? (રાવજી પટેલ)
- 'ગુજરાત મિત્ર' દૈનિકમાં પ્રા. રમણ પાઠક કઈ કોલમ લખતા હતા? (રમણભ્રમણ)
- 'સમકાલીન' દૈનિકના તંત્રી કોણ હતા? (હસમુખ ચમનલાલ ગાંધી)

- ‘એક જ દે ચિનગારી’ – કાવ્ય પંક્તિ કયા કવિની છે? (હરિહર ભટ્ટ)
- ‘સંવિવાદના તેજવલયો’ (સામયિકોનો અભ્યાસ)ના વિવેચક કોણ છે? (કિશોર વ્યાસ)
- ‘સાક્ષરનો સાક્ષાત્કાર’ : ભાગ ૧ થી ૨૮ ના લેખક કોણ? (રાધેશ્યામ શર્મા)
- ‘આળખ’ – માસિકના તંત્રી - સંપાદક કોણ? (હંમેશ મોદી)
- બાળકો માટે પ્રેરક - ચરિત્રાત્મક સાહિત્ય આપી જનાર બારડોલીના લેખક કોણ? (મુકુલ કલાર્થી)
- ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ દ્વારા પ્રગટ થતાં માસિક ‘પરબ’ના યોગેશ જોશી પછીના સંપાદક કોણ છે? (ભરત મહેતા)
- ‘ઈન્દુકુમાર જાની’ કયું પાક્ષિક પ્રગટ કરતા હતા? (નયા માર્ગ)
- ‘કૌમુદી’ અને ‘માનસી’ માસિકો કોણ પ્રગટ કરતા? (વિજયરાય વૈદ્ય)
- ‘પ્રબોધ જોશી’ કયું માસિક પ્રગટ કરતા હતા? (ઉદ્દેશ)
- ‘સાહિત્ય સંદર્ભ’ વિવેચન સંગ્રહના લેખક કોણ છે? (ડંકેશ ઓઝા)
- ‘સરસ્વતીચંદ્ર’ ભાગ : ૧ થી ૪ના જાણીતા લેખક કોણ? (ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી)

## પાર્ટ-૨ (ગુજરાતનો ઇતિહાસ / અન્ય વિષય)

- અમદાવાદમાં સૌપ્રથમ આયુર્વેદિક કોલેજની સ્થાપના કોણે કરી હતી? (ભિક્ષુ અખંડઆનંદ)
- વસ્તુપાલને ગુજરાતના મહાઅમાત્યનું પદ કયા રાજાએ આપ્યું હતું? (રાજા વિશળદેવ વાઘેલા)
- ગુજરાતના જાણીતા ભીલ લોકગાયિકા કોણ છે? (દિવાળીબહેન ભીલ)
- શિયાળામાં નળ સરોવરની મુલાકાતે આવતા પક્ષીઓમાં સૌથી વધુ આકર્ષણ કયા પક્ષીનું હોય છે? ( સુરખાબ - ફ્લેમિંગો)
- અમદાવાદથી કેટલા કિલોમીટર ચાલીને દાંડીકૂચ (ઇ.સ. ૧૯૩૦) કરવામાં આવી હતી? (૩૮૫ કિ.મી.)
- જ્યોતિ સંઘ (અમદાવાદ)ની સ્થાપના કોણે કરી હતી? (મૃદુલા સારાભાઈ)
- પાવાગઢમાં મહાકાલી માતાજીની સ્થાપના કોણે કરી હતી? (વિશ્વામિત્ર ઋષિ)
- ગુજરાતનું સૌથી મોટું બંદર કયું છે? (કંડલા)
- ગુજરાતમાં કુલ કેટલી ગ્રામ પંચાયતો છે? (૧૩,૧૮૭)
- નળ સરોવર કેટલા ચો.કિ.મી. વિસ્તારમાં ફેલાયેલું છે? (૧૨૦.૮૨ ચો.કિ.મી.)
- ગાંધીજી કોને ‘ચરોતરનું મોતી’ કહેતા હતા? (મોતીભાઈ અમીન)
- ગુજરાતનો સૌથી મોટો લોકમેળો કયા સ્થળે ભરાય છે? (તરણેતર)
- સૌરાષ્ટ્રનો ઉચ્ચ પ્રદેશ કયા ખડકોનો બનેલો છે? (બેસાલ્ટના અગ્નિકૃત ખડકો)
- ઘેડ પંથકમાં કયો જિલ્લો આવેલો છે? (જૂનાગઢ)
- દ્વારકા અને ઓખા વચ્ચેનો પ્રદેશ કયા નામથી ઓળખાય છે? (ઓખા મંડળ)
- સિદ્ધરાજ જયસિંહે કોને ‘કલિકાલસર્વજ્ઞ’નું બિરુદ આપ્યું હતું? (હેમચંદ્રાચાર્ય)
- પોરબંદરમાં મહાત્મા ગાંધી કીર્તિમંદિર કોણે બંધાવ્યું હતું? (નાનજી કાલિદાસ મહેતા)
- ‘ગીરાધોધ’ કઈ નદી પર આવેલો છે? (અંબિકા)
- ગુજરાતની સૌપ્રથમ ‘લૉ યુનિવર્સિટી’ ક્યાં આવેલી છે? (ગાંધીનગર)
- વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારને કયો ઍવોર્ડ આપવામાં આવે છે? (ડૉ. વિક્રમ સારાભાઈ ઍવોર્ડ)
- અંબાજી તીર્થ કઈ પર્વતમાળામાં આવેલું છે? (અરાવલી)
- ભરૂચ શહેર કઈ નદીના કિનારે આવેલું છે? (નર્મદા)
- ગુજરાતમાં કયા સ્થળે વિશ્વપ્રસિદ્ધ પટોળા બને છે? (પાટણ)
- સાબરકાંઠા જિલ્લાની મુખ્ય નદી કઈ છે? (હાથમતી)
- ગુજરાત વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ કોણ હતા? (કલ્યાણ વી. મહેતા)
- ગુજરાતમાં ફિલ્મ નિર્માણ માટેનો સ્ટુડિયો ક્યાં આવેલો છે? (હાલોલ)
- ગુજરાતમાં કયા રાજાએ પારસીઓને આશ્રય આપ્યો હતો? (જાદી રાણા)
- ‘હિંદ છોડો’ આંદોલન દરમિયાન ગુજરાત કૉલેજમાં ત્રિરંગો લહેરાવવા જતાં કોણે શહીદી વહોરી હતી? (વિનોદ કિનારીવાલા)
- કયા જાણીતા કાર્ટૂનિસ્ટ ‘ચકોર’ તરીકે ઓળખાય છે? (બંસીલાલ વર્મા)
- સર્વોચ્ચ અદાલતમાં પ્રથમ ગુજરાતી ન્યાયમૂર્તિ કોણ હતા? (હરિલાલ કણિયા)
- ગુજરાતનું કયું શહેર ‘માન્ચેસ્ટર’ તરીકે ઓળખાતું હતું? (અમદાવાદ)
- ગુજરાતની મધ્યમાંથી કયું વૃત્ત પસાર થાય છે? (કર્કવૃત્ત)

- ગુજરાતના કયા કવિ ‘રાષ્ટ્રીય શાયર’ તરીકે ઓળખાય છે? (ઝવેરચંદ મેઘાણી)
- ગુજરાતમાં ટેલિવિઝનનો પ્રારંભ ક્યારથી થયો હતો? (૧૫ ઓગસ્ટ, ૧૯૭૫)
- સહજાનંદ સ્વામીનું મૂળ નામ શું હતું? (ઘનશ્યામ)
- કયા ચિત્રકારે સાંસ્કૃતિક મેગેઝિન ‘કુમાર’ની શરૂઆત કરી હતી? (રવિશંકર રાવળ)
- જામનગર અને પોરબંદર જિલ્લાને જોડતો ડુંગર કયો છે? (બરડો)
- ગુજરાતમાં કયા મોસમી પવનો વરસાદ આપે છે? (નૈઋત્યકોણીય)
- ગુજરાતમાં ચેરનાં વૃક્ષોનું જંગલ ક્યાં આવેલું છે? (જામનગર અને કચ્છના દરિયા કિનારા પાસે)
- જૂનાગઢમાં કયો ઐતિહાસિક કિલ્લો આવેલો છે? (ઉમરકોટનો કિલ્લો)
- ‘લક્ષ્મીવિલાસ પેલેસ’ (વડોદરા) કોણે બંધાવ્યો હતો? (મહારાજા સયાજીરાવ ગાયકવાડ)
- ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ની સ્થાપના કોણે કરી હતી? (રણજિતરામ વાવાભાઈ)
- ‘ઉશનસ્’ કયા કવિનું ઉપનામ છે? (નટવરલાલ પંડ્યા)
- સૌરાષ્ટ્રના કયા જિલ્લામાં ‘પીરોટન ટાપુ’ આવેલા છે? (જામનગર)
- દ્વારકાધીશનું નિજમંદિર પ્રથમવાર કોણે બંધાવ્યું હતું? (વ્રજનાભ)
- અમદાવાદમાં સૌપ્રથમ થિયેટરની સ્થાપના કોણે કરી હતી? (ડાહ્યાભાઈ ઝવેરી)
- હિંદુ માન્યતા અનુસાર તાપી નદીને કયા દેવતાની પુત્રી માનવામાં આવે છે? (સૂર્ય)
- બનાસ નદીનું પ્રાચીન નામ કયું હતું? (પર્ણાશા)
- ગુજરાતના પ્રથમ મહિલા મંત્રી કોણ હતા? (ઇન્દુમતીબહેન શેઠ)
- મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમ ક્યાં આવેલું છે? (વડોદરા)
- ગુજરાતમાં સૌથી મોટું રેલવે સ્ટેશન કયું છે? (અમદાવાદ)
- ગુજરાત રાજ્યની સ્થાપના પછી કયું શહેર પાટનગર હતું? (અમદાવાદ)
- ગુજરાતમાં સૈનિકશાળા ક્યાં આવેલી છે? (બાલાછડી, જિ. જામનગર)
- સ્વામી દયાનંદ સરસ્વતીએ કયા ગ્રંથની રચના કરી હતી? (સત્યાર્થપ્રકાશ)
- ગાંધીજીના અંગત સચિવ કોણ હતા? (મહાદેવભાઈ દેસાઈ)
- ગુજરાતનું પ્રથમ પુસ્તકાલય કયું છે? (હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ)
- ગુજરાતની વડી અદાલતના પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ કોણ હતા? (સુંદરલાલ ત્રિકમલાલ દેસાઈ)
- પુરાતત્ત્વશાસ્ત્રી ડૉ. હસમુખ સાંકળિયાએ કયા ગામમાં ઉત્ખનન કરી પ્રાગ ઐતિહાસિક સમયના પુરાવાઓ મેળવ્યા હતા? (લાંઘણજ)
- ‘અમદાવાદ મ્યુનિસિપાલિટી’ના પ્રથમ ભારતીય પ્રમુખ કોણ હતા? (રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ)
- કવિ રાજેન્દ્ર શાહને કયા કાવ્યસંગ્રહ માટે જ્ઞાનપીઠ ઍવોર્ડ મળ્યો હતો? (ધ્વનિ)
- શેક્સપિયરના નાટક હેમ્લેટનું પૃથ્વી છંદમાં ભાષાંતર કોણે કર્યું હતું? (હંસાબહેન મહેતા)
- દાંતીવાડા બંધ કઈ નદી પર આવેલો છે? (બનાસ નદી)
- વિસ્તારની દૃષ્ટિએ ભારતમાં ગુજરાતનો ક્રમ કેટલામો છે? (સાતમો)
- ગુજરાતનું સૌપ્રથમ થ્રી-ડી થિયેટર ક્યાં આવેલું છે? (સાયન્સ સિટી, અમદાવાદ)
- ગુજરાતમાં ‘રેલવે ટ્રેનિંગ કૉલેજ’ કયા શહેરમાં આવેલી છે? (વડોદરા)
- ગુજરાતમાં સૌપ્રથમ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના ક્યાં અને ક્યારે થઈ હતી? (દાંતીવાડા, ઇ.સ. ૧૯૭૩)
- ગુજરાતમાં ‘અક્ષરધામ’ મંદિર ક્યાં આવેલું છે? (ગાંધીનગર)
- ગુજરાતની ઉત્તર સરહદે કયો દેશ આવેલો છે? (પાકિસ્તાન)
- ગાંધીજીના અમદાવાદમાં આવેલા નિવાસ સ્થાનનું નામ શું હતું? (હૃદયકુંજ)
- ગુજરાતમાં રાષ્ટ્રભાષાના પ્રચાર માટે કઈ સંસ્થા કામ કરે છે? (ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા સમિતિ)
- કયા સંતે પોતાની આખી જિંદગી રક્તપિત્તના દર્દીઓની સેવામાં વિતાવી હતી? (સંત અમરદેવીદાસ)

*‘પ્રાંજલ’, ૩૦, આનંદ વાટિકા સોસાયટી,*
*સરદાર પુલ પાસે, અડાજણ રોડ,*
*સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

લઘુકથા

# અધવચ્ચે જ....!



રક્ષાબેન ચોટલિયા - કાયા 'ઘટા'

ભર ઉનાળે ગોરજ ટાણે ટ્રેનમાંથી રઘુરાયને ઉતારી મૂકતા જોઈને, મહેમાનને વળાવી પાછા ફરતા સરપંચને કારણ જાણવાની જિજ્ઞાસા થઇ આવી, ને હળવેકથી તેને પૂછી જ લીધું : 'આમ તો સારા માણસ દેખાઓ છો તમે! તો પછી કયા કારણસર ટી.સી.એ આપને અધવચ્ચે જ ઉતારી દીધા?' વિહવળતાથી આમતેમ નજર ફેરવી કમને ઝીણી નજર કરી દર્દમિશ્રિત અવાજ સાથે રઘુરાયે કહ્યું, 'કારણ જાણીને શું કરશો ભાઈ?'

'બનતી મદદ.' સરપંચે હમદર્દી બતાવતા કહ્યું.

'મને ખબર જ છે, કોઈ મને મદદ કરી શકે તેમ નથી છતાં તમે પૂછ્યું છે તો જણાવી દઉં કે હું એક પ્રોફેશનલ લેખક છું. રાજકોટથી સુરતની ઈન્ટરસિટીમાંથી મારો સામાન ચોરાઇ ગયો. ટિકિટ પણ તેમાં જ હતી. પણ મારી વાત કોણ માને? તેથી વિના ટિકિટે મુસાફરી કરતો માની, ટી.સી.એ અહીં અધવચ્ચે જ મને ઉતારી મૂક્યો. સામાનમાં ખાસ કશું કિંમતી હતું નહીં, સિવાય કે મારી નવી જ લખેલી પુસ્તિકા. એટલે પછી પોલીસ ફરિયાદ કરવાનું પણ ટાળ્યું.' રઘુરાયે પોતાની વાત પૂરી કરી ચાલવા માંડ્યું.

'તો, તો, જરૂર આપને ફરિયાદ કરવી જ જોઈએ ને સાહેબ! આપની પુસ્તિકા વહેલી પ્રસિધ્ધ થઇ જશે.' સરપંચનો સલાહ આપવાની ટેવવાળો અવાજ તેના કાને અથડાયો.

'એટલે જ તો ફરિયાદ નથી કરી શકતો ને!' રઘુરાયે સામું જોયા વિના ઉત્તર વાળ્યો.

'એવું તે વળી શું હતું એ પુસ્તિકામાં? શું નામ છે તેનું?' ફરી સરપંચના સવાલના ઉત્તરમાં 'એ જ કે... **ચોરી કરવાની કળાઓ'** રઘુરાયે ઘટસ્ફોટ કર્યો!

★

## એંધાણ વરસાદના

વર્ષોથી છૂટી ગયેલો મનનો માણિગર કદીક આવે પણ...!! એમ વિચારીને રમલી ગામડે દિવસો વિતાવી રહી હતી.

એક ઢળતી સાંજે શહેરમાંથી આવતી છેલ્લી બસ ગામને પાદરે આવીને ઊભી રહી. નિત્યક્રમ મુજબ બસને વળાવતી રમલીની નજરનો અણસાર આજે અનોખો ભાસતો હતો. **હૃદયના ધબકારા જ એની ચાડી ખાતા હતા.**

ડફ્... ડફ... ડફ... ડફ... જોડાનો અવાજ રમલીના ઘરની ડેલીએ અટક્યો. પડછંદ મનખાદેહનો ઓળો અધખુલ્લી ડેલી હડસેલી અંદર પ્રવેશ્યો. ખોબા શું ફળિયું વળોટી; ઓસરી વિંધી, ઉંબરે પહોંચતા સુધીમાં થાંભલીની ખીંટીએ ઝગતા ફાનસના ઝાંખા અજવાળે ય એ ઓળખાઈ ગયો.

ત્યાં આભે ગોરંભાયેલો વરસાદ... એકાએક વીજળીના જોરદાર કડાકા સાથે ધોધમાર વરસી પડ્યો.

*"શાલીગ્રામ", સ્ટર્લિંગ હોસ્પિટલ સામે,*
*નવા દેરાસરની બાજુમાં, ૧૫૦ ફિટ રિંગ રોડ,*
*રાજકોટ - ૩૬૦ ૦૦૭. મો. ૯૭૩૭૩ ૦૭૦૫૨*

## "ગેમ્સ ગેલેરી : હિંદી ફિલ્મના ગીતો બતાવશો"ના જવાબ

(૧) હવા મેં ઉડતા જાએ મેરા લાલ દુપટ્ટા, (૨) કહીં દીપ જલે કહીં દિલ, (૩) તેરા જાના દિલકે અરમાનોં કે, (૪) આપ મુજે અચ્છે લગને લગે, (૫) આયેગા આયેગા આયેગા આયેગા આનેવાલા... આયેગા... (૬) ગૈરોં પે કરમ અપનો પે સીતમ, (૭) આવે સે ઉસકે આયે બહાર,જાને સે ઉસકે જાયે બહાર... (૮) હમ દોનોં દો પ્રેમી દુનિયા છોડ ચલે, (૯) ગોરી તેરા ગાંવ બડા પ્યારા, (૧૦) હંસતા હુઆ નૂરાની ચહેરા કાલી જુલ્ફે, (૧૧) પાન ખાયે સૈંયા હમારો, (૧૨) ઝિલમિલ સિતારોં કા આંગન હોગા... (૧૩) રોના કભી નહીં રોના ચાહે તૂટ, (૧૪) યે કલિ જબ તલક ફૂલ બનકે ખિલે, (૧૫) દુનિયા બનાને વાલે, ક્યારે તેરે મનમેં સમાઈ... (૧૬) જબ દીપ જલે આના, જબ શામ ઢલે, (૧૭) ઘડી ઘડી મેરા દિલ ધડકે, (૧૮) નફરત કરનેવાલોં કે સીને મેં પ્યાર ભર દૂં, (૧૯) બેખુદી મેં સનમ ઉઠ ગયે જો કદમ, (૨૦) હોની તો હોકે રહે, અનહોની ના હોયે, (૨૧) શામ ઢલે ખિડકી તલે તુમ, (૨૨) રુઠે રુઠે પિયા, મનાઉં કૈસે... (૨૩) ચંદા કો ઢૂંઢને સભી તારે નિકલ પડે, (૨૪) મેરી બેરી કે બેર મત તોડો... (૨૫) ચલો ઈક બાર ફિર સે અજનબી બન જાયેં હમ દોનોં, (૨૬) ચમન કે ફૂલ ભી તુજકો ગુલાબ કહતે હૈં, (૨૭) મેરે પિયા ગયે રંગૂન, વહાં કે કિયા હૈ ટેલિફોન, (૨૮) બેગાની શાદી મેં અબ્દુલ્લા દીવાના, (૨૯) પંછી બનું ઉડતી ફિરું, મસ્ત ગગનમેં, (૩૦) સર પે ટોપી લાલ, હાથ મેં રેશમ કા રુમાલ...

સાધના

# વિપશ્યના : મારો અનુભવ



યોગેશ ન. જોશી

'ક્યારેક દસ દિવસ કાઢો. એકાદ શિબિર તો કરો.' ડૉ. નરેન સૂચક મળે ત્યારે અચૂક કહે. ભાવનગરમાં સાંઇઠ બેડની અદ્યતન હોસ્પિટલ સાથે મૃદુ હૃદય ધરાવતા ડૉક્ટરસાહેબ વિપશ્યનાને સંપૂર્ણ સમર્પિત.

**'આ વખતની શિબિરમાં આચાર્ય તરીકે ભુજથી પ્રવીણભાઈ ઝવેરી આવવાના છે. આપણે જઇએ તો?'** એક દિવસ મારી પત્ની પારૂલે કહ્યું. હું વિપશ્યના સાધના કરું એવી એનીય ઇચ્છા.

મેં જવાબ ન આપ્યો, પણ આચાર્યનું નામ મારા મનમાં ઘૂમરાતું રહ્યું. એક તો ઝવેરી, ને પાછા પ્રવીણ. થયું ચાલોને, આપણેય જાતને કસોટી પર લસરકાવી લઈએ. મા પણ યાદ આવી ગઈ. એણે વિપશ્યનાની સાત શિબિરો કરી હતી. શિબિરમાંથી ઘેર આવી, પ્રેમથી માથા પર હાથ મૂકી એ કહેતી, 'બેટા, એકાદ શિબિર કરને!' માનું એ વાક્ય આજે વારંવાર યાદ આવ્યા કરતું. ઓફિસે જઈ રજા મૂકી દીધી. ઘેર ફોન કર્યો, 'શિબિરમાં જવાની તૈયારી કરવા માંડ.' પારૂલ કશુંય ન બોલી, પણ મનમાં પ્રગટી ગયેલો આનંદ મને અનુભવાયો.

તૈયારી થઈ ગઈ. સામાન પેક થઈ ગયો. રવિવારે સાંજે પાલિતાણા પાસેના ટોડી ગામના પાદરમાં સ્થિત પુણ્યતીર્થ 'ધમ્મપાલિ' ખાતે પહોંચવાનું હતું. પણ રવિવારે સાંજે ભુજથી મિત્ર હરેશભાઈ ઠાકર આવ્યા. તેઓ પોલીસ અધિકારી. ભાવનગર રથયાત્રાના બંદોબસ્તમાં એમની ડ્યુટી. રાત્રે ખૂબ વાતો થઈ. અમે વિપશ્યના શિબિરમાં જવાના છીએ એ જાણી ખુશ થયા. કહે, 'અમારે બાડામાં પણ વિપશ્યના સેન્ટર છે. ધમ્મપાલિ જોવાની બહુ ઇચ્છા છે, પણ એક વાગ્યા પહેલા મારે ભાવનગર પાછા આવી જવું પડશે.' 'તો આપણે થોડાં વહેલાં નીકળીએ' પારૂલે કહ્યું. ધર્મભૂમિનું તેડું વહેલું આવી પડ્યું!

સવારે દસેક વાગે અમે ભાવનગરથી નીકળ્યા. કલાક તો માંડ થઇ. ગાડી ધમ્મપાલિના દરવાજામાં પ્રવેશી. કંઈક અલગ જ લાગણી થઈ. અગાઉ ત્રણ-ચાર વખત અહીં આવી ગયો હતો, પણ આજે પરિસરે નવું રૂપ ધર્યું હતું. ચોમાસાની શરૂઆત હતી. થોડો વરસાદ થઇ ગયો હતો. ચોમેર લીલીછમ ચાદર પથરાઇ ગઈ હતી. ધર્મકાર્યને આવકારવા ભૂમિ થનગની રહી હતી. સાધના કેન્દ્ર જોઈ, પ્રસન્નતા અને શિબિર કરવાના સંકલ્પ સાથે હરેશભાઈ ભાવનગર તરફ નીકળ્યા. અમે એકલા પડ્યા. થોડા સ્વયંસેવકો વ્યવસ્થા માટે હાજર હતા. અન્ય સાધકો સાંજે આવવાના હતા.

હું ગુલમહોરના વૃક્ષ નીચે બેઠો. અઢાર એકરમાં પથરાયેલા અને હજુ વિકસવા જઇ રહેલાં આ વિપશ્યના કેન્દ્રને જોઈ રહ્યો. વરસાદી ઠંડક અને માટીની સુગંધ સાથે લઇને વગડાનો પવન વહી રહ્યો હતો. પવનની લહેરખીઓએ ચોમેર ઠંડક પાથરી દીધી. ઘર અને ગાડીના એરકંડિશનરની આજ્ઞાંકિત હવાની મર્યાદા સમજાઈ રહી હતી.

શાંત પાણીના વલયની જેમ દૂરના રોડ પરથી પાલિતાણા જતા-આવતાં વાહનોનો મંદ અવાજ કાને પડતો. **પાલિતાણા જૈન ધર્મનું મોટું તીર્થસ્થાન. ભારતની પવિત્ર ભૂમિ પર લગભગ એક જ સમયે પાંગરીને પ્રસરેલા જૈન અને બૌદ્ધ ધર્મો લગભગ અઢી હજાર વરસ પછી અહીં ફરી ભેગા થયા હતા.**

પરિસરમાં આશરે ચારેક હજાર વૃક્ષોનું રોપણ થયું છે. લીમડા, વડ, પીપળા, ગુલમહોર, કરંજ, સધેડા, નાળિયેરી, ઊમરા અને આંબા. ઘણાં વૃક્ષો મોટાં, તો કેટલાક હજુ નાના હતા. **મોટા ઝાડ સમાધિસ્થ ઋષિની મુદ્રામાં સ્થિર ઊભા હતા. નાના છોડ ચૈતન્યથી ભરેલા. જાતને જ પુરવાર કરવા આમથી તેમ ઝુલી રહ્યા હતા. પવનની સંગાથે એમનો નૃત્યોત્સવ ઉજવાઈ રહ્યો હતો.**

સાંજ પડી. ધીરે ધીરે સાધકો આવવા લાગ્યા. નોંધણીનું કામ પૂરું થયું. આચાર્યશ્રી દરેક સાધકને મળ્યા. સાધના સંબંધી સૂચનાઓ આપી. હવે વારો આવ્યો કિંમતી વસ્તુઓ અને મોબાઈલ જમા કરાવવાનો. વરસોથી જાત સાથે ચામડીની જેમ ચોંટેલા મોબાઈલ વગર આટલા દિવસો રહેવાનું? આ વિચાર જ રોમાંચક હતો. જાણે એક સાહસ! પર્સ અને મોબાઇલની ગેરહાજરીએ હળવાશનો અનુભવ કરાવ્યો.

સાંજે ડૉ. નરેન સૂચકે આચારસંહિતા તરફ સાધકોનું ધ્યાન દોર્યું. સાધનાની મહત્તા અને નિયમો પર એમણે સાધકોનું ધ્યાન દોર્યું અને કહ્યું, 'યોર ટાઇમ સ્ટાર્ટસ નાઉ.'

સાધક માટે અહીં મોટી પરીક્ષા છે — મૌનનું પાલન. વ્યર્થ વાણી વિલાસમાં આપણે જાત સાથેની વાતચીત ચૂકી જતા હોઈએ છીએ. વ્યવસ્થા અને સાધના સંબંધિત સંવાદ સિવાયનો વાણીવ્યય અહીં પ્રતિબંધિત છે. ધમ્મહોલમાં સાંજની બેઠક શરૂ થઇ. પંચશીલની સમજણ અને એનાં પાલનની પ્રતિજ્ઞા સાથે શિબિરનો વિધિવત પ્રારંભ થયો. વિપશ્યના ગુરુ પૂ. સત્યનારાયણ ગોયેન્કાજીએ ખરજના ઘુંટાયેલા અવાજે ધ્યાન સંબંધે માર્ગદર્શન આપ્યું. આધુનિક યંત્રમાંથી વહેતા એમના શબ્દો હૃદયમાં પાવન સ્પંદનો જગાવી જતો. વાણીમાં એમના તપનું તેજ ઝળહળતું. પ્રથમ દિવસની બેઠક પૂરી થઈ. ધમ્મહોલમાંથી બહાર નીકળી મેં આસપાસ જોયું. ધમ્મપાલિની ચોતરફ નાની મોટી ટેકરીઓ હતી. જાણે કુદરતે આ સાધના સ્થળને હથેળીમાં ઝીલ્યું હોય!

**વિપશ્યના, એ ભગવાન બુદ્ધે આપેલી ધ્યાન વિદ્યા છે.** મૂળ તો ભારતની આ પુરાતન વિદ્યા બર્મામાં એનાં શુદ્ધ સ્વરૂપે સચવાઈ હતી. પૂ. સત્યનારાયણ ગોયેન્કાજી આ વિદ્યાને ફરી ભારત લઈ આવ્યા. **શીલ, સમાધિ અને પ્રજ્ઞા એના પાયામાં છે. એનું અંતિમ લક્ષ્ય નિર્વાણ છે. ધ્યાનની આ પદ્ધતિ વૈજ્ઞાનિક અને તર્કસંગત છે.** શ્વાસને માત્ર જોયા કરવાની ક્રિયા પ્રથમ ત્રણ દિવસ સુધી સતત ચાલી. દિવસમાં લગભગ સાડા આઠ કલાક! શરૂઆતમાં થાકી જવાતું. મનને શ્વાસ સાથે જોડવાનું. શ્વાસને જેવો છે તેવો જોવાનો. શ્વાસની કોઈ કસરત કે નિયમન નહીં. સહેલું દેખાતું આ કામ ખૂબ મુશ્કેલ હતું. અવળચંડુ મન ક્ષણ પણ સ્થિર ન રહેતું! વિચારોના વિસ્તારમાં ભટકવા નીકળી પડતું. અન્ય સાધકોની શું સ્થિતિ છે તે જોવા પંચાતિયા મનના આદેશે આંખો હોલમાં ફરી રહેતી. સ્ત્રી-પુરુષ મળીને લગભગ પંચાવનેક સાધકો હતા. અઢાર વરસના દશરથથી લઇને પંચોતેર વરસના આર્કિટેક્ટ કિરીટભાઈ કામદાર એક સાથે બેસી સાધના કરી રહ્યા હતા. સાધકોનો આ વ્યક્તિગત પરિચય તો નવમા દિવસે થયેલો.

ચોથા દિવસે ગુરુજી દ્વારા વિપશ્યના આપવામાં આવી. **સાધનાનો હેતુ મનને નિર્વિચાર કરવાનો નહીં, પણ નિર્વિકાર કરવાનો છે એનું સ્મરણ કરાવ્યું.** ઉપરી સંવેદનાને જોતાં જોતાં શરીર માટે અનિત્યભાવ કેળવવાના રસ્તે ચાલવાનું હતું. આ યાત્રા અંદરની છે. પૂરી સાધનામાં ક્યાંય ચમત્કારની કોઈ વાત નહીં. સંપ્રદાય કે વાડાની વાત પણ નહીં. શુદ્ધ અને વૈજ્ઞાનિક!

'કરના તો આપકો હી પડેગા' ગુરુજીના આ વાક્યમાં માનવજાત પ્રત્યેની કરુણા છલકાતી. સહાયક આચાર્યશ્રી પ્રવીણભાઈ ઝવેરી સ્નેહભરી આંખો અને પ્રેમાળ શબ્દોથી સાધકોની જિજ્ઞાસા અને સમસ્યાનું સમાધાન કરતા રહેતા.

નેહ વરસાવતો મેહ સતત હાજર હતો. એય જાણે શિબિરાર્થી હતો. સૌથી વધુ આનંદ સવારની બેઠકમાં આવતો. સાડા ચાર વાગ્યાના પરોઢનું વાતાવરણ એકાગ્રતામાં સહાયક બની રહેતું. ચાર વાગ્યામાં કેમ ઉઠાશે? અહીં આવતા પહેલાંનો આ પ્રશ્ન ખબર નહીં ક્યાંક ધરબાઈ ગયો. કોઈ સાધકની નાની એવી હરકત પણ વિક્ષેપ લાગે એ સ્થિતિમાં લગભગ છ વાગ્યાની આસપાસ ચકલી, દૈયડ અને કાળિયા કોશી જેવા પક્ષીઓ ધમ્મહોલમાં કલબલાટ કરી મૂકતા. સાધક મનને એ કલરવ લાગતો. પંખીઓનો આ અવાજ વાતાવરણની નીરવતા વધારી જતો. એકવાર અચાનક આંખ ખૂલી તો જોયું કે જાળીમાંથી ખિસકોલી ડોકાતી હતી. વિસ્મયભરી નજરે એ જોઈ રહી હતી કે આ લોકો શું કરી રહ્યા છે? અરે, બિચારી માનવજાત! કુદરતને ભૂલી ભૌતિકતાને ખોળે જઈ બેઠી, ને જાત મેલી કરી નાખી! ભોગવવાવાળા... જાતે જ ભોગવાઈ ગયા... કરશે હવે આવું બધું...' જતાં જતાં જાણે એ અટ્ટહાસ્ય કરતી ગઈ.


દસ દિવસમાં કુદરત સાથે ઘનિષ્ટતા સધાઈ ગઈ હતી. આસપાસની ટેકરીઓ, ચરતી ગાયો, પક્ષીઓ, વૃક્ષો અને વરસતા વરસાદ સાથે વાતો કરવાનો નાતો બંધાઈ ગયો હતો. અને હા, જાત સાથે પણ!

સાધના પૂરી થઈ. બધા મળ્યા. શિબિરાર્થીઓ એકબીજાને પૂછતા, 'કેવી રહી સાધના?' મને આ સવાલનો કોઈ ચોક્કસ જવાબ ન મળ્યો. આ દસ દિવસોમાં જે આનંદ મળ્યો, **ભીતરના અવાજને સાંભળવાનો અવકાશ મળ્યો, જાત સાથે જે અનુસંધાન થયું, એ જ કદાચ સાધનાની ફલશ્રુતિ હશે.** સાધકો સાથે ઘણી વાતો થઇ. ઘણાં લોકો અહીં આવી રોગમુક્ત થયાનું સાંભળ્યું. જો કે એ તો વિપશ્યનાની બાય પ્રોડક્ટ જ ગણાય. મન અને શરીરને જોડતી અને એ દ્વારા ચેતનાને ઉર્ધ્વગામી કરતી વિપશ્યનાના આવા પરિણામો તો કદાચ પાશેરામાં પહેલી પૂણી જેવા હશે.

સિત્તેરથી વધારે ઉંમરના; સૌની સાધના સુપેરે સંપન્ન થાય એ માટે દોડાદોડી કરતાં, બે ધમ્મસેવકોને મનોમન પ્રણામ કરી અમે ગાડીમાં બેઠાં. ગાડી દરવાજા બહાર નીકળી. મેં પાછળ છૂટી જતાં ધમ્મપાલિ તરફ જોયું. મને ફરી પેલો ઘેઘૂર અવાજ સંભળાયો, 'કરના તો આપકો હી પડેગા.' મનમાં પ્રશ્ન ઊઠ્યો, 'શું અહીંથી બહાર નીકળી નિયમિત આ સાધના થશે? કે ફરી દુનિયાની માયાના પડળો....'

***'શ્રીશૈલ' બંસી ડુપ્લેક્સ, યમુનાવાડી પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ-૩૬૨ ૦૧૫. • મો. ૯૮૨૪૨ ૮૮૦૯૨***

*ગુલાબથી છવાયેલો માર્ગ તો જનસામાન્ય માટે છે,*
*કંટકછાયો કપરો માર્ગ વિરલ લોકો માટે!*



"વધુધૈવ કુટુંબકમ્"

# "સુબહા જરૂર આયેગી, સુબહાકા ઇંતઝાર કર"



દિનેશ વૈષ્ણવ

*"ગમ કી અંધેરી રાત મેં, દિલકો ન બેકરાર કર,*
*સુબહા જરૂર આયેગી, સુબહા કા ઈંતઝાર કર."*

ગીતના શબ્દો આપણાં જીવનમાં દુઃખની અંધારી રાત્રિ પછી સુખનો સૂરજ ઉગશે જ એવા આશાવાદને દ્રઢ બનાવે છે. ગમ કી અંધેરી રાત એટલે દુઃખના દિવસો અને સુબહા એટલે સુખનો સૂરજ, સુખના દિવસોની શરૂઆત.

અત્યારના કોરોના સંકટ સમયમાં દુઃખની અંધારી રાત્રિ એટલે કોરોના સંક્રમણનો ભય અને ઘાતક સમય કે જેને માત્ર સુખનો સૂરજ ઉગવાની એટલે કે કોરોના સંક્રમણથી મુક્તિ માટે માત્ર આશાવાદી બનીને બેસી રહેવાથી કામ નહીં ચાલે. આના માટે તો આપણે સૌએ ખૂબ જ ગંભીરતાથી કોરોના સંક્રમણથી બચવાના ઉપાયો માસ્ક, સેનેટાઇઝેશન અને સોશિયલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરવું પડશે. જે લોકો આ સંક્રમણની ગંભીરતા સમજતા નથી તેમણે એ વિચારવાનું કે આ સંક્રમણથી તેને એકલાને જ તકલીફ નથી પડવાની, પણ તેનો આખો પરિવાર માતા-પિતા, ભાઈ-બહેનો, પત્ની, સંતાનો અને પડોશીઓ પણ મુશ્કેલીમાં મૂકાઈ શકે છે. એટલે આ સૌનો વિચાર કરી કોરોના સંક્રમણથી બચવાના ઉપાયોનું ગંભીરતાથી પાલન કરવું જરૂરી છે.

સરકારી માધ્યમો દ્વારા મોબાઈલ, રેડિયો, ટી.વી., સોશિયલ મીડિયા દ્વારા મેસેજથી લોકોને જાગૃત કરવાના પ્રયત્નો સતત ચાલુ જ છે. તો આપણે પણ સલામતીના નિયમોનું પાલન કરી એમાં સહકાર આપીએ તે જરૂરી છે. સરકારશ્રી દ્વારા સરકારી હોસ્પિટલોમાં દર્દીઓની ફ્રી સારવાર, દવાઓ, ઇંજેક્શનો, વેન્ટિલેટર, ઓક્સિજન વગેરે ફ્રી આપી દર્દીઓને સાજા કરવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

૨૦૨૦નું વર્ષ દુઃસ્વપ્નની જેમ પૂર્ણ થયું અને સૌએ માની લીધું કે હવે કોરોનાનો પણ અંત આવી ગયો છે. જેથી એક વર્ષથી ઘરમાં બંધાઈ રહેલા લોકો હરવા-ફરવા, બહારનું ખાવામાં અને સલામતીના કોઈપણ નિયમોનું પાલન ન કરવાની ગંભીર બેદરકારીના પરિણામે આ કોરોના વાઈરસ ત્રણ-ચાર ગણી વધુ ઘાતક અસર સાથે પાછો સક્રિય થઈ ગયો છે.

*"રાહી મનવા દુઃખકી ચિંતા ક્યું સતાતી હૈ,*
*દુઃખ તો અપના સાથી હૈ.*
*સુખ તો હૈ ઈક છાંવ ઢલતી આતી હૈ જાતી હૈ,*
*દુઃખ તો અપના સાથી હૈ..."*

આ દુઃખ એટલે 'કોરોના કાળ.' આપણે પણ આ દુઃખને કાયમી આપણો સાથી માનીને તેની સાથે જ જીવતા શીખવું પડશે કારણકે અત્યારે તો કોરોના વાઈરસનો અંતકાળ નજીકના ભવિષ્યમાં દેખાતો નથી. તો તેનાથી બચવાના સાવચેતીના દરેક પગલાં લઇને આપણે તો બચીએ જ, સાથે આપણા પરિવાર તથા સમાજને પણ બચાવીએ અને સ્વિકારી લઈએ કે કોરોનાથી ડરવું જરૂરી છે.


જૈન મુનિઓ દ્વારા માસ્કનો ઉપયોગ વર્ષોથી કરવામાં આવી રહ્યો છે. આપણે પણ માસ્કને આપણા જીવનનો મહત્ત્વપૂર્ણ ભાગ બનાવી, કાયમી માસ્ક પહેરીને જ બહાર નીકળવાનો નિયમ બનાવી લઈએ. બહારથી આવીને સાબુથી ઘસી ઘસીને હાથ ધોવાની પણ કાયમી ટેવ પાડી દઈએ અને આપણા બાળકોમાં પણ નાનપણથી જ આ આદત પાડી દઈએ, જે તેનામાં જીવનભર જળવાઈ રહે.

કોરોનાએ આપણા સામાજિક સંબંધો, કૌટુંબિક શુભ-અશુભ પ્રસંગો પર એટલો બધો પ્રભાવ પાડ્યો છે કે માનવી આજે સામાજિક રીતે એકબીજાથી દૂર થતો જાય છે. પહેલા જે માણસ પોતાના પડોશીના શુભ-અશુભ પ્રસંગમાં પોતાનાથી થઈ શકે તેટલો મદદરૂપ થઈ તેની પડખે ઊભો રહેતો, તે જ માણસ આજે પડોશીથી તથા પોતાના સગા-સંબંધીઓથી પણ કમને અંતર જાળવતો થયો છે અને કમનસીબે આ કપરા સમયમાં આ અંતર જાળવવું પણ જરૂરી બની ગયું છે.

સ્વચ્છતા માટે મહાનગરપાલિકા ઉપર જ આધારિત ન રહેતાં, જો દરેક વ્યક્તિ પોતાનું આંગણું પોતે જ સ્વચ્છ રાખે તો આખી શેરી અને આખો વિસ્તાર જે રીતે સ્વચ્છ થઇ જાય છે તે રીતે આપણી સુરક્ષા માટે દરેક વ્યક્તિ માસ્ક, સેનેટાઇઝેશન અને સોશિયલ ડિસ્ટન્સ રાખી સરકારશ્રી દ્વારા અપાતી વેક્સિન લઇ કોરોના સંક્રમણ સામે સુરક્ષા કવચ મેળવશે તો આખા સમાજને સુરક્ષિત રાખી શકાશે. જરૂર છે, માત્ર આ બાબતે જાગૃતિ બતાવવાની.

પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે માનવ સમાજને આ મહા સંકટમાંથી ઉગારી માનવીની એકબીજા પ્રત્યેની સંવેદના ફરી જાગૃત થાય અને **"વસુધૈવ કુટુંબકમ્"** તથા **"સર્વે ભવંતુ સુખીનઃ, સર્વે સંતુ નિરામયા"** એ ઉક્તિને સાર્થક કરવા માટે આપણા સૌ પર કૃપા કરે.

*આર્ટ ઇન્ડિયા ઓફસેટ,*
*લોહાણા વિદ્યાર્થી ભવન, કોલેજ રોડ,*
*જૂનાગઢ-૩૬૨ ૦૦૧. • મો. ૯૮૭૯૫ ૪૧૨૭૫*



યાદગીરી

# સુમિરે.... બલબીરા

## (સ્મૃતિપટ પર સંભારણાં)



સંપાદક :
બલવીરસિંહ જાડેજા

*(કોઈપણ વાચક પોતાના જીવનના સંભારણાંની વિગત આ વિભાગમાં મોકલાવી શકે છે.)*

### ક્યાં ગુમ થઈ ગયો બાળપણનો મિત્ર....!

મિત્ર અને મિત્રતા વિશે ગમે તેટલું લખાય તો પણ ઓછું જ છે. દરેક વ્યક્તિના મિત્ર અને મિત્રતા વિશેના ખ્યાલ, અંદાજ કે માન્યતાઓ અલગ જ હોવાની.

હવે તો હું સિનિયર સિટીઝન બની ગયો છું અને હાલ મુંબઈમાં નિવૃત્ત જીવન વિતાવી રહ્યો છું. મારું બાળપણ અને શાળા અભ્યાસ, સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીમાં વીત્યું, જ્યાં મારા પિતાશ્રી બાલમંદિરના આચાર્ય હતા. મિડલ સ્કૂલના અભ્યાસ દરમિયાન સ્વતંત્રતા દિવસના પ્રસંગે, વેશભૂષાનું આયોજન થયેલું. જેમાં મારી ઊંચાઇને લઇને અને એક સહ અધ્યાયી કાનજી પઢિયારની જાડાઈ અને બેઠી દડીને લઇને, અમે બંને છકો-મકો બનેલા, એ યાદ છે. પછી તો શાળા જીવન પૂરું કરી સૌ છૂટા પડી ગયા. હું તો ઘણું બધું ભૂલી ગયો હતો પરંતુ કાનજી પઢિયારે એ વખતની અમારી મિત્રતા યાદ રાખેલી. મારાથી મોટા ભાઈ ભરત, સુરેન્દ્રનગરમાં સ્થાયી થયેલા. અમારા કુળદેવી ચામુંડા માતા હોવાથી, બાળકોના વેકેશન દરમિયાન, ચોટીલા દર્શન કરવા સૌએ જવાનું નક્કી કર્યું. વહેલી સવારે બંને કુટુંબ ચોટીલા પહોંચી ગયા અને દર્શન કરવા ડુંગર ઉપર ચડવાનું શરૂ કર્યું. મોટાભાઈ ભરતને શ્વાસની તકલીફ હોવાથી એમણે ડુંગર ચડવાની અનિચ્છા બતાવી. મોટાભાઈ નીચે રહ્યા અને અમે સૌ ચામુંડા માતાજીના દર્શન કરવા ડુંગર ચડ્યા. ભાઈ, સમય પસાર કરવા આમતેમ રોડ પર આંટા મારતા હતા. આમેય અમે સૌ પરત આવીએ એટલે ક્યાંક જમવાનું તો હતું જ, એટલે કઈ જગ્યા જમવા માટે સારી છે, એ જોવા અહીં તહીં નજર દોડાવતા, ફરી રહ્યા હતા. ત્યાં જ એમની નજર એક બોર્ડ પર પડી : ''પઢિયાર પરોઠા હાઉસ - લીંબડીવાળા.'' લીંબડી સાથે સંબંધ હતો એટલે સ્વાભાવિક, નામ વાંચીને, લીંબડીવાળા કોણ છે, એ જાણવા જઇને પૂછ્યું, 'કોણ આના માલિક છે?' 'કાનજીભાઈ પઢિયાર.' 'પણ તમે કોણ? શું કામ હતું?' 'મારું નામ ભરત બારોટ. હું પહેલા લીંબડીમાં રહેતો હતો, એટલે થયું, લાવ ને ઓળખાણ કાઢીને મળું.' 'તમે સુભાષ બારોટના ભાઈ છો?' 'હા. હું સુભાષનો મોટો ભાઈ.' 'અરે વાહ! સુભાષ તો મારો ખાસ ભાઈબંધ. ક્યાં છે એ?' કહીને કાનજીએ જૂની વાતો યાદ કરીને અમે છકો-મકો બનેલા એ યાદ કરીને, ભરતભાઈને ચા પીવડાવીને બેસાડ્યા, ને વાત સાંભળીને બધા પરત આવે ત્યારે જમવાનું અહીં જ રાખવાનું છે, એવો આગ્રહ કર્યો. કાનજીને એક અગત્યના કામે રાજકોટ જવાનું હોવાથી, એના સ્ટાફને સૂચના આપીને એ રાજકોટ ગયો.

અમે પરત આવ્યા એટલે ભાઈએ બધી વાત કરી, ને અમે સૌએ આરામથી સ્વાદિષ્ટ કાઠિયાવાડી ભોજનને માણ્યું. મિત્રદાવે કાનજી કહી ગયો હતો એટલે અમારા આઠ સભ્યોના પૈસા ના લીધા. મેં ખૂબ આગ્રહ કર્યો, પણ કાઉન્ટર પર બેઠેલા કાનજીના ભાણેજે, એક પણ પૈસો ના લીધો. એ વખતે મોબાઈલ ફોન હતા નહીં એટલે મારી કાનજી સાથે વાત કરવાની ઇચ્છા અધૂરી રહી. સુરેન્દ્રનગર પરત આવીને બીજા દિવસે, અમારી ટ્રેનની ટિકિટ હોવાથી, હું કુટુંબ સાથે મુંબઈ પાછો આવી ગયો. બે દિવસ પછી, કાનજીએ ભરતભાઈ પાસેથી રાજકોટ જતા પહેલા, લીધેલા એમના સુરેન્દ્રનગરના સરનામે મને મળવા ભરતભાઈના ઘરે આવ્યો અને નિરાશ તઇને પાછો ગયો. એ વખતે મારા ઘરે ફોન પણ નહોતો, એટલે મારી સાથે વાત પણ કરી શક્યો નહીં.

મુંબઇની હાડમારીભરી જિંદગીમાં મિત્રની વિગત વિસરાઈ ગઈ હતી. પરંતુ, ફરી બે વરસ પછી અચાનક ભરતભાઈનું અવસાન થતાં મારે સુરેન્દ્રનગર આવવાનું થયું. મરણોત્તર ક્રિયા પૂરી થયા પછી, એકાએક મને ચોટીલાનું સ્મરણ થતા જ કાનજી યાદ આવ્યો, ને હું ચોટીલા આવ્યો. મારા આશ્ચર્ય સાથે જોયું તો 'પઢિયાર પરોઠા હાઉસ'ને બદલે ત્યાં બીજું બોર્ડ લાગેલું હતું. તપાસ કરતા ખબર પડી કે, એક વરસ પહેલા જ, ધંધામાં ખોટ જતાં, કાનજીએ જગ્યા વેચીને રાજકોટ કોઈ કારખાનામાં નોકરી કરવા જતો રહ્યો છે. વધુ તપાસ કરી કે, 'આવો બારેમાસ ધીકતો ધંધો હતો છતાં ખોટ કેમ ગઈ?' જવાબ સાંભળીને મારું મન ખિન્ન થઈ ગયું. 'કાનજીભાઇ એટલા તો સારા સ્વભાવના માણસ હતા કે, કોઈ ઓળખાણ કાઢે, એમની પાસેથી કદી પૈસા ના લે. જેનો લોકોએ ખૂબ લાભ લીધો. કોઇને કોઈની ઓળખાણ

કાઢીને લોકો મફત જમી જતા, એટલે ખોટ ગઈ.'

આવા સરળ સ્વભાવના મિત્રને દુનિયાદારીની સમજ આપવા, ને થઈ શકે તો કાંઈક મદદ કરવા માટે મારા મિત્ર કાનજીને મારે શોધીને મળવું છે, પણ રાજકોટ જેવા શહેર, જ્યાં હજારો કારખાના છે, ત્યાં મારે કાનજીને ક્યાં શોધવો?!

*રજૂઆત : સુભાષ ગુલાબભાઈ બારોટ*
*૧૦૪, આદર્શ ટાવર, આદર્શ વિહાર કોમ્પ્લેક્સ,*
*ઑફ માર્વે રોડ, મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪.*
*મો. ૯૯૬૯૩ ૩૭૦૧૮*

★

## રાજવી પરિવારના સભ્યો સાથે રસપ્રદ ચર્ચા થઇ...

વર્ષ ૨૦૦૩થી ૨૦૦૯ દરમિયાન હું ગુજરાત રાજ્યની વડોદરા રેકર્ડ ઓફિસમાં સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતો હતો. આ સમયે સરકારી કામ અર્થે મારે અવારનવાર વિવિધ દેશી રાજ્યોનાં રાજવી અથવા તેના પરિવારની પણ મુલાકાત લેવાનો શુભ અવસર મળતો હતો. વર્ષ ૨૦૦૮ના માર્ચ મહિનામાં વડોદરાનાં રાજવી પરિવારનાં મહારાજા રણજિતસિંહ ગાયકવાડ સાથે થયેલ સુખદ પ્રસંગની રજૂઆત કરું છું.

એક દિવસે શ્રી સયાજી સ્મારક ટ્રસ્ટનાં પદાધિકારીઓનો ફોન આવ્યો અને તેના હોદ્દેદારો કચેરીમાં રૂબરૂ આવી વડોદરાનાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ – ત્રીજાએ જે વિવિધ કાર્યો કરેલાં તેની ઝાંખી દર્શાવતું એક પ્રદર્શન મહારાજા રણજિતસિંહ ગાયકવાડ કરવા ઈચ્છે છે એ પ્રમાણે જણાવેલ અને વિવિધ ચર્ચા કરી. મેં તાત્કાલિક નિર્ણય લઇ સંમતિ આપી અને નમ્ર સૂચન કર્યું કે મહારાજની જન્મજયંતીએ આ પ્રદર્શન રાખીએ તો વધુ હિતાવહ રહેશે. એના જવાબમાં મહારાજાએ ફોન પર જણાવેલ કે, "એમ.એસ. યુનિવર્સિટી - વડોદરાના હોલમાં આ પ્રદર્શન ૩ દિવસ માટે રાખો અને હોલનો તથા પ્રદર્શનનો આનુષંગિક તમામ ખર્ચ શ્રી સયાજી સ્મારક ટ્રસ્ટ ભોગવશે."

વડોદરાનાં મહારાજા રણજિતસિંહ ગાયકવાડનાં હકારાત્મક વલણથી મને તથા કચેરીનાં સમગ્ર સ્ટાફને ખૂબ જ આનંદ થયો અને અમોએ સોહામણાં પ્રદર્શનમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ - ત્રીજાનાં વિવિધ ફોટા, વડોદરા સ્ટેટનાં રંગીન નકશા, રાજવીને વિવિધ વ્યક્તિ / સંસ્થા તથા અન્ય રાજવી દ્વારા અપાયેલા માનપત્રો, ડૉ. બાબાસાહેબ આંબેડકરને અપાયેલ શિષ્યવૃત્તિનાં પત્રો, રાજા રવિ વર્મા, દાદાભાઈ નવરોજીના પત્રો, રાજવીનાં ૨૪ વિદેશ પ્રવાસો અંગેના પત્રો, રેલવે, શિક્ષણનો વિકાસ, કલા અને સંસ્કૃતિના દફતરો, દીવાન સર ટી. માધવરાવે આપેલ પ્રવચનોનું 'માઈનોર હિન્ટ્સ' નામનું પુસ્તક, દર ૧૦ વર્ષે વસતી ગણતરી થવી તે અંગેનું 'દેહઝાડો' નામે પુસ્તક, એ.ડી.એમ. રિપોર્ટ, રાજ્ય તરફથી પ્રકાશિત થતું ગેઝેટ 'આજ્ઞા પત્રિકા' વગેરે રજૂ કરાયેલ.

આ પ્રદર્શનનાં ઉદ્‌ઘાટનમાં મહારાજા રણજિતસિંહ ગાયકવાડ સહપરિવાર હાજર રહેલા અને દફતર કચેરી દ્વારા રજૂ કરાયેલા તમામ દસ્તાવેજો ખૂબ જ ઝીણવટથી જોયા, વાંચ્યા તેમજ આ અંગે અમોને વિગતવાર પૂછાણ પણ કરેલ અને તેમના કુટુંબના વિવિધ સભ્યોને પણ ગૌરવથી કહેતા કે શા માટે સયાજીરાવ ગાયકવાડ - ત્રીજા આટલા લોકપ્રિય હતા, તે આજે આપણને દસ્તાવેજ, દફતરો પરથી પણ જાણવા મળે છે. વડોદરા દફતર કચેરીએ આ તમામ દફતરો ખૂબ જ સારી રીતે સાચવી રાખેલ છે, તે આનંદની વાત છે. નવી પેઢી વડોદરા રાજ્ય અને તેના સાંસ્કૃતિક વારસા અંગે ખૂબ સારી રીતે જાણે એ જરૂરી છે અને શા માટે સમગ્ર ભારતનાં ૫૬૨ દેશી રાજ્યોમાં વડોદરા રાજ્ય 'પ્રગતિશીલ રાજ્ય' હતું અને તે રાજવી હૃદય સમ્રાટ હતા તે આપણને જાણવા મળે છે.

આમ, આ વડોદરાનાં રાજવી પરિવાર સાથે બનેલી યાદગાર ઘટના આજે પણ મને સતત યાદ આવે છે, જેને એક સંભારણાં સ્વરૂપે આજે પણ વાગોળું છું. મારી ફરજ દરમિયાન મેં ૭૫ કરતાં વધારે પ્રદર્શનોનું આયોજન કરેલ, પરંતુ શ્રેષ્ઠ પ્રદર્શનમાંનું એક આ રાજવી પરિવારના પ્રદર્શનને ગણાવી શકાય તેમ છે.

*રજૂઆત : જિતેન્દ્ર વી. શાહ*
*સ્વસ્તિક સોસાયટી, બ્લોક નં. ૧૦૯૧,*
*સેક્ટર-૨૭, ગાંધીનગર-૩૮૨ ૦૨૮. ● મો. ૯૪૨૮૮ ૦૩૨૫૮*

***<u>સંપાદકનું સરનામું</u> : ૧૨, ઘરઆંગણ ફ્લેટ્સ,***
***પ્રોફેસર્સ કોલોની સામે, વિજય ચાર રસ્તા પાસે,***
***નવરંગપુરા, અમદાવાદ-૯. મો. ૯૮૨૫૭ ০০০૯૬***

## ગુલમહોર

★ *પરમાત્માના ચરણે ફૂલો મૂકવા મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા પોતાના ઘરને પ્રેમની સુગંધથી ભરી દો.*

★ *પરમાત્માની સમક્ષ દીપ-ધૂપ કરવા મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા પોતાના હૃદયમાંથી અપરાધનો અંધકાર દૂર કરો.*

★ *પ્રાર્થનામય ભાવે પરમાત્મા સમક્ષ તમારું શીશ ઝુકાવવા માટે મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા બાંધવો સમક્ષ નમ્રતાથી શીશ ઝુકાવતાં શીખો.*

★ *ઘુંટણિયે પડીને પ્રાર્થના કરવા માટે મંદિરે ન જાઓ,*
*પહેલાં વંચિત અને તરછોડાયેલા છે*
*તેમને ઉપર ઉઠાવવા માટે થોડા નીચા નમો.*

★ *તમારા અપરાધો બદલ ક્ષમા માગવા મંદિરે ન જાઓ,*
*પહેલાં જેમણે તમારો અપરાધ કર્યો છે તેઓને ખુલ્લા દિલે માફ કરો.*

*– રવીન્દ્રનાથ ટાગોર*

કારકિર્દી

# ‘સિવિલ સર્વિસ ડે’ પર ભારતીય સનદી સેવાઓની એક ઝલક



હીરેન દવે

૨૧ એપ્રિલ, ૧૯૭૪ના રોજ સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરી નવી દિલ્હીના ‘મેટકાફે હાઉસ’ ખાતે તાલીમ લઈ રહેલા આઈ.એ.એસ. પ્રોબેશનર્સને ભારતના **પ્રથમ નાયબ પ્રધાનમંત્રી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે** પ્રવચન આપ્યું હતું. આ પ્રવચનમાં તેમણે સિવિલ સર્વિસ માટે – ‘સ્ટિલ ફ્રેમ ઓફ ઇન્ડિયા’ એવો શબ્દપ્રયોગ સૌપ્રથમ વખત કર્યો હતો, જે આજે ખૂબ જ ચલણી બન્યો છે. આ પ્રસંગના સંસ્મરણો તાજા કરવા તથા સનદી સેવાઓને નાગરિક-હિતો પરત્વે પુનઃ સમર્પિત બનાવવા આ દિવસને સિવિલ સર્વિસ ડે તરીકે ઉજવવામાં આવે છે. તો આજે યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરવાથી મળતી વિવિધ કેડર અને ભૂમિકાઓનો પરિચય મેળવીએ.

**યુ.પી.એસ.સી.ની આઈ.એ.એસ. પરીક્ષા** ખરેખર તો ‘બિન તકનિકી વર્ગ ૧ પરીક્ષા’ તરીકે ઓળખાય છે. આ પરીક્ષા આપીને આઈ.એ.એસ., આઈ.પી.એસ. સહિતની ૨૦ જેટલી વિવિધ કેન્દ્રિય સેવાઓમાં પસંદગી મેળવી શકાય છે.

**આઈ.એ.એસ.** એટલે કે ભારતીય પ્રશાસનિક સેવા સૌથી ઉચ્ચતમ સેવા છે. આ સેવાનો પસંદગી ક્રમ સૌથી ઊંચો હોય છે. આ સેવામાં પસંદગી પામેલ અધિકારીઓની તાલીમ મસુરી ખાતે ૨ વર્ષ ચાલે છે. ત્યારબાદ પ્રત્યેક ઉમેદવારને જે રાજ્યની કેડર ફાળવવામાં આવી હોય તેમાં સેવા બજાવે છે. જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વગેરે ટોચની ભૂમિકામાં તેમની વરણી કરવામાં આવે છે. **જિલ્લા કલેક્ટરને જિલ્લાના રાજા તરીકે ઓળખવામાં આવે છે!** ફિલ્ડમાં ફરજ બજાવ્યા બાદ નીતિ નિર્માણના કામે સચિવાલયમાં કાર્ય કરે છે. જેમાં બઢતી મેળવીને સચિવશ્રી, અગ્ર સચિવશ્રી, મુખ્ય સચિવશ્રી તરીકેના હોદ્દા શોભાવે છે. આ ઉપરાંત પ્રતિનિયુક્તિ હેઠળ કેન્દ્ર સરકારમાં પણ કામ કરવાની તક મળે છે.

**આઈ.પી.એસ.** એટલે કે ભારતીય પોલીસ સેવા કાયદો અને વ્યવસ્થાને ક્ષેત્રે ટોચની સેવા ગણવામાં આવે છે. આ સેવામાં પસંદગી પામેલ અધિકારીઓની તાલીમ હૈદ્રાબાદ ખાતે ૨ વર્ષ ચાલે છે. ત્યારબાદ પ્રત્યેક ઉમેદવારને જે રાજ્યની કેડર ફાળવવામાં આવી હોય તેમાં સેવા બજાવે છે. એ.એસ.પી. થી શરૂ કરીને એસ.પી. (જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી), ડી.આઈ.જી., આઈ.જી., એ.ડી.જી. અને ડી.જી.પી. સુધીના રાજ્ય પોલીસ તંત્રના સુકાની તરીકે આઈ.પી.એસ. અધિકારીઓ કાર્ય કરે છે. આ ઉપરાંત પ્રતિનિયુક્તિ હેઠળ કેન્દ્ર સરકારમાં પણ કામ કરવાની તક મળે છે. જેમાં સી.બી.આઇ., રૉ, આઈ.બી. તથા અર્ધલશ્કરી દળોમાં પણ અંતે તો આ કેડરના અધિકારીઓ જ કાર્ય કરી શકે છે.

**આઈ.એફ.એસ.** એટલે કે ભારતીય વિદેશ સેવાના અધિકારીઓ ભારતના વિદેશ સાથેના સંબંધોના ક્ષેત્રે કાર્યરત હોય છે. વૈશ્વિક ધોરણે ભારતનું મહત્ત્વ વધતું જાય છે, તેમ તેમ આ સેવાની કામગીરી વધુને વધુ ચાવીરૂપ બનતી જાય છે. વિશ્વના અનેક દેશોમાં ભારતના દૂતાવાસો આવેલ છે. જેમાં આ કેડરના અધિકારીઓ કાર્ય કરે છે. વિદેશમાં વસતા ભારતીયોના પ્રશ્નો, વિદેશનું ભારતમાં મૂડીરોકાણ, અંતરીક્ષ સહકાર, અણુઉર્જા, સંરક્ષણ સંબંધો વગેરે સંકુલ ક્ષેત્રે તેમની કામગીરી હોય છે. મારા શૈક્ષણિક અનુભવથી મેં નોંધ્યું છે કે **ઉમેદવારોની આ સેવા માટેની રૂચિ સતત વધતી જાય છે. કારકિર્દીની તકોને જોતાં આ સેવા આઈ.એ.એસ. સાથે સ્પર્ધા કરી શકે તેટલી સક્ષમ છે.** આ ઉપરાંત આ સેવાના પદાધિકારીઓને લગભગ સમગ્ર વિશ્વમાં ફરવાની તક મળે છે. વિવિધ દેશોમાં ફરવાનો, તેની સંસ્કૃતિને જાણવાનો અને માણવાનો લહાવો આ સેવામાં વિશેષ મળે છે. દેશના આજના વિદેશ મંત્રી પણ આ સેવાનું બેકગ્રાઉન્ડ ધરાવે છે.

**આઈ.આર.એસ.** એટલે કે ભારતીય રાજસ્વ સેવા. આ સેવાના બે પ્રકાર છે : આઈ.એ.એસ. (ઇન્કમટેક્ષ) આવકવેરાના ક્ષેત્રે કાર્ય કરે છે જ્યારે આઈ.એ.એસ. (જી.એસ.ટી. એન્ડ કસ્ટમ્સ) પરોક્ષ કરના ક્ષેત્રે કાર્ય કરે છે. ઇન્કમટેક્ષ કમિશ્નર જેવા અધિકારીઓ આ સેવાના પદાધિકારીઓ હોય છે. કરચોરી પકડવી, કાળુ નાણું, મની લોન્ડ્રિંગ જેવા દૂષણો ડામવા ઉદ્યોગો પર રેડ પાડવી વગેરે કાર્યો તેઓ કરે છે.

**આઈ.એ.એ.એસ.** (ઇન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટ સર્વિસ). આ સેવાના અધિકારીઓ કેગના વિભાગ હેઠળ કામ કરે છે. આ સેવાના અધિકારીઓ હિસાબની ચકાસણી (ઓડિટ)નું કાર્ય કરે છે. સરકારી ખર્ચમાં કરકસર કેવી રીતે કરી શકાય તેના સૂચન કરે છે તથા સરકારી ખર્ચમાં જો કોઈ ભ્રષ્ટાચાર થયો હોય તો તેને બહાર લાવે છે. ભારતનો આ વિભાગ સમગ્ર વિશ્વના નોંધપાત્ર ઓડિટ વિભાગોમાં ગણવામાં આવે છે.

**આમ, એક જ પરીક્ષા આપીને અનેકવિધ વિભાગોમાં કામ કરવાની અને વ્યક્તિત્વનો વિકાસ કરવાની સુવર્ણ તક મળી શકે છે. ટૂંકમાં એમ કહી શકાય કે જે સર્વિસની નામની આગળ “આઈ” અને પાછળ “એસ” હોય તેમાંથી કોઈપણ સર્વિસ મળે,** તો કારકિર્દી માટે સફળતાનો રાજમાર્ગ ખૂલે....

## SOME GOLDEN THOUGHTS....

*Presentation : Dinesh R. Mehta*

*Hitlers Formula :*
*"Tomorrow will come daily" but*
*"Today will come only once."*
*So finish your all work today*
*and be free for tomorrow.*

*When you fully trust a person*
*without any doubt,*
*you finally get one of the two results:*
*"A Person for life"*
*"A Lesson for life"*

*"If you want to judge your relationship,*
*make a mistake.*
*Because it is the only one point*
*when relations show their originality!"*

*"When you stop*
*chasing the wrong things,*
*you give the right things*
*a chance to catch you."*

*"Sometimes the decision between*
*right and wrong is not an easy one.*
*The way forward is to surrender.*
*The biggest magic is love."*

*"He who looks upon*
*the whole universe as Ishwara,*
*is himself worshiped*
*by the universe as Ishwara."*

*A negative thinker sees*
*a difficulty in every opportunity.*
*A positive thinker sees*
*an opportunity in every difficulty.*

*We bother about*
*the past and the future,*
*not realising the*
*truth of the present.*

*Dark is not opposite of light!*
*It is just the absence of light!*
*A problem is the absence of an idea,*
*Not absence of a solution.*

*A beautiful understanding about life:*
*Our problem is never really our problem,*
*our reaction to the problem*
*is really our problem.*

કોઈ પણ અપેક્ષા વગર
હંમેશાં બધાનું સારું કરવાનો
પ્રયત્ન કરવો.
કેમકે જૂની કહેવત છે કે
"જે લોકો ફૂલ વહેંચે છે,
તેના હાથમાં
સુવાસ રહી જાય છે."

જબ સમસ્યા બડી હો ઔર
આપકી તાકત ઉસકે લિયે કાફી ન હો,
તો પરેશાન મત હોના
ક્યુંકિ જહાં આપકી તાકત
ખત્મ હોતી હૈ,
વહાં સે ઈશ્વરકી કૃપા
શુરૂ હોતી હૈ.

આત્મનિંદા ન કરવી
એ આપણું પ્રથમ કર્તવ્ય છે.
આગળ વધવા
પ્રથમ આત્મવિશ્વાસ હોવો જોઈએ
અને બીજું,
ઈશ્વર પર શ્રદ્ધા જોઈએ.

# માહિતી

## ફોનના નંબર ૧૦ આંકડાના કેમ?

આજે આપણે મોબાઈલ ફોન વડે વિશ્વભરમાં દેશોમાં રહેતા મિત્રો કે સગાઓ સાથે વાત કરી શકીએ છીએ. વિશ્વભરમાં લાખો મોબાઈલ ફોન હોય ત્યારે તેને નંબર ફાળવવા માટે ચોક્સાઈપૂર્વકનું અંકગણિત વાપરવું પડે. નંબરોની ભેળસેળ થઈ જાય તો એકબીજા સાથે જોડાવામાં તકલીફ પડે. ચાર કે પાંચ આંકડાને ઉલટસુલટ કરીને કે જુદી જુદી રીતે ગોઠવીને લાખો નંબર બની શકે નહીં. વળી ટેલિફોન વિભાગે ૧૦૦, ૧૦૧ અને ૧૦૨ જેવા નંબરો ફાયરબ્રિગેડ કે પોલીસ જેવી સેવાઓ માટે અનામત રાખ્યા છે. એટલે કોઈ નંબર એકથી શરૂ કરી શકાય નહીં. એસ.ટી.ડી.ના કોડ શૂન્યથી શરૂ થાય છે. **રાષ્ટ્રીય કક્ષાની મોટી કંપનીઓએ ૩ અને ૪થી શરૂ થતાં નંબરો અનામત રાખ્યા છે. સામાન્ય લેન્ડ લાઇનના નંબર ૨ થી શરૂ થાય છે. મોબાઇલ કંપનીઓને શરૂઆતમાં ૯નો આંક ફાળવ્યો છે.** આમ, અંકોની ફાળવણી કરવાથી એક એક કરતાં જુદા નંબરો રચવાનું કામ સરળ બને છે. ૧૦ અંકોને ઉલટસુલટ ગોઠવીને લાખો નંબરો મેળવી શકાય. એટલે સુવિધા માટે મોબાઈલમાં ૧૦ આંકડાના નંબર રાખેલા છે.

## કોમ્પ્યુટર નેટવર્ક

શહેરો, ગામ અને તેના વિસ્તારો રસ્તા વડે જોડાયેલા હોય છે તે જ રીતે ઘણા બધા કોમ્પ્યુટરો એકબીજા સાથે વાયર વડે વાયરલેસ પધ્ધતિથી જોડાઈ શકે છે. આ માળખાને નેટવર્ક કહે છે. **તમારા ઘરમાં એકથી વધુ કોમ્પ્યુટર હોય તો તમે બધા કોમ્પ્યુટરને એકબીજા સાથે જોડીને નાનું નેટવર્ક ઊભું કરી શકો.**

નાના નેટવર્ક એક મુખ્ય હબ વડે એકબીજા સાથે જોડાયેલાં રહે છે. **જ્યારે અનેક શહેરોમાં રહેલા બધા કોમ્પ્યુટરને જોડતાં મોટા નેટવર્કનું માહિતી પ્રસારણ રાઉટર મારફત થાય છે.**

નેટવર્કનાં બધા કોમ્પ્યુટર માહિતીની આપ-લે અને સંગ્રહ માટે સર્વરનો આધાર લે છે. મુખ્ય સર્વર નેટવર્કના બધાં કોમ્પ્યુટરનો નેતા છે. નેટવર્કના ઘણા પ્રકાર છે. પેન (PAN) એટલે પર્સનલ એરિયા નેટવર્ક કે જે એક વ્યક્તિને ઉપયોગી છે. લેન (LAN) એટલે લોકલ એરિયા નેટવર્ક કે જે એક ઓફિસના બધા કોમ્પ્યુટરને એકબીજા સાથે જોડે છે. કેન (CAN) એટલે કેમ્પસ એરિયા નેટવર્ક કે જે યુનિવર્સિટીઓ જેવા વિશાળ સંકુલમાં રહેલાં બધા કોમ્પ્યુટરને જોડે છે.

મેન (MAN) એટલે મેટ્રોપોલિટન એરિયા નેટવર્ક કે જે મોટા શહેરનાં બધા કોમ્પ્યુટરને જોડે છે.

**વેન (WAN) એટલે વાઇડ એરિયા નેટવર્ક કે જે હવે આવનારી પેઢીનું નેટવર્ક છે અને વિશ્વનાં બધાં કોમ્પ્યુટરોને વાયરલેસ પદ્ધતિથી જોડી શકશે.**

## MRI મશીનનો શોધક : રેમન્ડ વહાન ડેમેડિયન

માણસને થતા રોગોની તપાસ કરવા માટે ઘણી પદ્ધતિઓ શોધાઈ છે પરંતુ આધુનિક MRI પદ્ધતિ સૌથી વધુ કાર્યક્ષમ છે. **MRI મશીનથી શરીરના આંતરિક ભાગોની ઝીણવટભરી તસવીરો જોવા મળે છે.** આ ઈમેજિંગ પદ્ધતિ સંપૂર્ણ તપાસ તેમજ કેન્સર જેવા ઘાતક રોગોના નિદાન માટે પણ ઉપયોગી થાય છે. MRI મશીનની શોધ રેમેન્ડ ડેમેડિયન નામના વિજ્ઞાનીએ કરેલી.

રેમન્ડ વહાનનો જન્મ ઈ.સ. ૧૯૩૬ના માર્ચની ૧૬ તારીખે અમેરિકાના ન્યુયોર્કમાં થયો હતો. વિસ્કોન્સિવ યુનિવર્સિટીમાં મેથેમેટિક્સમાં બેચલર થયા બાદ આલ્બર્ટ આઈન્સ્ટાઈન કૉલેજમાંથી એમ.ડી.ની ડિગ્રી મેળવી હતી. સજીવોના શરીરમાં પોટેશિયમ અને સોડિયમ હોવાથી તે મેગ્નેટિક ફિલ્ડ સામે પ્રતિક્રિયા આપે છે તેવા સિદ્ધાંત સાથે તેણે કરેલા પ્રયોગો દ્વારા મેગ્નેટિક ફિલ્ડ દ્વારા શરીરની આંતરિક ઈમેજ લેવાની પદ્ધતિનું આલેખન કર્યું હતું. આ પદ્ધતિથી કેન્સરની ગાંઠ ઓળખી શકાય છે તેમ જાહેર કરીને તેણે એક યંત્ર બનાવ્યું.

૧૯૭૭માં તેણે પોતાના MRI મશીન દ્વારા કેન્સરનું નિદાન કરવામાં સફળતા મેળવી. આ શોધ બદલ તેને અમેરિકામાં ઘણા બધા સન્માન મળેલા. MRI મશીન બનાવીને ઉત્પાદન કરવા માટે તેણે ફોનાર કંપની સ્થાપી હતી. MRI ની શોધ બદલ તેને અમેરિકાનો નેશનલ મેડલ ઓફ ટેકનોલોજી, બોવર ઍવોર્ડ, બાયોસાયન્સ ઇનોવેશન ઍવોર્ડ વગેરે ઍવોર્ડ એનાયત થયેલા. ૨૦૦૩માં મેડિસિનના નોબેલ ઇનામ માટે તેનું નામ વિવાદાસ્પદ બનેલું.

## વિશ્વની ૨૭૦૦થી વધુ ભાષાઓ

પ્રાચીનકાળમાં શિલાલેખોમાં વિવિધ પ્રકારની લિપિ જોવા મળે છે પરંતુ માણસ વ્યવસ્થિત ભાષા બોલતા ક્યારે શીખ્યો તે અંગે વિજ્ઞાનીઓ મુંઝવણમાં છે. ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં

મેસોપોટેમિયામાં સાંકેતિક ભાષાની શરૂઆત થઈ હતી. આજે વિશ્વભરમાં ૨૭૦૦ કરતાં વધુ ભાષા બોલાય છે અને તે પણ ૭૦૦૦ જેટલી જુદી જુદી લઢણ સાથે.

ઈન્ડોનેશિયામાં લગભગ ૩૬૫ જેટલી ભાષાઓ બોલાય છે. આફ્રિકાના દેશોમાં એક હજાર કરતાં વધુ ભાષાઓ છે. **વિશ્વની સૌથી જટીલ ભાષા સ્પેનની છે.** તેની બાસ્કી ભાષા અન્ય કોઈ ભાષા સાથે સંકળાયેલ નથી. અંગ્રેજી પછી સૌથી વધુ બોલાતી ભાષા મેન્ડેરિન છે. સંસ્કૃતિઓનો મેળાપ થાય ત્યારે જુદી ભાષા પેદા થાય છે. એકલા લંડનમાં જ અંગ્રેજી ભાષા લગભગ ૭૦૦ લઢણથી બોલાય છે. **સોમાલિયા એક જ દેશ એવો છે કે જ્યાં આખા દેશમાં સોમાલી ભાષા જ બોલાય છે.** ભારતમાં રાજ્ય પ્રમાણે અલગ અલગ ભાષાઓ છે. તેમાંય જાતજાતની લઢણો હોય છે. ગુજરાતી ભાષામાંય કાઠિયાવાડી, કચ્છી, ઉત્તર ગુજરાતની ખાસ લઢણ જેવી વિવિધતા જોવા મળે છે.

### NanoNine® શબ્દ રમત-૧૭૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૃ | હો | ધો | ગ | | ચ | | ધે | નુ | | દ | વા |
| હ | જ | | ત | બ | લ | ચી | | ક | ચ | વા | ટ |
| સ્થ | | | ક | ળ | ણ | | વ | સા | હ | ત | |
| | ઘ | ર | ડું | | | | ચે | ન | લ | | દા |
| ફ | રા | ક | | બ | વ | | ટ | | પ | ર | વા |
| | ક | મ | જો | ર | | આ | | | હ | | ન |
| જો | | | રા | ત | વા | સો | | વ | લ | વ | લ |
| ક | લ | ર | વ | | મ | | કા | જી | | હે | |
| ર | વ | | ર | | ન | વ | કા | ર | | મ | ન |
| | લે | ક | | ચા | | | કૌ | | કિ | | ડ |
| ન | ટ | વ | ર | | ખ | | વા | ર | સા | ગ | ત |
| ચ | ર | ર | | ચ | ર | ણ | | જ | ન | | ર |

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી ગૂર્જર જૈન પરિવાર : હૈદ્રાબાદ - સિકંદ્રાબાદ
## ૧૯મી વાર્ષિક સામાન્ય સભા

'સોસાયટી'ની ૧૯મી વાર્ષિક સામાન્ય સભા કોરોનાની વર્તમાન પરિસ્થિતિના કારણે શક્ય ન હોતાં, સભાના એજન્ડા મુજબ :

૧. ગત સભાની મિનિટ્સ

૨. ચેરમેનશ્રીનો વાર્ષિક અહેવાલ

૩. વર્ષ ૨૦૨૦-૨૧નું ઓડિટેડ સરવૈયું અને આવક-જાવકનો અહેવાલ સભ્યોને મોકલાવી મંજૂરી મેળવવામાં આવી હતી.

વર્ષ દરમિયાન સંસ્થાની રૂા. ૩૮ લાખની મૂડી, રૂા. ૧૨.૩૧ લાખની શેરમૂડી અને સભ્યો પાસેથી મેળવેલ રૂા. ૨૨.૩૫ લાખની અન્ય થાપણો સામે રૂા. ૩૮.૭૫ લાખની લોન સભ્યોને ફાળવવામાં આવી હતી.

વર્ષ દરમિયાન કુલ આવક રૂા. ૫,૮૭,૯૯૩ માંથી થાપણો સામે વ્યાજ અને અન્ય ખર્ચ બાદ કરીને સભ્યોને શેર મૂડી ઉપર ૧૨% વાર્ષિક ડિવિડંડ રૂા. ૧,૪૭,૫૪૫ આપવામાં આવ્યું હતું, એમ શ્રી કચ્છી ગૂર્જર જૈન પરિવાર, હૈદ્રાબાદ - સિકંદ્રાબાદના મેનેજિંગ ડાયરેક્ટર નલીન શાહની એક યાદીમાં જણાવાયું છે.


## શ્રી દક્ષિણ ભારત કચ્છી ગૂર્જર જૈન પરિવાર
## સાધર્મિક સુશ્રાવિકા ભક્તિ - ૨૦૨૧

કોરોનાના બીજા કહેરે ફરી એકવાર આપણી અમુક સાધર્મિક શ્રાવિકાઓના ઘર - રસોડાનું બજેટ ખોરવી નાખ્યું છે. ત્યારે ''પરિવાર'', દક્ષિણ ભારતમાં વસતા આશરે ૧૦૦૦ પરિવારોની 'ખમતીધર' શ્રાવિકાઓ કે જેમની ૨૦૨૦ની મહામારીમાં, કદાચ આવક ઓછી થઈ હશે તો પણ દેવ-ગુરૂની અસીમ કૃપાથી ઘર-રસોડાની વ્યવસ્થા સચવાઈ ગઈ... તેઓ આગળ આવે... અને પોતાના ''સ્ત્રી ધન''માંથી ૨૦૨૧માં કોરોના મહામારીને કારણે મુશ્કેલીમાં મૂકાયેલ હોય તેવી આપણી સાધર્મિક શ્રાવિકાઓના 'અક્ષય પાત્ર'ને છલકાવી આપે. જેથી તેમને આખા વર્ષ દરમિયાન ઘર ચલાવવામાં સરળતા રહે.

આપની નાનકડી પહેલ પણ આપણી બહેનના ઘરમાં અજવાળું કરશે... આપ આપની રકમ પરિવારના બેંક ખાતામાં ચેક / NEFTથી જમા કરાવી શકશો.

Sri Dakshin Bharat Kutchi Gurjar Jain Parivar
BANK OF INDIA, Sultan Bazar Branch, Hyderabad.
Saving A/c. No. 8607 1010 000 8147, IFSC : BKID 000 8607

વધુ વિગત માટે મો. નં. ૯૪૪૦૬ ૦૧૬૬૯ ઉપર સંપર્ક કરશો એમ શ્રી દક્ષિણ ભારત કચ્છી ગૂર્જર જૈન પરિવારના માનદ્ મંત્રી પ્રદીપ સંઘવીની એક યાદીમાં જણાવાયું છે.



ગેમ્સ ગેલેરી

# હિંદી ફિલ્મના ગીત બતાવશો...



ભાવના એ. ઝવેરી

નીચે દર્શાવેલ દરેક ક્લુમાં આપેલ અક્ષરોનો ઉપયોગ કરી હિંદી ફિલ્મના ગીત બતાવશો....

*ઉદાહરણ તરીકે :*

★ ભો સુ દિ ખો = ભોલી સુરત દિલકે ખોટે...

૧. હ ઉ જા મે લા દુ

૨. ક દી જ ક દિ

૩. તે જા દિ ક અ ક લુ જા

૪. આ મુ અ લ લ

૫. આ આ આ આ આ આ

૬. ગૈ પ ક અ પ સી

૭. આ સ ઉ આ બ જા સ ઉ જા બ

૮. હ દો દો પ્રે દુ છો ચ

૯. ગો તે ગા બ પ્યા

૧૦. હ હુ નૂ ચે કા જુ

૧૧. પા ખા સૈ હ

૧૨. ઝિ સિ આં હો

૧૩. રો ક ન રો ચા તૂ જ

૧૪. યે ક જ ત ફૂ લ કે ખિ

૧૫. દુ બ વ ક્યા તે મ સ

૧૬. જ દી જ આ જ શા ઢ આ

૧૭. ઘ ઘ મે દિ ધ

૧૮. ન ક સી પ્યા ભ

૧૯. બે સ ઉ ગ જો ક

૨૦. હો તો હો ર અ ના હો

૨૧. શા ઢ ખિ ત તુ સી બ છો

૨૨. રુ રુ પિ મ કે

૨૩. ચં ઢુ સ તા નિ પ

૨૪. મે બે બે મ તો

૨૫. ચ ઈ બા ફિ અ બ જા હ દો

૨૬. ચ કે ફૂ ભી તુ ગુ ક હૈ

૨૭. મે પ ગ રં વ

૨૮. બે શા મે અ દિ

૨૯. પં બ ઉ ફિ મ ગ

૩૦. સ ટો લા હા રે રુ

*(જવાબો અન્યત્ર આપેલા છે....)*

## આત્મસંતોષથી વધીને મોટો કોઈ ઈલકાબ નથી

વિદ્યાર્થી માટે ઈનામ - અકરામ કે સન્માનના પ્રસંગો યાદગાર હોય છે. એનાથી ચોક્કસ એનામાં ચેતનાનો સંચાર થાય છે. કોઈક એમની પીઠ થપથપાવતું હોય એવી લાગણી થાય છે. આમ જોઈએ તો સ્કૉલરશિપ કે સ્પર્ધાઓના અંતે જાહેર થતાં વિજેતા, મેડલ, પ્રમાણપત્રની અર્પણવિધિ આ તમામ પ્રોત્સાહક ચીજો છે. સમાજ, સંસ્થા કે શાળાએ આ બધું કરવું પણ જોઈએ. પરંતુ આપણે જો બાળકોને આત્મસંતોષના પાઠ શીખવીએ તો એથી વધીને બીજો કોઈ મોટો ઈલકાબ હોતો નથી.

આપણી સમગ્ર વ્યવસ્થામાં સતત દોડતા અશ્વની માફક આપણે વિદ્યાર્થીને ટપારતા રહીએ છીએ. એ હકીકત પણ છે કે પ્રબળ જિજીવિષા થકી જ કશુંક પ્રાપ્ત થતું હોય છે. માણસે શીખવાની ઉંમરે મહત્ત્વાકાંક્ષી બનવું જોઈએ પણ આ જ બાબતે અતિરેક ના થાય એ પણ જોવું જરૂરી છે. વિદ્યાર્થીમાં સ્પર્ધાત્મક વિચારો એ હદે ઘર ના કરી જવા જોઈએ કે એને કોઈ વાજબી સફળતા પછી પણ આત્મસંતોષની અનુભૂતિ ના થાય. સતત અસંતોષ કે અભાવની સ્થિતિ લાંબાગાળે આપણા માનસને એકવિધતાનો શિકાર બનાવે છે. આપણને જગતમાં આપણી સિદ્ધિઓ સિવાયની તમામની સફળતા ઉચ્ચ લાગે છે. એક નકારાત્મક લાગણીનું પડ આપણી આસપાસ ઘેરાઈ જાય છે. એમાંથી જે લઘુતાના ભાવો પ્રગટે છે એ વિદ્યાર્થીને નિસ્તેજ બનાવે છે. આપણે જાણે અજાણે આપણી જાતને અન્યાય કરતા રહીએ છીએ.

આત્મવિશ્વાસ સંપન્ન થાય ત્યારે કેળવણીનો યથાર્થ અમલ થયો ગણાય. જગતના પ્રચલિત માપદંડો, ઈનામ કે સન્માન અમુક હદ સુધી આપણા વ્યક્તિત્વને ઉપસાવવા સમર્થ છે. માણસને સાચા અર્થમાં પ્રતિભાસંપન્ન બનાવવો હોય – એને સમગ્રતયા સફળ વ્યક્તિ તરીકે ખીલવવો હોય તો એને સ્વયંતૃપ્તિનો અનુભવ કરાવવો જરૂરી છે. આત્મસંતોષથી વધીને જગતમાં બીજો કોઈ ઈલકાબ ના હોઈ શકે!

**– રમેશ ઠક્કર (સૌજન્ય : "ભણતરનું ભાવજગત")**

## NanoNine® શબ્દ રમત-૧૭૨

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ■ | ■ | ૬ | | ૭ |
| ૮ | | ■ | ૯ | | ■ | | ■ | ૧૦ | | ■ | |
| ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | | ■ |
| | ■ | ૧૬ | ■ | ૧૭ | | | ■ | ૧૮ | | ■ | ૧૯ |
| ૨૦ | | ■ | ૨૧ | | | ■ | ૨૨ | | ■ | ૨૩ | |
| ■ | ■ | ■ | ■ | ■ | ■ | ૨૪ | | ■ | ૨૫ | ■ | |
| ■ | ૨૬ | ૨૭ | | ૨૮ | | ■ | ૨૯ | ૩૦ | ૩૧ | | ■ |
| ૩૨ | | | ■ | | ■ | ૩૩ | ■ | ૩૪ | | ■ | ૩૫ |
| ■ | | ■ | ૩૬ | ■ | ૩૭ | | ૩૮ | | ■ | ૩૯ | |
| ૪૦ | | ■ | ૪૧ | | ■ | ■ | | ■ | ૪૨ | | |
| | ■ | ૪૩ | | ■ | ૪૪ | | | ૪૫ | ■ | ૪૬ | |
| | ■ | | ■ | ૪૭ | | ■ | ■ | ૪૮ | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૭-૨૦૨૧ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ચાર મિનારવાળું દક્ષિણ ભારતનું એક શહેર (૫)
૬. ચીં ચીં બોલતું પક્ષી (૩)
૮. ભાવ, કિંમત, પ્રાણીએ જમીનમાં રહેવાને કરેલું છિદ્ર (૨)
૯. શરત (૨)
૧૦. માલા મેડે મજલો (૨)
૧૧. નકામું ગણી બાતલ કરેલું (૨)
૧૨. તલવાર (૪)
૧૫. મીઠું, (૩)
૧૬. ટેવ, ખાર, એક રમત (૧)
૧૭. કબર પાસે ભટકનારું પ્રાણી, ઘોરખોદિયો, તરસ (૩)
૧૮. કઠોળનું દળ, એની બનાવેલી વાનગી (૨)
૨૦. લય પામેલું, ગરક, તલ્લીન (૨)
૨૧. ઘંટીના હેઠલા પડમાં વચ્ચોવચ્ચ આવેલી ખીલી (૩)
૨૨. પૈસા, નાણું, સોનું, ____, જમીન અને જોરૂ – ત્રણેય કજિયાના છોરું (૨)
૨૩. પાણીનો એક કુંડ (૨)
૨૪. કાક, કાગડો (૨)
૨૬. મનને ગમતું (૫)
૨૯. તલની બનાવેલી મીઠાઈ (૪)
૩૨. વિનોદ કરનારું (૩)
૩૪. હસાવી, ખેલાવી રાજી રાખવું તે (૨)
૩૭. ઝટઝટ (૪)
૩૯. ફરિયાદ, ચાડી (૨)
૪૦. વજન (૨)
૪૧. પરિણામ (૨)
૪૨. અક્કલ, ડહાપણ (૩)
૪૩. સંવત (૨)
૪૪. સુઝ, સમજણ (૪)
૪૬. નિશા, રાત્રિ (૨)
૪૭. રાજ્ય, રાજા (૨)
૪૮. ચણાના લોટની એક મીઠાઈ (૩)

### ઊભી ચાવીઓ

૧. ટીપુ સુલતાનના પિતા (૫)
૨. દરદવાળું, માંદુ (૩)
૩. ચાલાક, હોંશિયાર (૩)
૪. કોઈ જગ્યાએ અટક્યા વગરની મજલ, વિસામો લીધા વિના (૫)
૫. ચોક્કસ જાતના પથ્થરની પડતી ચળકદાર પતરી, એ પ્રકારની ધાતુ (૪)
૬. અજંપો, વલોપાત, આંદોલન (૪)
૭. લુગડાનો લાંબો કકડો, ચીરો (૨)
૧૦. ધનવાન, તવંગર (૪)
૧૪. લોહી તરી આવવાથી મોં પર પડતો લીસોટો (૩)
૧૯. જઠર, પેટ (૩)
૨૨. સૃષ્ટિ, વિશ્વ, દુનિયા (૩)
૨૫. ખાંધે બોજો ઉપાડવાને બનાવેલી, શ્રવણે બેસાડીને મા-બાપને યાત્રા કરાવી(૩)
૨૬. મોહક, સુંદર (૪)
૨૭. સરિતા (૨)
૨૮. મેશ, કાજળ (૨)
૩૦. કપાળ (૩)
૩૧. બાપ તેવા બેટા, ____ તેવા ટેટા (૨)
૩૩. ધાતુને લાગેલો મેલ, ખંધુ, લોભી (૨)
૩૫. સારવાર, સંભાળ (૪)
૩૬. શબને ઓઢાડવાનું કપડું (૩)
૩૮. ફૂલમાંની રજ (૩)
૩૯. રામનું રાજ્ય, ન્યાયી અને સુખી રાજ્ય(૪)
૪૦. હિંદુસ્તાન, ઈન્ડિયા (૩)
૪૩. ઈન્દ્રાણી (૨)
૪૪. હાથી (૨)
૪૫. બાળ ભાષામાં ખાવાનું (૨)

*જીવનમાં કોઈ દિવસ કોઈનું અપમાન ના કરતા. આ વસ્તુ વ્યાજ સહિત પાછી મળવાની સંભાવના વધારે છે.*

# પુસ્તક પરિચય

*પુસ્તકનું નામ* : તારા ગયા પછી....! (લઘુકાવ્ય સંગ્રહ)
*કવિ* : રમેશ પટેલ
*પ્રકાશક* : કોમલ પબ્લિકેશન
સર્વોદય કોમ. સેન્ટર, જી.પી.ઓ. પાસે, અમદાવાદ-૧.
*પૃષ્ઠ સંખ્યા* : ૧૨૦
*પ્રથમ આવૃત્તિ* : ડિસેમ્બર ૨૦૧૭
*કિંમત* : રૂા. ૧૩૫/-

***આસ્વાદક : તુષાર દેસાઇ***

★ *રાતે ઝબક ઝબક થતા તારાઓમાં*
*તારા અંતિમ શ્વાસની ઉષ્મા*
*મને દઝાડે છે.*

ચંદ્ર અને તારાઓ શીતળતા બક્ષે, પણ કવિને જે દુઃખ આવી પડ્યું છે — વહાલી પત્નીના નિધનનું — એથી કવિને એવું લાગે છે, જાણે પત્નીના ગરમ ગરમ અંતિમ શ્વાસોની ઉષ્મા તેમને દઝાડી રહી છે. આમ તો, ચંદ્રમા અને તારલાઓ ઠંડક પ્રદાન કરે, પણ આ તબક્કે, કવિના નિજી જીવનના દુઃખમાં તેઓ સહભાગી થઈ શકતા નથી.

★ *વરસાદ વરસે છે*
*કાગળમાં ઊગી નીકળે છે*
*ઘાસ જેવી : કવિતા.*

**કવિની કલ્પના શક્તિ જુઓ. કેટલી નયનરમ્ય છે.** વરસાદ વરસે અને ભૂમિ પર ઘાસ ઊગી નીકળે તેમ વરસતા વરસાદે કવિની કલ્પનાશક્તિ જાગૃત થઇ, ઘાસ જેવી કોમળ, સ્પંદનોથી ફરફરતી, લીલીછમ ઝાંયવાળી કવિતા રચી દે છે. આજ તો કવિ અને સામાન્ય વ્યક્તિ વચ્ચેનો ફરક છે. જે સામાન્ય જણને નથી દેખાતો, તે ભાવ કવિની દૃષ્ટિ પારખી લે છે અને રચાઈ જાય છે એક સુમધુર કવિતા!

★ *ચોમાસામાં મોરનું*
*આરંગેત્રમ નિહાળે છે*
*ઈન્દ્રધનુષ.*

વરસાદી માહોલમાં નભમાં રચાય છે ઈન્દ્રધનુષના સાત રંગો અને આ રંગો નિહાળી, ધરતી પરના મોર ઠેક લઇ, કળા કરે છે અને તા તા થૈ થૈ નાચી, ડોકના સો સો કટકા કરી સમગ્ર વાતાવરણ ગજવી મૂકે છે. **જેમ શહેરી જીવનમાં, હોલમાં બેસી આપણે કોઈ સ્નેહીની દીકરીનું આરંગેત્રમ જોઈએ છીએ, તે જ પ્રમાણે ઇન્દ્રધનુષ મોરનું આરંગેત્રમ નિહાળે છે.**

★ *ઈશ્વરના આંસુઓથી*
*છલોછલ ભરેલું પાત્ર*
*છે : દરિયો.*

કવિની કલ્પનાશક્તિ એમ કહે છે કે પૃથ્વી પરના મનુષ્યોનાં દુઃખ-દર્દ, લાચારી, દુષ્કૃત્યો નિહાળી ઈશ્વરની આંખોમાં પણ આંસુ આવે છે. જગત નિયંતાની આંખો છલકાઈ, બિડાતી જાય છે અને જે પાત્રમાં એ આંસુઓ ઝીલાય છે એ જ પાત્ર અંતે દરિયાનું રૂપ ધારણ કરી લે છે.

★ *હોવું, બસ કેવળ હોવું*
*અને બસ કવિ હોવું*
*એ જગતમાં જેવી-તેવી*
*ઘટના તો નથી જ.*

જગતના પ્રપંચોથી દૂર, કેવળ કલ્પના શક્તિને પાંખો આપી, કવિતા લેખનમાં રમમાણ રહેનાર કવિ મિત્રોને એક દુષ્કર સાહિત્યિક આયામ છે. અત્યારના ભૌતિકતાવાદી જીવનમાં ભૌતિક જરૂરિયાતો ઉવેખીને, **કવિતાને જ જીવન સમર્પિત કરી દેનાર, કવિતાને ખોળે માથું મૂકી દેનાર કવિઓનાં જેટલા વખાણ થાય એટલા ઓછા છે.**

★ *રિપુને પણ*
*ચાહી ચાહીને ઊજવી રહ્યો છું*
*ફ્રેન્ડશિપ ડે!*

ઊજવવા ખાતર તો ઘણા બધા લોકો 'ફ્રેન્ડશિપ ડે' ઊજવતા હોય છે, પણ ફ્રેન્ડશિપ ડે ના દિવસે પોતાના સર્કલમાં, પાસ પડોશમાં, ઓફિસમાં **જે કાયમ આપણા વિરોધી તરીકે વર્તતા હોય, તેને પણ બોલાવી, મીઠાશથી વાત કરી, ચા પીવડાવી વિદાય કરીએ તો એ જ ફ્રેન્ડશિપ ડે ની સાચી ઉજવણી કરી કહેવાય.** બાકી તો સ્કૂલ - કોલેજના છોકરા - છોકરી રિવરફ્રન્ટના ગાર્ડનમાં કે હોટલ રેસ્ટોરન્ટમાં એકબીજાને મળે, ફૂલ આપે, નાસ્તા-પાણી કરે અને છૂટા પડે એ તો ફ્રેન્ડશિપ ડે ની ચીલાચાલુ રીતરસમ છે.

***૧૬/૫, ગોદાવરી ફ્લેટ-૧,***
***વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭. • મો. ૯૪૨૭૪ ૫૪૫૧૮***

*લીમડો કડવો અને ખાંડ મીઠી હોય છે.*
*બંનેમાંથી શ્રેષ્ઠ કોણ*
*એ તો લાંબા સમયે જ સમજાય છે.*

# ગાંધી આવા હતા

"દિલ્હીની મારી છેલ્લી મુલાકાત વખતે ગાંધીજીને વંદના કરવા માટે જ્યારે હું ગાંધી સમાધિ પાસે ઊભો હતો ત્યારે મને મનમાં વિચાર આવી ગયો કે જેમાં કોઈ દેશ નેતાએ રાજકીય મુક્તિ મેળવવા માટે સફળતાપૂર્વક જંગ ખેલીને કેવળ પોતાના જ દેશબંધુઓનું જ નહીં પરંતુ જેના શાસનમાંથી પોતે તે દેશના લોકોને પણ મુક્ત કરવામાં સહાય કરીને તે રાષ્ટ્રનું પણ કલ્યાણ કર્યું હોય એવું બીજું કોઈ ઉદાહરણ ઈતિહાસમાં ક્યાંય મળતું નથી. ગાંધીજીએ ભારત ઉપર શાસન ચલાવવાનું મારા દેશના લોકો માટે અશક્ય બનાવી દીધું. એ સાથે સાથે આ કાર્ય એમણે એવી રીતે કર્યું કે કોઈપણ પ્રકારની ભોંઠપ, માનહાનિ કે અપકીર્તિ વહોર્યા વગર બ્રિટીશરો માટે આ દેશમાંથી પાછા હટી જવાનું શક્ય બન્યું. મારે કહેવું જોઈએ કે ગાંધીજીએ મારા દેશની જે સેવા બજાવી છે તે એમણે પોતાના દેશની બજાવેલી સેવાથી લેશમાત્ર પણ ઓછી મહાન નથી. કોઈ રાજ્ય - પ્રજા ઉપર આધિપત્ય જમાવવું એ પ્રમાણમાં આસાન કાર્ય છે. પરંતુ એક વખત આવું આધિપત્ય જમાવ્યા પછી તેને જતું કરી દેવું એ તો ખૂબ જ કપરું કાર્ય છે. જ્યારે કોઈ સરકારને લડતનો સામનો કરવો પડે - પછી ભલે એ લડત નૈતિક રીતે વાજબી હોય, ત્યારે બળનો ઉપયોગ કરીને પોતાની સત્તા ટકાવી રાખવાના પ્રયત્નો કરવા એ એમના માટે સહેલું છે. અને જો એક વખત પણ એ લડત હિંસાનું રૂપ ધારણ કરે તો કોઈપણ પક્ષ માટે એમાંથી હેમખેમ પાર ઉતરવાનું અશક્ય જ છે. અને એમાં પણ શાસક પક્ષ માટે તો કોઈ પ્રકારના માનભર્યા માર્ગની સંભાવના રહેતી નથી. ઈતિહાસની તદ્દન સામાન્ય કરુણતાઓમાંની આ એક છે. ગાંધીજીએ બ્રિટનને તથા ભારતને એમાંથી ઉગારી લીધા અને આ કાર્ય એમણે ક્ષુદ્ર રાજકારણની સપાટીથી પર એવા આધ્યાત્મિક સ્તર પર સારીયે લડતને પ્રતિષ્ઠિત રાખવાની ભારતના લોકોને પ્રેરણા આપીને સિધ્ધ કર્યું."

*– આર્નોલ્ડ ટોયમ્બી*

*તેમના પુસ્તક 'વન વર્લ્ડ'માંથી*

*ગુજરાતી અનુ. ડૉ. કે.એમ. આચાર્ય - જામનગર*

NanoNine® **Sudoku** રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૩૦અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૭-૨૦૨૧ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

## ક્રમાંક - ૧૧૩૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | 1 | | 4 | | 5 | |
| | | 8 | | | | 9 | | 4 |
| 6 | 5 | | 9 | 8 | | | | |
| | | | | 1 | 7 | 4 | | 2 |
| | 8 | 1 | | | | 5 | 3 | |
| 4 | | 9 | 5 | 3 | | | | |
| | | | | 4 | 8 | | 7 | 9 |
| 9 | | 7 | | | | 6 | | |
| | 4 | | 3 | | 9 | | 1 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2 | 5 | | | 6 | | 7 |
| | | 3 | 9 | | | | 2 | 4 |
| 7 | 5 | | 2 | | | | | |
| 8 | | | | 3 | | 2 | 7 | |
| | 2 | | 7 | | 1 | | 5 | |
| | 7 | 5 | | 8 | | | | 1 |
| | | | | | 7 | | 3 | 5 |
| 6 | 1 | | | | 4 | 9 | | |
| 5 | | 8 | | | 9 | 7 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | | | 2 | | | 1 |
| | | 7 | 6 | | 9 | | 2 | |
| 4 | | 8 | | 3 | | | | 9 |
| | | | 5 | | | 9 | 8 | 7 |
| | 7 | | | 9 | | | 6 | |
| 1 | 8 | 9 | | | 6 | | | |
| 7 | | | | 6 | | 2 | | 3 |
| | 5 | | 2 | | 7 | 4 | | |
| 9 | | | 3 | | | 7 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 7 | 1 | | | 9 | | |
| | | 2 | | 9 | | | 6 | |
| | 1 | | 8 | | | | 7 | 2 |
| | 6 | 4 | 2 | | | | | 3 |
| 9 | | | | 1 | | | | 4 |
| 1 | | | | | 9 | 7 | 5 | |
| 4 | 9 | | | | 2 | | 1 | |
| | 5 | | | 7 | | 6 | | |
| | | 1 | | | 5 | 3 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૨૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4 | 3 | 2 | 6 | 8 | 5 | 9 | 7 |
| 7 | 8 | 2 | 9 | 3 | 5 | 4 | 6 | 1 |
| 6 | 5 | 9 | 4 | 7 | 1 | 8 | 2 | 3 |
| 4 | 1 | 8 | 5 | 9 | 7 | 2 | 3 | 6 |
| 3 | 9 | 6 | 8 | 4 | 2 | 1 | 7 | 5 |
| 5 | 2 | 7 | 3 | 1 | 6 | 9 | 8 | 4 |
| 8 | 3 | 1 | 7 | 5 | 9 | 6 | 4 | 2 |
| 9 | 6 | 4 | 1 | 2 | 3 | 7 | 5 | 8 |
| 2 | 7 | 5 | 6 | 8 | 4 | 3 | 1 | 9 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 8 | 1 | 9 | 6 | 7 | 5 | 2 |
| 7 | 6 | 9 | 2 | 5 | 8 | 1 | 4 | 3 |
| 1 | 2 | 5 | 4 | 3 | 7 | 8 | 6 | 9 |
| 6 | 8 | 2 | 9 | 1 | 4 | 5 | 3 | 7 |
| 5 | 9 | 1 | 6 | 7 | 3 | 2 | 8 | 4 |
| 3 | 7 | 4 | 8 | 2 | 5 | 9 | 1 | 6 |
| 8 | 5 | 7 | 3 | 6 | 9 | 4 | 2 | 1 |
| 9 | 1 | 6 | 5 | 4 | 2 | 3 | 7 | 8 |
| 2 | 4 | 3 | 7 | 8 | 1 | 6 | 9 | 5 |


**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 6 | 8 | 9 | 5 | 2 | 3 | 7 | 1 |
| 9 | 1 | 7 | 3 | 8 | 6 | 2 | 5 | 4 |
| 5 | 2 | 3 | 1 | 7 | 4 | 9 | 8 | 6 |
| 8 | 4 | 9 | 5 | 6 | 3 | 7 | 1 | 2 |
| 1 | 3 | 6 | 4 | 2 | 7 | 5 | 9 | 8 |
| 2 | 7 | 5 | 8 | 1 | 9 | 4 | 6 | 3 |
| 6 | 5 | 4 | 2 | 9 | 1 | 8 | 3 | 7 |
| 7 | 8 | 2 | 6 | 3 | 5 | 1 | 4 | 9 |
| 3 | 9 | 1 | 7 | 4 | 8 | 6 | 2 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 2 | 9 | 3 | 7 | 6 | 8 | 1 |
| 6 | 1 | 3 | 4 | 8 | 2 | 5 | 7 | 9 |
| 9 | 8 | 7 | 5 | 1 | 6 | 2 | 4 | 3 |
| 2 | 3 | 9 | 1 | 6 | 4 | 8 | 5 | 7 |
| 1 | 7 | 5 | 2 | 9 | 8 | 3 | 6 | 4 |
| 8 | 6 | 4 | 7 | 5 | 3 | 1 | 9 | 2 |
| 3 | 4 | 6 | 8 | 7 | 1 | 9 | 2 | 5 |
| 7 | 9 | 8 | 3 | 2 | 5 | 4 | 1 | 6 |
| 5 | 2 | 1 | 6 | 4 | 9 | 7 | 3 | 8 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736



## સરનામા ફેરફાર

- **મયૂર ચંદ્રકાંત કાનજી દેઢિયા**
  બી-૧૪૦૩, સનમિસ્ટ એપાર્ટમેન્ટ,
  એન.એસ. ફાલકે રોડ, તેલી ગલી સામે,
  અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૯.
  મો. ૯૬૧૯૦ ૯૨૫૩૩

## સગાઈ

- **ગુરુવાર, તા. ૧૧-૩-૨૦૨૧**
  ચિ. હીરેન ગુલાબચંદ સાવલા (ડોણ – અમદાવાદ)
  ચિ. હીરલ મહેશભાઈ કોઠારી (મોરબી – મુંબઈ)

## પુત્રી જન્મ

- **શુક્રવાર, તા. ૫-૩-૨૦૨૧**
  **ચિ. યાશિકા વૈભવી ઋષભ સંદીપ ગોગરી**
  **(કોડાય – અમદાવાદ)**

## અવસાન નોંધ – પુષ્પાંજલિ

- **મંગળવાર, તા. ૪-૫-૨૦૨૧**
  શાંતિલાલ ઊજમશી સંઘવી (ઉં.વ.-૮૭)
  (સાંતલપુર – અમદાવાદ)

- **શનિવાર, તા. ૨૬-૬-૨૦૨૧**
  પ્રવીણચંદ્ર પાસુભાઈ પુંજાભાઈ શાહનંદ (ઉં.વ.-૭૫)
  (ડુમરા – અમદાવાદ)

*સદ્‌ગતશ્રીઓના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

*કાર્ય કરવું એ ઘણું સારું છે. પરંતુ તે વિચારમાંથી આવે છે.... માટે મસ્તિષ્કને ઉન્નત વિચારોથી, સર્વોચ્ચ આદર્શોથી ભરી દો. તેમને અહર્નિશ તમારી દૃષ્ટિ સમક્ષ રાખશો તો તેમાંથી જ મહાન કાર્યોનો જન્મ થશે.*

*– સ્વામી વિવેકાનંદ*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### સાધર્મિક સહાય ખાતે

રૂા. ૧૦,૦૦૦/- પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન

રૂા. ૭,૫૦૦/- સુશ્રી ચૌલાબેન ઉમરશી કુરુવા
(પ્રમીલાબેન ઉમરશી કુરુવાની પુણ્યતિથિ નિમિત્તે)

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૧૧,૦૦૦/- સ્વ. શ્રીમતી તારાબેન આનંદીલાલ જૈન
(શાહીબાગ - અમદાવાદ)

*દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.*

*નિર્બળતાનો ઉપાય તેનો વિચાર કર્યા કરવો એ નથી, પણ શક્તિનો વિચાર કરવો એ છે. મનુષ્યોમાં જે શક્તિ પહેલેથી જ છે તેની કેળવણી આપો.*

*– સ્વામી વિવેકાનંદ*

## અભિનંદન

### શ્રી પ્રદીપ એસ. મહેતા

**અમદાવાદ એડવર્ટાઇઝિંગ સર્કલના મંત્રી તરીકે નિમણૂક**



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માનદ્ મંત્રી શ્રી પ્રદીપ એસ. મહેતાની તાજેતરમાં અમદાવાદ એડવર્ટાઇઝિંગ સર્કલના મંત્રી તરીકે નિમણૂક થઈ છે. અન્ય હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે મનીષ પી. ગાંધી અને ઉપપ્રમુખના પદે પીનલ એ. શાહ તથા સમીર એન. શાહ દ્વિતીય ઉપપ્રમુખની નિમણૂક કરવામાં આવી છે. તે ઉપરાંત, કારોબારી સમિતિમાં અન્ય નવ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

*શ્રી પ્રદીપ મહેતાને તેમની ઉપરોક્ત નિમણૂક બદલ ખૂબ ખૂબ અભિનંદન.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત

# ઓર્ગેનિક વસ્તુઓની ખરીદી

*ઓર્ગેનિક વસ્તુઓની ખરીદી માટે એક વોટ્સએૅપ ગ્રુપ બનાવેલ છે.*

★ રેગ્યુલર અપડેટ માટે ગ્રુપમાં જોડાવું હોય તો શ્રી વિમેશ શાહને ૯૮૭૯૧ ૧૦૪૬૭ પર જણાવવાથી નામ વોટ્સએૅપ ગ્રુપમાં ઉમેરવામાં આવશે.

★ ગ્રુપમાં જોડાયા વગર ફક્ત ઓર્ડર આપવા નીચેની લિંકનો ઉપયોગ કરવો :
https://tinyurl.com/Kutchhi-Bhavan
આ લિંકમાં આપેલ ગૂગલ ફોર્મથી ઓર્ડર આપી શકાશે.

★ શ્રી હરેશભાઈ ગોગરી (મો. ૮૨૬૪૭ ૦૬૬૩૯) પર ફોન કરી અથવા વોટ્સએૅપ પર મેસેજ કરી ઓર્ડર આપી શકાશે અથવા આ જ નંબર પર ઓર્ડરની ચિઠ્ઠીનો ફોટો / વોઈસ મેસેજ પણ મોકલી શકાશે.

★ દરેક રવિવારે રાત સુધી ઓર્ડર લેવામાં આવશે અને પછીના અઠવાડિયે બુધવાર-ગુરુવારે ડિલિવરી મળે તેવું ગોઠવવામાં આવશે. ડિલિવરી, શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી મેળવી શકશો અથવા નજીવા દરે હોમ ડિલિવરીની પણ સુવિધા છે.

*વધુ માહિતી માટે સંપર્ક :*

**શ્રી વિમેશ શાહ : ૯૮૭૯૧ ૧૦૪૬૭, શ્રી રોહિત સંઘવી : ૯૮૨૪૦ ૦૬૬૪૮**

***માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## યુરોલોજિસ્ટ કચ્છી ડૉ. હિમાંશુ શાહ

### દરરોજ માઉથ ઓર્ગન વગાડીને શાંતિની અનુભૂતિ કરે છે....

દરેક વ્યક્તિના શોખ અલગ અલગ હોય છે. વ્યક્તિ પોતાની વ્યસ્ત જિંદગીમાંથી પણ શોખ માટે સમય કાઢી લે છે. જીવનની વ્યસ્તતા વચ્ચે મનગમતી પ્રવૃત્તિ કરીને આનંદ મેળવતા આંબાવાડી વિસ્તારની આઝાદ સોસાયટીમાં રહેતા અને યુરોલોજિસ્ટ તરીકે કામગીરી કરતા કચ્છી ડૉ. હિમાંશુ શાહ, માઉથ ઓર્ગન વગાડવાનો જબરો શોખ ધરાવે છે.

તેઓ કહે છે કે, કોલેજ સમયથી મને માઉથ ઓર્ગન વગાડવાનો શોખ જાગ્યો હતો. હું રોજ માઉથ ઓર્ગન પર પ્રેક્ટિસ કરતો. **જીવનના દરેક સુખ-દુ:ખના પ્રસંગોમાં માઉથ ઓર્ગને એક મિત્રનો રોલ અદા કર્યો છે.** જ્યારે પણ અભ્યાસ કરવાની શરૂઆત કરું તે સમય પહેલાં અને પછી માઉથ ઓર્ગન વગાડતો હતો, જેનાથી મને શાંતિની અનુભૂતિ થતી. આજે પણ હું હોસ્પિટલેથી ઘરે ગયા પછી નિયમિત એક કલાક માઉથ ઓર્ગન વગાડું છું. માઉથ ઓર્ગનની સુંદર પ્રસ્તુતિ મને નવી ઉર્જા જન્માવે છે, સાથે રિલેક્સ પણ થાઉં છું. હું માઉથ ઓર્ગન ક્લબનો એક સભ્ય બની ગયો છું. હોસ્પિટલમાં સ્ટ્રેસ સાથે જવાબદારી પૂર્વક કામ કરવાનું હોય છે ત્યારે હું માઉથ ઓર્ગન વગાડીને મનને શાંતિ આપું છું.

મારા પરિવારના સભ્યો તેમજ ફ્રેન્ડ્સ પણ હવે મને માઉથ ઓર્ગનના મિત્ર તરીકે ઓળખતા થયા છે. માઉથ ઓર્ગનની સાથે ગીટાર પણ સારી રીતે વગાડી શકું છું. **દરેક વ્યક્તિ પોતાની આંતરિક શક્તિને બહાર લાવે તો રિલેક્સ થાય છે** અને પોતે કરેલા કાર્યથી આનંદની લાગણી અનુભવે છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેરેજ બ્યુરો સમિતિ દ્વારા ચાલતા લગ્નોત્સુક યુવક - યુવતીઓ માટેના વોટ્સએૅપ ગ્રુપમાં સમાજના તથા અન્ય જૈન પરિવારોના લગ્નોત્સુક યુવક - યુવતીઓના બાયોડેટા દર પંદર દિવસે મૂકવામાં આવે છે. આ જ વોટ્સએૅપ ગ્રુપ થકી બે મહિના દરમિયાન ચાર યુગલોના સગપણ નક્કી થયેલ છે. આમ, છેલ્લા ૧૦ મહિના દરમિયાન ૧૨થી ૧૫ યુગલોના સગપણ અને લગ્ન નક્કી થયેલ છે. જેથી સમાજ તથા અન્ય જૈન પરિવારોના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે ઉપરોક્ત આયોજનનો લાભ લેવા વિનંતી.

***કન્વીનર, મેરેજ બ્યુરો સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## આવાસ યોજના સમિતિ

### "મારે પણ એક પોતાનું ઘર હોય" – એક સર્વે

કચ્છી જૈન વ્યક્તિ કે જે દુનિયાભરમાં ક્યાંય પણ રહેતા હોય, એક સપનું આપણે સૌ એમની આંખોમાં હંમેશાં જોઈ શકીએ છીએ કે "મારે પણ એક પોતાનું ઘર હોય."

આમ જોવા જઈએ તો વસ્તી વિસ્ફોટ અને શહેરીકરણની કેટલીક દુરોગામી અસરમાં રહેઠાણની પણ એક સમસ્યા છે. આપણી સંસ્કૃતિમાં પણ રોટી અને કપડાં સાથે મકાનનું મહત્ત્વ વણી લેવાયું છે. અને આમાં પણ પોતાનું મકાન એટલે સોનામાં સુગંધ!

આ સમસ્યાને હલ કરવા ભારત સરકારે પ્રાથમિકતા આપી "પ્રધાનમંત્રી આવાસ યોજના" અમલમાં મૂકી છે. જેમાં પહેલી વખત ઘર વસાવનારને કેન્દ્ર સરકાર રૂા. ૨,૬૭,૦૦૦/- જેવી રકમ સબસીડી રૂપે આપે છે. બેંક ખૂબ જ ઓછા વ્યાજ દરે જરૂરી લોન પૂરી પાડે છે. એટલે સામાન્ય માણસ ઘરનું ભાડું ભરવાને બદલે એટલી રકમનો હપ્તો ભરે તો કેટલાક વર્ષો પછી એનું પોતાનું ઘર થઈ જાય અને એના મૂલ્યમાં થનારા વધારાનો લાભ તો ખરો જ. વધુમાં, ભાડાના દરમાં વધારો અથવા વારંવાર ઘર બદલવાની ઝંઝટમાંથી મુક્તિ મળી જાય.

આ જ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એના સભ્યોને, નાનું પણ પોતાનું મકાન મળી રહે એ માટે હંમેશાં પ્રયત્નશીલ છે. આ પહેલાં સમાજે વર્ષ ૨૦૧૦માં આવાસ યોજના કરેલ હતી. આ આવાસ યોજનાના નવનીત ભવનના ૪૦ ફ્લેટોમાં અત્યાર સુધી કુલ ૩૮ સભ્યો લાભ લઈ ચૂક્યા છે (બાકીના બે ફ્લેટોમાં ગૃહ ઉદ્યોગ ચાલુ છે.) આપણું ધ્યેય સમાજનો કોઈ પણ સભ્ય, પોતાના ઘર વગરનો ન હોય એ રહેલ છે.

સમાજ આ દિશામાં વિચારી રહેલ છે કે સંસ્થાનાં જે કોઈ સભ્યો પાસે પોતાનાં મકાનો ન હોય તેવા સભ્યોનો સર્વે કરવો, જેથી ભવિષ્યમાં આવાસ યોજનાનો વિચાર કરી, જરૂરિયાતવાળા સભ્યોને પોતાનું રહેઠાણ આપી શકાય.

જે સભ્યોને આ યોજનાનો લાભ લેવો હોય તેમણે એક હસ્તલિખિત અરજી સાથે, અલગ અરજી ફોર્મમાં જરૂરી વિગતો તથા આ સાથે આપેલ ફોર્મની બધી જ વિગત ભરીને ૩૦ દિવસની અંદર સમાજની ઓફિસ પર મેનેજરશ્રીને ૧૧.૦૦થી ૬.૦૦ દરમિયાન સુપ્રત કરી પહોંચ મેળવી લેવી.

આપનો ત્વરિત પ્રતિસાદ અમારો ઉત્સાહ વધારશે.

**હસમુખ ખાંડવાલા**
**કન્વીનર, આવાસ યોજના સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

---

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી બિપીનચંદ્ર કાનજી રવજી દેઢિયા (નાની ખાખરવાલા) કેળવણી સહાય / લોન યોજના

ઉપરોક્ત કેળવણી સહાય / લોન યોજના હાલે અમલમાં છે. તેના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માટે શૈક્ષણિક સહાય / લોન લેવા ઇચ્છતા સમાજના પરિવારનાં સભ્યોએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના કાર્યાલયમાંથી આ સંબંધી જરૂરી ફોર્મ મેળવીને, તેમાં જણાવાયેલ સંપૂર્ણ વિગત સાથે તા. ૩૧-૭-૨૦૨૧ સુધીમાં કાર્યાલયમાં પરત કરવા આથી જણાવવામાં આવે છે. ઉપર જણાવેલ યોજનાના નીતિ - નિયમો અનુસાર આવેલ અરજી સંબંધી યોગ્ય કરવામાં આવશે.

***વિશાલ મહેન્દ્ર શાહ***
***કન્વીનર - શૈક્ષણિક સહાય / લોન યોજના***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**શ્રી કચ્છી જૈન ભવન**, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

## અરજદાર માટે આવાસ યોજના સર્વે ફોર્મ

તારીખ : ____________

અરજદારનું પૂરું નામ : ____________

પૂરેપૂરું સરનામું : ____________

____________

મોબાઈલ નંબર : (૧) ____________ (૨) ____________

જ્ઞાતિ : ____________ પેટા જ્ઞાતિ : ____________

અરજદારનો પાન કાર્ડ નંબર : ____________

અરજદારનો આધાર કાર્ડ નંબર : ____________

### • પરિવારની માહિતી •

| ક્રમ | કુટુંબની વ્યક્તિનું નામ | સભ્ય સાથે સંબંધ | જન્મ તારીખ | ધંધો / નોકરી | વાર્ષિક આવક | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

★ હાલમાં કેટલા ચો. ફૂટનું ભાડાનું મકાન ધરાવો છો? ____________

★ ભવિષ્યમાં કેટલા ચો. ફૂટના મકાનમાં રહેવા ઈચ્છો છો? ____________

★ હાલમાં કયા પ્રકારનું ભાડાનું મકાન ધરાવો છો? **1 RK / 1 BHK / 2 BHK**

★ ભવિષ્યમાં કયા પ્રકારના મકાનમાં રહેવા ઈચ્છો છો? **1 RK / 1 BHK / 2 BHK**

★ હાલ રહો છો તે મકાનનું માસિક ભાડું કેટલું છે? રૂા. ____________

★ કેટલો માસિક હપ્તો ચૂકવશો? રૂા. ____________

★ તમે કેટલી ડિપોઝીટ ભરી શકશો અને કોની મદદ લેશો? (પોતે, કુટુંબીજન, ફ્રેન્ડ્સ) ____________

★ તમે કયું વાહન ધરાવો છો? ____________

★ સંસ્થાના નોંધાયેલા બે સભ્યોની ભલામણ :

(૧) સભ્યનું નામ : ____________ મો. ____________

(૨) સભ્યનું નામ : ____________ મો. ____________

**અરજદારનું નામ :** ____________ **અરજદારની સહી :** ____________



વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લૉજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલની સામે, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

# પર્યુષણ પર્વ દરમિયાન

## તપસ્વીઓનું અભિવાદન કરીને પ્રભાવના રૂપે વહેંચી શકાય તેવાં જૈનિઝમનો મર્મ સમજાવતાં પુસ્તકો

| પંડિત સુખલાલજી | |
|---|---|
| સમાજ, ધર્મ અને સંસ્કૃતિ | 130 |
| જૈન ધર્મ અને દર્શન | 200 |
| પરિશીલન | 150 |
| દાર્શનિક ચિંતન | 155 |
| અર્ઘ્ય | 100 |
| અનેકાંત ચિંતન | 180 |
| **રતિલાલ દી. દેસાઈ** | |
| અમૃત સમીપે | 360 |
| જિનમાર્ગનું જતન | 280 |
| જિનમાર્ગનું અનુશીલન | 300 |
| શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ | 30 |

| રોહિત શાહ | |
|---|---|
| મારા મહાવીર, તારા મહાવીર | 60 |
| શ્રાવક ધર્મનું શિખર : વેયાવચ્ચ | 40 |
| મિચ્છા મિ દુક્કડમ્ | 50 |
| જૈન ધર્મ વિશેની ગેરસમજ અને જિજ્ઞાસા | 90 |
| **આ. રાજશેખરસૂરિ** | |
| મયણા-શ્રીપાળ | 80 |
| વજસ્વામી | 80 |
| **માવજી કે. સાવલા** | |
| અવધૂત આનંદઘન પદલહરી | 110 |

| આચાર્ય વાત્સલ્યદીપસૂરિ | |
|---|---|
| જૈન સજ્ઝાય અને મર્મ | 70 |
| સુખ તમારી પ્રતીક્ષા કરે છે | 30 |
| અક્ષર અને અસ્તિત્વ | 100 |
| ભગવાન મહાવીરની આગમવાણી | 40 |
| પ્રભાવના | 12 |
| Jain Dharma | 100 |
| જૈનોપનિષદ | 65 |
| શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન | 350 |
| અષ્ટપ્રકારી પૂજા | 60 |








## જૈન ધર્મ વિષયક અન્ય અનન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| સંગિતી | પં. બેચરદાસ દોશી | 180 |
| માથુરી | પં. દલસુખભાઈ માલવણિયા | 150 |
| જૈન રામાયણ | મુનિ તરુણવિજય | 35 |
| જૈનત્વને ચરણે | હિમાંશુ શાહ | 70 |
| ભદ્રંકર પ્રસંગમાળા | – | 100 |
| જૈનધર્મ ગાઓ : જીવનમર્મ પાઓ | દોલતભાઈ દેસાઈ | 25 |
| Science Discovers Eternal Wisdom | Muni Amarendravijay | 40 |
| મધ્યકાલીન પદ્યકૃતિ વિમર્શ (ફાગુ, બારમાસી, ચોવીસી) | અભય દોશી | 500 |
| જૈન રાસવિમર્શ | અભય દોશી | 600 |
| જૈન સાહિત્યના અક્ષર-આરાધકો (19મી અને 20મી સદીના) | માલતી શાહ | 700 |
| શ્રી પાર્શ્વ પ્રભુનાં પ્રાચીન તીર્થો | વિમલકુમાર મો. ધામી | 130 |
| પાકિસ્તાનનાં જૈન મંદિરો (ઉર્દૂ) | ઇકબાલ કેસર, અનુ. ગુણવંત બરવાળિયા | 300 |

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

**To,**